श्रीमुक्तिकमलजैनमोहनमाला पुष्प २७-२८-२९-३०

पञ्चमाङ्गश्रीभगवतीसूत्रवृत्यन्तर्गत-पूर्वाचार्यप्रणीत-

# श्री षट्त्रिंशिकाचतुष्कप्रकरणम्

— सयंत्र-सचित्र —

[गुजराती भाषांतर साथे.]

(जेमां परमाणुखण्डछत्रीशी-पुद्गलछत्रीशी-बन्ध-छत्रीशी-निगोदछत्रीशी तेमज ते दरेक प्रकरणना विशेष विवेचन माटे अपाएल विविध परि-शिष्टोनो समावेश थाय छे.)

सं० प्रवर्तक मुनिश्री धर्मविजयजी.

प्रकाशक-लालचन्द नंदलाल वकील.
श्रीमनमुक्तिकमलजैनमोहनमालाकार्यवाहक,
रावपुरा, महाजनगली, जैनज्ञानमंदिर—
वडोदरा.

वीर सं० २४६० [प्रत-१०००] विक्रम सं० १९९०

## —: આ ગ્રન્થના આર્થિક સહાયકો. :—

રૂ. ૧૨૫. વેરાવલ નિવાસી શેઠ ખુશાલભાઈ કરમચંદના પૌત્ર ઉદાર તેમજ ધર્મિષ્ઠ શેઠ નાગરદાસ હીરાચંદ.


રૂ. ૧૦૦. બોરસદ નિવાસી ધર્મતત્પર ગાંધી સોમચંદ હીમચંદ.

રૂ. ૧૦૦. રા. રા. શ્રીયુત ચીમનલાલ વીરચંદ ( અમદાવાદ ) હાલ મુંબઇ નિવાસી ના ધર્મપત્ની અ. સૌ. લીલાવતી બેન.

રૂ. ૫૦. વેરાવલ નિવાસી શાહ રામચંદ લાધા તરફથી તેઓના સ્વ. માતુશ્રીના સ્મરણાર્થે.

પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રી. પ્રેસમાં-
શા. અમરચંદ બહેચરદાસે છાપ્યું.

૧



જૈનાચાર્ય શ્રીમદ્ વિજયમોહન સૂરીશ્વરજી.

V. B. P. PRESS BARODA.

# નિવેદન..

**શ્રી** મુક્તિકમળજૈનમોહનમાળા તરફથી અત્યાર સુધીમાં ૨૬ પુષ્પો પ્રગટ થયાં છે. જેમાં પ્રતિમાશતક, કર્મગ્રન્થ સટીક ૧ થી ૪, ઉપદેશપદ મહાગ્રન્થ ( ૧૪૫૦૦ શ્લોકપ્રમાણ ), મહાવીરચારિત્ર, માર્ગપરિશુદ્ધિ વિગેરે અનેક સુંદર સાહિત્યનો સમાવેશ થાય છે. આ માળાના ૨૭–૨૮–૨૯–૩૦ પુષ્પ તરીકે '**ષટ્‌ત્રિંશિકા ચતુષ્ક-પ્રકરણ**' નામનો એક અત્યુત્તમ ગ્રન્થ પ્રગટ થતાં, માળાના કાર્યવાહક તરીકે જરૂર મને ગૌરવ થાય છે. ગ્રન્થની ઉત્તમતા સંબંધી પ્રસ્તાવનામાં ઉલ્લેખ થયેલ હોવાથી, વારંવાર પિષ્ટપેષણ કરવાની જરૂર જણાતી નથી. હજુ આના કરતાં પણ વિશિષ્ટ ગ્રન્થો જેવાં કે–લઘુક્ષેત્રસમાસ ભાષાંતર–સચિત્ર–સયંત્ર, નવતત્ત્વસુમંગલા ( વિસ્તૃત અને ખાસ નવીન ) ટીકા, શતકનામાપંચમ કર્મગ્રન્થ વિશેષાર્થસહિત વિગેરે થોડા સમયમાંજ પ્રગટ થવાનો સંભવ છે.

પૂજ્યપાદ શાસનમાન્ય વ્યાખ્યાનકોવિદ આચાર્યમહારાજ ૧૦૦૮ શ્રી **વિજયમોહનસૂરીશ્વરજી મહારાજાને**, આવા દ્રવ્યાનુયોગાદિ વિષયોથી ભરેલા ગ્રંથો ઉપર સંપૂર્ણ પ્રેમ હોઇ, તેવા ગ્રન્થોનું પ્રકાશન થવા માટે તેઓ તરફથી થતી પ્રેરણાજ આવા પ્રકાશનને આભારી છે. તેઓના શિષ્યરત્ન ઉપાધ્યાયજી મહારાજ શ્રી **પ્રતાપવિજયજી** મહારાજ તેમજ પ્રવર્તક શ્રી **ધર્મવિજયજી** મહારાજ પણ આવા સાહિત્યમાં વિશેષ રસ ધરાવતા હોઇ આવા ઉચ્ચગ્રન્થોના સંશોધન વિગેરે કાર્યમાં ઘણી કાળજી રાખે છે. તે સંબંધમાં તેઓશ્રીનું ઉપકારકપણું અમો આ સ્થલે ભૂલી જતા નથી. વળી તેઓશ્રીની શિષ્ય પરમ્પરામાં વિનયાદિગુણસંપન્ન મુનિશ્રી **ભરતવિજયજી** તથા બાલ મુનિરાજશ્રી **યશોવિજયજી** કે જેઓ બાલ્યવયમાં દીક્ષિત થવા સાથે પ્રકરણ વિગેરે જ્ઞાનના વિશેષ અભ્યાસી છે, તેઓની વખતો વખત થતી સલાહ પણ અમને ઘણીવાર યાદ આવે છે.

આ પુસ્તક પ્રકાશનમાં બાજુમાં જણાવ્યા મુજબ જે જે સદ્‌ગૃહસ્થોએ સહાય આપી લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો છે, તેમનો પણ અમો આ સ્થલે અનેક વખત ઉપકાર માનીએ છીએ.

અંતમાં આ ગ્રન્થથી ભવ્યસમૂહ દ્રવ્યાનુયોગના વિષય સંબંધી જ્ઞાન મેળવી, દર્શનશુદ્ધિ કરવા સાથે પરંપરાએ મોક્ષપદની પ્રાપ્તિ કરો, એજ શુભેચ્છા !

શ્રી મુક્તિકમલ જૈન
મોહનજ્ઞાનમંદીર.
રાવપુરા–મહાજનગલી
**વડોદરા.**
**સં. ૧૯૯૦ વૈ. સુ. ૧૦**

**મોહનપ્રતાપીનંદ ચરણોપાસક**
**લાલચન્દ.**

सर्वलब्धिसंपन्नाय श्रीमते गौतमगणधराय नमोनमः ॥

# કાંઈક પ્રાસ્તાવિક.

દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ એ ચાર વિભાગમાં સુવિશાળ જૈન સાહિત્ય વિભક્ત થયેલું જોવાય છે. પૂજ્યપ્રવર શ્રીમદ્ **[1]આર્યવજ્રસ્વામિજી મહારાજ**ના સમય પર્યંત પ્રત્યેક સૂત્રો ઉપર ચારે અનુયોગગર્ભિત વ્યાખ્યાઓ થતી હોવાનું સુપ્રસિદ્ધ છે. ત્યારબાદ **શ્રીઆર્યરક્ષિતસૂરિજી** મહારાજાએ બુદ્ધિમાંદ્યાદિના કારણે–ગૌણ-મુખ્યની અપેક્ષાએ પ્રત્યેક સૂત્રોમાં દ્રવ્યાનુયોગ પ્રમુખ એક અનુયોગ-ગર્ભિત વ્યાખ્યા રાખેલ જે અદ્યાપિ તે પ્રમાણે કાયમ છે. જૈનેતર દર્શનકારોએ પણ જૈનદર્શનકારોની માફક એ ચારે અનુયોગો ઉપર વિધ-વિધ સાહિત્ય તૈયાર કરેલું હોય તેમ જોવાય છે. પરંતુ **જૈન દર્શનના વિસ્તૃત ઓજસ્વી તેમજ પૂર્વાપર અવિસંવાદી સાહિત્યના ગૌરવ પાસે તે સાહિત્યમાં ઝાંખપ આવે છે.** તેમાં પણ દ્રવ્યાનુયોગ સંબંધી સૂક્ષ્મ સાહિત્યમાં જૈનાચાર્યોએ જે રસ લીધો છે અને સર્વજ્ઞાનુસારી સૂક્ષ્મ કથનો ઉપર જે આત્મવાદ, કર્મવાદ, પ્રમુખ વિષયોમાં સાહિત્ય ખડું કર્યું છે તેવું તદ્વિષયક સાહિત્ય કોઈ પણ દર્શનકારે તૈયાર કર્યું નથી, એમ જૈન, અજૈન સર્વ કોઇ વિચારશીલ સાક્ષર વર્ગને એકી અવાજે કબુલ કરવું પડે છે અને પડશે. **સર્વજ્ઞ મૂલકપણું એ સર્વમાં પ્રધાન કારણ છે.**

## ચાર અનુયોગ.

૧ પ્રથમ જણાવી ગયા મુજબ દ્રવ્યાનુયોગમાં ષડ્દ્રવ્ય, એ ષડ્દ્રવ્યનું

---

१ जावंति अज्जवइरा अपुहत्तं कालियाणुओयस्स ।
तेणारेण पुहत्तं कालियसुयदिट्ठिवाए य ॥ १ ॥
अपुहत्तेऽणुओगो चत्तारि दुवारभासइ एगो ।
पुहुत्ताणुओगकरणे ते अत्थ तओ वि वोच्छिन्ना ॥ २ ॥
देविंदवंदिएहिं महाणुभावेहिं रक्खियज्जेहिं ।
जुगमासज्जविभत्तो अणुओगो तो कओ चउहा ॥ ३ ॥
( विशेषावश्यकभाष्य )

**દ્રવ્યાનુયોગાદિ અનુયોગનું ટુંકું સ્વરૂપ.**

દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ ધ્રૌવ્ય અને પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ ઉત્પાદ-વિનાશપણું, એ ષડ્દ્રવ્યોના અતીત-અનાગત અનંત પર્યાયો, એષડ્દ્રવ્ય પૈકી જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યને અનુસરતો અધ્યાત્મવાદ તેમજ કર્મવાદ તથા સપ્તભંગી સપ્તનય ઈત્યાદિ સર્વ વિષયોનો સમાવેશ થાય છે. ચિત્તની એકાગ્રતા હોય તોજ પ્રાય: આ દ્રવ્યાનુયોગમાં પ્રવેશ થાય છે. દર્શનશુદ્ધિનું ખાસ કારણ છે. '**दविए दंसणसोही**' દ્રવ્યાનુયોગની ચિન્તનાથી દર્શનશુદ્ધિ થાય છે.

૨ ક્ષેત્રો, પર્વતો, નદીઓ, દ્વીપો, સમુદ્રો વિગેરેનું ક્ષેત્રફળ, ઘનફળ, જીવા, પરિધિ, ધનુઃબાહા, વર્ગમૂલ વગેરે સર્વવિષયનો ગણિતાનુયોગમાં સમાવેશ થાય છે. જંબૂદ્વીપપન્નતિ, સૂર્યપન્નત્તિ, દેવેન્દ્રનરકેન્દ્રપ્રકરણ, ક્ષેત્રસમાસ ક્ષેત્રલોકપ્રકાશ વિગેરે ગ્રંથો આ અનુયોગના પ્રતિપાદન કરનારા છે.

૩ ચરણકરણાનુયોગ એ આચારપ્રધાન અનુયોગ છે. ચરણસિત્તરિ, કરણસિત્તરિ વિગેરે ક્રિયાકલાપનું જ્ઞાન તેથી વિશેષ થાય છે.

૪ ધર્મકથાનુયોગમાં ધર્માચરણાપ્રધાન ચરિત્રોનો અન્તર્ભાવ થાય છે. આ કથાનુયોગ બાલ જીવોને ધર્મમાર્ગે ચઢવાનું પ્રશસ્ત સાધન છે.

આ **ષટ્ત્રિંશિકા ચતુષ્ક** નામના ગ્રન્થમાં [૧]**પરમાણુ ખંડ છત્રીશી,** [૨]**પુદ્ગલ છત્રીશી,** [૩]**બન્ધ છત્રીશી** અને [૪]**નિગોદ છત્રીશી** એ ચાર પ્રકરણનો સમાવેશ થાય છે. એ ચારે પ્રકરણમાં દ્રવ્યાનુયોગજ સંપૂર્ણ ભરેલો છે. તેના સંપૂર્ણ વિષયનું જ્ઞાન તો જ્યારે એ ચારે ગ્રન્થનું મનનપૂર્વક સાદ્યંત વાચન થાય ત્યારેજ થઇ શકે અને વિષયનિર્દેશનું ભાન આગળ અપાયેલ અનુક્રમણિકાથી થઇ શકે, છતાં અહિં પ્રસંગસંગતિથી કાંઇક અંગુલિનિર્દેશ કરવો અનુચિત નહિં ગણાય,

**પર૦ છત્રીશીમાં આવતો વિષય.**

૧ **પરમાણુ ખણ્ડ છત્રીશી**માં પરમાણુરૂપ પુદ્ગલનો ક્ષેત્રાવસ્થાન કાળ, અવગાહનાવસ્થાનકાળ, દ્રવ્યાવસ્થાનકાળ અને ભાવાવસ્થાનકાળ કહેવા પૂર્વક કયો કાળ કયા કાળની અપેક્ષાએ ન્યૂન વા અધિક છે? અને એ ન્યૂનતા વા આધિકયમાં શું કારણ છે? તે વિષયનો ગ્રંથકારે તેમજ વૃત્તિકારમહર્ષિએ સારી રીતે ઉલ્લેખ કર્યો છે. તેનું ભાષાંતર ફુટનોટ તેમજ ખાસ સારાંશ રૂપે પરિશિષ્ટો આપી સૂક્ષ્મતત્ત્વોનો પણ સહેલાઇથી બોધ

થઇ શકે તેવા પ્રકારના પ્રયત્નો કરેલા છે. આગળની ત્રણે છત્રીશીઓમાં છત્રીશ છત્રીશ ગાથાઓ હોવાથી છત્રીશી એ નામ સાન્વર્થ છે. તે પ્રમાણે આ પરમાણુખણ્ડછત્રીશીમાં છત્રીશ ગાથા પૂર્ણ ન હોઈ ફક્ત પંદરજ ગાથા છે એથી ખણ્ડછત્રીશી એ નામ પણ સાન્વર્થ છે.

**પુદ્ગલ છત્રીશીમાં આવતો વિષય.**

૨ **પુદ્ગલ છત્રીશી** પ્રકરણમાં પુદ્ગલોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સપ્રદેશી–અપ્રદેશીપણું, સપ્રદેશીપણાનો અર્થ, ૧ દ્રવ્યથી સપ્રદેશીપુદ્ગલો ૨ ક્ષેત્રથી સપ્રદેશીપુદ્ગલો ૩ કાળથી સપ્રદેશીપુદ્ગલો ૪ ભાવથી સપ્રદેશીપુદ્ગલો ૫ દ્રવ્યથી અપ્રદેશીપુદ્ગલો ૬ ક્ષેત્રથી અપ્રદેશીપુદ્ગલો ૭ કાળથી અપ્રદેશીપુદ્ગલો અને ૮ ભાવથી અપ્રદેશી પુદ્ગલો એ આઠે પ્રકારનું અલ્પબહુત્વ તેમજ તે અલ્પબહુત્વમાં કારણ વિગેરેનું વિવેચન કરવામાં આવેલ છે.

**બન્ધ છત્રીશીગત વિષય.**

૩ **બન્ધ છત્રીશી** પ્રકરણમાં ઔદારિક, વૈક્રિય–આહારક, તૈજસ અને કાર્મણ શરીર યોગ્ય પુદ્ગલોના સર્વ બન્ધક-દેશબંધક અને અબંધક કોણ હોઇ શકે? સર્વબન્ધક–દેશબન્ધક અને અબન્ધક એટલે શું? તે ક્યારે હોય? તે ત્રણેનું અલ્પબહુત્વ, પ્રાસંગિક ઋજુગતિ–વક્રાગતિનું સ્વરૂપ, ઔદારિકના સર્વબન્ધક અને અબન્ધકરાશિનું કોષ્ઠક, લોકાકાશના ઊર્ધ્વાધઃપ્રતર–તિર્યક્પ્રતર, પાંચે શરીરના બન્ધકજીવોનું સંયોગી અલ્પબહુત્વ, તે ઉપરાંત બંધનું વિશેષ સ્વરૂપ ઇત્યાદિ વિષયો પ્રતિપાદન કરવામાં આવેલ છે. પ્રાસંગિક પ્રયોગબન્ધ, વિશ્રસાબન્ધ, બન્ધના ભેદ પ્રભેદ સંબંધી યંત્રો અને તે સંબંધમાં દિગંબરોની માન્યતા વિગેરે વિષયોનો સ્ફોટ સારી રીતે કરવામાં આવ્યો છે.

**નિગોદ છત્રીશીમાં આવતો વિષય.**

૪ **નિગોદ છત્રીશી**—આગળની ત્રણે છત્રીશીની અપેક્ષાએ આ છત્રીશીનો વિષય ઘણો વિસ્તૃત તેમજ ગહન છે. આ છત્રીશી વૃત્તિનું ભાષાંતર આપવા પહેલાં એ ભાષાંતરની વિશેષ સમજ માટે નિગોદ છત્રીશીમાં આવેલી પરિભાષાનો અર્થ, નિગોદસંબંધી સદ્ભાવ–સ્થાપના અસદ્ભાવસ્થાપનાનું કોષ્ઠક, નિગોદસ્વરૂપ, નિગોદના વર્ણન સંબંધી ૪૨) દ્વાર વિગેરે પરિશિષ્ટો આપ્યા બાદ છત્રીશીની ગાથાઓ તથા વૃત્તિનું ભાષાંતર શરૂ થાય છે. તેમાં જઘન્યપદ–ઉત્કૃષ્ટપદ, જઘન્યપદ તથા

ઉત્કૃષ્ટપદ ઉપર રહેલા જીવપ્રદેશો તથા સર્વ જીવોનુ અલ્પબહુત્વ, અલ્પબહુત્વનું કારણ, નિગોદના ગોળા, નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ વિગેરે વિષયનું સવિસ્તર બ્યાન આપવા માટે લેખકે ઘણો સારો પરિશ્રમ સેવ્યો છે, તે ઉપરાંત તે વિષયના પ્રશ્નોત્તરો આપી વિશેષ સ્પષ્ટતા કરવામાં આવેલ છે, છેલ્લે સારાંશ પણ આપવાનું ભુલાયું નથી. એ પ્રમાણે **ચારે છત્રીશીમાં દ્રવ્યાનુયોગનોજ સૂક્ષ્મ તેમજ ગહન વિષય ભરેલો છે.** ભાષાંતર કરવામાં લખાણની ઉત્તમ શૈલી વાપરવા સાથે ઉપર જણાવવા પ્રમાણે ટીકાના ભાષાંતર ઉપરાંત ફુટનોટ (ટીપ્પણી) યંત્રો, આકૃતિઓ તેમજ ખાસ પરિશિષ્ટો આપી વિદ્વદ્વર્ગને એક દ્રવ્યાનુયોગના અમૂલ્ય ગ્રન્થનું સમર્પણ કર્યું છે.

**ગ્રંથકાર તેમજ વૃત્તિકાર.**

પંચમાંગ શ્રી ભગવતી સૂત્રના પાંચમા શતકના સાતમા ઉદ્દેશામાં પુદ્ગલ વર્ણનના પ્રસંગે નવાંગીવૃત્તિકાર **શ્રી અભયદેવ સૂરિ મહારાજાએ પૂર્વાચાર્યવિરચિત પરમાણુ** ખંડ છત્રીશીની ગાથાઓ ઘણીજ ઉપયોગી હોઇ પ્રક્ષેપ કર્યો છે. તે મુજબ તેવાજ વર્ણનના પ્રસંગે આઠમા ઉદ્દેશામાં **પૂર્વાચાર્યવિરચિત પુદ્ગલ છત્રીશી** સંબંધી ગાથાઓને દાખલ કરી છે. આઠમા શતકના નવમા ઉદ્દેશામાં પ્રયોગબન્ધ વર્ણન પ્રસંગે એજ શ્રીમાન્ વૃત્તિકાર મહર્ષિએ પૂર્વાચાર્યવિરચિત **બન્ધછત્રીશી** સંબંધી છત્રીશ ગાથાઓ ટીકા-માં દાખલ કરેલ છે. અને અગીયારમા શતકના દશમા ઉદ્દેશામાં નિગોદસંબંધી વિચાર ચાલતાં પ્રાસંગિક **નિગોદ છત્રીશી** પ્રકરણની રચના કરનાર પણ એજ પૂર્વાચાર્ય મહારાજા છે. અર્થાત્ ચારે છત્રીશીના **મૂલકાર** કોઈ મહાન્ સમર્થ તત્ત્વવેત્તા પૂર્વાચાર્ય મહારાજા છે, કે જેઓની રચેલી ગાથાઓનો ઉપયોગ કરવો નવાંગીવૃત્તિકાર **શ્રીમાન્ અભયદેવસૂરિજી મહારાજાને** પણ ઉચિત સમજાયો છે. તે મૂલકાર મહર્ષિનું નામ યદ્યપિ અપ્રસિદ્ધ છે, તો પણ તેઓ શ્રીમદ્‌ની આ ચારે છત્રીશી સંબંધી કૃતિ તેઓમાં વર્ત્તતી અપૂર્વ વિદ્વત્તાનો ચોક્કસ ખ્યાલ આપે છે. અને તે છત્રીશીઓની ગાથાઓને ટીકામાંથી પૃથક્ ઉદ્ધરીને તેના ઉપર વૃત્તિ–ટીકા રચનાર **શ્રીમાન્ રત્નસિંહસૂરિજી મહારાજ** તેમજ **પૂજ્ય શ્રી વાનરર્ષિગણીજી મહારાજ** છે. ગ્રંથકાર તેમજ વૃત્તિકાર મહાનુભાવોનો પરિચય અન્ય સ્થાનેથી જાણવા પ્રયત્ન કરવો જરૂરી છે.

એ પ્રમાણે મૂલકાર શ્રીમાન્ પૂર્વાચાર્ય મહારાજા, સંગ્રહકાર પૂજ્ય-

વર્ય શ્રીમાન્ અભયદેવસૂરિ મહારાજા તેમજ વૃત્તિકાર શ્રી રત્નસિંહસૂરિજી તથા વાનરર્ષિગણીજી મહારાજા છે. એ મહાત્માઓએ ભવ્ય પ્રાણીઓને દ્રવ્યાનુયોગના વિષય સંબંધી જ્ઞાન થવા સાથે શિવફલની પ્રાપ્તિ થાય તે માટે મૂલસૂત્ર–તેમજ ટીકાની રચના કરેલ છે. તેનું વર્તમાનના જીવોને સહેલાઈથી જ્ઞાન થઈ શકે તે માટે ગુર્જરગિરામાં ભાષાંતર તૈયાર કરાવવાનો પરિશ્રમ શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલાના કાર્યાધિકારી શાહ લાલચંદ નંદલાલ વકીલે ઉઠાવી જન સમાજને એક ઉચ્ચ વિષયના જ્ઞાનનો લાભ આપવામાં અમૂલ્ય ફાળો ભેટ ધર્યો છે.

મ્હારા પરમગુરૂદેવ. જ્ઞાન–દર્શન, ચારિત્ર સ્વરૂપ અમૂલ્ય રત્નત્રયીનું મને અર્પણ કરનાર વિદ્વજ્જનમાન્ય સિદ્ધાન્તોના રહસ્યને જાણનાર. અખંડ ગુરૂકુલવાસી પૂજ્યપાદ પાઠક પ્રવર ઉપાધ્યાયજી મહારાજ ૧૦૦૮ શ્રી **પ્રતાપવિજયજી** ગણીજી મહારાજની સહાનુભૂતિથી મારી અલ્પ મતિ પ્રમાણે આ ગ્રંથનું મેં સંશોધન કર્યું છે. પરમ ગુરૂવર્ય શાસનમાન્ય આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીશ્રીશ્રી **વિજયમોહનસૂરીશ્વરજી મહારાજાએ** પ્રસંગે પ્રસંગે ઉપસ્થિત થતી અનેક શંકાઓનું સમાધાન આપી મને ઉપકૃત કર્યો છે. આવા તાત્ત્વિક ગ્રન્થનું સંશોધન કરવા જેટલી શક્તિની પ્રાપ્તિમાં એ ઉભય ગુરૂદેવોનો સહકારજ મુખ્ય કારણ છે. યથામતિ તેમજ યથાશકિત આ ગ્રન્થનું સંશોધન કરવામાં જાગૃતિ રાખવામાં આવેલ છે તો પણ છદ્મસ્થજન્ય નૈસર્ગિક થતી ભૂલને અંગે જે કાંઈ સ્ખલના રહેલ હોય તે જણાવવાની સૂચના સાથે સુધારી લેવા માટે સજ્જન સમાજને સમર્પણ કરૂં છું.

**રાજનગર**
અધિક વૈશાખ શુક્લ ૧૦
સંવત ૧૯૯૦

**પ્ર. મુનિ શ્રી ધર્મવિજય.**

# અર્પણ

પૂજ્યપાદ ગુરૂભક્તિપરાયણ મુનિપ્રવર ૧૦૦૮

## શ્રીમદ્ ભરતવિજયજી મહારાજશ્રીની

પવિત્ર સેવામાં—

વિનમ્રસાદર વન્દના સહ,

પૂજ્યપાદ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ પુણ્યપરિચયથી તેર વર્ષ જેવી લઘુ વયમાં દીક્ષાની પ્રાપ્તિ, વ્યાકરણ, કાવ્ય તેમજ નવતત્ત્વ, બૃહત્સંગ્રહણી પ્રમુખ અભ્યાસમાં તત્પરતા, અનન્યગુરૂભક્તિનિષ્ઠા તથા બાળકોને-વિદ્યાર્થિઓને વાર્તા વિનોદ સાથે પ્રાથમિક ધર્મ-શિક્ષણ આપવામાં આપની કુશલતા વિગેરે ગુણોથી આકર્ષાઈ અને મ્હારા પૂજ્ય પિતાશ્રીનો આપના તરફનો ગુણાનુરાગ હજુ તાજોજ લાગતો હોવાથી આ **ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણ** નામનો દ્રવ્યાનુયોગ સંબંધી ગ્રન્થ આપને અર્પણ કરવાની અનુજ્ઞા યાચકઃ—

સેવક,

**લાલચન્દની** ૧૦૦૮ વંદના.

પૂજ્યપાદ પાઠકપ્રવર મહોપાધ્યાય ૧૦૦૮

શ્રીમાન્ પ્રતાપવિજયજી ગણીજી મહારાજના શિષ્યરત્ન

લઘુદીક્ષા:-દમણ, સં. ૧૯૭૭



વડીદીક્ષા:-મુંબઈ, સં. ૧૯૭૭

મુનિપ્રવર શ્રીમાન્ ભરતવિજયજી મહારાજ.

એડવાન્સ પ્રી. અમદાવાદ

॥ श्री परमात्मने नमः ॥

# परमाणुखण्डषट्त्रिंशिकाविषयानुक्रमः ।


| વિષય. | ગાથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૧ મંગલાચરણ. | ૧ | ૧ |
| ૨ ક્ષેત્રસ્થાનાયુ:-અવગાહનાસ્થાનાયુ-દ્રવ્યસ્થાનાયુઃ-ભાવ-સ્થાનાયુઃ | ૧ | ૨ |
| ૩ ક્ષેત્ર અને અવગાહનામાં તફાવત. | ૧ | ૪ |
| ૪ પુદ્ગલોનો ક્ષેત્રાવસ્થાન કાળ સર્વથી અલ્પ. | ૨ | ૫ |
| ૫ ક્ષેત્રાવસ્થાન કાળથી અવગાહનાદ્ધા અસંખ્યગુણ. | ૩ | ૬ |
| ૬ ક્ષેત્રાવસ્થાનકાળથી અવગાહનાદ્ધાના અસંખ્યગુણપણામાં કારણ. | ૪ | ૮ |
| ૭ અવગાહનાદ્ધાથી દ્રવ્યાદ્ધા અસંખ્યગુણ. | ૫ | ૧૦ |
| ૮ દ્રવ્ય બદલાય તો અવગાહના અવશ્ય બદલાય. | ૭ | ૧૧ |
| ૯ સંઘાત અને ભેદ સંબંધી વિવેચન. | " | ૧૨ |
| ૧૦ અવગાહનાનો નાશ છતાં દ્રવ્યના નાશનો અભાવ. | ૮ | ૧૫ |
| ૧૧ દ્રવ્યાવસ્થાનકાળથી ભાવાવસ્થાનકાળ અસંખ્યગુણ. | ૯ | ૧૯ |
| ૧૨ દ્રવ્ય બદલાય તોપણ પર્યાયોનું કાયમ રહેવાપણું. | ૧૧ | ૨૩ |
| ૧૩ દ્રવ્યની સ્થિતિ અલ્પકાળ અને પર્યાયની સ્થિતિ દીર્ઘ-કાળ એ બાબતમાં શંકા. | ૧૩ | ૨૫ |
| ૧૪ પૂર્વોક્ત શંકાનો પ્રત્યુત્તર-સમાધાન. | ૧૫ | ૨૭ |
| ૧૫ **પરમાણુ ખણ્ડ છત્રીશી સંબંધી પરિશિષ્ટો.** | – | ૨૮ |
| ૧૬ પરમાણુ ખંડ છત્રીશી ગત પરિભાષાની સમજ. | – | ૩૦ |
| ૧૭ પરમાણુ ખંડ ષટ્ત્રિંશિકાનો સંક્ષિપ્તસાર. | – | ૩૨ |
| ૧૮ પૂર્વોક્ત ચારે અદ્ધાનું અલ્પબહુત્વ. | | |

# श्री पुद्‌गलषट्‌त्रिंशिकाविषयानुक्रमः।


| | વિષય. | ગાથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|---|---|
| ૧ | દ્રવ્યથી સપ્રદેશી અપ્રદેશી વિગેરે અભિધેય કથન, | ૧ | ૪૧ |
| ૨ | દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી અપ્રદેશીપણું. ... ... | ૨ | ૪૨ |
| ૩ | ભાવથી અપ્રદેશીપણું- ભાવાપ્રદેશી પુદ્‌ગલો સર્વાલ્પ. | ૩ | ૪૩ |
| ૪ | વર્ણગંધરસ સ્પર્શથી પુદ્‌ગલોનું ભાવાપ્રદેશીપણું. | ૩ | ૪૪ |
| ૫ | ભાવાપ્રદેશીથી કાલાપ્રદેશી પુદ્‌ગલોની અસંખ્યગુણતા અને તેનું કારણ. ... ... ... | ૪ | ૪૬ |
| ૬ | પૂર્વોક્તવિષયની વિશેષ સ્પષ્ટતા. ... ... | ૫ | ૫૨ |
| ૭ | ભાવાપ્રદેશીથી કાળાપ્રદેશી પુદ્‌ગલો અનન્તગુણ કેમ નહિ? તદ્વિષયક શંકા ... ... | ૭ | ૫૪ |
| ૮ | પૂર્વોક્ત શંકાનું સમાધાન. ... ... | ૮ | ૫૫ |
| ૯ | ભાવ તથા દ્રવ્યની અપેક્ષાએ કાળાપ્રદેશી પુદ્‌ગલો. | ૯ | ૫૭ |
| ૧૦ | ક્ષેત્રાશ્રયી કાળાપ્રદેશીપણું. ... ... | ૧૦ | ૫૯ |
| ૧૧ | ક્ષેત્રાપેક્ષયા કાળાપ્રદેશીપણામાં બીજો વિકલ્પ. | ૧૧ | ૬૦ |
| ૧૨ | સર્વ પરિણામ (પર્યાય) આશ્રયી કાળથી અપ્રદેશીપણું | ૧૨ | ૬૧ |
| ૧૩ | તે સંબંધી અન્તિમ તાત્પર્ય. ... ... | ૧૩ | ૬૨ |
| ૧૪ | કાળાપ્રદેશીથી દ્રવ્યાપ્રદેશી પુદ્‌ગલો અસંખ્યગુણ. | ૧૪ | ૬૩ |
| ૧૫ | અનન્તપ્રદેશી સ્કંધોથી પરમાણુઓ અનન્તગુણ. | ૧૬ | ૬૫ |
| ૧૬ | સંખ્યપ્રદેશી અસંખ્યપ્રદેશી સ્કંધોની અપેક્ષાએ પરમાણું કેટલા ન્યૂન વા અધિક છે? ... ... | ૧૭ | ૬૬ |
| ૧૭ | કાળાપ્રદેશી પુદ્‌ગલોની અપેક્ષાએ પરમાણુઓનું બહુત્વ. | ૧૮ | ૬૯ |
| ૧૮ | દ્રવ્યાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશી પુદ્‌ગલો અસંખ્યગુણ. | ૨૦ | ૭૨ |
| ૧૯ | દ્વિપ્રદેશી આદિ સ્કંધોમાં ક્ષેત્રાપ્રદેશીપણું. ... | ૨૧ | ૭૩ |
| ૨૦ | ક્ષેત્રાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી પુદ્‌ગલો અસંખ્યગુણ... | ૨૨ | ૭૪ |
| ૨૧ | દ્રવ્યસપ્રદેશી-કાળસપ્રદેશી અને ભાવસપ્રદેશી પુદ્‌ગલોનું અલ્પબહુત્વ. ... ... ... | ૨૪ | ૭૬ |
| ૨૨ | એકંદર અપ્રદેશી તથા સપ્રદેશી પુદ્‌ગલોમાં અલ્પબહુત્વ કયા પ્રકારે? ... ... ... | ૨૬ | ૮૧ |
| ૨૩ | અલ્પબહુત્વના પ્રકારો. ... ... | ૨૮ | ૮૩ |

| | વિષય. | ગાથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|---|---|
| ૨૪ | સપ્રદેશી પુદ્ગલોના ચારે વર્ગનું પરસ્પર હાનિવૃદ્ધિ સંબંધી પ્રમાણ. ... ... ... | ૨૯ | ૮૫ |
| ૨૫ | અપ્રદેશી પુદ્ગલોની હાનિના કારણથી ચારે માર્ગણામાં સપ્રદેશીપુદ્ગલોની વૃદ્ધિ. ... ... | ૩૦ | ૮૮ |
| ૨૬ | અંક સ્થાપના પૂર્વક સપ્રદેશી–અપ્રદેશી પુદ્ગલોનું સ્વરૂપ. | ૩૨ | ૯૦ |
| ૨૭ | **પુદ્ગલષટ્ત્રિંશિકાનો સંક્ષિપ્ત સારાંશ.** | ,, | ૯૩ |
| ૨૮ | અલ્પબહુત્વવિચાર. ... ... ... | ,, | ૯૬ |
| ૨૯ | ભાવાપ્રદેશી પુદ્ગલો સર્વથી અલ્પ છે. ... | ,, | ૯૬ |
| ૩૦ | ભાવાપ્રદેશી પુદ્ગલોથી કાળાપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણ છે. | ,, | ૯૭ |
| ૩૧ | કાળાપ્રદેશીથી દ્રવ્યાપ્રદેશી અસંખ્યગુણ છે. ... | ,, | ૯૮ |
| ૩૨ | દ્રવ્યાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશી અસંખ્યગુણ છે. ... | ,, | ૯૯ |
| ૩૩ | ક્ષેત્રાપ્રદેશી પુદ્ગલોથી ક્ષેત્ર સપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણ છે. | ,, | ૧૦૦ |
| ૩૪ | ક્ષેત્ર સપ્રદેશી પુદ્ગલોથી દ્રવ્યસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક. | ,, | ૧૦૧ |
| ૩૫ | દ્રવ્યસપ્રદેશી પુદ્ગલોથી કાળસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક. | ,, | ૧૦૧ |
| ૩૬ | કાળ સપ્રદેશી પુદ્ગલોથી ભાવ સપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક. | ,, | ૧૦૨ |


# श्री बन्धषट्त्रिंशिकाविषयानुक्रमः।


| | વિષય. | ગાથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|---|---|
| ૧ | ઔદારિકાદિના સર્વબંધક દેશબંધક અને અબંધકનું સ્વરૂપ. | ૧ | ૧૦૩ |
| ૨ | સર્વબન્ધક અબન્ધક અને દેશબન્ધક એટલે શું ? અને સર્વબન્ધકાદિ કયા જીવો હોય છે? ... | ૨ | ૧૦૫ |
| ૩ | ઔદારિકના સર્વબન્ધકથી ઔદારિકના અબન્ધક જીવો કેટલા અધિક અને તે કઇ રીતે? ... ... | ૩ | ૧૦૭ |
| ૪ | ઋજુગતિ એકવક્રાગતિ અને દ્વિવક્રાગતિનું સ્વરૂપ તથા ક્યાં ક્યાં બંધ તથા અબંધ? તેનું વિવેચન. ... | ૪ | ૧૦૮ |
| ૫ | ઔદારિકના સર્વબન્ધક અને અબન્ધકરાશિનું કોષ્ઠક. | ૬ | ૧૧૫ |
| ૬ | ઋજુ આદિ ત્રણગતિવાળા જીવો કયે કયે સ્થાનેથી કેવીરીતે આવે ? ... ... ... | ૭ | ૧૧૭ |
| ૭ | લોકાકાશનું પૂર્વપશ્ચિમ વિસ્તૃત ઉર્ધ્વાધ–પ્રતર.<br>" ઉત્તરદક્ષિણ વિસ્તૃત " "<br>લોકમધ્યે તિર્યગ પ્રતર. } જુદીજુદી ત્રણેની આકૃતિઓ. | ૭ | ૧૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ત્રણ પ્રતરનું ચિત્ર (ભેગું). ... ... | ૭ | ૧૨૦ |
| ૯ | ત્રણપ્રતરનું સ્વરૂપ. ... ... ... | ૮ | ૧૨૨ |
| ૧૦ | ત્રણપ્રતરમાર્ગે આવતા જીવોથી છદિશિ માર્ગે આવતા જીવોનું તથા શેષલોકમાંથી આવતા જીવોનું અસંખ્યગુણપણું. | ૯ | ૧૨૩ |
| ૧૧ | સર્વબન્ધક અને અબન્ધકના અલ્પબહુત્વ માટે અંક રાશિની સ્થાપના. ... ... ... | ૧૨ | ૧૨૫ |
| ૧૨ | સર્વબન્ધકોથી દેશબન્ધકો અસંખ્યગુણ કેવીરીતે હોય? | ૧૩ | ૧૨૭ |
| ૧૩ | એક નિગોદમાંથી અસંખ્યાતમા ભાગ જેટલા અનંત જીવો જે ઉદ્વર્તાય છે તે નિગોદમાં કેટલોકાળ રહ્યા બાદ ઉદ્વર્તાય છે? ... ... ... | ૧૫ | ૧૨૭ |
| ૧૪ | સર્વબન્ધક જીવોથી દેશબન્ધક જીવોની અસંખ્યગુણતા સંબંધી સિદ્ધિ. ... ... ... | ૧૬ | ૧૨૯ |
| ૧૫ | વૈક્રિયાદિ શરીરના અબન્ધક દેશબન્ધક અને સર્વબન્ધક જીવોનું પરસ્પર અલ્પબહુત્વ. ... ... | ૧૮ | ૧૩૦ |
| ૧૬ | વૈક્રિયબન્ધકોના અલ્પબહુત્વમાં વિશેષતા. ... | ૧૯ | ૧૩૦ |
| ૧૭ | આહારકના બન્ધકોનું અલ્પબહુત્વ. ... | ૨૧ | ૧૩૨ |
| ૧૮ | તૈજસકાર્મણશરીરના બન્ધકોનું અલ્પબહુત્વ ... | ૨૨ | ૧૩૩ |
| ૧૯ | આયુષ્યબંધકોના અલ્પબહુત્વમાં જ્ઞાનાવર્ણાદિકથી ભિન્નતા. | ૨૪ | ૧૩૪ |
| ૨૦ | આયુષ્યના દેશબન્ધકોથી આયુષ્યના અબન્ધકો સંખ્યાતગુણા તે સંબંધમાં શંકા સમાધાન. ... | ૨૫ | ૧૩૬ |
| ૨૧ | પાંચે શરીરના બન્ધકજીવોનું પરસ્પર સંયોગી અલ્પબહુત્વ. ... ... ... | ૨૯ | ૧૩૯ |
| ૨૨ | અલ્પબહુત્વનું યંત્ર.... ... ... | ૩૬ | ૧૪૫ |
| ૨૩ | **બન્ધનું વિશેષ સ્વરૂપ ( પરિશિષ્ટ )** | | |
| ૨૪ | પ્રયોગબન્ધ વિશ્રસાબન્ધ આલાપનબન્ધ અલ્લિયાપનબંધ, શ્લેષણાબન્ધ, ઉચ્ચય બન્ધ, સમુચ્ચયબન્ધ, સંહનનબન્ધ વિગેરેનું સ્વરૂપ- ... ... ... | | ૧૪૭ |
| ૨૫ | શરીર પ્રયોગબન્ધ. ... ... ... | | ૧૫૦ |
| ૨૬ | વિશ્રસાબન્ધ. ... ... ... | | ૧૫૮ |
| ૨૭ | બન્ધના ભેદ પ્રભેદ સંબંધી યંત્ર. ... | | ૧૬૦ |
| ૨૮ | ૫ શરીરના દેશબન્ધ અને સર્વબન્ધના કાળનું તથા **અંતરનું કોષ્ઠક.** ... ... ... | | ૧૬૧ |

| | વિષય. | ગાથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|---|---|
| ૨૯ | કેટલો સ્નેહ અને કેટલી રૂક્ષતા હોય તો પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય? ... ... | | ૧૬૪ |
| ૩૦ | દિગમ્બર મતે પુદ્ગલોનો સંબંધ... ... | | ૧૬૫ |


# શ્રીનિગોદષટ્‌ત્રિંશિકાવિષયાનુક્રમઃ ।


| | વિષય. | ગાથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|---|---|
| ૧ | **નિગોદછત્રીશીમાં આવેલી પરિભાષાનો અર્થ (પરિશિષ્ટ)** ... ... ... ... | | ૧૬૭ |
| ૨ | **નિગોદ છત્રીશી સંબંધી સદ્‌ભાવસ્થાપના તથા અસદ્‌ભાવસ્થાપનાનું કોષ્ટક (પરિશિષ્ટ)** ... | | ૧૭૨ |
| ૩ | **નિગોદ સ્વરૂપ (પરિશિષ્ટ)** ... ... ... | | ૧૭૭ |
| ૪ | બાદરનિગોદ સ્વરૂપ. ... ... ... ... | | ૧૭૯ |
| ૫ | ૩૨ અનંતકાય ... ... ... ... | | ૧૮૪ |
| ૬ | બાદર નિગોદના લક્ષણ. ... ... ... | | ૧૮૫ |
| ૭ | સામાન્ય નિગોદનું સ્વરૂપ. ... ... ... | | ૧૯૨ |
| ૮ | સાધારણ નામની સાર્થકતા. ... ... ... | | ૧૯૩ |
| ૯ | નિગોદ શરીરની દૃષ્ટિગોચરતા. ... ... ... | | ૧૯૪ |
| ૧૦ | એક શરીરમાં અનંતજીવોનો સમાવેશ. ... ... | | ૧૯૭ |
| ૧૧ | નિગોદની વેદના. ... ... ... ... | | ૨૦૦ |
| ૧૨ | નિગોદજીવો કેટલા છે. ... ... ... | | ૨૦૦ |
| ૧૩ | **घटे न राशि निगोदको बढे न सिद्ध अनंत.** ... | | ૨૦૧ |
| ૧૪ | નિગોદરાશિ ... ... ... ... | | ૨૦૪ |
| ૧૫ | નિગોદમાં ભેદાદિ ૩૭ દ્વારની પ્રાપ્તિ. ... ... | | ૨૦૬ |
| | **નિગોદછત્રીશીનો પ્રારંભ.** | | |
| ૧૬ | લોકના એક આકાશ પ્રદેશ ઉપર જઘન્યપદે જે જીવપ્રદેશો ઉત્કૃષ્ટપદે જે જીવપ્રદેશો અને સર્વ જીવો તે સંબંધી અલ્પબહુત્વનો પ્રશ્ન. ... ... ... | ૧ | ૨૧૬ |
| ૧૭ | પૂર્વપ્રશ્નનો ઉત્તર. ... ... ... | ૨ | ૨૧૮ |
| ૧૮ | જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ ક્યાં હોય? ... | ૩ | ૨૧૯ |
| ૧૯ | ગ્રન્થકારની વાદી તરફથી શંકા ... ... | ૪ | ૨૨૧ |

| | વિષય. | ગાથાંક. | પૃષ્ટાંક. |
|---|---|---|---|
| ૨૦ | જઘન્યપદ તેમજ ઉત્કૃષ્ટપદ સંબંધી વિરોધનો પરિહાર. | ૫ | ૨૨૨ |
| ૨૧ | નિગોદના ગોળા એટલે શું ? ... ... | ૬ | ૨૨૫ |
| ૨૨ | ગોળાઓની કલ્પનાનો પ્રકાર ... ... | ૭ | ૨૨૬ |
| ૨૩ | ગોળા કેટલા બને ? ... ... ... | ૮ | ૨૨૭ |
| ૨૪ | ગોળામાં ઉત્કૃષ્ટપદ ગણુવાની રીત... ... | ૯ | ૨૨૮ |
| ૨૫ | નૈશ્ચયિક ઉત્કૃષ્ટ પદ ... ... ... | ૧૦ | ૨૨૯ |
| ૨૬ | એકંદર ગોળા કેટલા ? દરેક ગોળામાં નિગોદ કેટલી અને પ્રતિનિગોદમાં જીવ કેટલા ? ... ... | ૧૨ | ૨૩૩ |
| ૨૭ | એક જીવના પ્રદેશોનું પ્રમાણુ તથા નિગોદની નિગોદમાં રહેલ જીવની અને ગોળાની અવગાહનાનું પ્રમાણુ. | ૧૩ | ૨૩૪ |
| ૨૮ | નિગોદ જીવ તથા ગોળો એ ત્રણેની અવગાહના સરખી હોવાનું કારણુ. ... ... ... | ૧૪ | ૨૩૫ |
| ૨૯ | ઉત્કૃષ્ટપદરૂપ એક આકાશ પ્રદેશમાં જીવના-નિગોદના તેમજ ગોળાના કેટલા આત્મપ્રદેશો અવગાહ્યા હોય ? | ૧૫ | ૨૩૭ |
| ૩૦ | સર્વગોળામાંના અને એક આકાશપ્રદેશ ઉપર રહેલા એક જીવના પ્રદેશો તુલ્ય તે સંબંધી શંકા સમાધાન. | ૨૦ | ૨૪૩ |
| ૩૧ | સર્વગોળા અને ઉત્કૃષ્ટપદગત એક જીવના પ્રદેશો એ બન્નેની તુલ્યતા. ... ... ... | ૨૩ | ૨૪૫ |
| ૩૨ | સર્વજીવોથી પણુ ઉત્કૃષ્ટપદગતજીવપ્રદેશો વિશેષાધિક છે તે જાણુવાની રીત. ... ... ... | ૨૫ | ૨૪૭ |
| ૩૩ | પૂર્વ અધિકારનું અંકસ્થાપના પૂર્વક સમજાવવું. | ૨૯ | ૨૫૪ |
| ૩૪ | **નિગોદ છત્રીશી સંબંધી પ્રશ્નોત્તર ( પરિશિષ્ટ )** | ... | ૨૫૮ |
| ૩૫ | **નિગોદ છત્રીશી સારાંશ ( પરિશિષ્ટ )** | ... | ૨૬૩ **થી** ૨૬૮ |

## શ્રીમાન્ મુક્તિકમળ જૈન મોહનમાળામાંથી પ્રગટ થયેલ પુષ્પો.

### ( ધાર્મિક પુસ્તકો. )

| પુષ્પ અંક | નામ | |
|---|---|---|
| ૧ | અનિત્યાદિભાવનાસ્વરૂપ. ... ... | છે |
| ૨ | શ્રી જિનેન્દ્રસ્તવાદિગુણમોહનમાળા. ( આવૃત્તિ ૨ જી ) | ... |
| ૩ | ગુજરાતનું ગૌરવ યાને વિમલમંત્રીનો વિજય. ... | ... |
| ૪ | દેવગુરૂવંદનાદિ વિધિસંગ્રહ. ... ... | ... |
| ૫ | સુબોધ પાઠ સંગ્રહ. ... ... ... | ... |
| ૬ | પોસહ વિધિ. ( આવૃત્તિ ૩ જી સંક્ષિપ્તવિધિ સાથે ) | છે |
| ૭ | પ્રતિમાશતક મોટી ટીકા ( સંસ્કૃત ).... ... | ... |
| ૮ | કર્મગ્રન્થ સટીક ૧ થી ૪ ( આ. ૨ જી ). ... | ... |
| ૯ | માર્ગ પરિશુદ્ધિ. ... ... ... | છે |
| ૧૦ | વિપાક સૂત્ર સટીક મૂલની છાયા સાથે. ... | ... |
| ૧૧ | મુક્તિમાર્ગદર્શન યાને ધર્મ પ્રાપ્તિના હેતુ. ... | ... |
| ૧૨ | સુરપ્રિય ચરિત્ર ભાષાંતર.... ... ... | ... |
| ૧૩ | પ્રતિમાસ્થાપનન્યાય. ... ... ... | છે |
| ૧૪-૧૫ | પરમજ્યોતિ-પરમાત્મ પંચવિંશતિકા... ... | છે |
| ૧૬ | ચૌમાસી તથા દીવાળી દેવવંદન. ... ... | ... |
| ૧૭ | જ્ઞાનસાર મૂળ. શ્રાવકવિધિ મૂળ. ... ... | છે |
| ૧૮ | દેવવંદનમાળા. ... ... ... | ... |
| ૧૯-૨૦ | શ્રી ઉપદેશપદ સટીક, શ્લોક ૧૪૦૦૦ ( ૧-૨ ભાગમાં સંપૂર્ણ ) | છે |
| ૨૧ | અભિધાન ચિંતામણિ ( હૈમી ) કોશ રત્નપ્રભા ટીકા સાથે. | છે |
| ૨૨ | શ્રી મહાવીર સ્વામી ચરિત્ર ૧૫૦ પાનાનો વધારો. (આ. ૨ જી) | છે |
| ૨૩ | સમ્યગ્દર્શન ( ઉત્તમ સ્વરૂપ લે- પ્ર૦ ધર્મવિજયજી ) | છે |
| ૨૪ | સ્નાત્રપૂજા કળશાદિ અર્થ સાથે. ( પં-હીરવીજયજી ). | છે |
| ૨૫ | જિનેન્દ્ર સ્તવાદિ ગુણ મોહનમાળા-( ચૈત્યવંદનો સ્તવનો નવાણુ યાત્રા વિધિ સંગ્રહ-તપોવિધિ સંગ્રહ વિગેરે ઘણા વધારા સાથે ( આવૃત્તિ ૩ જી ) ... ... ... | છે |
| ૨૬ | તપવિધિ સંગ્રહ. ... ... ... | છે |

# श्री नवतत्त्वप्रकरणम्–सुमङ्गलाटीकासमलङ्कृतम् ।

## ( संस्कृत–पत्राकारे–श्लोक ६००० )

જીવાજીવાદિનવતત્ત્વોનું સચોટ પ્રતિપાદન કરતી વર્તમાનમાં વિશેષ પ્રચલિત પૂર્વાચાર્યપ્રણીત નવતત્ત્વની ૫૯ ગાથાઓ ઉપર વિસ્તૃત વિવેચન કરતો આ ગ્રન્થ પૂજ્યપાદ શાસનમાન્ય જૈનાચાર્ય **શ્રીમદ્ વિજયમોહન-સૂરિશ્વરજી** મહારાજના પ્રશિષ્ય વિદ્વદ્વર્ય પ્રવર્ત્તક **મુનિશ્રી ધર્મવિજયજી** મહારાજના સુહસ્તથી વિદ્વતા ભરી સંસ્કૃતભાષામાં લખાયેલો હોઇ તત્ત્વ જીજ્ઞાસુઓને ખાસ સંગ્રહ કરવા લાયક છે. મહિના લગભગમાંજ બહાર પડવા સંભવ છે.

---

## શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરવિરચિત—

# श्रीलघुक्षेत्रसमास भाषान्तर सचित्र सयंत्र ।

શબ્દાર્થ, ગાથાર્થ, વિસ્તરાર્થ, ટિપ્પણી, આકર્ષક યંત્રો તેમજ ક્ષેત્ર વિગેરેની યથાર્થ માહિતી આપનારા લગભગ ૫૦ રંગીન ચિત્રો સાથે ૭૦ ફોર્મનો આ ગ્રન્થ વર્ત્તમાન જગત્ તેમજ શાસ્ત્રીય જગત્ સંબંધી માન્યતાઓનો સમન્વય કરવા પૂર્વક જૈનદૃષ્ટિએ ખગોળ ભૂગોળ તેમજ ગણિતાનુયોગના વિષયોનું પ્રતિપાદન કરવા સહિત ખાસ પાઠ્યપદ્ધતિથી તૈયાર કરાવવામાં આવેલ છે. અનેક વિષયોના જ્ઞાતા દ્રવ્યાનુયોગના સતત અભ્યાસી પ્રવર્ત્તક મુનિવર્ય શ્રી ધર્મવિજયજી મહારાજના હસ્તથી લખાયેલ આધુનિક તેમજ શાસ્ત્રીય માન્યતાઓનો પરામર્શ કરતો વિસ્તૃત ઉપોદ્ઘાત ખાસ વાંચવા લાયક છે. ચાતુર્માસની શરૂઆતમાંજ પ્રાયઃ ગ્રન્થનું પ્રકાશન થવા સંભવ છે.

## માળાના ગ્રન્થો મળવાના સ્થાનો.

**૧ શાહ લાલચંદ નંદલાલ** ઠે. કોઠીપોળ મુ. **વડોદરા.**
**૨ શાહ ઘોળીદાસ ડુંગરશી** ઠે. માંડવીનીપોળ મુ. **અમદાવાદ.**
**૩ માસ્તર કુંવરજી દામજી** મુ. **પાલીતાણા.**
**૪ શાહ શાંતિલાલ દામોદર** ઠે. શેત્રુંજા દરવાજા બહાર મુ. **પાલીતાણા.**

# श्री परमाणुखण्डषट्त्रिंशिका प्रकरणम्

## ( गुर्जर भाषान्तर सहित ).

[ પરમાણુખંડ છત્રીશી સંબંધી વિષયની સમજ–પરમાણુખંડ
છત્રીશીમાં આવતી પરિભાષાઓની સમજ–પરમાણુખંડ
છત્રીશીનો સંક્ષિપ્તસાર વિગેરે પરિશિષ્ટો સાથે ].

卐

प्रकाशिका.

श्री मुक्तिकमल जैन मोहनमाला–वडोदरा.

॥ ॐ ॥

॥ निखिलविघ्नविनाशिने श्री लोढणपार्श्वनाथस्वामिने नमोनमः ॥

प्रातःस्मरणीय जैनाचार्य १००८

श्रीमद् विजयमोहनसूरिभ्यो नमोनमः

श्रीमद् रत्नसिंहसूरिविरचितवृत्ति सहित

# परमाणु खंड षट्त्रिंशिकानुं

## गूर्जर भाषान्तर.

યથાર્થ પુદ્ગલ પરમાણુ અને જીવ વિગેરે પદાર્થના સમૂહને [1]દર્શાવનાર, સર્વભાવના [2]જાણનાર, અને દેવોવડે [3]સ્તુતિ કરવા યોગ્ય એવા શ્રી વીરજિનેશ્વરને નમસ્કાર કરીને ॥ ૧ ॥ [4]પુદ્ગલોનું અને [5]નિગોદ જીવોનું સત્યસ્વરૂપ પ્રતિપાદન કરનારી ગાથાઓ શ્રી ભગવતી સૂત્રની વૃત્તિમાંથી ઉદ્ધરીને તેનું કંઇક (લેશમાત્ર) વિવેચન કરાય છે ॥ ૨ ॥

---

૧-૨-૩ "દર્શાવનાર" એ પદથી ભગવંતનું સર્વદર્શીપણું, "જાણનાર" એ પદથી ભગવંતનું સર્વજ્ઞપણું અને "દેવોવડે સ્તુત્ય" એ અર્થથી ભગવંતનું ત્રિભુવન પૂજ્યપણું સૂચવ્યું છે.

૪-૫ ચાલુ પ્રકરણમાં કેવળ પુદ્ગલોનુંજ એટલે પરમાણુ પુદ્ગલનુંજ સ્વરૂપ કહેવાશે. છતાં **पुद्गलानां निगोदानां** એ બે પદ કહ્યા તે ઉપરથી એમ સમજવાનું છે કે આ વૃત્તિકાર પોતે **पुद्गलानां** એ પદના સૂચનથી પરમાણુ અને પુદ્ગલ એ બે છત્રીશીઓની વૃત્તિ કરનાર છે, અને **निगोदानां** એ પદથી ચોથી નિગોદ છત્રીશીનું પણ વર્ણન કરનાર છે. (કેમકે બન્ધછત્રીશીની અવચૂરિ શ્રીજ્ઞાનરત્નઋષિકૃત છે).

વિવાહ પ્રજ્ઞપ્તિ ( શ્રી ભગવતી સૂત્ર ) નામના સૂત્રને વિષે પાંચમા શતકના ૭ મા ઉદ્દેશામાં પુદ્‌ગલ સ્વરૂપના વર્ણન પ્રસંગે સૂત્રમાં કહેલા અર્થના વિવેચનરૂપ જે ગાથાઓ ૬નવઅંગની વૃત્તિકર્ત્તા શ્રીમદ્ અભયદેવસૂરિજીએ લખી છે, અને કંઇક *વર્ણન કર્યું છે. તે ગાથાઓનો ૭સંપ્રદાયથી જાણવાયોગ્ય કેટલોક અર્થાંશ શ્રી ગુરૂવર્યના ઉપદેશથી લખાય છે. તે ગાથાઓ આ પ્રમાણે છે.

( ઇતિ વૃત્તિકાર રચિત પ્રસ્તુત ગ્રંથપીઠિકા ).

**खित्तोगाहणदव्वे, भावट्ठाणाउ अप्पबहुअत्ते ।**
**थोवा असंखगुणिया, तिन्नि असेसा कहं नेया ॥१॥**

**ગાથાર્થઃ**—ક્ષેત્રસ્થાનાયુ:, અવગાહનાસ્થાનાયુ:, દ્રવ્યસ્થાનાયુ:, અને ભાવસ્થાનાયુ: એ ચાર સ્થાન આયુષ્યમાં ક્ષેત્ર સ્થાનાયુ: અલ્પ અને શેષ ત્રણ સ્થાનાયુ: અસંખ્યગુણ છે તે કેવી રીતે જાણવાં ? ॥ ૧ ॥

**ટીકાર્થઃ**—અહિં પુદ્‌ગલોના ક્ષેત્રને વિષે, અવગાહના વિષે, દ્રવ્યને વિષે, અને ભાવને વિષે જે સ્થિતિકાળ (ટકાવ) તે સંબંધિ અલ્પબહુત્વના વિચારમાં પુદ્‌ગલોની ક્ષેત્રસ્થિતિ અલ્પ છે, અને શેષ અવગાહનાદિ ત્રણે સ્થિતિઓ પ્રત્યેક અનુક્રમે અસંખ્યગુણી અસંખ્યગુણી છે, તે કેવી રીતે સમજી શકાય ? ( એ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ) અને હવે એ ગાથાનો સવિસ્તર અર્થ કહેવાય છે.

મૂળગાથામાં કહેલ **ट्ठाणाउ** એટલે **સ્થાનાયુઃ** એ પદ ક્ષેત્રાદિ

---

૬ શ્રી આચારાંગ સૂત્રની અને શ્રી સૂત્રકૃતાંગ સૂત્રની વૃત્તિ શ્રી શીલાંકાચાર્ય રચિત છે. અને શેષ ૯ અંગની વૃત્તિ શ્રીમદ્ અભયદેવસૂરિએ રચી છે, માટે.

*—૭ સંપ્રદાયથી એટલે ગુરૂપરંપરાથી જાણવા યોગ્ય છે, કારણ કે શ્રી ભગવતી સૂત્રમાં વૃત્તિકર્ત્તા શ્રી અભયદેવ સૂરિએ જે ગાથાઓ વૃત્તિમાં લખી છે, તે ગાથાઓનો ગાથા અનુસાર સંપૂર્ણ અર્થ લખ્યો નથી, પરન્તુ સૂત્ર અને ગાથાઓનો કિંચિત્ સારાંશ માત્ર દર્શાવ્યો છે, માટે એ ગંભીર અર્થ ગુરૂપરંપરાથીજ જાણી શકાય એવો છે.

( ક્ષેત્ર-અવગાહના-દ્રવ્ય-અને ભાવ એ ચારેમાંના ) દરેક સાથે જોડવાનો છે, જેથી ( એ પ્રમાણે જોડતાં ) ક્ષેત્રસ્થાનઆયુષ્ય, અવગાહનાસ્થાનઆયુષ્ય, દ્રવ્યસ્થાનઆયુષ્ય, અને ભાવસ્થાન આયુષ્ય ( એ ચાર ભેદ ) થાય. ત્યાં **क्षेत्रस्थान आयुष्य** પદનો અર્થ એ છે કે ક્ષેત્ર એટલે એક આકાશ પ્રદેશ વિગેરે ( બે આકાશ પ્રદેશ ત્રણ આકાશ પ્રદેશ ઇત્યાદિ ) ક્ષેત્રને વિષે પુદ્દગલોનું **સ્થાન** એટલે અવસ્થાન ( અર્થાત્ સ્થિરતા ટકાવ ) તે રૂપ આયુષ્ય ( એટલે તે ટકાવનો કાળ ) તે **क्षेत्रस्थान आयुष्य** કહેવાય, અર્થાત્ પુદ્દગલોનો એકક્ષેત્રને વિષે જે ( સતત ) ટકાવ તે ક્ષેત્રસ્થાનાયુષ્ય કહેવાય.

( અવગાહના એટલે ) અમુક પ્રમાણવાળા આકાશ પ્રદેશોમાં વ્યાપ્ત થવા પણું તે અવગાહના કહેવાય. તેનું એટલે પુદ્દગલોની અવગાહનાનું જે સ્થાન એટલે સ્થિરતા તે રૂપ આયુષ્ય તે **अवगाहनास्थान आयुष्य** કહેવાય. અર્થાત્ એક અવગાહનામાં પુદ્દગલો સતતપણે કેટલા કાળસુધી રહી શકે ( અથવા પુદ્દગલો કોઇ પણ એક અવગાહનાપણે કેટલા કાળસુધી કાયમ રહે તેનો વિચાર જાણવો ) તે અવગાહના સ્થાનાયુષ્ય ગણાય.

દ્રવ્યનું એટલે પુદ્દગલદ્રવ્યનું અણુત્વાદિ ભાવે ( પરમાણુપણે, દ્વ્યણુકસ્કંધપણે, ત્ર્યણુકસ્કંધપણે યાવત્ અનંતાણુકસ્કંધપણે ) જે અવસ્થાન ( એટલે સ્થિરતા ) તે રૂપ આયુષ્ય તે **द्रव्यस्थानायुष्य** કહેવાય, અર્થાત્ પુદ્દગલો ( પરમાણુ ભાવે અથવા દ્વ્યણુકાદિ કોઇપણ ) સ્કંધપણે કેટલા કાળ સુધી રહી શકે ( તે સંબંધિ જે વિચાર જાણવો ) તે **द्रव्यस्थानायुष्य** કહેવાય.

ભાવ એટલે ( એક ગુણ કૃષ્ણત્વાદિ-દ્વિગુણ કૃષ્ણત્વાદિ ઇત્યાદિ ) કૃષ્ણત્વાદિ ગુણ સમૂહનું જે સ્થાન એટલે સ્થિરતા તે રૂપ આયુષ્ય તે **भावस्थानायुष्य** કહેવાય. અર્થાત્ પુદ્દગલોમાં વિવક્ષિત કૃષ્ણત્વાદિ ગુણો કેટલા કાળ સુધી ટકી રહે ( તે સંબંધિ જે વિચાર ) તે **भावस्थानायुष्य** કહેવાય.

શંકા—ક્ષેત્રમાં અને અવગાહનામાં અહિં શું તફાવત છે?

ઉત્તર:—વિવક્ષિત સમયે પુદ્દગલ જે ક્ષેત્રમાં રહ્યો છે તે ક્ષેત્રનું

નામ અહિં ક્ષેત્ર છે, અને જેટલા આકાશ પ્રદેશ પ્રમાણ અવગાહના વિવક્ષિત સમયે છે તેટલાજ આકાશ પ્રદેશ પ્રમાણ અવગાહના કાયમ રહેવી તે અહિં અવગાહના તરીકે છે. તેથી ક્ષેત્ર બદલાય તોપણ અવગાહના કાયમ રહી શકે છે, એ પ્રમાણે ક્ષેત્ર અને અવગાહનામાં અહિં ભેદ સમજવાનો છે. તાત્પર્ય એ છે કે-જે વખતે કોઇક પુદ્ગલ સ્કન્ધ [1]અસત્કલ્પનાએ ૧૦ આકાશ પ્રદેશની અવગાહનાવાળો અમુક ક્ષેત્રમાં ( એટલે આકાશના અમુક ભાગમાં ૧૦ આકાશ પ્રદેશમાં ફેલાઇને રહ્યો છે, તેજ ક્ષેત્રમાં તેટલી અવગાહનાએ ) જ્યાંસુધી રહે ત્યાંસુધી **क्षेत्रस्थानायुः** ગણાય, અને જ્યારે તેજ પુદ્ગલસ્કન્ધ પોતાની ૧૦ આકાશપ્રદેશમાં ફેલાઈ રહેવા રૂપ અવગાહના કાયમ રાખી તે ક્ષેત્ર બદલીને અન્ય અન્ય ક્ષેત્રમાં સંચરે અને તે પ્રમાણે સંચરતાં ( એટલે જુદા જુદા ક્ષેત્રોમાં રહેતો છતો ) પણ જ્યાંસુધી ૧૦ આકાશ પ્રદેશાવગાહ પણું બદલીને ન્યૂનાધિક અવગાહનાવાળો ન થાય ત્યાં સુધી તે પુદ્ગલસ્કંધનું **अवगाहस्थानायुष्य** ગણાય.

પુનઃજ્યારે એજ ૧૦ આકાશપ્રદેશની અવગાહનાવાળો પુદ્ગલસ્કંધ વિશ્રસા પરિણામથી ( સ્વતઃ સ્વભાવથી ) પિંડિત કરેલા રૂ ની માફક ( દબાવેલા રૂ ની પેઠે ) કંઇક ઘન ( નક્કર ) થયો છતો પાંચ આકાશપ્રદેશમાં સમાઇ શકે એવો થાય, અથવા ( વિશ્રસા પરિણામે ) ફેલાવેલા ( અથવા પોચાશવાળા થયેલા ) રૂ ની પેઠે મોટો થયો છતો ૧૫ આકાશ પ્રદેશમાં સમાય એવડો થાય ( તોપણ એ પુદ્ગલ સ્કંધ જેટલા પરમાણુઓ મળીને બનેલો હતો તેટલાજ પરમાણુઓવાળો કાયમ રહે પરન્તુ એકપણ પ્રદેશ અધિક વા ન્યૂન ન થાય ) એવો જ્યાંસુધી રહે ત્યાંસુધી **द्रव्यस्थानायुः** ગણાય.

પુનઃ એજ વિવક્ષિત પુદ્ગલસ્કંધ પોતાનામાંથી એકાદિ પરમાણુ ઓછા થતાં, અથવા એકાદિ પરમાણુ નવો આવી મળતાં દ્રવ્યાંતરને ( એટલે ભિન્નદ્રવ્યપણું ) પામ્યા છતાં પણ જ્યાંસુધી

---

૧ અસત્કલ્પના અશક્યભાવના દૃષ્ટાન્તમાં હોય છે, પરન્તુ અહિં તેવો અર્થ નથી, કારણ કે ૧૦ પ્રાદેશિકાવગાહન વાળો સ્કંધ હોઈ શકે છે, માટે અહિં " ધારો કે " એ અર્થ તરીકે છે.

પ્રથમના કૃષ્ણત્વાદિ ગુણ ન છોડે ( એટલે વિવક્ષિત પુદ્ગલસ્કંધ જે વર્ણાદિ ગુણવાળો હતો તેવાજ વર્ણાદિ ગુણવાળો જ્યાંસુધી કાયમ રહે ) ત્યાં સુધી તે પુદ્ગલસ્કંધ સંબંધિ ભાવસ્થાનાયુઃ ગણાય છે.

એ પ્રમાણે ક્ષેત્ર સ્થાનાયુ: અવગાહના સ્થાનાયુ: દ્રવ્ય સ્થાનાયુ: અને ભાવસ્થાનાયુ: એ ચારમાં જો પરસ્પર અલ્પબહુત્વનો ( એટલે કોણ થોડો કાળ ટકી શકે અને કોણ વધુ કાળ ટકી શકે તેનો ) વિચાર કરીએ તો પુદ્ગલોનું ક્ષેત્રસ્થાનાયુ: સર્વથી અલ્પ છે, અને શેષ અવગાહના સ્થાનાયુ: વિગેરે ત્રણે અનુક્રમે અસંખ્ય ગુણ છે.

હવે એ પ્રમાણેજ અલ્પબહુત્વ કઇ રીતે સંભવે છે ? એ અહિં શિષ્યનો પ્રશ્ન છે. ( તેનો ઉત્તર આગળ કહેવાશે ) પરન્તુ પ્રથમ તો એજ પહેલી ગાથાના ભાવને આગળ કહેવાતી ગાથાઓ વડે વિશેષ સ્પષ્ટ કરે છે.

**खित्ता मुत्तत्ताओ, तेण समं बंधपच्चयाभावा**
**तो पोग्गलाण थोवो, खित्तावट्ठाण कालो उ ॥२॥**

**ગાથાર્થ**:—ક્ષેત્ર અરૂપી હોવાથી ક્ષેત્ર સાથે પુદ્ગલોનો સંબંધ થવાના કારણ ( રૂપ સ્નેહ ) નો અભાવ છે. તેથી પુદ્ગલોનો ક્ષેત્રાવસ્થાનકાળ અલ્પ છે.

**ટીકાર્થઃ**—ક્ષેત્ર એટલે આકાશ અમૂર્ત-[1]અરૂપી છે, તે કારણથી ( તેણ એટલે ) તે આકાશ સાથે પુદ્ગલોના [2]વિશિષ્ટબંધ પ્રત્યયનો એટલે વિશિષ્ટબંધના કારણરૂપ જે [3]સ્નેહાદિ તેનો અ-

---

૧ વર્ણ-ગંધ-રસ-અને સ્પર્શ એ વર્ણાદિ ચતુષ્કને રૂપ કહેવામાં આવે છે, તેથી એ વર્ણાદિ ચતુષ્ક જે દ્રવ્યને હોય તે **रूपी-मूर्त** કહેવાય, અને વર્ણાદિ ચતુષ્ક રહિત દ્રવ્ય અરૂપી કહેવાય, આકાશદ્રવ્ય વર્ણાદિચતુષ્ક રહિત છે.

૨ સ્નેહાદિકથી ઉત્પન્ન થયેલો જે શ્લેષ બંધ તે અહિં વિશિષ્ટબંધ જાણવો.

૩ સ્નેહાદિ શબ્દમાં આદિ શબ્દથી રૂક્ષપત્વ ગ્રહણ કરવું. કારણ કે બે દ્રવ્યોના શ્લેષબંધમાં સ્નેહત્વ અને રૂક્ષત્વ એજ બે સ્પર્શ હેતુભૂત છે. **स्निग्धरूक्षत्वाद्बन्धः** ઇતિશ્રીતત્વાર્થસૂત્રનું વચન છે માટે.

ભાવ હોવાથી પુદ્ગલો એક ક્ષેત્રમાં અતિ દીર્ઘકાળસુધી રહી શકતા નથી. તાત્પર્ય એ છે કે—[4]વિશિષ્ટ પરિણામવાળા પુદ્ગલોને અમુક વિવક્ષિત ક્ષેત્રમાં દીર્ઘકાળ સુધી રહેવામાં કારણભૂત જે સ્નેહાદિ જોઇએ તે સ્નેહાદિનો [5]અભાવ હોવાથી તે પુદ્ગલો કંઇક અલ્પકાળ રહીને તેજ વિશિષ્ટ પરિણામને નહિં છોડતા ( એટલે તેજ વિશિષ્ટ પરિણામે કાયમ રહ્યા છતાં ) બીજા બીજાક્ષેત્રને સ્પર્શે છે ( એટલે ક્ષેત્રપરાવૃત્તિ કર્યા કરે છે. ) એ પ્રમાણે હોવાથી ક્ષેત્રાવસ્થાનકાળ ( क्षेत्रस्थानायुः ) અતિ અલ્પ છે.

એ પ્રમાણે ક્ષેત્ર સ્થાનાયુ:ની અલ્પતાનું સ્વરૂપ દર્શાવીને હવે અવગાહના આયુ: તેથી અસંખ્ય ગુણ કેવી રીતે હોય? તેની સ્પષ્ટતા આ ગાથામાં દર્શાવે છે.

**अन्नक्खित्तगयस्सवि, तंचिअ माणं चिरंपि संचरइ**
**ओगाहणनासे पुण, खित्तन्नत्तं फुडं होइ ॥ २ ॥**

**गाथार्थः**—અન્યક્ષેત્રમાં ગયેલા પુદ્ગલનું પણ નિશ્ચય તેજ ( અવગાહના ) પ્રમાણ દીર્ઘકાળસુધી પણ રહી શકે છે, પરન્તુ જો અવગાહનાનો નાશ થાય તો ક્ષેત્રની ભિન્નતા તો સ્પષ્ટ રીતે થાય છે જ.

**टीकार्थः**—અન્ય ક્ષેત્રમાં ગયેલા પુદ્ગલસ્કંધનું પણ તેજ પ્રમાણ એટલે તેજ અવગાહના દીર્ઘકાળ સુધી પણ રહી શકે છે.

---

૪ અહિં વિશિષ્ટ પરિણામવાળો એટલે વિવક્ષિત સમયે જે પુદ્ગલસ્કંધ જેટલી અવગાહનાવાળો, જેટલા પ્રદેશવાળો, અને જે વર્ણ ગંધ રસ સ્પર્શવાળો ( ક્ષેત્રસ્થાનાયુઃ સંબંધિ વિચાર કરવા માટે ) સ્વીકાર્યો છે તેજ અવગાહનાદિ પરિણામવાળો જાણવો.

૫ અહિં અભાવ એ પદ આકાશક્ષેત્રને અંગે જાણવું. કારણ કે દરેક પુદ્ગલમાં તો સ્નેહાદિ ગુણ અવશ્ય હોય છે. પરન્તુ આકાશક્ષેત્ર સ્નેહાદિ ગુણ રહિત છે, માટે આકાશ અને પુદ્ગલનો બેનો શ્લેષબંધ થતો નથી, કારણ કે બે દ્રવ્યનો સંબંધ મેળવવા માટે બન્ને દ્રવ્યોમાં સ્નેહાદિ ગુણ હોવો જોઇએ, અને આકાશમાં તો સ્નેહગુણ નથી તેમ રૂક્ષગુણ પણ નથી.

અહિં તાત્પર્ય એ છે કે—વિવક્ષિત આકાશ ક્ષેત્રમાં ( વિવક્ષિત પુદ્ગલસ્કન્ધ ) જેટલા આકાશ પ્રદેશોમાં વ્યાપ્ત થઇને રહ્યો હતો તેટલાજ આકાશ પ્રદેશમાં વ્યાપ્ત રહ્યો છતો અન્યક્ષેત્રમાં ગયેલો પણ પ્રાપ્ત થાય છે ( એટલે એજ અવગાહના કાયમ રાખીને બીજા સ્થાનમાં પણ જઇ શકે છે, અર્થાત્ બીજા સ્થાનમાં જવા છતાં પણ તે અવગાહના કાયમ રહેલી હોય છે. ) અને અવગાહનાનો વિનાશ થતાં તો ક્ષેત્રનું ભિન્નપણું સ્પષ્ટ રીતેજ થાય છે ( અર્થાત્ અવગાહના બદલાતાં ક્ષેત્ર પણ [1]બદલાય છે ). અવગાહના વિનાશ ( પામવી એટલે શું ? એમ જો શંકા થતી હોય તો કહીએ છીએ કે ) [2]પરમાણુસ્કંધના [3]સંકોચવડે અલ્પ પ્રદેશમાં ( અલ્પ આકાશ પ્રદેશોમાં ) અવસ્થાન થવાથી, અને પરમાણુસ્કંધની [4]વિકસ્વરતાવડે અધિક પ્રદેશમાં ( વધારે આકાશ પ્રદેશોમાં ) અવસ્થાન થવાથી ( અવગાહનાનો વિનાશ ) સંભવે છે. આ ગાથાના પૂર્વાર્ધમાં ( પ્હેલા બે ચરણમાં ) પુદ્ગલોની ક્ષેત્રાદ્ધાથી ( પુદ્ગલસ્કંધના ક્ષેત્રસ્થાનાયુઃ થી ) અવગાહન અદ્ધા ( અવગાહનસ્થાનાયુઃ ) વિશેષ કહી અને ઉત્તરાર્ધમાં ( ગાથાના છેલ્લા બે ચરણમાં ) અવગાહન અદ્ધાથી ક્ષેત્રાદ્ધા અધિક નથી એમ કહ્યું તે કેવી રીતે તે કહેવાય છે. ॥ ૩ ॥

અવતરણ—પૂર્વ ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે પુદ્ગલો એકજ ક્ષેત્રમાં જેટલો કાળ રહી શકે છે તે કરતાં એક સરખી અવગાહ-

---

૧ કારણ કે જે ક્ષેત્રમાં ૧૦ આકાશ પ્રદેશ પ્રમાણ વ્યાપ્ત થઇને પ્રથમ રહ્યો છે, તેજ ક્ષેત્રમાં જો ૫ આકાશ પ્રદેશ પ્રમાણ અથવા ૧૫ આકાશ પ્રદેશ પ્રમાણ અવગાહના વાળો થાય તો પ્રથમનું ૧૦ પ્રદેશાત્મક ક્ષેત્ર બદલાઇને ૫ પ્રદેશાત્મક વા ૧૫ પ્રદેશાત્મક ક્ષેત્ર થયું, માટે.

૨ અહિં " પરમાણુસ્કંધ " શબ્દનો અર્થ પુદ્ગલસ્કંધ જાણવો, પરન્તુ એક પરમાણુરૂપ સ્કંધ એવો અર્થ નથી.

૩–૪ પ્રથમ સમયે જે એક આકાશ પ્રદેશમાં જેટલા પરમાણુ પરસ્પર સંક્રમી રહ્યા હતા તેને બદલે વધારે સંક્રમી જાય ત્યારે તે પુદ્ગલસ્કંધનો સંકોચ થયો જાણવો, અને પ્રથમના સંક્રમેલા પરમાણુઓ તે આકાશ પ્રદેશમાંથી બહાર નિકળી બીજા વધુ આકાશ પ્રદેશોમાં જઈ સંક્રમે ત્યારે તે પુદ્ગલસ્કંધનો વિકોચ અથવા વિકસ્વર ભાવ થયો જાણવો.

નામાં ઘણો કાળ રહી શકે છે, અને એજ ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે એક સરખી અવગાહનામાં પુદ્ગલો જેટલો કાળ ટકી શકે છે તેના કરતાં એકજ ક્ષેત્રમાં ઘણો ઓછો કાળ ટકી શકે છે. (એ પ્રમાણે પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં એકજ વસ્તુ સ્વરૂપને દર્શાવનાર [1]બે ભાવ કહ્યા છે.) તો અહિં પ્રશ્ન એ છે કે એ પ્રમાણે ક્ષેત્રમાં અલ્પ કાળ અને અવગાહનામાં વધુ કાળ ટકવાનું કારણ શું? તેમજ અવગાહનાના કાળ કરતાં ક્ષેત્રકાળ અલ્પ કેમ? તેનું કારણ દર્શાવનારી આ ગાથા કહેવાય છે.

**ओगाहणाववद्धा, खित्तद्धा अकिरिआ ववद्धाय**
**न उ ओगाहणकालो, खित्तद्धामित्तसंवद्धो ॥ ४ ॥**

ગાથાર્થઃ—ક્ષેત્રાદ્ધા તે અવગાહના સાથે સંબંધવાળી છે, તેમજ અક્રિયા સાથે પણ સંબંધવાળી છે, પરન્તુ અવગાહન અદ્ધા કેવળ ક્ષેત્રાદ્ધા સાથેજ સંબંધવાળી છે, એમ નથી. ॥ ૪ ॥

ટીકાર્થઃ—ક્ષેત્રાધ્ધા એટલે એક ક્ષેત્રમાં રહેવારૂપ સ્થિતિ તે નિયત આકાશ પ્રદેશોમાં વ્યાપ્ત થવા રૂપ અવગાહનાને વિષે અને અગમનરૂપ અક્રિયાને વિષે સંબંધવાળી છે, કારણ કે વિવક્ષિત અવગાહનાનો સદ્ભાવ અને અક્રિયાનો સદ્ભાવ એ બે

---

૧ અહિં બે ભાવ કહ્યા તે બન્ને ભાવ સર્વથા એક સ્વરૂપ દર્શક નથી, પરન્તુ બે ભાવ પરસ્પર ભિન્ન સ્વરૂપ દર્શક છે તે આ પ્રમાણે—

એ ત્રીજી ગાથાના પ્હેલા બે ચરણમાં એ ભાવ દર્શાવ્યો છે કે અવગાહના એક સરખી રહેવા છતાં ક્ષેત્રનું પરાવર્ત્તન થઇ શકે છે, એ કહેવાથી એમ સમજવું કે એક ક્ષેત્રમાં અને અન્ય ક્ષેત્રમાં રહેતાં અને ગમન કરતાં અવગાહના તેની તેજ હોઇ શકે છે, માટે પ્રથમનું ક્ષેત્ર જે બદલાયું તે અવગાહના બદલાવાથી નહિં પણ સ્થાનાન્તર થવાથી બદલાયું છે. અને બીજા ઉત્તરાર્ધના બે ચરણોમાં એ ભાવ દર્શાવ્યો છે કે—વિવક્ષિત અવગાહનાવાળા પુદ્ગલસ્કન્ધનું પ્રથમ ક્ષેત્ર સ્થાનાન્તર થવાથીજ બદલાય એમ નહિ પરન્તુ પ્રથમ ક્ષેત્રમાં કાયમ રહેવા છતાં પણ અવગાહના પરાવર્ત્તનથી બદલાય છે. એ પ્રમાણે પહેલા ભાવમાં સ્થાનાન્તર ગમન અને બીજા ભાવમાં અવગાહનાનું પરાવર્ત્તન મુખ્ય ગણીને બન્ને રીતે ક્ષેત્ર સ્થાનાયુઃ અલ્પ કહ્યું છે.

**સદ્‌ભાવ હોતેજ ક્ષેત્રાધ્ધા હોઇ શકે છે, અને એ બે ન હોય તો ક્ષેત્રાધ્ધા હોતી નથી. અને અવગાહન અધ્ધા તો કેવળ ક્ષેત્રના સંબંધવાળી નથી, કારણ કે ક્ષેત્રાધ્ધા ન હોય ( ક્ષેત્ર બદલાય ) તોપણ અવગાહન અધ્ધા તો [1]હોય છેજ તેથી જે [2]તાત્પર્ય આવે છે તે આગળની ગાથામાં કહેવાય છે.**

**અવતરણ—પૂર્વ ગાથામાં ક્ષેત્રાદ્ધાને અવગાહના અને અક્રિયાના સંબંધ વાળી કહી, અને અવગાહના કેવળ ક્ષેત્રાધ્ધા સાથેજ સંબંધવાળી નથી એમ કહ્યું તેનું કારણ આ ગાથામાં દર્શાવે છે. તે સાથે અન્તિમ તાત્પર્ય પણ કહેવાય છે.**

---

૧ આ ટીકાર્થનું તાત્પર્ય આ પ્રમાણે છે:—

જે એક વિવક્ષિત ક્ષેત્રમાં ( એટલે અમુક એક ક્ષેત્રમાંજ ) જેટલા કાળ સુધી અમુક પુદ્‌ગલ સ્કન્ધ ટકી રહે તેજ ક્ષેત્રના અંગે તે પુદ્‌ગલસ્કંધની ક્ષેત્રાધ્ધા એટલે ક્ષેત્રસ્થાનાયુઃ અથવા ક્ષેત્રકાળ ગણાય છે, એ ક્ષેત્ર કાળનું પ્રમાણ તેજ પુદ્‌ગલસ્કંધની અવગાહના અને તેજ સ્કંધની ( સ્થાનાન્તર ન થવા રૂપ ) અક્રિયા એ બે સાથે સંબંધવાળું છે. કારણ કે એ બેમાંથી કોઇપણ એક બદલાય તો ક્ષેત્ર અવશ્ય બદલાઇ જાય છે, અર્થાત્ અવગાહના બદલાય તોપણ ક્ષેત્ર બદલાય છે, અને અક્રિયા બદલાઇને ક્રિયા થાય એટલે તે પુદ્‌ગલસ્કંધ તે ક્ષેત્ર છોડીને બીજા ક્ષેત્રમાં જાય તોપણ ક્ષેત્ર બદલાય છે, માટે પુદ્‌ગલોનું ક્ષેત્રસ્થાનાયુઃ અથવા ક્ષેત્રકાળ અથવા ક્ષેત્રાધ્ધા તે અવગાહના અને સ્થાનાન્તર ન થવા રૂપ અક્રિયા એ બેના ટકાવથીજ ટકી રહે છે, અને એ બેના અથવા બેમાંથી ગમે તે એકના બદલાવાથી ક્ષેત્ર અવશ્ય બદલાય છે એમ જે કહ્યું તે યુક્ત છે.

એ પ્રમાણે ક્ષેત્રસ્થાનાયુઃ જેમ અવગાહના અને અક્રિયા એ બેના આધાર ઉપર રહેલું હોય છે તેમ અવગાહના એ બેના આધારથીજ ટકી રહેનારી નથી, પરન્તુ અવગાહના તો કેવળ અવગાહના ઉપરજ ટકી રહેનારી છે, કારણ કે અવગાહના બદલાયેજ અવગાહનાદ્ધા બદલાય એ નિયમ છે, પરન્તુ ક્ષેત્ર અને ( અથવા ) અક્રિયા બદલાતાં એટલે તે અવગાહના સ્થાનાન્તર થતાં પણ અવગાહના બદલાવાય એવો નિયમ નથી, માટે ક્ષેત્રાધ્ધા ન હોય તો પણ અવગાહન અધ્ધા તો હોઈ શકે છે.

૨ **निगमनम्** એટલે કારણ–હેતુ–પૂર્વક અન્તિમ તાત્પર્ય.

**जम्हा तत्थऽन्नत्थय, सच्चिअ ओगाहणा नवेखित्ते**
**तम्हा खित्तद्धाओऽवगाहणद्धा असंखगुणा ॥ ५ ॥**

गाथार्थः—જે કારણ માટે તે વિવક્ષિત ક્ષેત્રમાં, અને બીજા ક્ષેત્રમાં પણ નિશ્ચય તેજ અવગાહના હોય છે, તે કારણથી ( ક્ષેત્ર સ્થાનાયુ ) ક્ષેત્રાદ્ધાર્થી અવગાહન અદ્ધા ( અવગાહના સ્થાનાયુ: ) અસંખ્યગુણ છે.

टीकार्थः—જે કારણથી तत्थ ( तत्र ) એટલે વિવક્ષિત ક્ષેત્રમાં અને વિવક્ષિત ક્ષેત્રથી બીજા અન્ય ક્ષેત્રમાં પણ सच्चिअ ( सा एव ) એટલે પૂર્વક્ષેત્રના સંબંધવાળીજ ( એટલે પ્રથમના ક્ષેત્રમાં જે અવગાહના હતી તેની તેજ ) અવગાહના હોય છે ( હોઈ શકે છે ) તેથી ક્ષેત્રાદ્ધાથી અવગાહન અદ્ધા અસંખ્યગુણી છે.

અવતરણ—એ પ્રમાણે ક્ષેત્રસ્થાનાયુ:થી અવગાહનસ્થાનાયુ: અસંખ્યગુણ છે, એમ પ્રતિપાદન કરીને હવે અવગાહનસ્થાનાયુ:થી દ્રવ્યસ્થાનાયુ: અસંખ્યગુણ કેવી રીતે હોય? તે આ ગાથાથી દર્શાવાય છે.

**संकोअ विकोएण व, उवरमिआएऽवगाहणाएवि**
**तित्तिअमित्ताणचिअ, चिरंपि दव्वाणऽवत्थाणं ॥६॥**

गाथार्थः—સંકોચ અને વિકોચવડે અવગાહના બદલાઈ જાય તો પણ તેટલાજપ્રમાણવાળું તે દ્રવ્ય તો દીર્ઘકાળ સુધી પણ રહે છે.

टीकार्थः—સંકોચ અને વિકોચવડે અવગાહના બદલાય છે તો પણ જેટલાં દ્રવ્યોનો એટલે જેટલી સંખ્યાવાળા પરમાણુઓનો સ્કંધ પ્રથમ બનેલો હતો તેટલીજ સંખ્યાવાળા પુદ્‌ગલોનો તે સ્કંધ દીર્ઘકાળ સુધી પણ કાયમ રહે છે. ( તેથી અવગાહનાયુ:થી દ્રવ્યાયુ: અસંખ્ય ગુણ છે–ઇતિ સંબંધ: ) અહિં તાત્પર્ય:એ છે કે–અમુક ક્ષેત્ર પ્રદેશોમાં પરમાણુ પુદ્‌ગલોનું જે વ્યાપ્ત થવું તે ( એટલે પુદ્‌ગલસ્કંધ જેટલા આકાશ પ્રદેશમાં વ્યાપ્ત થયો હોય–ફેલાઇને રહેલો હોય તેટલા આકાશ પ્રદેશ પ્રમાણની વિવક્ષિત )

અવગાહના કહેવાય છે. હવે જેટલી સંખ્યાવાળા પરમાણુઓનો વિવક્ષિત પુદ્ગલસ્કંધ માનેલો છે, તેટલીજ સંખ્યાવાળા પરમાણુઓવાળો તેજ પુદ્ગલસ્કંધ (એક પણ પરમાણુ વડે ન્યૂનાધિક થયા સિવાય) પ્રથમ અવગાહેલા આકાશ પ્રદેશોમાંથી ન્યૂન (ઓછા) આકાશ પ્રદેશોમાં અવગાહવા (સમાવા) માટે જે સૂક્ષ્મરૂપ (લઘુ આકારવાળો) થાય છે તે સૂક્ષ્મ થવાની ક્રિયાનું નામ **संकोच** કહેવાય, અને (તેટલા અણુઓવાળો તેજ પુદ્ગલ સ્કંધ એક પણ પ્રદેશવડે ન્યૂનાધિક થયા વિના પ્રથમ અવગાહેલા આકાશ પ્રદેશોથી) અધિક આકાશ પ્રદેશોમાં વ્યાપ્ત થવા માટે જે વિકસ્વર ભાવવાળો (મોટા આકારવાળો) થાય છે તે વિકસ્વર ભાવનું નામ **विकोच** કહેવાય છે. જેથી સંકોચ અને વિકોચ થવાથી પુદ્ગલસ્કંધની અવગાહના બદલાય છે. એ પ્રમાણે (સંકોચ-વિકોચમાં પણ) તેટલાજ પરમાણુઓ કાયમ રહેવાથી અવગાહના બદલાવા છતાં પણ દ્રવ્ય નથી બદલાતું, (એટલે દ્રવ્ય તેટલાજ પરમાણુઓવાળું કાયમ રહે છે) એમ કહ્યું છે. હવે દ્રવ્ય બદલાતાં અવગાહના તો બદલાય છે જ, તે વાત કહેવાય છે.

**अवतरण**—પૂર્વ ગાથામાં કહ્યું કે સંકોચ અને વિકોચ ધર્મ વડે પુદ્ગલોની અવગાહના બદલાય છે, પરન્તુ અવગાહના બદલાવા સાથે દ્રવ્ય પણ (એટલે પરમાણુઓની નિયત સંખ્યા પણ) બદલાવીજ જોઇએ એવો નિયમ નથી, એમ દર્શાવીને હવે આ ગાથામાં દર્શાવાય છે કે જો દ્રવ્ય બદલાય તો અવગાહના અવશ્ય બદલાય છે.

**संघाय भेयओ वा, दव्वोवरमे पुणाइ संखित्ते ।**
**नियमा तद्दव्वोगाहणाइ नासो न संदेहो ॥ ७ ॥**

**गाथार्थः**—વળી સંઘાતથી અથવા ભેદથી દ્રવ્ય બદલાતાં, અને પ્રથમની અવગાહના સંક્ષેપાતાં તે દ્રવ્ય બદલાયે અવગાહના બદલાય એ નિશ્ચય છે, એમાં સંદેહ નથી.

**टीकार्थः**—જેટલા પરમાણુઓવાળો વિવક્ષિત સ્કંધ છે, તે સ્કંધમાં બીજા પરમાણુઓ આવીને મળે ત્યારે **संघात** કહેવાય,

અને તેજ સ્કંધમાંના કેટલાક પરમાણુઓ ચાલ્યા જાય તે ભેદ કહેવાય. માટે તે પરમાણુઓના સંઘાતથી અથવા ભેદથી જે સંક્ષિપ્ત એટલે અલ્પ અવગાહનાવાળો થયેલો સ્કંધ અર્થાત્ પ્રથમ જે અવગાહના હતી તે અવગાહના કાયમ ન રહેવાથી જે અલ્પ અવગાહનાવાળો સ્કંધ થયો, અને તેમ થવાથી જે **द्रव्योपरम** એટલે દ્રવ્યનું બદલાવું થયું, અર્થાત્ સંઘાતથી અને ભેદથી સંક્ષિપ્ત[૧] એટલે નાનો મોટો (સંઘાતથી નાનો મોટો અને ભેદથી નાનો) થવાથી જે પૂર્વ પર્યાયનો (વિવક્ષિત આકારનો) વિનાશ થયો, અને એ પ્રમાણે પૂર્વ પર્યાયનો (આકારનો અથવા દ્રવ્યનો) વિનાશ થવાથી તે દ્રવ્યોની અવગાહનાનો પણ અવશ્ય વિનાશ થાય છે. વળી એમ પણ ન જાણવું કે સંઘાતવડે પુદ્ગલસ્કંધ (મૂળ ગાથામાં કહ્યા પ્રમાણે **संखित्ते** એટલે) સંક્ષિપ્ત[૨] ન થાય, કારણ કે સિદ્ધાન્તમાં[૩] તો સંઘાતથી પુદ્ગલસ્કંધ અતિ

---

૧ આ ગાથામાં **संखित्ते** એ પદનો શબ્દાર્થ વૃત્તિમાં " **स्तोकावगाहनः** એટલે લઘુ અવગાહનાવાળો " કર્યો છે. પુનઃ એજ વૃત્તિમાં આગળ " **न तु प्राक्तनावगाहनः** એટલે પૂર્વની અવગાહનાવાળો નહિં " તથા " **लघुतया गुरुतया वा पूर्वपरिणामोच्छेद इत्यर्थः** એટલે લઘુપણાવડે અથવા મોટાપણાવડે પૂર્વપરિણામનો ( પૂર્વાવગાહનાનો ) વિનાશ થાય છે એ તાત્પર્ય છે. " એથી સમજાય છે કે **संखित्ते** એટલે સંક્ષિપ્તાવગાહન એ પદ ઉપલક્ષણવાળું હોય. અને તેથી લઘુ અવગાહના અને મોટી અવગાહના, એ બન્નેનો વાચકપણ હોઇ શકે છે. જેથી સંઘાતથી લઘુ અથવા ગુરૂઅવગાહના, અને ભેદથી લઘુઅવગાહના પુદ્ગલોની હોઇ શકે છે, તે પ્રમાણે અહિં પણ કહ્યું છે.

૨ અહિં સંઘાતથી સ્કંધ ગુરૂઅવગાહનાવાળો થાય એ તો સ્હેજે સમજાય તેમ છે, પરન્તુ સંઘાતથી સંક્ષિપ્ત એટલે લઘુઅવગાહનાવાળો થવો તે કેમ બને ! તેના ખુલાસા માટે એ વાક્ય ( **न च संघातेन न संक्षिप्तः स्कंधो भवति** ) વૃત્તિકારે કહ્યું છે. શ્રી ભગવતીજીની વૃત્તિમાં પણ એ વાક્ય છે.

૩ સંઘાતથી પુદ્ગલસ્કંધ અતિસંક્ષિપ્ત પણ થાય એ વાત સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે, કર્મગ્રંથાદિકમાં પણ પ્રસિદ્ધ છે. પાંચમા કર્મગ્રન્થમાં કર્મપ્રકૃતિમાં તથા તત્વાર્થસૂત્ર વિગેરેમાં જ્યાં જ્યાં ઔદારિકાદિ પુદ્ગલ-

**સૂક્ષ્મ[૪] પરિણામિ (सूक्ष्मेतरत्वेन એવો પણ પાઠ હોવાથી સૂક્ષ્મ-પરિણામી અને બાદર પરિણામી) પણ થાય છે, એમ કહ્યું છે.**

વર્ગણાઓનું વર્ણન આવે છે ત્યાં ત્યાં સર્વત્ર કહ્યું છે કે ઔદારિકાદિ વર્ગણાઓના પુદ્‌ગલસ્કંધો અનુક્રમે અનંતગુણ અનંતગુણ પ્રદેશવાળા હોવા છતાં પણ અસંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન ન્યૂનતર અવગાહનાવાળા છે. અને પુદ્‌ગલનો એવો સ્વભાવજ છે કે જેમ ઘણા પરમાણુઓ મળે તેમ તે સ્કંધ સૂક્ષ્મ સૂક્ષ્મતર પરિણામી બનતો જાય છે.

પુનઃસ્કંધોની ઉત્પત્તિ પણ સંઘાતથી અને ભેદથી કહી છે, અને પરમાણુને કેવળ ભેદથી ઉત્પન્ન થનારો કહ્યો છે. શ્રી તત્વાર્થસૂત્રમાં **संघात भेदेभ्य उत्पद्यन्ते** ॥ ૫–૨૬ ॥ એટલે ચક્ષુને અગોચર એવા સ્કંધો સંઘાતથી–ભેદથી–અને સંઘાત ભેદથી એમ ત્રણ વિકલ્પે ઉત્પન્ન થાય છે. તથા **भेदसंघाताभ्यां चाक्षुषाः** ॥ ૫–૨૮ ॥ એટલે ભેદ અને સંઘાત એ બે વડે ચક્ષુગોચર સ્કંધો ઉત્પન્ન થાય છે. અહિં ચક્ષુગોચર એટલે કેવળ ચક્ષુ ગ્રાહ્ય નહિં પરન્તુ ચક્ષુ આદિ પાંચે ઇન્દ્રિય ગ્રાહ્ય એવો અર્થ સમજવો, અને ચક્ષુઅગોચર એટલે ઇન્દ્રિયને અગ્રાહ્ય એવો અર્થ સમજવો. તથા **भेदादणुः** ॥ ૫–૨૭ ॥ એટલે કેવળ ભેદ (રૂપ ૧ વિકલ્પ) થી પરમાણુ ઉત્પન્ન થાય છે.

૪ અહીં સંઘાતથી અતિસૂક્ષ્મપરિણામી સ્કંધ બનાવવાનું કહ્યું તે સૂક્ષ્મપરિણામ સ્વાભાવિક સૂક્ષ્મપરિણામ નહિં પણ આપેક્ષિક સૂક્ષ્મપરિણામ સમજવો. સૂક્ષ્મ પરિણામ આત્યન્તિક–આપેક્ષિક–અને સ્વાભાવિક એમ ત્રણ પ્રકારનો છે, ત્યાં ૧ પરમાણું તે આત્યંન્તિક સૂક્ષ્મપરિણામ, ત્ર્યણુકની અપેક્ષાએ દ્વયણુક સ્કંધ સૂક્ષ્મ કહેવો તે આપેક્ષિક સૂક્ષ્મપરિણામ, અને ઇન્દ્રિયને અગ્રાહ્ય અથવા ચતુઃસ્પર્શી સ્કંધરૂપે અગુરૂલઘુ ગુણવાળા અથવા સૂક્ષ્મનામ કર્મથી ઉત્પન્ન થયેલા પરિણામવાળા જે ઔદારિકાદિ સ્કંધોનો જે સૂક્ષ્મપરિણામ તે સ્વાભાવિક સૂક્ષ્મપરિણામ જાણવો. શ્રી તત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના ૩૮ મા **परम्परं सूक्ष्मम्** ॥ ૨–૩૮ ॥ એ સૂત્રની વૃત્તિમાં જેમ જેમ ઘણા પુદ્‌ગલપરમાણુઓ મળતા જાય તેમ તેમ સૂક્ષ્મપરિણામી શરીર સ્કંધો બનતા જાય એમ કહેવાના પ્રસંગમાંજ **अतः सूक्ष्मताऽऽपेक्षिकी प्रतिपत्तव्या न सूक्ष्मनामकर्मोदयजनिता** (એટલે એ કારણથી સૂક્ષ્મતા આપેક્ષિકી અંગીકાર કરવી પરન્તુ સૂક્ષ્મનામકર્મજન્ય નહિં) એમ કહ્યું છે. પુનઃ સૂક્ષ્મ-

**ભાવાર્થ:**—સંઘાતથી ( નવા પરમાણુઓના સંગમથી ) અને ભેદથી ( કેટલાક પરમાણુઓ ચાલ્યા જવાથી ) એમ બે રીતે દ્રવ્યનો વિનાશ એટલે દ્રવ્યની પરાવૃત્તિ મનાય છે. કારણ કે અહીં દ્રવ્યાદ્ધાને અંગે ગણાતા દ્રવ્યનો અર્થ "વિવક્ષિત સંખ્યાવાળા પરમાણુઓનો બનેલો પુદ્‌ગલસ્કંધ" એ પ્રમાણે છે, અને સંઘાતથી તથા ભેદથી તે પુદ્‌ગલસ્કંધાન્તર્ગત પરમાણુઓની વિવક્ષિત સંખ્યા રહી શકતી નથી, અર્થાત્ પરમાણુ સંખ્યા બદલાય છે, માટે દ્રવ્ય પણ બદલાયેલું મનાય છે. પુનઃ પરમાણુઓના સંઘાતથી અને ભેદથી કેવળ દ્રવ્યપરાવૃત્તિ થાય એટલુંજ નહિં, પરન્તુ અવગાહના પણ નાની મોટી થાય છે, એ પ્રમાણે સંઘાતથી અથવા ભેદથી દ્રવ્ય બદલાતાં અવગાહના તેની તે કાયમ રહી શકતી નથી, તેથી અવગાહના પણ બદલાયેલીજ ગણવી. અર્થાત્ સંઘાતથી અથવા ભેદથી દ્રવ્ય બદલાવા સાથેજ સમકાળે અવગાહના પણ બદલાઈ જાય છે. માટે સંઘાતથી અથવા ભેદથી દ્રવ્ય બદલાતાં અવગાહનાનો વિનાશ અવશ્ય થાય છે.

અવતરણ—પૂર્વ ગાથામાં સંઘાતથી અથવા ભેદથી દ્રવ્ય બદલાતાં તે દ્રવ્યની અવગાહના પણ બદલાયેલી કહી છે, તો

---

નામોદયજન્ય સિવાયનો જે ચતુઃસ્પર્શીપરિણામરૂપ સ્વાભાવિક સૂક્ષ્મપરિણામ તે પણ અહિં ગ્રહણ કરવો, પરન્તુ મુખ્યત્વે તો આપેક્ષિક સૂક્ષ્મપરિણામ સમજવો.

**શંકા**—સંઘાતથી સ્કંધ મોટો થાય એ સ્વાભાવિક છે, અને નાનો પણ થાય એની સાબીતી ઉપર કહી ગયા તે ગ્રાહ્ય છે, પરન્તુ ભેદથી નાનોજ થાય અને મોટો ન થાય તે કેમ બની શકે? જે સમયે કેટલાક પરમાણુઓ ચાલ્યા ગયા તેજ સમયે તે સ્કંધાન્તર્ગત કેટલાક પરમાણુઓ જે પરસ્પર સંક્રાન્ત થયેલા છે તેમાંના ઘણાખરા બહાર નિકળતાં તે સ્કંધ તેટલીજ પૂર્વાવગાહનાવાળો અથવા મોટી અવગાહનાવાળો પણ કેમ ન બને?

**ઉત્તર**—આઠમી ગાથાના અર્થની ફુટનોટમાં શ્રી તત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયના ૨૪મા સૂત્રના ભાષ્યના બે પાઠ આપ્યા છે, તેમાં સ્પષ્ટ સમજાય છે કે આપેક્ષિક બાદરપરિણામ તો કેવળ સંઘાતથીજ થવાનો કહ્યો છે, અને આપે૦ સૂક્ષ્મ પરિણામને પણ સંઘાતથી થવો કહ્યો છે. પરંતુ **एव** કાર પદ ન હોવાથી સૂક્ષ્મપરિણામ એટલે લઘુ અવગાહના સંઘાતથી અને ભેદથી પણ હોઈ શકે.

એ અવગાહનાનો નાશ કેવી રીતે થાય છે? અને અવગાહનાનો નાશ થવા છતાં દ્રવ્ય કેમ કાયમ રહે છે? તે આ ગાથામાં દર્શાવે છે.

**ओगाहद्धा दव्वे, संकोअविकोयओ अ अवबद्धा ।**
**न उ दव्वं संकोअण-विकोअमित्तंमि संबद्धं ॥ ८ ॥**

**ગાથાર્થ—દ્રવ્યમાં અવગાહનાઅદ્ધા (એટલે અવગાહના) દ્રવ્યના સંકોચ-વિકોચના સંબંધથી રહી છે, પરંતુ દ્રવ્ય (એટલે દ્રવ્યાદ્ધા) કેવળ સંકોચ-વિકોચના સંબંધવાળું છે એમ નથી. ॥૮॥**

**ટીકાર્થ—ओगाहद्धा એટલે અવગાહનાનો અવસ્થાનકાળ દ્રવ્યની સાથે નિયત-અવશ્ય સંબંધવાળો છે, કેવી રીતે? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે संकोअविकोयओ એટલે સંકોચથી અને વિકોચથી. (દ્રવ્યમાં અવગાહન કાળ અવશ્ય સંબંધવાળો છે ઇતિ અધ્યાહારઃ). ત્યાં [૧]સૂક્ષ્મપરિણામરૂપ સ્વભાવવડે પરમાણુઓનો જે પરસ્પર પ્રવેશ થવો તે संकोच,, અને સૂક્ષ્મપરિણામે પરિણમેલા પરમાણુઓનું [૨]બાદરપણે પરિણમવું તે विकोच કહેવાય.**

---

૧ સૂક્ષ્મ પરિણામ એટલે ઇન્દ્રિયોને અગ્રાહ્ય **અર્થાત્** કોઇ પણ ઇન્દ્રિયના વિષયમાં ન આવી શકે એવો લઘુઅવગાહનાવાળો પરિણામ. વાસ્તવિક રીતે કેવળ લઘુઅવગાહનાવાળો એટલે બારીકમાં બારીક સ્કંધ તેજ સૂક્ષ્મપરિણામી કહેવાય એમ નહિ, પરન્તુ સૂક્ષ્મપરિણામ તો ત્યારેજ કહેવાય કે જ્યારે ઘણા પરમાણુઓ મળવા છતાં અવગાહના નાની થઈ હોય અને તે સાથે ઇન્દ્રિયને અગ્રાહ્યપણું પણ થયું હોય. પુનઃ અવગાહના નાની થવામાં ઘણા પરમાણુઓ અલ્પ આકાશપ્રદેશમાં અવગાહી રહેલા તે છે, અને ઘણા પરમાણુઓ અલ્પ આકાશપ્રદેશમાં ત્યારેજ અવગાહી શકે છે કે જ્યારે ઘણા પરમાણુઓ એક બીજામાં પરસ્પર પ્રવેશ કરી ગયા હોય, એ પ્રમાણે હોવાથી વિશિષ્ટ સૂક્ષ્મપરિણામવડે પુદ્ગલ ભાવ સંકોચ પામે છે, અથવા વિશિષ્ટ સંકોચવડે પુદ્ગલસ્કંધ સૂક્ષ્મપરિણામી બને છે, એમ સૂક્ષ્મપરિણામ અને સંકોચધર્મ પરસ્પર સહચારી પ્રાયઃ છે.

૨ એક ઇન્દ્રિય ગ્રાહ્ય અથવા બે ઇન્દ્રિય ગ્રાહ્ય યાવત્ પાંચ ઇન્દ્રિયને ગ્રાહ્ય એવો સ્કન્ધપરિણામ તે બાદરપરિણામ કહેવાય. કેવળ સ્થૂલ અ-

**તે સંકોચધર્મ અને વિકોચધર્મ એ બે ધર્મને આશ્રયી (અવગાહના કાળ દ્રવ્ય સાથે અવશ્ય સંબંધવાળો છે.) એ તાત્પર્ય છે. અર્થાત્ દ્રવ્યમાં જ્યાં સુધી સંકોચ-વિકોચ નથી થતો ત્યાં સુધી અવગાહના (વિવક્ષિત અવગાહના) કાયમ હોય છે, અને દ્રવ્યમાં સંકોચ અથવા વિકોચ ધર્મ પ્રગટ થતાં તે અવગાહના**

---

વગાહના માત્રથી બાદર પરિણામ ન ગણાય.

એ પ્રમાણે સૂક્ષ્મપરિણામ અને બાદરપરિણામનો જો કે વાસ્તવિક અર્થ છે, તો પણ આ ચાલુ પ્રકરણને અંગે અહિં કેવળ વાસ્તવિક અર્થ વાળોજ સૂક્ષ્મપરિણામ અથવા બાદરપરિણામ ગ્રહણ કરવાનો નથી, અહિં તો આપેક્ષિક સૂક્ષ્મપરિણામ અને આપેક્ષિક બાદરપરિણામ ગ્રહણ કરવાનો છે. કારણ કે અવગાહનાસ્થાનાયુઃ એટલે અવગાહનાદ્ધાનો પ્રસ્તુત વિષય છે. તેથી અવગાહના નાની-મોટી થવારૂપ અહિં સૂક્ષ્મ પરિણામ અને બાદરપરિણામ ગ્રહણ કરવાનો છે અને તુલ્ય પરમાણુ સંખ્યાવાળો વાસ્તવિક બા૦ પરિણામી સ્કંધ બાદર પરિણામી રહ્યો છતો નાની અવગાહનાવાળો થયે **आपेक्षिक सूक्ष्मपरिणामी** થયો ગણાય, અને તેજ સ્કંધ મોટી અવગાહનાવાળો થયે **आपेक्षिक बादरपरिणामी** થયો ગણાય. તથા વાસ્તવિક સૂક્ષ્મ પરિણામી સ્કંધ સૂક્ષ્મપરિણામી રહ્યો છતો મોટી અવગાહના થયે આપેક્ષિક બાદરપરિણામી થયો ગણાય, અને એજ સૂ૦ પરિણામી સ્કંધ કિંચિત્ લઘુ અવગાહનાવાળો થયે આપેક્ષિક સૂક્ષ્મ પરિણામવાળો થયો ગણાય. આપેક્ષિક સૂક્ષ્મપરિણામ અને બાદરપરિણામ શ્રી તત્ત્વાર્થસૂત્રમાં આ પ્રમાણે કહ્યો છે. (૫ મા અધ્યાયના ૨૪ મા સૂત્રના ભાષ્યમાં).

**सौक्ष्म्यं द्विविधंमन्त्यमापेक्षिकं च, अन्त्यं परमाणुष्वेव, आपेक्षिकं च द्वयणुकादिषु संघातपरिणामापेक्षं भवति, तद्यथा आमलकाद्बदरमिति ।**

**स्थौल्यमपि द्विविधमन्त्यमापेक्षिकं च संघातपरिणामापेक्षमेव भवति, तत्रान्त्यं सर्वलोकव्यापिनि महास्कंधे भवति. आपेक्षिकं बदरादिभ्य आमलकादिष्विति**

**અર્થ**—સૂક્ષ્મતા બે પ્રકારની છે. અન્ત્યસૂક્ષ્મતા અને આપેક્ષિકી સૂક્ષ્મતા. તેમાં અન્ત્યસૂક્ષ્મતા કેવળ પરમાણુમાંજ પ્રાપ્ત થાય છે. અને

નાશ[1] પામે છે, તે કારણથી "દ્રવ્યમાં અવગાહના નિયત અવશ્ય સંબંધવાળી છે" એમ કહેવાય છે. (તેનું ઉદાહરણ આ પ્રમાણે—) જેમ વૃક્ષનો સદ્‌ભાવ હોય ત્યાંજ ખદિરનો (ખેરના ઝાડનો) સદ્‌ભાવ હોઇ શકે, પરન્તુ જ્યાં વૃક્ષનોજ અભાવ છે, ત્યાં ખદિરના સદ્‌ભાવની વાતજ શી? (તાત્પર્ય એ છે કે ખદિરનો સદ્‌ભાવ વૃક્ષના સદ્‌ભાવ સાથેજ નિયત સંબંધવાળો છે, પરન્તુ વૃક્ષનો સદ્‌ભાવ કેવળ ખદિરના સદ્‌ભાવ સાથેજ નિયત સંબંધવાળો છે એમ નહિં; તેમ અવગાહના દ્રવ્ય સાથે નિયત[2] સંબંધવાળી છે, પરંતુ દ્રવ્ય અવગાહના સાથે નિયત સંબંધવાળું નથી). એજ વાત બીજી રીતે ઉલટાવીને કહે છે.

હવે ગાથાના પૂર્વાર્ધમાં જે ભાવ (અવગાહના દ્રવ્યને વિષે સંકોચ-વિકોચના સંબંધવાળી છે એવો ભાવ) કહ્યો તેનો વિપ-

---

આપેક્ષિક સૂક્ષ્મતા દ્વ્યણુકાદિ સ્કંધોમાં સંઘાત પરિણામની અપેક્ષાએ થાય છે. જેમ આમળાથી બોર નાનું કહેવાય તેમ.

તથા બાદરપણું પણ બે પ્રકારનું છે. ૧ અન્ત્યબાદરપણું, અને ૨ આપેક્ષિક બાદરપણું. એ બન્ને પ્રકારનું બાદરપણું કેવળ સંઘાત પરિણામથીજ થાય છે. તેમાં સર્વલોકવ્યાપી મહાસ્કંધને વિષે અન્ત્યબાદરપણું અને બોર વિગેરેથી આમળાં વિગેરે મોટાં છે એવા વ્યપદેશમાં આપેક્ષિક બાદરપણું કહેવાય છે. પુનઃ અપેક્ષાથી જાણીએ તો એ બન્નેના બે બે ભેદ પણ આપેક્ષિકજ છે. સ્વાભાવિક સૂ૦ પરિણામ અને સ્વાભાવિક બાદર પરિણામ તો સૂક્ષ્મ બાદર નામોદયજન્ય, અથવા ચતુઃસ્પર્શી તે સૂક્ષ્મ, અને અષ્ટસ્પર્શી પરિણામ તે બાદર પરિણામ ગણાય.

૧ નાશ પામે છે એટલે બદલાય છે.

૨ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકનો સંબંધ આ પ્રમાણે છે કે—દ્રવ્યને સ્થાને વૃક્ષ અને અવગાહના સ્થાને ખદિર જાણવું. તેથી જેમ વૃક્ષના અભાવે ખદિરનો અભાવ અવશ્ય હોય તેમ દ્રવ્યના અભાવે (એટલે દ્રવ્ય બદલાતાં) અવગાહનાનો અભાવ (એટલે અવગાહનાનું બદલાવું) અવશ્ય હોય, પરન્તુ ખદિરના અભાવે વૃક્ષનો અભાવ હોય એવો નિયમ નહિં તેમ અવગાહના બદલાતાં દ્રવ્ય બદલાવુંજ જોઇએ એવો નિયમ નથી. અર્થાત્ અવગાહના બદલાતાં દ્રવ્યનું બદલાવું હોય પણ ખરૂં, અને (દ્રવ્યનું બદલાવું) ન પણ હોય.

ર્ય ભાવ ( પ્રતિપક્ષ ભાવ ) ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે (જેમ અવગાહના દ્રવ્યને વિષે સંકોચ–વિકોચના સંબંધવાળી છે તેમ) દ્રવ્યમાં સંકોચ–વિકોચ માત્ર[1] થયે છતે પણ તે દ્રવ્ય અવગાહના સાથે નિયત–અવશ્ય સંબંધવાળું મનાતું નથી, કારણ કે દ્રવ્યના સંકોચ અને વિકોચ ધર્મવડે અવગાહનાનો નાશ થવા છતાં પણ દ્રવ્યનો નાશ થતો નથી, માટે ખદિરપણામાં વૃક્ષપણાની પેઠે દ્રવ્ય અવગાહના સાથે નિયત–અવશ્ય સંબંધવાળું નથી એમ મનાય છે, કારણ કે ખદિરપણાના અભાવે પણ સીસમ આદિ વૃક્ષોમાં વૃક્ષત્વભાવ હોઇ[2] શકે છે. હવે દ્રવ્ય અવગાહના સાથે નિયત સંબંધવાળું કેમ નથી? તેનું કારણ કહે છે.

અવતરણ—પૂર્વ ગાથામાં દ્રવ્યની અવગાહના સંકોચ અને વિકોચના સંબંધવાળી છે, પણ દ્રવ્ય કેવળ સંકોચ–વિકોચના સંબંધવાળું નથી એમ કહ્યું તેનું કારણ કહે છે. અને તે કારણથી ઉપજતું અન્તિમ તાત્પર્ય પણ કહે છે.

---

૧ અહિં **માત્ર** શબ્દનું તાત્પર્ય એ છે કે—સંઘાતથી અને ભેદથી દ્રવ્ય બદલાય છે, અને દ્રવ્ય બદલાતાં અવગાહના પણ બદલાય છે. તોપણ દ્રવ્ય પોતે અવગાહના સાથે અવશ્ય સંબંધવાળું નથી એ વાત તો દૂર રહી પરન્તુ દ્રવ્યમાં સંકોચ વિકોચ થયે દ્રવ્ય નથી બદલાતું, તો પણ દ્રવ્ય પોતે સંકોચ વિકોચના સંબંધવાળું પણ નથી. અર્થાત્ અવગાહના બદલાવા સાથે દ્રવ્યનું અવશ્ય બદલાવાપણું હોય તો અવગાહના સાથે દ્રવ્યનો નિયત સંબંધ માની શકાય, અગર તો સંકોચ વિકોચ થતાં દ્રવ્યનું અવશ્ય બદલાવાપણું હોય, તો પણ અવગાહના સાથે દ્રવ્યનો નિયતસંબંધ માની શકાય, પરન્તુ એ બે માંનું એક પણ નહિં હોવાથી અવગાહના સાથે દ્રવ્યનો કોઇપણ રીતે નિયતસંબંધ નથી, દ્રવ્યનો નિયત સંબંધ તો કેવળ સંઘાત અને ભેદ સાથેજ છે. ઇતિ ભાવઃ.

૨ કહેવાનું તાત્પર્ય એ છે કે ખદિર વૃક્ષ ન હોય તો પણ સીસમ સાગ ધાવડી જંબૂ આદિ બીજાં વૃક્ષોના સદ્ભાવે પણ વૃક્ષત્વ હોઈ શકે છે તેમ ખદિરત્વક્ષરૂપ વિવક્ષિત અવગાહનાનો નાશ થયો હોય, અને સીસમાદિ સ્થાનીય અન્યાન્ય અવગાહના હોય તોપણ વૃક્ષત્વરૂપ દ્રવ્યાદ્ધા તો હોઈ શકે છે.

**जम्हा तत्थन्नत्थ व दव्वं ओगाहणाइ तं चेव ।**
**दव्वद्धाऽसंखगुणा, तम्हा ओगाहणद्धाओ ॥ ९ ॥**

ગાથાર્થ:—જે કારણથી તેજ અવગાહનામાં અથવા અન્ય અવગાહનામાં પણ દ્રવ્ય તો નિશ્ચય તેનું તેજ હોય છે, તે કારણથી અવગાહના અદ્ધાથી દ્રવ્યઅદ્ધા અસંખ્યગુણી છે.

ટીકાર્થઃ—જે કારણથી तत्थ એટલે તે વિવક્ષિત અવગાહનાને વિષે અને अन्नत्थ એટલે સંકોચ અને વિકોચથી થયેલી બીજી અવગાહનાને વિષે પણ દ્રવ્ય તો તેનું તેજ હોય છે, કારણ કે દ્રવ્યના અવષ્ટંભ[1] રૂપ જે પરમાણુ સંખ્યા તે દીર્ઘકાળ સુધી અવસ્થિત રહેવાથી તે દ્રવ્ય પણ અવસ્થિત રહેલું (એટલે દ્રવ્ય તેનું તેજ) ગણાય છે, તે કારણથી અવગાહનાકાળથી દ્રવ્યકાળ અસંખ્યગુણો છે. હવે ભાવાયુ: અસંખ્યગુણ કેવી રીતે છે તે દર્શાવાય છે.

અવતરણ—પૂર્વની ૯ ગાથાઓ સુધીમાં ક્ષેત્રકાળથી અવગાહકાળ અસંખ્યગુણ, અને અવગાહકાળથી દ્રવ્યકાળ અસંખ્ય ગુણ કેવી રીતે હોય તેનું સ્વરૂપ કહ્યું. હવે આ ગાથાથી પ્રારંભીને આગળની ગાથાઓવડે દ્રવ્યકાળથી ભાવકાળ અસંખ્ય ગુણ કેવી રીતે હોય તેનું સ્વરૂપ કહેવાય છે. તેમાં પ્રથમ દ્રવ્યના ટકાવ કરતાં ગુણનો ટકાવ અધિક રહેતો હોય તોજ દ્રવ્યકાળથી ભાવકાળ અધિક હોય માટે પ્રથમ તેજ વાત આ ૧૦ મી ગાથામાં દર્શાવાય છે.

**संघाय भेयओ वा, दव्वोवरमेवि पज्जवा संति ।**
**तं कसिणगुणविरामे पुणाइ दव्वं न ओगाहो ॥१०॥**

ગાથાર્થ—સંઘાતથી અથવા ભેદથી દ્રવ્યનો વિનાશ થતાં

---

૧ "દ્રવ્યના અવષ્ટંભરૂપ" એટલે (વિવક્ષિત પુદ્ગલસ્કંધ રૂપ) દ્રવ્યને તેજ દ્રવ્યરૂપે કાયમ રહેવામાં કારણભૂત. અથવા દ્રવ્ય એટલે વિવક્ષિત પુદ્ગલસ્કંધ તેના પિંડ રૂપે પરિણમવામાં કારણભૂત.

**પણ પર્યાયો તો હોય છે. પરન્તુ સર્વગુણનો નાશ થતાં તો તે દ્રવ્ય અને તે દ્રવ્યની અવગાહના એ બેમાંનું કંઇ પણ હોતું નથી.**

**ટીકાર્થઃ—[૧]પૂર્વે જે સંઘાત અને ભેદનું સ્વરૂપ કહ્યું છે, તે સંઘાતથી અથવા ભેદથી દ્રવ્યોપરમ થતાં એટલે દ્રવ્ય બદલાવા છતાં પણ વર્ણગંધાદિ પર્યાયો તો હોય છેજ. જેમ [૨]ઘસાયલા વસ્ત્રમાં શુકલવર્ણ (શ્વેતવર્ણ) વિગેરે ગુણો કાયમજ હોય છે. પરન્તુ જો સર્વે ગુણ (શ્વેતવર્ણાદિ) પર્યાયો બદલાઇ જાય તો તે દ્રવ્ય અને દ્રવ્યની અવગાહના પણ અવશ્ય બદલાયલીજ [૩]ગણાય. આ વચનવડે પર્યાયો દીર્ઘકાળ સુધી ટકી રહે-**

૧—૭ મી ગાથાની અને ૧૧ મી ગાથાની વૃત્તિમાં વિવક્ષિત પરમાણુ-સંખ્યાવાળા પુદ્‌ગલસ્કંધમાં બીજા કેટલાએક પરમાણુઓ આવી મલવા—તે **સંઘાત** અને તેજ પુદ્‌ગલસ્કંધમાંથી કેટલાએક પરમાણુઓ ચાલ્યા જવા—તે **ભેદ** એમ કહ્યું છે.

૨—૩ અહિં ઘસાયલું વસ્ત્ર એટલે જીર્ણ વસ્ત્ર ગ્રહણ કરવાનું કારણ એ છે કે વસ્ત્ર જ્યારે નવું હોય છે તે વખતે તેમાં રૂના પરમાણુઓ વધુ હોય છે, તેમજ શ્વેતવર્ણાદિ ગુણો પણ વધુ અંશવાળા ઉત્કૃષ્ટ—ઉતમ હોય છે. અને તેજ નવું વસ્ત્ર જ્યારે ઘસાઇને જીર્ણ થાય છે, ત્યારે ઘણા રૂ પરમાણું ચાલ્યા જવાથી દ્રવ્યાન્તરપણાને પ્રાપ્ત થયેલું ગણાય છે. એ પ્રમાણે તે નવીન વસ્ત્રરૂપ વિવક્ષિત દ્રવ્ય જીર્ણવસ્ત્રરૂપે દ્રવ્યાન્તર થતાં પણ તે વસ્ત્ર જે શ્વેતવર્ણાદિ ગુણવાળું હતું તેજ ગુણવાળું કાયમ રહેતું હોય છે, માટે દ્રવ્ય બદલાતાં પણ ગુણો કાયમ રહે છે એ સ્પષ્ટ છે. પુનઃ એજ વસ્ત્રના જો શ્વેતવર્ણાદિ સર્વે ગુણો બદલાઈ જાય તો તે વિવક્ષિત વસ્ત્ર દ્રવ્યથી અને ગુણથી સર્વાંશે બદલાતાં તે વિવક્ષિત વસ્ત્ર (નવ્ય વસ્ત્ર) નીજ પરાવૃત્તિ થઇ જવાથી અવગાહનાની પરાવૃત્તિ અને ગુણની પરાવૃત્તિ પણ થઇ જાય છે.

**શંકાઃ**—સંઘાતથી અથવા ભેદથી જેમ વિવક્ષિત દ્રવ્યનો અભાવ અથવા દ્રવ્યની પરાવૃત્તિ ગણાય છે તેમ ગુણો પલટાતાં દ્રવ્યનો અભાવ ગણાય કે નહિં ?

**ઉત્તરઃ**—એક પણ પરમાણુ વિવક્ષિત પુદ્‌ગલસ્કંધમાં આવી મળતાં અથવા ચાલ્યા જતાં જેમ વિવક્ષિત પુદ્‌ગલસ્કંધરૂપ દ્રવ્ય દ્રવ્યાન્તરપણાને પ્રાપ્ત થતાં દ્રવ્યાભાવ (તત્ દ્રવ્યાભાવ) રૂપ ગણાય છે, તેમ આ ચાર

**નારા અને દ્રવ્ય અલ્પકાળ રહેનારૂં હોય છે, એમ જણાવ્યું. એ પ્રમાણે દ્રવ્ય અલ્પકાળ અને પર્યાયો દીર્ઘકાળ કેવી રીતે રહે છે તે કહેવાય છે.**

---

અદ્ધાના અલ્પબહુત્વ વખતે જે વર્ણાદિ ગુણો સ્વીકાર્યા છે, તેમાંના સર્વગુણો પલટાઇને એક ગુણ પણ કાયમ રહ્યો હોય ત્યાં સુધી તે દ્રવ્યનો ( અને ભાવાદ્ધાનો ) અભાવ માનવામાં આવતો નથી, પરન્તુ જ્યારે સ્વીકારેલા સર્વ ગુણો પરાવૃત્તિ પામી જાય ત્યારે જ ( ભાવાદ્ધાને અંગે ) દ્રવ્યાભાવ ( અને ભાવાદ્ધાનો પણ અભાવ ) માનવામાં આવે છે. તેનું કારણ એ છે કે ગુણાદ્ધામાં એટલે ભાવસ્થાનાયુમાં અમુક વર્ણ–ગંધ–રસ કે સ્પર્શ વિગેરેનું ગ્રહણ હોઈ શકે છે.

**શંકા—**એકગુણ શ્વેતાદિ સર્વ વિશેષ પર્યાયોનું સામાન્ય ગ્રહણ કરતાં ચાલુ ચાર અદ્ધામાં કેમ ન હોઇ શકે?

**ઉત્તર—**એ પ્રમાણે સર્વ વિશેષ પર્યાયનું સામાન્યથી ગ્રહણ કરી ગમે તે એક પર્યાયની પરાવૃત્તિએ દ્રવ્યાભાવ માનવાનું સ્વીકારીએ તો પ્રસ્તુત ચાર અધ્ધાના અલ્પબહુત્વનોજ અભાવ થાય છે. કારણ કે પ્રતિસમયે પુદ્ગલમાંનો ગમે તે એક પર્યાય તો પલટાયજ એવો નિયમ છે. માટે પ્રતિસમય દ્રવ્યાભાવની પ્રાપ્તિ ચાલુજ હોય છે. તેથી પર્યાયોનું વિશેષ ગૃહણજ ઉચિત છે. જેથી શ્વેતવર્ણાદિ સામાન્ય ગુણમાંનો કોઇ એક ગુણ દીર્ઘકાળ સુધી ટકી રહેનારો (તે દ્રવ્યમાં) પ્રાપ્ત થાય છે. તે દીર્ઘકાળ સુધી ટકી રહેનારા એક વર્ણ, એક ગંધ, એક રસ અથવા એક સ્પર્શ આશ્રયી દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે.

**શંકા—**જેમ વર્ણાદિ એક સામાન્ય ગુણ આશ્રયિ દ્રવ્યાધ્ધાથી ગુણાધ્ધા અસંખ્યગુણી છે તેમ વર્ણાદિ ચારે સામાન્યગુણ આશ્રયિ અથવા વર્ણાદિ ચાર શિવાયના બીજા અનેક સામાન્યગુણ આશ્રયિ તથા એકગુણ-શ્વેતાદિ એક વિશેષ પર્યાય આશ્રયિ તથા એકગુણશ્વેતાદિ અનેક વિશેષ પર્યાય આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે કે નહિં ?

**ઉત્તર—**વર્ણાદિ એક સામાન્યગુણ આશ્રયિ જો દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે તો વર્ણાદિ અનેક સામાન્યગુણ આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી હોય તે સમજવું તો અતિ સુગમ છે. કારણ કે એક ગુણ

**અવતરણ—૧૦ મી ગાથામાં દ્રવ્ય બદલાય તો પણ પર્યાયો કાયમ રહે એમ કહ્યું તે કેવી રીતે તે આ ૧૧ મી ગાથામાં કહેવાય છે.**

જેટલો કાળ ટકી રહે તે કરતાં અનેક ગુણ ઘણાં કાળ સુધી ટકી રહે છે, તેમજ એક પર્યાયની અપેક્ષાએ અને અનેક પર્યાયની અપેક્ષાએ પણ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે. મૂળ ગ્રંથકર્તા પોતેજ આગળ ૧૫ મી ગાથામાં **गुणबाहुल्ला** અને **बहुतराणं गुणाणठिई** એ પદોથી ઘણા ગુણો ટકી રહેતા હોવાથી દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી કહેશે.

**શંકા**—જો ગ્રંથકર્તા **गुणबाहुल्ला** અને **बहुतराणं गुणाणठिई** એ પદોથી ઘણા ગુણો ટકી રહેલા હોવાથી દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી કહે છે તો એક ગુણ અથવા એક પર્યાય આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણ કેમ સંભવે?

**ઉત્તર**—જે ઘણા ગુણ અથવા ઘણા પર્યાય દીર્ઘકાળ સુધી ટકી રહેનારા સ્વીકાર્યા છે તે ગુણોમાનો કોઈ એક ગુણ અને તે પર્યાયોમાંનો કોઇ એક પર્યાય એવો હોય છે કે તે ઘણા ગુણો અને ઘણા પર્યાયો બદલાતાં બદલાતાં પણ તે કાયમ રહે છે, અને જો તે એક પણ ગુણ અથવા એક પણ પર્યાય વિનાશ પામી જાય તો સર્વ ગુણોની અને સર્વ પર્યાયોની પરાવૃત્તિ થવાથી ગુણાદ્ધાનોજ અભાવ થઈ જાય; માટે ગ્રંથકર્તાએ **गुणबाहुल्ला** અને **बहुतराणं गुणाणठिई** એ પદથી ઘણા ગુણો આશ્રયિ કહેલી ગુણાદ્ધાની અસંખ્ય ગુણતા એક ગુણ આશ્રયિ ગુણાદ્ધાની અસંખ્ય ગુણતાનો વિચ્છેદ કરતી નથી, પરંતુ વિશેષ પોષણ કરે છે, એ પ્રમાણે તાત્પર્ય એજ આવ્યું કે, ચાર ભાંગે દ્રવ્યદ્ધાથી ગુણાધ્ધા અસંખ્યગુણી છે અને બે ભાંગે દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી નથી તે આ પ્રમાણે—

૧ એક સામાન્ય ગુણ આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે.
૨ ઘણા સામાન્ય ગુણ આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે.
૩ એક વિશેષ પર્યાય આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે.
૪ ઘણા વિશેષ પર્યાય આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે.

---

૧ સર્વ સામાન્ય ગુણ આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી નથી.
૨ સર્વ વિશેષ પર્યાય આશ્રયિ દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી નથી.

**संघायभेयबंधाणुवत्तिणी निच्चमेव दव्वद्धा ।**
**न उ गुणकालो संघायभेयमित्तद्ध संबद्धो ॥ ११ ॥**

**गाथार्थः**—દ્રવ્યકાળ હમેશાં સંઘાત અને ભેદના સંબંધને અનુસરનારો છે. (એટલે સંબંધવાળો છે,) પરન્તુ ગુણકાળ (ભાવકાળ) કેવળ સંઘાતકાળ અને ભેદકાળનાજ (એટલે સંઘાત અને ભેદનાજ) સંબંધવાળો છે એમ નથી.

**टीकार्थः**—અહિં વિવક્ષિત[૧] પરમાણુઓવાળા સ્કંધનો બીજા પરમાણુઓ સાથે સંબંધ થવો તે संघात, અને તેજ સ્કંધમાંથી કેટલાએક પરમાણુ ચાલ્યા જાય તે भेद કહેવાય. તે સંઘાત અને ભેદ એ બે પુદ્ગલધર્મની સાથે જે बंध એટલે સંબંધ તેનેજ નિત્ય અનુસરનારી દ્રવ્યાદ્ધા હોય છે. આ ગાથામાં દ્રવ્યાદ્ધાને સંઘાત અને ભેદના સંબંધને અનુસરનારી કહી તે અનુસરણ વૈધર્મ્યદ્વારા[૨] જાણવું, કારણ કે સંઘાત અને ભેદના અભાવેજ દ્રવ્યાદ્ધાનો સદ્‌ભાવ અને સંઘાત તથા ભેદના સદ્‌ભાવે દ્રવ્યાદ્ધાનો અભાવ હોય છે. (એ પ્રમાણે દ્રવ્યાદ્ધા સંઘાત અને ભેદના સંબંધવાળી છે) પરન્તુ ગુણકાળ એટલે ભાવસ્થાનાયુ અથવા ભાવઅદ્ધા કેવળ સંઘાતકાળ અને ભેદકાળનાજ (એટલે સંઘાત અને ભેદનાજ) સંબંધવાળી છે એમ નહિં. કારણ કે સંઘાત વિગેરે (સંઘાત અને ભેદ) હોવા છતાં પણ ગુણો તેના તેજ હોય છે. તેનું કારણ કહે છે.

**भावार्थः**—અહિં द्रव्य નામથી ઓળખાતો જે પુદ્ગલ સ્કંધ જેટલા પરમાણુઓવાળો છે, તે પુદ્ગલસ્કંધરૂપ દ્રવ્યના તેટલા પરમાણુઓ ત્યાં સુધીજ કાયમ રહે છે કે જ્યાં સુધી તે પુદ્ગલ સ્કંધ-

૧ વિવક્ષિત પરમાણુઓવાળા એટલે વિવક્ષિત સંખ્યાયુક્ત પરમાણુઓવાળા.

૨ તેના સદ્‌ભાવે તેનો સદ્‌ભાવ અને તેના અભાવે તેનો અભાવ એ અન્વયવ્યતિરેકવાળો સંબંધ તે **साधर्म्य संबंध**, અને તેના સદ્‌ભાવે તેનો અભાવ અને તેના અભાવે તેનો સદ્‌ભાવ એવો ઉલટો સંબંધ તે **वैधर्म्य संबंध.**

માં બીજા પરમાણુ દાખલ થયા નથી, અથવા તો તેમાંથી કેટલાક પરમાણુઓ ચાલ્યા ગયા નથી. બીજા પરમાણુ દાખલ થતાં અથવા તેમાંથી કેટલાક પરમાણુ ચાલ્યા જતાં આ પ્રકરણમાં તે દ્રવ્યનો વિનાશ અથવા દ્રવ્યનું પરાવર્તન (એટલે બદલાવાપણું) થયું મનાય છે. એ પ્રમાણે દ્રવ્યનો નાશ અથવા દ્રવ્યની પરાવૃત્તિ સંઘાત અને ભેદથી થવા છતાં દ્રવ્યના ગુણની પણ પરાવૃત્તિ થવી જોઇએ એવો નિયમ નથી હોતો. કારણ કે દ્રવ્યપરાવૃત્તિ સંઘાત અને ભેદથી છે. પરન્તુ ગુણપરાવૃત્તિ સંઘાતથી અથવા ભેદથી થતી નથી. માટે દ્રવ્યાદ્ધાથી પણ ગુણાદ્ધા અધિક હોવી સંભવિત છે.

અવતરણ—૧૧ મી ગાથામાં દ્રવ્યાદ્ધા સંઘાત અને ભેદ સાથે વૈધર્મ્ય સંબંધવાળી છે, પરન્તુ ગુણઅદ્ધા સંઘાત અને ભેદ માત્ર સંબંધવાળી નથી એમ કહ્યું તેનું કારણ અને અન્તિમ તાત્પર્ય આ ૧૨ મી ગાથામાં કહે છે.

**जम्हा तत्थऽन्नत्थव, दव्वे खित्तावगाहणासुं च ।**
**ते चेव पज्जवा संति तो तदद्धा असंखगुणा ॥ १२ ॥**

**गाथार्थः**—જે કારણથી તે દ્રવ્ય-ક્ષેત્ર અવગાહનામાં, અથવા અન્ય દ્રવ્ય-ક્ષેત્ર અને અવગાહનામાં નિશ્ચય તેના તેજ પર્યાયો કાયમ રહેલા હોય છે, તે કારણથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે. ॥ ૧૨ ॥

**टीकार्थः**—ગાથામાં કહેલ तत्थऽन्नत्थव એ વચન દ્રવ્ય, ક્ષેત્ર અને અવગાહના એ પ્રત્યેકની સાથે જોડવું. પુનઃ છંદની[૧] અનુકુલતા પ્રમાણે દ્રવ્યાદિકનો અન્યથા[૨] (વિપરીત) ઉપન્યાસ

૧–૨ આ ગ્રંથના પ્રારંભમાં કહેલા અને કહેવાતા અનુક્રમ પ્રમાણે તો આ ગાથાના બીજા ચરણમાં ક્ષેત્ર–અવગાહના અને દ્રવ્ય એ અનુક્રમ જોઇએ, પરન્તુ એ અનુક્રમ પ્રમાણે શબ્દો ગોઠવતાં આ આર્યા નામનો છંદ ઠીક રીતે બનતો નથી, માટે આર્યા છંદને બરાબર બેસતો રચવા માટે દ્રવ્ય, ક્ષેત્ર અને અવગાહના એમ વિપરીત અનુક્રમ ગણ્યો છે.

(નિર્દેશ) કર્યો છે. માટે (ગાથાના અર્થનો સંબંધ આ પ્રમાણે છે કે) જે કારણથી તે ક્ષેત્રને[1] વિષે અથવા બીજા ક્ષેત્રને વિષે, તેમજ તે અવગાહનાને વિષે અથવા બીજી અવગાહનાને વિષે તથા તે દ્રવ્યને વિષે અથવા બીજા દ્રવ્યને વિષે, એ પ્રમાણે સર્વત્ર પર્યાયો દીર્ઘકાળ સુધી અવસ્થિત રહેનારા હોવાથી (સર્વત્ર) તેના તેજ પર્યાયો કાયમ રહેલા હોય છે, તે કારણથી तदद्धा એટલે તે પર્યાયાવસ્થાનકાળ (પર્યાયકાળ) અસંખ્યગુણ છે. અહિં શિષ્ય પૂર્વપક્ષ તરીકે બે ગાથાઓ કહે છે. તે આ પ્રમાણે—

અવતરણ—૧૧ મી ગાથામાં દ્રવ્યની સ્થિતિ અલ્પકાળ અને પર્યાયોની સ્થિતિ દીર્ઘકાળ સુધી ટકી રહેનારી કહી તે સંબંધમાં શિષ્યને જે શંકા ઉત્પન્ન થાય છે તે શંકા આ બે ગાથામાં દર્શાવે છે.

**आह अणेगंतोऽयं, दव्वोवरमे गुणाणवत्थाणं ॥**
**गुणविप्परिणामंमि अ, दव्वविसेसो अणेगंतो ॥१३॥**

ગાથાર્થ:—અહિં શંકા એ છે કે દ્રવ્યવિનાશ થવા છતાં પણ ગુણોનું જે અવસ્થાન (કાયમ રહેવું) તે અનેકાન્ત છે (એટલે એકાન્ત નથી.) પુન: ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો વિનાશ થવો તે પણ અનેકાન્ત છે (એટલે એકાન્ત નથી.)

ટીકાર્થ—એમ એકાન્ત નથી કે દ્રવ્યનો વિનાશ થતાં ગુણો કાયમ રહેવાજ જોઇએ, કારણ કે દ્રવ્યનો વિનાશ થતાં ગુણોનો વિનાશ પણ દેખાય છે, તેમજ ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો વિનાશ થવો તે પણ અવશ્યભાવી (નિશ્ચય) નથી, કારણ કે ગુણો વિનાશ પામ્યા છતાં પણ દ્રવ્ય તેવીજ અવસ્થાવાળું કાયમ રહેલું દેખાય છે. એજ વાત સ્પષ્ટ કરાય છે કે- (સંબંધ આગળની ગાથા સાથે).

**विप्परिणयंमि दव्वे, कम्मि वि गुणपरिणई भवे जुगवं**
**कम्मिवि पुण तदवत्थे-वि होइ गुणविप्परीणामो १४**

---

૧ અહિં વૃત્તિકાર મહારાજે ગાથાન્તર્ગત વિપરીત ક્રમને બદલે અનુક્રમે ક્ષેત્રાદિકનો નિર્દેશ કર્યો છે.

**ગાથાર્થ:**—કોઇક દ્રવ્યમાં દ્રવ્ય વિપરિણત થતાં ( બદલાતાં ) સમકાળે ગુણપરિણતિ પણ તેવીજ ( એટલે ગુણવિપરિણતિ પણ ) થાય છે, અને કોઇક દ્રવ્યમાં દ્રવ્ય તેવીજ અવસ્થાવાળું ( એટલે કાયમ ) રહેવા છતાં પણ ગુણોનો વિપરિણામ ( ગુણોનું બદલાવું ) થાય છે.

**ટીકાર્થ:**—કોઇક દ્રવ્યમાં પોતાના પરમાણુ [૧]ઓછા થવાથી અથવા બીજા પરમાણુઓ આવી [૨]મલવાથી દ્રવ્ય બદલાતાં તેજ સમયે સમકાળે પ્રથમના [૩]પરિણામાદિ ગુણોનું પણ [૪]બદલાવું થાય છે. અને કોઇક દ્રવ્યમાં બીજા પરમાણુ નહિં [૫]મળવાથી અથવા પોતાના પરમાણુઓમાંથી કેટલાએક પરમાણુઓ [૬]નહિં ચાલ્યા જવાથી દ્રવ્ય તેનું તેજ કાયમ રહેવા છતાં પણ ગુણ વિપરિણામ એટલે ગુણોનો વિનાશ (અર્થાત્ ગુણોનું બદલાવું ) થાય છે. જેમ ઘટ[૭] દ્રવ્ય (ઘડો) તેવીજ અવસ્થાવાળો કાયમ રહેવા છતાં પણ ( એટલે ઘટ તેનો તેજ હોવા છતાં પણ ભઠ્ઠીમાં ) પકવવાથી પૂર્વના શ્યામવર્ણાદિ ગુણોનો નાશ ( અને રક્તવર્ણાદિ ગુણોની ઉત્પત્તિ) થતી દેખાય છે.

**ભાવાર્થ**—અહિં શિષ્યની શંકા છે કે—દ્રવ્ય બદલાવા સાથે ગુણો બદલાય એમ પણ બને છે, વળી ગુણો બદલાય અને દ્રવ્ય ન બદલાય એમ પણ બને છે, તો ચાલુ અલ્પબહુત્વમાં દ્રવ્ય

---

૧ અર્થાત્ ભેદથી. ૨ અર્થાત્ સંઘાતથી. ૩ ઔદારિક પરિણામ વૈક્રિય પરિણામ આદિ પરિણામ અથવા ગતિ પરિણામ બંધ પરિણામ આદિ પરિણામ અથવા વર્ણ પરિણામ ગંધ પરિણામ આદિ પરિણામ ગુણોનું.

૪ ઔદારિકાદિવર્ગણાવાળાસ્કંધોમાં એ બન્ને રીતે ગુણોનું બદલાવું થઈ શકે છે, તેમજ દ્વયણુકાદિસ્કંધોમાં પણ અનેકાન્તપણે સમકાળે ગુણોનું બદલાવું બની શકે છે.

૫ અર્થાત્ સંઘાત નહિં થવાથી, ૬ અર્થાત્ ભેદ નહિં થવાથી.

૭ એ ઘટનું દૃષ્ટાન્ત પ્રથમના બે વિકલ્પો માટે નહિ, પરન્તુ છેલ્લા વિકલ્પ માટે (સંઘાત અને ભેદ નહિં થવા છતાં એટલે દ્રવ્ય તેનું તેજ કાયમ હોવા છતાં ગુણોનુ બદલાવું થાય છે એ સંબંધનું ) છે.

બદલાવા છતાં ગુણો બદલાતા નથી એ સિદ્ધાન્તને મુખ્ય કેમ ગણવો જોઇએ? અર્થાત્ એ સિદ્ધાન્તને આધારે અલ્પબહુત્વની પ્રરૂપણા કેવી રીતે કરી શકાય? એ પ્રશ્ન છે.

અવતરણ—૧૩ મી અને ૧૪ મી ગાથામાં જે શંકા પ્રદર્શિત કરી કે દ્રવ્ય બદલાતાં ગુણ બદલાવાજ જોઇએ એવો નિયમ નથી. તેમજ ગુણ બદલાયે દ્રવ્ય બદલાવુંજ જોઇએ એવો પણ નિયમ નથી તો દ્રવ્યની સ્થિતિ અલ્પકાળ અને ગુણોની સ્થિતિ ઘણો કાળ ટકી રહેનારી કહી તે કેમ ઘટી શકે? તેનો ઉત્તર આ ગાથામાં દર્શાવે છે.

## जएणइ सच्चं किं पुण, गुणबाहुल्ला न सव्वगुणनासो
## दव्वस्स तदन्नत्ते-वि बहुतराणं गुणाण ठिई ॥१५॥

गाथार्थः—ઉત્તરમાં કહીએ છીએ કે તમારી શંકા સત્ય છે, પરન્તુ એ બાબતમાં તાત્પર્ય શું છે તે કહેવાય છે કે–ગુણો ઘણા હોવાથી સર્વ ગુણોનો નાશ થતો નથી, તેથી દ્રવ્યનું તદન્યત્વ થતાં (દ્રવ્ય બદલાતાં) પણ ઘણા ગુણો કાયમ રહે છે ॥ ૧૫ ॥

**टीकार्थः**—દ્રવ્ય બદલાતાં ગુણનું બદલાવું, અને દ્રવ્ય કાયમ રહેતાં પણ ગુણનું બદલાવું જે કહ્યું તે વાત સત્ય છે, કારણ કે કથંચિત્ (અનેકાન્ત પણે) એ બન્ને ભાંગાનો પણ સંભવ છે. પરન્તુ તાત્પર્ય શું છે? તે કહીએ છીએ કે—એક [1]પરમાણુ સ્કંધમાં ગુણોનું એટલે વર્ણ—ગંધ—રસ વિગેરેનું બાહુલ્ય હોવાથી (ઘણા [2]વર્ણ–ઘણા ગંધ–ઘણા રસ અને ઘણા સ્પર્શ હોવાથી) ઘણા ગુણો હોય છે, તેથી સર્વ ગુણોનો વિનાશ થતો નથી. દ્રવ્યનું તદન્યત્વ થવા છતાં પણ એટલે કેટલાક પરમાણુઓ આવી મળવાથી અથવા કેટલાએક પરમાણુઓ ચાલ્યા જવાથી દ્રવ્યનો નાશ થવા છતાં પણ અને દ્રવ્યનો નાશ થવા સાથે ઘણા વર્ણ ગંધ

૧ એક પરમાણુસ્કંધમાં એટલે વિવક્ષિત એક પુદ્ગલસ્કંધમાં.

૨ ૫ વર્ણ – ૨ ગંધ – ૫ રસ–અને ૮ સ્પર્શ. તથા ગતિ પરિણામ વિગેરે.

રસાદિ ગુણોનો નાશ થવા છતાં પણ [1]પરિણામાદિ કેટલાએક ગુ-ણોને વિષે ગુણોનું કાયમ રહેવાપણું હોય છે તે કારણથી દ્રવ્ય-સ્થાનાયુ: ( દ્રવ્યાદ્ધા ) થી ભાવસ્થાનાયુ: ( ભાવ અદ્ધા-ગુણાદ્ધા ) અસંખ્ય ગુણ હોય એમ સિદ્ધ થયું જાણવું.

॥ इति श्री परमाणुखण्डषट्त्रिंशिकासटीक विवरणं समाप्तम् ॥

## પરમાણુ ખંડ છત્રીશી સંબંધિ પરિશિષ્ટ-સમજ.

૧ क्षेत्राद्धाના વિચાર પ્રસંગે અવગાહના-દ્રવ્ય-અને ભાવ એ ત્રણે વિવક્ષા સમયે જેવા સ્વીકાર્યા હોય તેવાજ લક્ષ્યમાં રા-ખવા જોઇએ. અર્થાત્ ક્ષેત્રાદ્ધામાં એ ત્રણ ભાવ વિવક્ષિત તેના તેજ હોવા જોઇએ. કારણ કે એ ત્રણમાંનો એક પણ ભાવ બદલાતાં ક્ષેત્રાદ્ધા બદલાઈ જાય છે માટે.

૨ अवगाहनाद्धाના વિચાર પ્રસંગે દ્રવ્ય અને ભાવ વિવક્ષિતજ હોવા જોઇએ અર્થાત્ દ્રવ્યાદ્ધા અને ભાવ અદ્ધા ન પલટાવી જોઇએ, કારણ કે દ્રવ્યાદ્ધા વા ભાવાદ્ધા પલટાતાં અવગાહનાદ્ધા ટકી શ-કતી નથી. ક્ષેત્રાદ્ધા પલટાતાં તો અવગાનાદ્ધા કાયમ રહી શકે છે.

૩ द्रव्याद्धाના વિચાર પ્રસંગે ભાવાદ્ધા વિવક્ષિતજ હોવી જોઇએ, કારણ કે ભાવાદ્ધા પલટાતાં દ્રવ્યાદ્ધા પલટાઈ જાય છે. અને ક્ષેત્રા-દ્ધા તથા અવગાહનાદ્ધા પલટાતાં તો દ્રવ્યાદ્ધા કાયમ રહી શકે છે.

૪ भावअद्धाના વિચાર પ્રસંગે કેવળ પોતાનુંજ વિવક્ષિતપણું હોવું જોઇએ, અર્થાત્ વિવક્ષિત સર્વગુણોમાંના કેટલાક અથવા અન્તે એક વિવક્ષિત ગુણ વા પર્યાય પણ કાયમ રહેવો જોઇએ, અન્યથા ભાવાદ્ધા કાયમ રહી શકતી નથી.

એ પ્રમાણે ક્ષેત્રાદ્ધાના વિચારમાં ક્ષેત્ર-અવગાહના-દ્રવ્ય-અને ભાવ એ ચાર વિવક્ષિત, અવગાહનાદ્ધામાં ક્ષેત્ર સિવાયના ત્રણ વિવક્ષિત, દ્રવ્યાદ્ધામાં દ્રવ્ય અને ભાવ એ બે વિવક્ષિત, અને ભા-વાદ્ધામાં કેવળ ભાવ વિવક્ષિત હોય છે. તેનું કોષ્ટક આ પ્રમાણે.-

---

૧ ગતિ પરિણામ-બંધ પરિણામ ઇત્યાદિ પરિણામ ગુણ અને પરિ-ણામાદિ એટલે પરિણામ ગતિ-ક્રિયા-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ઇત્યાદિ.

| કઈ અદ્ધામાં | કોણ વિવક્ષિત | |
|---|---|---|
| क्षेत्राद्धामां | ક્ષેત્ર—અવગાહના—દ્રવ્ય-ભાવ | ૪ |
| अवगाहनाद्धामां | ૦ —અવગાહના—દ્રવ્ય-ભાવ | ૩ |
| द्रव्याद्धामां | ૦ — ૦ —દ્રવ્ય-ભાવ | ૨ |
| भावाद्धामां | ૦ — ૦ — ૦ -ભાવ | ૧ |

૫ ચાલુ પ્રકરણની ચાર અદ્ધાનું અલ્પબહુત્વ સામાન્યથી સર્વ પુદ્ગલસ્કંધ આશ્રયિ નથી, પરન્તુ જેમ કોઈ એક વિવક્ષિત પુદ્ગલસ્કંધ આશ્રયિ વિચારીએ તેમ દરેક પુદ્ગલસ્કંધ આશ્રયિ ભિન્ન ભિન્ન વિચારવાનું છે.

૬ આ પ્રકરણમાં કહેલું ચાર અદ્ધાનું અલ્પબહુત્વ દરેક પુદ્ગલસ્કંધને દરેક વખતે લાગુ પડે છે એમ નહિં, પરન્તુ ઘણા ખરા પુદ્ગલસ્કંધોનું દરેકનું ઉત્કૃષ્ટપણે વિચારતાં આ અલ્પબહુત્વ લભ્યમાન હોઇ શકે, અને ઘણા પુદ્ગલસ્કંધો અનિયમિત અલ્પબહુત્વવાળા હોય છે. કારણ કે દરેક અદ્ધાનો જઘન્યકાળ એકેક સમયનો છે.

૭ આ ચાર અદ્ધામાં કઇ અદ્ધાનો નાશ થતાં કઈ કઈ અદ્ધાનો નાશ થાય તેની સમજ આ પ્રમાણે—

ક્ષેત્રાદ્ધાનો નાશ થતાં-કેવળ ક્ષેત્રાદ્ધાનોજ નાશ થાય.

અવગાહનાદ્ધાનો નાશ થતાં-ક્ષેત્રાદ્ધાનો અને અવગાહનાદ્ધાનો નાશ થાય.

દ્રવ્યાદ્ધાનો નાશ થતાં-દ્રવ્યાદ્ધાનો-ક્ષેત્રાદ્ધાનો-અને અવગાહનાદ્ધાનો નાશ.

ભાવાદ્ધાનો નાશ થતાં-ચારેનો નાશ.

૮ ચાલુ પ્રકરણમાં ચારે અદ્ધાનું અલ્પબહુત્વ પુદ્ગલના સ્કંધ

આશ્રયિ કહ્યું તેમ પરમાણુ સંબંધિ ચાર અદ્ધાનું અલ્પબહુત્વ પણ પુદ્‌ગલસ્કંધને અનુસારેજ યથાયોગ્ય જાણવું. પરમાણુ સંબંધિ અલ્પબહુત્વ ભિન્ન હોત તો ગ્રંથ કર્તાએ તેનું અલ્પબહુત્વ પણ ભિન્ન કહ્યું હોત. માટે પરમાણુ પણ ગ્રહણ કરવો, શ્રી ભગવતીજી સૂત્રમાં આ પ્રકરણ સંબંધિ ૨૧૮ મા સૂત્રની વૃત્તિમાં **परमाणु द्विप्रदेशिकादि** ઇત્યાદિ પદથી પરમાણુને પણ એ ચાર અદ્ધાના અલ્પબહુત્વમાં ગ્રહણ કર્યો છે, પરન્તુ સ્કંધોનું બાહુલ્ય હોવાથી વૃત્તિકાર તથા મૂલકર્ત્તાએ વારંવાર મુખ્યત્વે પુદ્‌ગલસ્કંધ કહ્યો છે, પરન્તુ તેથી પરમાણુનું અગ્રહણ ન જાણવું.

૯ અવગાહનાદ્ધા બદલાતાં ક્ષેત્રનું પણ બદલાવાપણું જે કહ્યું તેથી પુદ્‌ગલસ્કંધ સ્થાનાન્તરજ થાય એમ ન સમજવું. પરન્તુ તેના તેજ ક્ષેત્રમાં રહેતાં સંકોચથી અલ્પઆકાશપ્રદેશોમાં વ્યાપ્ત થયો, અને વિકોચથી વધુ આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થયો એ પ્રમાણે પુદ્‌ગલસ્કંધને વ્યાપ્ત થવામાં ક્ષેત્રની હીનાધિકતા થવી તે પણ ક્ષેત્ર બદલાયુંજ માનવું.

---

## પરમાણુ ખંડ છત્રીશી ગત પરિભાષાની સમજ.

૧ **स्थानायुः**—એટલે સ્થિતિકાળ **स्थानायुः आयुः** અને **अद्धा** એ પર્યાય શબ્દો જાણવા.

૨ **अक्रिया**—ક્ષેત્રાન્તરમાં ગતિ ન કરવી, અર્થાત્ જે વિવક્ષિત ક્ષેત્રમાં દ્રવ્ય છે તેના તેજ ક્ષેત્રમાં રહે પણ ત્યાંથી ખસે નહિં તે અક્રિયા.

૩ **संकोच**—મોટી અવગાહનાવાળો સ્કંધ નાની અવગાહનાવાળો થાય તે. અથવા વધુ આકાશપ્રદેશોમાં વ્યાપેલો સ્કંધ અલ્પ આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થતી વખતે પ્રથમ જે આકાશ પ્રદેશમાં જેટલા પરમાણુઓ અવગાહ્યા હતા તે દરેક આકાશપ્રદેશમાં તેથી વધુ પરમાણુઓ સમાઈ જવા તે.

૪ **विकोच**—લઘુ અવગાહનાવાળો સ્કંધ મોટી અવગાહનાવાળો થાય તે. અથવા અલ્પ આકાશપ્રદેશોમાં વ્યાપી રહેલો

સ્કંધ વધુ આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થતી વખતે પ્રથમ જે દરેક આકાશપ્રદેશમાં જેટલા પરમાણુઓ અવગાહ્યા ( સમાયા ) હતા તે દરેક આકાશપ્રદેશમાંથી કેટલાક પરમાણુઓ બહાર નિકળી વધુ આકાશપ્રદેશોમાં અવગાહે તે ક્રિયાનું નામ વિકોચ.

૫ **संघात**—વિવક્ષિત સંખ્યાવાળા પરમાણુઓથી બનેલા સ્કંધમાં બીજા નવા પરમાણુઓ આવી મળવા તે.

૬ **भेद**—વિવક્ષિત સંખ્યાયુકત પરમાણુઓવાળા બનેલા સ્કંધમાંથી કેટલાક પરમાણુઓ ચાલ્યા જવા તે.

૭ **नाश**—ક્ષેત્રનો અવગાહનાનો દ્રવ્યનો કે ભાવનો નાશ અથવા અભાવ, અથવા વિનાશ ઈત્યાદિ વાચક શબ્દો જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં સર્વથા નાશ કે અભાવ ન સમજતાં કેવળ પરાવૃત્તિ અથવા બદલાવું ઇત્યાદિ સમજવું.

૮ **क्षेत्राद्धा**—વિવક્ષિત પુદ્ગલસ્કંધનો એક ક્ષેત્રમાં ટકી રહેવાનો કાળ.

૯ **अवगाहनाद्धा**—વિવક્ષિત પુદ્ગલસ્કંધનો એક અવગાહનામાં ટકી રહેવાનો કાળ.

૧૦ **द्रव्याद्धा**—જેટલી સંખ્યાવાળા પરમાણુઓનો બનેલો પુદ્ગલ સ્કંધ ચાલુ પ્રકરણમાં કહેવાતા અલ્પબહુત્વ માટે સ્વીકાર્યો હોય, તે સ્કંધ જેટલા કાળ સુધી તેટલીજ પરમાણુ સંખ્યાવાળો કાયમ રહે, એક પણ પરમાણુની ઘટ વધ ન થાય તેટલો કાળ દ્રવ્યાદ્ધા ગણાય.

૧૧ **भावअद्धा**—અથવા **गुणाद्धा** એટલે ચાલુ પ્રકરણમાં અલ્પબહુત્વ વિચારવાના પ્રારંભમાં જે પુદ્ગલસ્કંધમાં જે જે અને જેટલા સામાન્ય ગુણો અથવા વિશેષ પર્યાયો સ્વીકાર્યા હોય તે સ્વીકારેલા સર્વ ગુણોનો જ્યાંસુધી નાશ ન થયો હોય અર્થાત્ તેમાંના કેટલાએક ગુણો અથવા પર્યાયો અથવા એક ગુણ અને એક પણ પર્યાય જ્યાંસુધી ટકી રહ્યો હોય ત્યાંસુધીનો કાળ તે **भावअद्धा**.

## परमाणुखण्डषट्त्रिंशिकानो संक्षिप्त सार.

આ પ્રકરણનો વિસ્તરાર્થ જેને રૂચિકર ન હોય તેણે આ સંક્ષિપ્ત સાર વાંચી જવો જેથી પ્રકરણના મુખ્ય મુદ્દા ધ્યાનમાં આવશે, અને આખા પ્રકરણનું રહસ્ય પણ સમજાશે.

ચાલુ પ્રકરણમાં क्षेत्राद्धा, अवगाहनाद्धा, द्रव्याद्धा, અને भाव-अद्धा એ ચારનું અલ્પબહુત્વ કહેવાનું છે, તેમાં પ્રથમ—

क्षेत्राद्धा—એટલે વિવક્ષિત પુદ્ગલનું એકજ ક્ષેત્રમાં સ્થિરપણે રહેવું.

अवगाहनाद्धा—એટલે ક્ષેત્રાદ્ધા પ્રસંગે ગ્રહણ કરેલો વિવક્ષિત પુદ્ગલસ્કંધ એક અવગાહનામાં કેટલો કાળ રહે? તે.

द्रव्याध्धा—એટલે તેજ પુદ્ગલસ્કંધ જેટલા પરમાણુઓનો બનેલો હોય તેટલાજ પરમાણુઓવાળો કેટલા કાળ સુધી રહે? તે.

भावाध्धा—તેજ પુદ્ગલસ્કંધના વર્ણાદિ ગુણો જેવા ક્ષેત્રાદ્ધા પ્રસંગે ગ્રહણ કર્યા હતા તેમાંના થોડાપણ વર્ણાદિગુણો કેટલાકાળ સુધી રહે તે.

## ए चारे अद्धानुं अल्पबहुत्व.

१ क्षेत्राध्धा—અલ્પકાળ સુધી રહે છે. કારણ કે જેમ પુદ્ગલોના પુદ્ગલ પ્રત્યે દીર્ઘકાળ સુધી સંબંધ રહેવામાં સ્નેહ અને રૂક્ષગુણ કારણભૂત છે તેમ આકાશ સાથે પુદ્ગલોનો વધુ કાળ સંબંધ રહેવામાં કારણનો અભાવ છે, કારણ કે આકાશ અમૂર્ત્ત હોવાથી આકાશક્ષેત્રમાં સ્નેહ કે રૂક્ષ ગુણ નથી, જેથી એક ક્ષેત્રમાં પુદ્ગલસ્કંધ વધુ વખત ટકી શકતો નથી અને અલ્પકાળમાં સ્થાનાન્તર થઈ જાય છે. પુદ્ગલની અવગાહના બદલાય અથવા તો પુદ્ગલ તે ક્ષેત્ર છોડીને બીજા ક્ષેત્રમાં જાય તો એ બે રીતે ક્ષેત્રાદ્ધા બદલાય છે, અને એ બે ન હોય તો ક્ષેત્રાદ્ધા કાયમ રહે છે માટે અવગાહના અને અગમન એ બે સાથે ક્ષેત્રાદ્ધાનો નિયત સંબંધ છે, એમ જાણવું.

२ अवगाहनाध्धा—ક્ષેત્રાદ્ધાથી અસંખ્યગુણ છે. કારણ કે ક્ષેત્ર

બદલાવા છતાં પુદ્ગલસ્કંધની અવગાહના તેની તે કાયમ રહી શકે છે. પરન્તુ અવગાહના બદલાતાં તો અવગાહના અને ક્ષેત્ર બન્ને બદલાઈ જાય છે. આ અવગાહના પુદ્ગલનો સંકોચ અથવા વિકોચ થયે બદલાય છે, અને સંકોચ વિકોચ ન થાય તો અવગાહના જેવી ને તેવી કાયમ રહે છે. માટે અવગાહનાદ્ધાનો નિયત સંબંધ સંકોચ વિકોચ સાથે છે એમ જાણવું.

૩ દ્રવ્યાદ્ધા—અવગાહનાદ્ધાથી દ્રવ્યાદ્ધા અસંખ્યગુણી છે, એટલે અસંખ્યગુણ કાળ સુધી રહેનારી છે. કારણ કે અવગાહનાદ્ધાનો નિયત સંબંધ સંકોચ વિકોચ સાથે છે, તેમ દ્રવ્યાદ્ધાનો સંબંધ સંકોચ વિકોચ સાથે નથી, પરન્તુ સંઘાત અને ભેદ સાથે છે, અર્થાત્ સંઘાતથી નવા પરમાણુઓ આવી મળતાં અથવા તો ભેદથી કેટલાક પરમાણુઓ ચાલ્યા જતાં જેમ તે દ્રવ્ય અવશ્ય બદલાય છે, તેમ સંકોચ વિકોચ થવાથી દ્રવ્ય બદલાતું નથી કારણ કે સંકોચ વિકોચ થવા છતાં પણ તે પુદ્ગલસ્કંધની પરમાણુ સંખ્યા ઘટતી વધતી નથી, અને સંઘાતથી તથા ભેદથી તો પરમાણુ સંખ્યાની વધ ઘટ થાય છે માટે દ્રવ્યાદ્ધા સંકોચ વિકોચ સાથે નિયત સંબંધવાળી નહિં પરન્તુ સંઘાત અને ભેદ સાથે નિયત સંબંધવાળી છે એમ જાણવું.

વળી એ સંઘાતથી અથવા ભેદથી દ્રવ્ય બદલાતાં તો અવગાહના અવશ્ય બદલાઇ જાય છે, એમ જાણવું.

૪ ભાવાદ્ધા—દ્રવ્યાદ્ધાથી ભાવઅદ્ધા એટલે ગુણાદ્ધા અસંખ્ય ગુણી છે, કારણ કે સંઘાતથી અને ભેદથી દ્રવ્યાદ્ધા બદલાવા છતાં પણ સર્વ ગુણો અવશ્ય બદલાઇ જાય એવો નિયમ નથી, કેટલાએક ગુણો અથવા પર્યાયો દ્રવ્ય બદલાવા છતાં પણ ટકી રહ્યા હોય છે. માટે દ્રવ્યાદ્ધાથી ગુણાદ્ધા અસંખ્યગુણી છે. અહિં સર્વ ગુણો બદલાઈ જતાં તો દ્રવ્ય પણ અવશ્ય બદલાઈ ગયેલું હોય છે, અને દ્રવ્ય બદલાતાં અવગાહના પણ બદલાઇ જાય એમ જાણવું. (અને અવગાહના બદલાતાં ક્ષેત્ર પણ બદલાય છે).

એ પ્રમાણે આ પરમાણુ ખંડ છત્રીશીનો સંક્ષિપ્ત સાર કહ્યો.

આ પરમાણુખંડષટ્ત્રિંશિકા નામનું પ્રકરણ શ્રી ભગવતી સૂત્રના પાંચમા શતકના ૭ માં ઉદ્દેશાના ૨૧૮ મા સૂત્ર માટે શ્રી ભગવતીસૂત્રની વૃત્તિ કર્તા શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરે એજ સૂત્રની ( ૨૧૮ મા સૂત્રની ) વૃત્તિમાં સૂત્રને લગતી ૧૫ ગાથાઓ કહી છે તે ઉપરથી બનેલું છે. પ્રકરણના નામમાં ષટ્ત્રિંશિકા એટલે ૩૬ ગાથાઓની રચના જોઇએ છતાં ગાથાઓ ૧૫ જ છે, તેનું કારણ શ્રીબહુશ્રુતથી સમજવું. તે મૂળ સૂત્ર આ પ્રમાણે છે—

एयस्स णं भंते दव्वट्ठाणाउयस्स खेत्तट्ठाणाउयस्स ओगाहणट्ठाणाउयस्स भावट्ठाणाउयस्स कयरे कयरे जाव[१] विसेसाहिया वा? गोयमा सव्वत्थोवे खेत्तट्ठाणाउए, ओगाहणाट्ठाणाउए असंखेज्जगुणे, दव्वट्ठाणाउए असंखेज्जगुणे, भावट्ठाणाउए असंखेज्जगुणे– खेत्तागाहणदव्वे, भावट्ठाणाउयं च अप्पबहुं। खेत्ते सव्वत्थोवे, सेसा ठाणा असंखेज्जा ॥ १ ॥ ( सूत्रम् २१८ )

**અર્થ:—હે ભગવંત! દ્રવ્યસ્થાનાયુ: ક્ષેત્રસ્થાનાયુ: અવગાહનાસ્થાનાયુ: અને ભાવસ્થાનાયુ: એ ચારમાં કોણ કોનાથી અલ્પ છે અથવા બહુ છે અથવા વિશેષાધિક છે?**

ઉત્તર:—હે ગૌતમ! ક્ષેત્રસ્થાનાયુ: સર્વથી અલ્પ છે, તેથી અવગાહનાસ્થાનાયુ અસંખ્યગુણ છે, તેથી દ્રવ્યસ્થાનાયુ: અસંખ્યગુણ છે, અને તેથી ભાવસ્થાનાયુ: અસંખ્યગુણ છે. ( એ ચાર અલ્પબહુત્વનો સંગ્રહ જે એકજ ગાથામાં છે તે ગાથા खेत्तोगाहण दव्वे ઇત્યાદિ. એ ગાથાનો અર્થ સૂત્રાર્થ પ્રમાણેજ છે. )

वृत्तिः–'एयस्स णं भंते दव्वट्ठाणाउयस्स'त्ति द्रव्यं–पुद्गलद्रव्यं तस्य स्थानं भेदः परमाणुद्विप्रदेशिकादि तस्यायुः–स्थितिः अथवा द्रव्यस्याणुत्वादिभावेन यत्स्थानं तद्रूपमायुः द्रव्यस्थानायुः तस्य खित्त-

---

१ "अप्पा वा बहूया वा विसेसाहिया वा?" એ સંપૂર્ણ પાઠ ગ્રહણ કરવાને અહિં સંક્ષેપમાં **जाव विसेसाहिया वा?** એ પાઠ રાખ્યો છે.

ट्ठाणाउयस्स'त्ति क्षेत्रस्य-आकाशस्य स्थानं-भेदः पुद्गलावगाहकृतस्तस्यायुः-स्थितिः, अथवा क्षेत्रे एकप्रदेशादौ स्थानं-यत्पुद्गलानामवस्थानं तद्रूपमायुः क्षेत्रस्थानायुः एवमवगाहनास्थानायुः भावस्थानायुश्च. नवरमवगाहना-नियतपरिमाणक्षेत्रावगाहित्वं, पुद्गलानां भावस्तु कालत्वादिः--ननु क्षेत्रस्यावगाहनायाश्च को भेदः ? उच्यते क्षेत्रमवगाढमेव, अवगाहना तु विवक्षितक्षेत्रादन्यत्रापि पुद्गलानां तत्परिमाणावगाहित्वमिति । कयरे इत्यादि कण्ठ्यं, एषां च परस्परेणाल्पबहुत्वव्याख्या गाथानुसारेण कार्या ताश्चेमाः—

खेत्तोगाहणदव्वे, भावट्ठाणाउ अप्पबहुअत्ते
थोवा असंखगुणिया, तिन्नि य सेसा कहं णेया ?

॥ ઇત્યાદિ ૧૫ ગાથાઓ ॥

અર્થ:—" હે ભગવંત એ દ્રવ્યસ્થાનાયુષ્યનો " એ મૂળપાઠ છે તેમાં द्रव्य એટલે પુદ્ગલદ્રવ્ય તેનું स्थान એટલે ભેદ તે પરમાણુદ્વયણુક વિગેરે તેનું आयुः એટલે સ્થિતિ તે द्रव्यस्थानायु: અથવા દ્રવ્યનું એટલે પુદ્ગલદ્રવ્યનું પરમાણુપણે અને દ્વયણુકાદિપણે જે સ્થાન એટલે અવસ્થાન-સ્થિતિ તે રૂપ આયુષ્ય તે द्रव्यस्थानायु: તેનું અલ્પબહુત્વ કહેવાનું છે. તથા खित्तट्ठाणाउयस्स એ મૂળપાઠ છે તેમાં क्षेत्रस्य એટલે આકાશનું જે स्थान એટલે ભેદ કે જે પુદ્ગલની અવગાહનાથી થયેલો હોય તેવા ભેદનું आयु: એટલે સ્થિતિ તે क्षेत्रस्थानायु: અથવા क्षेत्रे એટલે એક આકાશપ્રદેશ વિગેરેમાં ( એક બે ઈત્યાદિ ) આકાશપ્રદેશરૂપ ક્ષેત્રમાં स्थान એટલે પુદ્ગલોનું જે અવસ્થાન તે રૂપ આયુષ્ય તે क्षेत्रस्थानायु: એ પ્રમાણે ( જેમ દ્રવ્યસ્થાનાયુ અને ક્ષેત્રસ્થાનાયુ: ના બે બે અર્થ કહ્યા તેમ ) અવગાહનાસ્થાનાયુ: અને ભાવસ્થાનાયુ: નો પણ ( બે બે પ્રકારે ) અર્થ જાણવો. પરન્તુ અવગાહના એટલે પુદ્ગલોનું અમુક પ્રમાણવાળા ક્ષેત્રમાં વ્યાપ્ત થવું તે, અને ભાવ એટલે પુદ્ગલોનું કૃષ્ણત્વ ઇત્યાદિ. અહિં શંકા થાય છે કે-ક્ષેત્રમાં અને અવગાહના માં તફાવત શો ? તો તેનો ઉત્તર એ છે કે-ક્ષેત્ર તો જે ક્ષેત્રમાં

પુદ્ગલ અવગાહી રહ્યો છે તેજ કહેવાય, અને અવગાહના તો તે ક્ષેત્ર છોડીને બીજા ક્ષેત્રમાં તે પુદ્ગલ ચાલ્યો જાય તોપણ પ્રથમ જેટલા ક્ષેત્રમાં વ્યાપ્ત થયો હતો તેટલાજ ક્ષેત્રમાં અન્યત્ર પણ વ્યાપ્ત થયો હોય તે નિયતપ્રમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થવા રૂપ અવગાહના ગણાય છે. कयरे ઇત્યાદિ ( कयरे कयरे अप्पा वा बहुया वा विसेसाहिया वा ) એ પાઠનો અર્થ સુગમ છે. હવે એ ચારેના પરસ્પર અલ્પબહુત્વની વ્યાખ્યા ગાથાને અનુસારે કરવી યોગ્ય છે, તે કારણથી તે સંબંધિ જે ગાથાઓ છે તે આ પ્રમાણે–खेत्तोगाहणदव्वे ઇત્યાદિ ૧૫ ગાથાઓ.

( એ ૧૫ ગાથાઓની સંક્ષિપ્ત વૃત્તિ શ્રી ભગવતી સૂત્રમાં શ્રીમદ્ અભયદેવસૂરિએ લખી છે. તે વૃત્તિ આ પ્રમાણે– )

अयमर्थ—क्षेत्रस्यामूर्त्तत्वेन क्षेत्रेण सह पुद्गलानां विशिष्टबन्धप्रत्ययस्य स्नेहादेरभावान्नैकत्र ते चिरं तिष्ठती।तशेषः, यस्मादेवं तत इत्यादि व्यक्तं । अथावगाहनायुर्बहुत्वं भाव्यते—इह पूर्वार्द्धेन क्षेत्राद्धाया अधिका अवगाहनाद्धेत्युक्तम्, उत्तरार्धेन त्ववगाहनाद्धातो नाधिका क्षेत्राद्धेति । कथमेतदिदमिति ? उच्यते; अवगाहनायामगमनक्रियायां च नियता क्षेत्राद्धा–विवक्षितावगाहनासद्भावे एवाक्रियासद्भाव एवच तस्याभावादुक्तव्यतिरेके चाभावात्, अवगाहनाद्धा तु न क्षेत्रमात्रे नियता, क्षेत्राद्धाया अभावेऽपि तस्या भावादिति, अथ निगमनम् ( जम्हेत्यादि ) ।

अथ द्रव्यायुर्बहुत्वं भाव्यते–संकोचेन विकोचेन चोपरतायामप्यवगाहनायों यावन्ति द्रव्याणि पूर्वमासंस्तावतामेव चिरमपि तेषामवस्थानं संभवति. अनेनावगाहनानिर्वृत्तावपि द्रव्यं न निवर्तत इत्युक्तं, अथ द्रव्यनिवृत्तिविशेषे अवगाहना निवर्तत एवेत्युच्यते–संघातेन पुद्गलानां भेदेन वा तेषामेव यः संक्षिप्त–स्तोकावगाहनस्कन्धो न तु प्राक्तनावगाहनः तत्र यो द्रव्योपरमो–द्रव्यान्यथात्वं तत्र सति, न च सङ्घातेन न संक्षिप्तः स्कन्धो भवति, तत्र-

सति सूक्ष्मतरत्वेनापि तत्परिणतेः श्रवणात्, नियमात्तेषांद्रव्याणामवगाहनाया नाशो भवति कस्मादेवमित्यत उच्यते–अवगाहनाद्धा द्रव्येऽवबद्धा–नियतत्वेन संवद्धा, कथं? संकोचाद्विकोचाच्च, संकोचविकोचादि परिहृत्येत्यर्थः, अवगाहना हि द्रव्ये संकोचविकोचयोरभावे सति भवति तत्सद्भावे च न भवति. इत्येवं द्रव्येऽवगाहना नियतत्वेन संवद्धेत्युच्यते, द्रुमत्वे खदिरत्वमिवेति । उक्तविपर्ययमाह–न पुनर्द्रव्यं संकोचविकोचमात्रे सत्यप्यवगाहनायां नियतत्वेन संबद्धं, संकोचविकोचाभ्यामवगाहनानिवृत्तावपि द्रव्यं न निवर्तत इत्यवगाहनायां तन्नियतत्वेनासंवद्धमित्युच्यते, खदिरत्वे द्रुमत्ववदिति. । अथ निगमनम् ।

अथ भावायुर्बहुत्वं भाव्यते-संघातादिना द्रव्योपरमेऽपि पर्यवाः सन्ति, यथा मृष्टपटे शुक्लादिगुणाः, सकलगुणोपरमे तु न तद्द्रव्यं न चावगाहनाऽनुवर्तते, अनेन पर्यवाणां चिरं स्थानं, द्रव्यस्यत्वचिरमित्युक्तं. अथ कस्मादेवमिति ? उच्यते--संघातभेद लक्षणाभ्यां धर्माभ्यां यो बन्धः–सम्बन्धस्तदनुवर्तिनी–तदनुसारिणी संघाताद्यभाव एव द्रव्याद्धायाः सद्भावात्तद्भावे चाभावात् न पुनर्गुणकालः सङ्घातभेदमात्रकालसंबद्धः, सङ्घातादिभावेऽपि गुणानामनुवर्त्तनादिति । अथ निगमनम्---‘ द्रव्यविशेषः ’ द्रव्य परिणामः ॥

અર્થ—ક્ષેત્ર અરૂપી હોવાથી ક્ષેત્ર સાથે પુદ્ગલોને વિશિષ્ટ સંબન્ધના કારણરૂપ જે સ્નેહ વિગેરે તેનો અભાવ હોવાથી (આકાશક્ષેત્રમાં સ્નેહ અને રૂક્ષતા નહિં હોવાથી) તે પુદ્ગલો ક્ષેત્રમાં એકજ સ્થાને દીર્ઘકાળ સુધી સ્થિતિ કરી શકતા નથી (બીજી મૂળ ગાથામાં “તે એકજ સ્થાને દીર્ઘકાળ સુધી સ્થિતિ કરી શકતા નથી” એ ભાવાર્થ અધ્યાહારથી ગ્રહણ કરવો.) જે કારણથી એ પ્રમાણે છે (એટલે ક્ષેત્રમાં સ્નેહાદિકના અભાવે પુદ્ગલો વધુ વખત ટકી શકતા નથી) તેથી (પુદ્ગલોનો ક્ષેત્રા-

વસ્થાન કાળ થોડો છે. અહિં બીજી મૂળગાથામાં ) तो पोग्गलाण ઈત્યાદિ પદોનો અર્થ સ્પષ્ટ છે. હવે અવગાહનાસ્થાનાયુ: કેવીરીતે ઘણું છે તે કહેવાય છે—અહિં ( ત્રીજી મૂળગાથાના ) પૂર્વાર્ધમાં ક્ષેત્રાદ્ધાથી અવગાહનાદ્ધા અધિક છે એમ કહ્યું, અને ઉત્તરાર્ધમાં વળી અવગાહનાદ્ધા ક્ષેત્રાદ્ધાથી અધિક નથી એમ કહ્યું, તે કેવીરીતે સંભવે ? તો કહીએ છીએ કે ક્ષેત્રાદ્ધા તો અવગાહનાદ્ધા અને અગમનક્રિયા એ બેની સાથે નિયતસંબંધવાળી છે, કારણ કે વિવક્ષિત અવગાહના કાયમ રહેજ તથા પુદ્ગલ બીજા ક્ષેત્રમાં ન ગયો હોય તોજ ક્ષેત્રાદ્ધાનો સદ્‌ભાવ હોય, અને તે બન્ને જો ન હોય એટલે અવગાહના બદલાઈ ગઈ હોય અથવા તો પુદ્ગલ તે ક્ષેત્ર છોડીને બીજા ક્ષેત્રમાં ચાલ્યો ગયો હોય તો ક્ષેત્રાદ્ધાનો અભાવ થાય છે, અને અવગાહનાદ્ધા તો ક્ષેત્ર સાથેજ નિયત સંબંધવાળી છે એમ નહિ, ક્ષેત્રાદ્ધાના અભાવે પણ ( એટલે પુદ્ગલ તે ક્ષેત્ર છોડી અન્ય ક્ષેત્રમાં ગયો હોય તો ત્યાં પણ ) અવગાહનાદ્ધાનો સદ્‌ભાવ છે. હવે એ વાતનું અન્તિમ તાત્પર્ય કહે છે કે जम्हा ઈત્યાદિ (અહિં ૫ મી મૂળગાથાનો અર્થ વિચારવો)

હવે द्रव्यायुनुं બહુપણું કહેવાય છે—સંકોચ અને વિકોચવડે અવગાહના બદલાવા છતાં પણ વિવક્ષિત પુદ્ગલસ્કંધમાં પ્રથમ જેટલા પરમાણુઓ હતા તેટલાજ પરમાણુઓ દીર્ઘકાળસુધી પણ કાયમ રહી શકે છે. એમ કહેવાથી એ અર્થ સમજાયો કે અવગાહનાનો વિનાશ થવા છતાં પણ દ્રવ્યનો નાશ થતો નથી, હવે દ્રવ્યનો વિનાશ થતાં અવગાહનાનો વિનાશ અવશ્ય થાય છે એ વાત દર્શાવાય છે કે—પુદ્ગલોનાં સંઘાતથી અથવા પુદ્ગલોના ભેદથી પુદ્ગલસ્કંધ પ્રથમની અવગાહનામાં કાયમ ન રહેતાં જે સંક્ષિપ્ત એટલે લઘુ અવગાહનાવાળો થાય છે, અને તેમ થવાથી દ્રવ્યોપરમ એટલે દ્રવ્યનું બદલાવાપણું થાય છે, અને તેમ થવાથી એટલે દ્રવ્ય બદલાવાથી નિશ્ચય તેઓની એટલે તે પુદ્ગલસ્કંધોની –દ્રવ્યોની અવગાહનાનો નાશ થાય છે. એ પ્રમાણે શા માટે થાય છે ? તેનો ઉત્તર કહેવાય છે કે—અવગાહનાદ્ધા દ્રવ્યને વિષે અવબદ્ધા એટલે અવશ્ય સંબંધવાળી છે, કયે પ્રકારે અવશ્ય સંબંધવાળી છે? તો કહીએ છીએ કે સંકોચથી અને વિકોચથી અર્થાત્

સંકોચ અને વિકોચ વિગેરેના ત્યાગથી (સંકોચાદિના અભાવે) અવશ્ય સંબંધવાળી છે, તે આ પ્રમાણે—દ્રવ્યને વિષે સંકોચ અને વિકોચ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી અવગાહના હોય, અને સંકોચ વિકોચ થતાં અવગાહનાનો વિનાશ થાય છે. એ રીતે (વૈધર્મ્ય સંબંધથી) દ્રવ્યને વિષે અવગાહના નિયત સંબંધવાળી કહેવાય છે. જેમ વૃક્ષત્વમાં ખદિરત્વની પેઠે (વૃક્ષના અભાવે ખદિરનો અવશ્ય અભાવ હોય તેમ.)

હવે એજ વાતને પલટાવીને બીજી રીતે કહે છે કે—પુનઃ સંકોચવિકોચ માત્ર થયે છતે પણ દ્રવ્ય અવગાહના સાથે નિયત-સંબંધવાળું નથી, કારણ કે સંકોચ વિકોચ થતાં અવગાહનાનો વિનાશ થવા છતાં પણ દ્રવ્યનો વિનાશ થતો નથી, માટે દ્રવ્ય અવગાહના સાથે નિયતસંબધવાળું નથી એમ કહેવાય છે, જેમ ખદિરપણામાં વૃક્ષપણું (એટલે ખદિરના અભાવે વૃક્ષનો અભાવ નિયત નથી તેમ). હવે અન્તિમ તાત્પર્ય કહે છે કે-(અહિં ૯ મી મૂળ ગાથાનો અર્થ વિચારવો.)

હવે **भावायुः**નું બહુપણું કહેવાય છે—સંઘાતાદિવડે દ્રવ્ય બદલાવવા છતાં દ્રવ્યના (કેટલાક) ગુણ કાયમ હોય છે. જેમ ઘસાઈને જીર્ણ થઇ ગયેલા વસ્ત્રમાં શ્વેતવર્ણાદિ ગુણો કાયમ દેખાય છે. પરન્તુ સર્વ ગુણો બદલાઇ જતાં તો તે દ્રવ્ય પણ ન હોય અને તે અવગાહના પણ ન હોય એમ કહેવાથી પર્યાયો દીર્ઘકાળ સુધી રહેનારા અને દ્રવ્ય અલ્પકાળ રહેનારૂં જણાવ્યું. હવે દ્રવ્ય બદલાતાં પણ ગુણો કાયમ રહેવાનું કારણ શું ? તે કહે છે કે—સંઘાત અને ભેદ એ બે પ્રકારના પુદ્ગલના સ્વભાવ સાથે જે બન્ધ એટલે સંબંધ તેને અનુસરનારી દ્રવ્યાદ્ધા છે. અર્થાત્ સંઘાતાદિકના અભાવેજ દ્રવ્યાદ્ધાનો સદ્ભાવ છે. અને સંઘાતાદિકના સદ્ભાવે દ્રવ્યાદ્ધાનો અભાવ હોય છે, પરન્તુ ગુણોનું અવસ્થાન સંઘાત અને ભેદ માત્રના કાળ સાથે સંબંધવાળું નથી, કારણ કે સંઘાતાદિ હોવા છતાં પણ ગુણો તેના તેજ હોઈ શકે છે. હવે અન્તિમ તાત્પર્ય કહે છે કે—(અહિં ૧૨ મી ગાથાનો અર્થ વિચારવો. ત્યારબાદ આગળની ત્રણ ગાથાઓની વૃત્તિ નથી,

તેમાંની ૧૩ મી ગાથામાં જે दव्वविसेसो શબ્દ છે તે શબ્દ માત્રનો અર્થ કહે છે કે ) दव्वविसेसो એટલે દ્રવ્ય પરિણામ.

इति भगवतीसूत्रान्तर्गतपरमाणुखण्डषट्त्रिंशिकास्वरूपम्.

# श्री पुद्‌गलषट्‌त्रिंशिकाप्रकरणम्

## ( गुर्जरभाषान्तरसहित ).

[ પુદ્‌ગલ છત્રીશીનો સંક્ષિપ્તસાર, અલ્પબહુત્વ
વિચાર વિગેરે પરિશિષ્ટો સાથે ].

प्रकाशिका—

श्री मुक्तिकमलजैनमोहनमाला–वडोदरा.

पूज्यपाद जैनाचार्य श्रीमद् विजयमोहनसूरीश्वरेभ्यो नमः

## ॥ सवृत्तिकपुद्गलषट्त्रिंशिकायाः विस्तरार्थः ॥

શ્રી ભગવતી સૂત્રના પાંચમાજ[1] શતકમાં આઠમા ઉદ્દેશાને વિષે પુદ્ગલપ્રદેશનું સ્વરૂપ કહેવાના પ્રસંગમાં દ્રવ્યથી સપ્રદેશી દ્રવ્યથી અપ્રદેશી, ક્ષેત્રથી સપ્રદેશી અપ્રદેશી, કાળથી સપ્રદેશી અપ્રદેશી, અને ભાવથી સપ્રદેશી અપ્રદેશી (એ આઠ પ્રકારના) પુદ્ગલોનું જે અલ્પબહુત્વ કહ્યું છે, તે અલ્પબહુત્વને વિશેષથી સમજાવવા માટે પૂર્વાચાર્યોએ જે ગાથાવિસ્તાર (ગાથાઓ) કહ્યો છે, તે ગાથાઓના ભાવાર્થનું અહિં વિવેચન કરાય છે. ગાથાઓ આ પ્રમાણે—

**वुच्छं अप्पाबहुअं, दव्वा खित्तद्धभावओ वा वि**
**अपएससप्पएसा-ण पुग्गलाणं समासेणं ॥ १ ॥**

**गाथार्थः**—દ્રવ્યથી સપ્રદેશી અને અપ્રદેશી, ક્ષેત્રથી સપ્રદેશી અને અપ્રદેશી (अद्धा એટલે) કાળથી સપ્રદેશી અને અપ્રદેશી તથા ભાવથી પણ સપ્રદેશી અને અપ્રદેશી [એ આઠ પ્રકારના] પુદ્ગલોનું એટલે [એકપરમાણુ દ્વયણુકસ્કંધ ત્ર્યણુકસ્કંધ વિગેરે] દ્રવ્યોનું અલ્પબહુત્વ સંક્ષેપથી કહીશ ॥ ૧ ॥

**टीकार्थः**—ગાથાર્થ પ્રમાણેજ. ॥ ૧ ॥

અવતરણ—પૂર્વગાથામાં અલ્પબહુત્વના વિષયમાં કહેલા

---

૧ પરમાણુખંડષટ્ત્રિંશિકા પણ પાંચમા શતકમાં કહી છે, અને આ પુદ્ગલષટ્ત્રિંશિકા પણ પાંચમા શતકમાં કહી છે માટે (**एव** પદ હોવાથી) 'પાંચમાજ' એ શબ્દ **ज** કાર યુક્ત છે.

આઠ પ્રકારના પુદ્ગલોમાં દ્રવ્યાદિકપુદ્ગલને સપ્રદેશી અપ્રદેશી એમ બે બે પ્રકારે કહ્યા, ત્યાં પુદ્ગલોનું અપ્રદેશીપણું તે શું તેનો અર્થ આ બીજી ગાથામાં દર્શાવે છે.

**दव्वेणं परमाणू, खित्तेणेगप्पएसमोगाढा**
**कालेणेगसमइआ, अपएसा पुग्गला हुंति ॥२॥**

**गाथार्थः**—પરમાણુ તે દ્રવ્યથી અપ્રદેશી, એક આકાશપ્રદેશમાં અવગાહેલપુદ્ગલો તે ક્ષેત્રથી અપ્રદેશી, અને એક સમય સ્થિતિવાળા પુદ્ગલો કાળથી અપ્રદેશી કહેવાય. ॥ ૨ ॥

**टीकार्थः**—ગાથાનું છેલ્લું ચરણ अप्पएसा पुग्गला हुंति એટલે "અપ્રદેશી પુદ્ગલો છે" એ અર્થ સર્વસ્થાને [ એટલે પ્રથમ પહેલા ચરણ સાથે, ત્યારબાદ બીજા ચરણ સાથે, ત્યારબાદ ત્રીજા ચરણ સાથે ] જોડીને ગાથાનો અર્થ કરવો. જેથી ગાથાર્થ આ પ્રમાણે થાય છે કે દ્રવ્યથી પરમાણુઓ એટલે પરસ્પર સંબંધમાં નહિ આવેલા અર્થાત્ છૂટા અણુઓ તે અપ્રદેશી પુદ્ગલો [ દ્રવ્યથી અપ્રદેશી પુદ્ગલો ] છે. એક આકાશપ્રદેશમાં વ્યાપ્ત થયેલા [ પરમાણુ અથવા સ્કંધો ] પુદ્ગલો તે ક્ષેત્રથી અપ્રદેશી પુદ્ગલો છે. અને એક [1]સમયની સ્થિતિવાળા [ પરમાણુ અથવા સ્કંધ રૂપ ] પુદ્ગલો તે કાળથી અપ્રદેશી પુદ્ગલો છે ॥ ૨ ॥

---

[1] **यो हि यस्मिन्समये यद्वर्णगन्धरसस्पर्शसंघातभेदसूक्ष्मत्व बादरत्वादिपरिणामान्तरमापन्नः स तस्मिन् समये तदपेक्षया कालतोऽप्रदेश उच्यते तत्र चैकसमयस्थितिरन्ये.** ( અર્થ:—જે પુદ્ગલ જે સમયે જે વર્ણ, જે ગન્ધ, જે રસ, જે સ્પર્શ, જે સંઘાત, જે ભેદ, જે સૂક્ષ્મત્વ અને જે બાદરત્વ ઈત્યાદિ ( નવા ) પરિણામાન્તરને પ્રાપ્ત થયો હોય તે પુદ્ગલ તે સમયે તે વર્ણાદિ પરિણામની અપેક્ષાએ કાળથી અપ્રદેશી કહેવાય. ( એ પ્રમાણે વૃતિકાર ભગવાને સ્વઅભિપ્રાય કહ્યો, અને બીજા આચાર્યોનો અભિપ્રાય દર્શાવતાં કહે છે કે–) અન્ય આચાર્યો આ સંબંધમાં એમ કહે છે કે—જે પુદ્ગલ જે સમયે જે વર્ણાદિ (નવા) પરિણામાન્તરને પામ્યો હોય અને તે (નવો) વર્ણાદિ પરિણામ જો એકજ સમયની સ્થિતિવાળો હોય તો તે પુદ્ગલો તે પરિણામઆશ્રયિ કાળથી અપ્રદેશી કહેવાય.

અવતરણ—બીજી ગાથામાં દ્રવ્યથી અપ્રદેશી, ક્ષેત્રથી અપ્રદેશી, અને કાળથી અપ્રદેશી પુદ્ગલોનો અર્થ કહ્યો અને ભાવથી અપ્રદેશી પુદ્ગલોનો કહેવાનો બાકી છે તેથી તે ભાવાપ્રદેશી પુદ્ગલનો અર્થ અને સાથે તેની સર્વાલ્પતા પણ આ ત્રીજી ગાથામાં દર્શાવે છે—

**भावेणं अपएसा, एगगुणा जे हवंति वण्णाइ**
**ते च्चिय थोवा जं गुण–बाहुल्लं पायसो दव्वे ॥३॥**

**ગાથાર્થ:**—જે પુદ્ગલો એકગુણવર્ણ એકગુણગંધ એકગુણ રસ અને એકગુણસ્પર્શ આદિવાળા હોય તે ભાવથી અપ્રદેશી પુદ્ગલો કહેવાય, તેવા પુદ્ગલો નિશ્ચય બહુજ થોડા છે. જે કારણથી [ કારણ કે ] દ્રવ્યમાં પ્રાય: ગુણબાહૂલ્ય [ દ્વયાદિગુણ વર્ણાદિપણું ] ઘણું હોય છે. ॥ ૩ ॥

**ટીકાર્થ**—જે પુદ્ગલો એક ગુણવર્ણાદિવાળા હોય તે ભાવથી અપ્રદેશી પુદ્ગલો છે. ( એ પૂર્વના ત્રણ અર્થ સાથે મળતો ચોથો અર્થ કહ્યો હવે એનો ભાવાર્થ કહે છે ). અહિં તાત્પર્ય એ છે કે—જે પુદ્ગલો એક [૧]ગુણ કાળા, અથવા એકગુણ પીળા,

---

ઉપર પ્રમાણે **कालाप्रदेश** શબ્દના અર્થમાં શ્રી ભગવતીસૂત્રની વૃત્તિકર્તાનો અર્થ અને અન્ય આચાર્યોનો અર્થ બન્ને જુદા પડે છે, પરન્તુ આ ચાલુ પ્રકરણના વૃત્તિકર્ત્તાએ તો અહિં સર્વ પ્રસંગે અન્ય આચાર્યોના અભિપ્રાયવાળો અર્થ સ્વીકારેલો છે.

૧ અહિં **गुण** શબ્દનો અર્થ **अंश** જાણવો, તે પણ અતિસૂક્ષ્મ અને નિર્વિભાજ્ય અંશ જાણવો; તે આ પ્રમાણે—સર્વોત્કૃષ્ટ કાળા વર્ણના તારતમ્ય ભેદે જો જુદા જુદા ભાગ પાડીએ તો કેવળજ્ઞાનરૂપ બુદ્ધિવડે ભાગ પાડતાં પાડતાં યાવત્ અનંત ભાગ પડી શકે છે, અને તેવા પાડેલા ભાગોમાંનો એક ભાગ તે અહિં એક અંશ અથવા એક ગુણ કહેવાય છે. એ અંશનો હવે ભાગ કલ્પીએ તો કલ્પી શકાય નહિં કારણ કે એથી સૂક્ષ્મ ભાગ હવે પડી શકતો નથી, તેથી તેવો નિર્વિભાજ્ય એક અંશ તે અહિં **ગુણ શબ્દથી** વ્યપદેશવાળો જાણવો.

એકગુણ લીલા, એકગુણ રક્ત, અને એકગુણ શ્વેત હોય [2]તેવા

---

૨ જે પુદ્દગલદ્રવ્યમાં આપણે ભાવાપ્રદેશીપણું વિચારવું હોય તે પુદ્દગલ દ્રવ્યમાં સર્વે વર્ણ ગંધ રસ સ્પર્શ એટલે ૨૦ ગુણ એકી વખતે એક ગુણ (એક અંશ) વાળા હોવા જોઇએ એમ નહિં, તેમજ વર્ણ પાંચે અથવા ગંધ બન્ને અથવા રસ પાંચે અથવા સ્પર્શ આઠે એક ગુણવાળા હોવા જોઇએ એવો નિયમ નહિં, અર્થાત્ જે પુદ્દગલના સમકાલે પાંચે વર્ણ એક-ગુણ હોય તે વર્ણથી ભાવાપ્રદેશી, જે પુદ્દગલના સમકાળે બન્ને ગંધ એક-ગુણવાળા હોય તે ગંધથી ભાવાપ્રદેશી, જે પુદ્દગલના સમકાળે પાંચે રસ એકગુણ હોય તે રસથી ભાવાપ્રદેશી, અને જે પુદ્દગલના સમકાળે આઠે સ્પર્શ એકગુણ હોય તે સ્પર્શથી ભાવાપ્રદેશી કહેવાય એમ ન જાણવું પરન્તુ—

૧ જે પુદ્દગલ વર્ણાદિ ૨૦ ગુણમાંના કોઇપણ એક ગુણવડે એકગુણ હોય તે **ભાવાપ્રદેશી.**

૨ જે પુદ્દગલમાં પાંચ વર્ણમાંનો કોઇપણ એક વર્ણ એકગુણ હોય તો તે પુદ્દગલ **વર્ણથી ભાવાપ્રદેશી.**

૩ જે પુદ્દગલમાં બે ગંધમાંનો કોઇપણ ગંધ એકગુણ હોય તો તે પુદ્દગલ **ગંધથી ભાવાપ્રદેશી.**

૪ જે પુદ્દગલમાં પાંચ રસમાનો કોઇપણ રસ એકગુણ હોય તો તે પુદ્દગલ **રસથી ભાવાપ્રદેશી.**

૫ જે પુદ્દગલમાં આઠ સ્પર્શમાંનો કોઇપણ સ્પર્શ એકગુણ હોય તો તે પુદ્દગલ **સ્પર્શથી ભાવાપ્રદેશી.**

**શંકા**—એકજ પુદ્દગલદ્રવ્યમાં એકવર્ણ એકગંધ એકરસ અને એક-સ્પર્શ હોઇ શકે એમ સંભવે છે, કારણ કે એક સિવાયના બીજા વર્ણાદિ ગુણો તેનાથી વિરૂદ્ધ હોવાથી એકજ દ્રવ્યમાં બે વિરોધી ગુણ કેવી રીતે હોય? જેથી ઉપરના વર્ણનમાં તમોએ એકજ દ્રવ્યમાં અનેકવર્ણ અનેક-ગંધ આદિનાં અસ્તિત્વની અપેક્ષાએ વ્યાખ્યા કરી?

**ઉત્તર**—એક દ્રવ્યમાં એકજ વર્ણાદિ ગુણ હોય એવો નિયમ નથી, તેની વ્યવસ્થા આ પ્રમાણે છે—એક પરમાણુંમાં એકવર્ણ, એકગંધ, એકરસ અને શીત વા ઉષ્ણ તથા સ્નિગ્ધ વા રૂક્ષ એ ચારમાંના અવિરૂદ્ધ ૨ સ્પર્શ એ પાંચ ગુણ હોય છે. સંખ્યાતાણુક અસંખ્યાતાણુક અને અનંત પ્રદેશી સૂક્ષ્મપરિણામી સ્કંધોમાં અનેક વર્ણ અનેક ગંધ અનેક રસ અને અનેક સ્પર્શ યાવત્ ઉત્કૃષ્ટથી પાંચવર્ણ–૨ ગંધ–પાંચ રસ અને સ્નિગ્ધ–રૂક્ષ

પુદ્ગલો વર્ણથી [3]**ભાવાપ્રદેશી પુદ્ગલો** કહેવાય તથા એકગુણ સુગંધવાળા અથવા એકગુણ દુર્ગંધવાળા પુદ્ગલો ગંધથી **ભાવાપ્રદેશી પુદ્ગલો** કહેવાય. એકગુણ તિક્ત, એકગુણ કટુ, એકગુણ કષાયી, એકગુણ આમ્લ, અથવા એકગુણ મધુર રસવાળા પુદ્ગલો રસથી **ભાવાપ્રદેશી પુદ્ગલો** કહેવાય. અને જે પુદ્ગલો એકગુણ રૂક્ષ, અથવા એકગુણ સ્નિગ્ધ, અથવા એકગુણ શીત, અથવા એક ગુણ ઉષ્ણ, અથવા એકગુણ મૃદુ, અથવા એકગુણ કર્કશ, અથવા એકગુણ લઘુ, અથવા એકગુણ ગુરૂ સ્પર્શવાળા હોય તે સ્પર્શથી **ભાવાપ્રદેશી પુદ્ગલો** કહેવાય, એ ભાવાપ્રદેશીપણાનો અર્થ છે. એ ભાવાપ્રદેશી પુદ્ગલોજ [4]સર્વથી અલ્પ હોય છે.

---

-ઉષ્ણ-શીત એ ચાર સ્પર્શ અર્થાત્ ૧૬ ગુણ હોઈ શકે છે. (કારણકે દ્વિપ્રદેશી સ્કંધમાં ઉત્કૃષ્ટથી ૨ વર્ણ ત્રિપ્રદેશી સ્કંધમાં ઉત્કૃષ્ટથી ૩ વર્ણ, ઇત્યાદિ રીતે સંખ્યાતાણુક સ્કંધમાંજ વર્ણાદિનું અનેકત્વ વિચારવું અને બહુ સંખ્યાત પ્રદેશી અસંખ્યાત પ્રદેશી અને અનંતપ્રદેશી સૂક્ષ્મસ્કંધમાં અવશ્ય ૧૬ ગુણોજ હોય એમ જાણવું, પરન્તુ અનેક ગુણ હોય એમ નહિં.) તથા બાદરપરિણામી ઔદારિકાદિ સ્કંધોમાં અવશ્ય ૨૦ ગુણો હોય છે. કારણકે અનેકપ્રદેશી સ્કંધોમાં દરેક વર્ણાદિવાળા પરમાણુઓ પ્રાપ્ત થઇ શકે છે. દ્રષ્ટાંત તરીકે જેમ મયૂરદ્રવ્ય જુદા જુદા અંગોની અપેક્ષાએ પાંચે વર્ણવાળું છે, એ સ્પષ્ટ છે. અથવા સ્થૂલદ્રષ્ટિએ દેખાતો અતિ કાળા વર્ણવાળો ભ્રમર પણ સૂક્ષ્મદ્રષ્ટિએ પાંચે વર્ણવાળો છે. પરન્તુ જે વર્ણના અણુઓ અધિક સંખ્યામાં હોય તે વર્ણ દ્રષ્ટિગત થાય અને બીજા વર્ણ દ્રષ્ટિગત ન થાય એ પ્રમાણે ગંધાદિકમાં પણ જાણવું. માટે તાત્પર્ય એ કે એકજ દ્રવ્યમાં પાંચે વર્ણ બન્ને ગંધ પાંચે રસ અને આઠે સ્પર્શ એમ સમકાળે વીસે ગુણ હોઈ શકે છે એ નિશ્ચય છે.

૩ **ભાવાપ્રદેશી** એ શબ્દમાં **ભાવ** એટલે વર્ણાદિ ગુણ અને **અપ્રદેશી** શબ્દમાં દેશ એટલે ભાગ તેનો **પ્ર** એટલે પ્રકર્ષ અર્થાત્ અતિ સૂક્ષ્મ નિર્વિભાજ્ય ભાગ તે **પ્રદેશ** કે જે છૂટો ન હોય પરંતુ અનેક સ્વજાતીય અંશો સાથે જોડાયલો હોય તોજ **ભાવપ્રદેશ** કહેવાય, અન્યથા **ભાવાણુ** અથવા **ભાવપરમાણુ**, ( અથવા **ભાવાપ્રદેશ** ) કહેવાય.

૪ સર્વથી એટલે પ્રથમ દર્શાવ્યા પ્રમાણે આઠે પ્રકારના પુદ્ગલોથી અને તેથી સ્વજાતીય **ભાવસપ્રદેશોથી** પણ, ( એ તો અન્તર્ગતજ છે. )

કારણ કે દ્રવ્યમાં પ્રાય: ગુણો પ્રચુરપણે ( ઘણા ગુણપણે ) રહે છે. તાત્પર્ય એ છે કે—દ્રવ્યને વિષે *પ્રાય: દ્વિગુણથી પ્રારંભીને અનંત ગુણ સુધીના કાલત્વાદિ ગુણો [૫]સ્થાનબાહૂલ્યથી ( ઘણા ભેદ સમુદાયવાળા હોવાથી ) અનન્ત[૬]ગુણ હોય છે, અને એકગુણ કાલત્વાદિગુણો તો એકેક સ્થાનવાળા હોવાથી અતિ [૭]અલ્પજ હોય છે. એ તાત્પર્ય છે. ॥ ૩ ॥

અવતરણ—ત્રીજી ગાથામાં ભાવાપ્રદેશીપુદ્ગલોનો અર્થ અને તેની સર્વાલ્પતા દર્શાવીને હવે આ ચોથી ગાથામાં કાલાપ્રદેશી પુદ્ગલોની તેથી અસંખ્યગુણતા અને તેનું કારણ પણ દર્શાવે છે—

**इत्तो कालाएसेण, अप्पएसा नवे असंखगुणा**
**किं कारणं पुण भवे ? भण्णइ परिणाम बाहुल्ला ॥४॥**

**ગાથાર્થ:**—એથી ( ભાવાપ્રદેશીથી ) કાલ આદેશ વડે અપ્ર-

*તથા મૂળમાં અને વૃત્તિમાં **પ્રાય:** શબ્દ કેટલાક સ્કંધો અતિઅલ્પગુણવાળા ( =એક ગુણવાળા ) પણ હોય છે. એવા અર્થમાં છે.

૫ અહિં **सजातीय समुदाय** તે **स्थान** કહેવાય. જેથી દ્વિગુણ કાળાવર્ણવાળા અનંત પુદ્ગલોનો રાશિ તે એક સ્થાન, ત્રિગુણકાળાવર્ણવાળા અનંતપુદ્ગલોનો રાશિ તે બીજું સ્થાન ઇત્યાદિ રીતે સ્થાન બાહુલ્ય એટલે વર્ણાદિનાં અનંતસ્થાન સ્વયં વિચારવાં.

૬–૭ એકગુણ કાળાવર્ણના જેટલા પુદ્ગલો તે સર્વનો રાશિ તે કાળા વર્ણનું ( વર્ણથી ભાવાપ્રદેશીનું ) એક સ્થાનજ ગણાય, અને દ્વિગુણથી પ્રારંભીને અનંતગુણપર્યન્ત કાળાવર્ણવાળા પુદ્ગલોના અનન્ત રાશિઓ હોવાથી દ્વિગુણાદિનાં ( એટલે વર્ણથી ભાવસપ્રદેશીનાં ) અનન્ત સ્થાન છે, માટે એક કૃષ્ણવર્ણની અપેક્ષાએજ ભાવાપ્રદેશીથી ભાવસપ્રદેશી પુદ્ગલો ( આગળ કહેવાતી રીતિએ ) અસંખ્યગુણ થયા. એવી રીતે નીલવર્ણાદિ વીશે (૨૦) ગુણોની અપેક્ષાએ પણ ભાવાપ્રદેશી પુદ્ગલો અતિઅલ્પ અને ભાવસપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણ હોય એ સમજવું સુગમ છે. અહિં અનંતગુણ થવાને બદલે અસંખ્યગુણતા કહેવાનું કારણ આગળ ફુટનોટમાં કહેવાશે.

દેશી ( કાળાપ્રદેશી ) પુદ્ગલો અસંખ્યગુણા છે. વળી તેનું કારણ શું છે ? તો કહેવાય છે કે પરિણામો બહુપ્રકારના હોવાથી ( કાળાપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણા છે-ઇતિ અધ્યાહાર્યઃ ). ॥૪॥

ટીકાર્થઃ—इत्तो એટલે એ ભાવાપ્રદેશી પુદ્ગલોથી કાળાપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણા હોય છે તેનું કારણ શું ? તો કહેવાય છે કે-પુદ્ગલપરિણામો ઘણા હોવાથી. ( એ ગાથાનો શબ્દાર્થ કહ્યો હવે તેનું તાત્પર્ય કહે છે. ) અહિં તાત્પર્ય એ છે કે-જે પુદ્ગલદ્રવ્યનો જે સમયે પ્રથમનો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંઘાત-ભેદ-સૂક્ષ્મત્વ- બાદરત્વ વિગેરે અનેક પરિણામમાંનો ( સ્વભાવોમાંનો ) કોઇપણ પરિણામ ( સ્વભાવ ) બદલાઇને બીજો પરિણામ ( સ્વભાવ ) થયો તે પુદ્ગલ તે [૧]સમયે તેની અપેક્ષાએ ( તે વર્ણની અથવા તે ગંધની ઈત્યાદિની અપેક્ષાએ ) कालथी अप्रदेश કહેવાય. તેમાં વર્ણ પાંચ, ગંધ ૨, રસ ૫, અને સ્પર્શ ૮ એ ૨૦ પદોમાં ( [૨]ગુણોમાં ) પણ પ્રત્યેક પદે ( દરેક ગુણે ) એકગુણ કાળાવર્ણાદિથી પ્રારંભીને અનન્તગુણ કાળાવર્ણાદિ પર્યન્ત [૩]એકોત્તર વૃદ્ધિએ પુદ્ગલોના અનંત ભેદ ( અથવા અનન્ત પ્રકારના પુદ્ગલો ) પ્રાપ્ત થાય છે. અને તે સર્વે ભેદોમાંના દરેક ભેદને વિષે જે પુદ્ગલો એકજ સમયની સ્થિતિવાળા હોય છે ત્યારે તે પુદ્ગલોજ कालथी अप्रदेशी पुद्गलो કહેવાય છે.

તથા ખંડાખંડ થઇ ગયેલા એટલે સર્વથા છુટા રહેલા ( અ-

---

૧ " એ વખતે જો તે પરિણામ કેવળ એકજ સમયની સ્થિતિવાળો હોય તો " એમ અધ્યાહારથી વિચારવું.

૨ અહિં ગુણોમાં એટલે અંશોમાં એવો અર્થ નહિં પરન્તુ વર્ણાદિ પરિણામોમાં એવો અર્થ સમજવો, એ પ્રમાણે આ ચાલુ પ્રકરણમાં કોઈ વાર **गुण** શબ્દ પરિણામવાચક આવશે તો કોઈવાર અંશવાચક આવશે માટે વાચકવર્ગે કયો અર્થ ઘટે તે સમ્યક્ વિચારવું.

૩ એકગુણ કાલવર્ણ પછી દ્વિગુણ બાદ ત્રિગુણ બાદ ચતુર્ગુણ ઇત્યાદિ અનુક્રમે અનુક્રમે યાવત્ સંખ્યાતગુણ યાવત્ અસંખ્યાતગુણ યાવત્ અનંત ગુણકાલવર્ણ એ અનુક્રમનું નામ એકોત્તરવૃદ્ધિ કહેવાય છે, કારણકે ઉત્તરોત્તર એટલે આગળ આગળ એકેકનીજ વૃદ્ધિએ દ્વિગુણ ત્રિગુણાદિ પદો છે.

થવા છુટા પડી ગયેલા ) [1]પરમાણુઓનું એક પુદ્ગલસ્કંધરૂપે પરિણમવું ( પિંડિત થઇ જવું ) તે **संघात** કહેવાય. તથા પ્રથમ પિંડિત થયેલા પુદ્ગલસ્કંધરૂપ એક દ્રવ્યમાંથી [2]પરમાણુઓનું છુટા પડી જવું તે **भेद** કહેવાય. તથા એકજ આકાશપ્રદેશમાં બે આદિ ઘણા પરમાણુઓ [3]સમાઇ જવા તે **सूक्ष्मत्व** કહેવાય, તથા એ સૂક્ષ્મપરિણામે પરિણત ( પ્રાપ્ત થયેલ પરિણમેલ ) પુદ્ગલસ્કંધની પરમાણુસંખ્યા કાયમ રહેવા પૂર્વક તે પુદ્ગલ સ્કંધ અનેક-ઘણા આકાશપ્રદેશમાં વ્યાપ્ત થવો તે **बादरत्व** કહેવાય. એ પરિણામાન્તરોમાં પણ ( એટલે પૂર્વોક્ત વર્ણાદિ ૨૦ પરિણામો સિવાયના આ સંઘાતાદિ ૪ પરિણામોમાં પણ ) જ્યારે જ્યારે તે તે[4] પરિણામપણે પુદ્ગલો એક એક સમયની સ્થિતિવાળા પ્રાપ્ત થાય ત્યારે ત્યારે તેજ પુદ્ગલો **कालथी अप्रदेशी** કહેવાય. એ પ્રમાણે પ્રત્યેક [5]પરિણામમાં કાળથી અપ્રદેશીપણું સંભવે છે માટે કાળથી અપ્રદેશી પુદ્ગલો ( ભાવાપ્રદેશી પુદ્ગલોથી ) ઘણા છે, એજ વાત પુનઃ સ્પષ્ટ કરાય છે.

---

૧-૨ અહિં ચાલુ પ્રકરણમાં પરમાણુ એટલે અપ્રતિબદ્ધ છૂટો અણુ અને પ્રદેશ એટલે સ્કંધપ્રતિબદ્ધ અણુ એવો વાસ્તવિક શબ્દાર્થજ દરેક સ્થાને કાયમ રહેશે એમ નહિ, કારણ કે કોઇ વખત પ્રદેશના સ્થાનમાં પરમાણુ શબ્દ પણ કહેવાશે, (પરન્તુઃ પ્રાય) પરમાણુના સ્થાનમાં પ્રદેશ નહિં કહેવાય.

૩ અહિં "સમાઈ જવા" એટલે સ્કંધપરિણામપણે બનીને અથવા સ્કંધપરિણામપણે કાયમ રહીને પરમાણુઓ સમાઇ જવા એવો અર્થ જાણવો. કારણકે એક આકાશપ્રદેશમાં અનંત છૂટા પરમાણુઓ સ્કંધ પરિણામપણે પિંડિત થયા વિના પણ સ્વતંત્ર રીતે સમાઇ જાય છે, પરન્તુ એ રીતે આકાશમાં ઘણા પરમાણુઓ સમાતાં સૂક્ષ્મપરિણામ ન હોઈ શકે.

૪ આ ઠેકાણે વૃતિમાં **तदात्वेन** એવો પાઠ છે તેનો અર્થ છાપેલી પ્રતમાં ટીપ્પણીમાં **आरम्भकालेन, तत्कालं तु तदात्वं स्यादित्युक्तेः** એટલે આરંભકાળ વડે તે કાળ તદાત્વ કહેવાય. જેથી "આરંભકાળવડે પુદ્ગલો જ્યારે જ્યારે એક સમયની સ્થિતિવાળા હોય" એવો ભાવાર્થ સંભવે છે.

૫ પ્રત્યેક પરિણામમાં એટલે ૨૪ પરિણામ ઇત્યાદિ સામાન્યપરિણામ ઇત્યાદિ સામાન્યપરિણામોમાં, અને એકગુણ કાલત્વાદિ દરેકના અનન્ત અનન્ત વિશેષ પર્યાયોમાંના દરેક પર્યાયમાં પણ.

ભાવાર્થ—પુદ્ગલના પરિણામ એટલે સ્વભાવ અનેક છે, તેમાંનાં દિગ્દર્શનમાત્રથી અહિં વર્ણ-ગંધ-રસ-અને સ્પર્શના અનુક્રમે ૫-૨-૫-૮ ભેદ હોવાથી ૨૦ પરિણામ અને સંઘાતપરિણામ, ભેદપરિણામ, સૂક્ષ્મત્વપરિણામ તથા બાદરત્વપરિણામ એ ચાર પરિણામ મળી કુળ ૨૪ પરિણામોદ્વારા કાળાપ્રદેશીપણું સમજાવ્યું, તેનો સવિસ્તર ભાવાર્થ આ પ્રમાણે—

વિવક્ષિત સમયે એકગુણ કાળોવર્ણ જેટલા પુદ્ગલોમાં પ્રગટ થયો અને તે એકજ સમય ટકીને બીજે સમયે દ્વિગુણાદિપણે પલટાઈ જવાનો હોય તો તે અનંત પુદ્ગલદ્રવ્યો સર્વે એક ગુણ કાળાવર્ણની અપેક્ષાએ **एकगुणकालवर्णकालाप्रदेशी,** તથા વિવક્ષિતસમયે જેટલાં પુદ્ગલદ્રવ્યોમાં દ્વિગુણકાલવર્ણ પ્રગટ થયો, અને તે એકજ સમય ટકી બીજે સમયે ત્રિગુણાદિ રૂપે થઇ જવાનો હોય તો તે સર્વ અનંતપુદ્ગલો **द्विगुणकालवर्ण कालाप्रदेशी.** એ પ્રમાણે ત્રિગુણકાલવર્ણકાળાપ્રદેશી અનંત પુદ્ગલો, પુનઃ એ રીતે ચતુર્ગુણ કાલવર્ણ કાળાપ્રદેશી એ પ્રમાણે યાવત્ સંખ્યાતગુણકાળવર્ણકાળાપ્રદેશી સંખ્યાતભેદે હોય, અસંખ્યગુણકાલવર્ણકાળાપ્રદેશીપુદ્ગલો અસંખ્યભેદે હોય, અને અનંતગુણકાલવર્ણકાળાપ્રદેશીપુદ્ગલો અનંતભેદે હોય. એ પ્રમાણે એકગુણકાળવર્ણકાળાપ્રદેશીપુદ્ગલોનો મૂળરાશિ ૧ અને ઉત્તરરાશિ પણ એકજ. તથા સંખ્યાતગુણકાલવર્ણકાળા પ્રદેશી પુદ્ગલોનો બીજો મૂળરાશિ ૧ અને ઉતરરાશિ સંખ્યાત છે. અસંખ્યગુણકાલવર્ણકાળાપ્રદેશી પુદ્ગલોનો ત્રીજો મૂળરાશિ ૧ અને ઉત્તરરાશિ અસંખ્યાત. અને અનંતગુણકાલવર્ણ કાળાપ્રદેશી પુદ્ગલોનો ચોથો મૂળરાશિ ૧ અને ઉત્તરારાશિ અનંત છે. પુનઃ એ ચારે મૂળરાશિઓમાં જે પ્હેલી રાશિ છે તેની ઉત્તરરાશિ જો કે ૧ છે પરન્તુ તે ઉત્તરરાશિમાં પુદ્ગલદ્રવ્યો અનંત છે. તથા બીજી મૂળરાશિ સંખ્યભેદવાળી છે, અને તે દરેક ભેદરૂપ દરેક ઉત્તરરાશિમાં અનંત અનંત પુદ્ગલદ્રવ્યો છે. પુનઃ ત્રીજી મૂળરાશિની ઉત્તરરાશિઓ અસંખ્ય છે, અને તે દરેક ઉત્તરરાશિમાં અનંત અનંત પુદ્ગલદ્રવ્યો છે. તથા ચોથી મૂળરાશિના અનંતભેદ (રૂપ અનંત રાશિઓ) છે તે દરેક ભેદમાં

( દરેક રાશિમાં ) અનંત અનંત પુદ્ગલદ્રવ્યો છે. એ પ્રમાણે જેમ કૃષ્ણવર્ણની અપેક્ષાએ કાળાપ્રદેશીપુદ્ગલો અનંતાનંત ગણાવ્યા, તેમ નીલ વર્ણની અપેક્ષાએ કાળાપ્રદેશીપુદ્ગલો અનંતાનંત છે, એ પ્રમાણે પાંચે વર્ણમાટે સમજવું.

જેમ ઉપરોકત રીતે પાંચે વર્ણની અપેક્ષાએ કાળાપ્રદેશી પુદ્ગલો અનંતાનંત ગણાવ્યા તેમ બે ગંધની અપેક્ષાએ કાળાપ્રદેશીપુદ્ગલો અનંતાનંત ગણવા, અને એજ પદ્ધતિએ વીસેયની અપેક્ષાએ કાળાપ્રદેશીપુદ્ગલો અનંતાનંત ગણવા.

હવે સંઘાત–ભેદ–સૂક્ષ્મત્વ–અને બાદરત્વાદિ પરિણામોમાં એકગુણસૂક્ષ્મત્વ દ્વિગુણસૂક્ષ્મત્વ ઇત્યાદિ ભેદો વર્ણાદિ ૨૦ પદોની પેઠે સંભવતા નથી, માટે એ પરિણામોમાં જે અર્થ સંભવે તે અને દરેકનો એકેક મૂળરાશિ અને બીજે પ્રકારે સંભવતા ૪ મૂળરાશિ અને ઉત્તરરાશિઓ અનંતાનંત પુદ્ગલદ્રવ્યોના ગણવા, તે આ પ્રમાણે—

વિવક્ષિત સમયથી પૂર્વસમયમાં જે અનેક છુટા પરમાણુઓ હતા તે વિવક્ષિત સમયે પિંડિત થતાં જે સંઘાત થયો અને બીજે સમયે એકાદિ અણુઓ નવા ન આવવાથી બીજે સમયે સંઘાત ન થયો અથવા વિવક્ષિત સમયે જેટલા પરમાણુઓ સંઘાતપણે પરિણમ્યા હતા તેથી હીનાધિક પરમાણુઓ સંઘાતપણે એજ સ્કંધમાં પરિણમે તો તે પ્રથમનો સંઘાત એકજ સમયની સ્થિતિવાળો ગણાય, એવા અનંતાસ્કંધો એકસમયની સ્થિતિવાળા સંઘાત પરિણામે પરિણામવાથી તે નવા બનેલા અનંતસ્કંધો સંઘાત परिणामकाळाप्रदेशीपुद्गलो ગણાય.

અથવા પુદ્ગલસ્કંધમાં વિવક્ષિત સમયે જે એકાદિ અણુઓ નવા દાખલ થતાં તે સ્કંધ સંઘાતપરિણામે પરિણમ્યો ગણાય, પરન્તુ એ સ્કંધમાં જો બીજે સમયે એકાદિ અણુ પણ નવો સંઘાતપણે ન પરિણમે અથવા વિવક્ષિત સમયે જેટલા નવા અણુ દાખલ થયા તેથી હિનાધિક અણુ દાખલ થાય. તો તે વિવક્ષિતસમયનો સંઘાતપરિણામ એક સમયની સ્થિતિવાળો ગણાય. એવા એક સમયની સ્થિતિવાળા અનંત પ્રાચીન પુદ્ગલસ્કંધો સંઘાત

परिणामकालाप्रदेशीपुद्गलो ગણાય. ઉપરના બન્ને સંઘાત પરિણામી સ્કંધોમાં સંઘાત સમયે અથવા બીજે સમયે ભેદ પરિણામ પણ વર્તતો હોય તો પણ સંઘાતકાલાપ્રદેશીપણું ગણી શકાય.

એ પ્રમાણે જે રીતે સંઘાતપરિણામકાળાપ્રદેશીપુદ્ગલો અનંત કહ્યા તેજ રીતે भेदपरिणामकाळाप्रदेशीपुद्गलो પણ અનંત જાણવા.

તથા વિવક્ષિત સમયે વિવક્ષિત પુદ્ગલસ્કંધ જેટલા પ્રદેશોવડે જેટલા આકાશપ્રદેશમાં સૂક્ષ્મપરિણામે પરિણમ્યો તેવા સ્વરૂપે બીજે સમયે સૂક્ષ્મ પરિણામે ન પરિણમે પરન્તુ હીનાધિક પ્રદેશોવડે સૂક્ષ્મપરિણામે પરિણમે, અથવા સર્વથા સૂક્ષ્મપરિણામે ન પરિણમે તો તે પુદ્ગલસ્કંધનો તે વિવક્ષિત સૂક્ષ્મપરિણામ એકજ સમયની સ્થિતિવાળો ગણાય એવા એકસમયની સૂક્ષ્મપરિણામપણાની સ્થિતિવાળા અનંતપુદ્ગલસ્કંધો सूक्ष्मपरिणामकाळाप्रदेशीपुद्गलो ગણાય છે. એજ પદ્ધતિએ અનંતપુદ્ગલસ્કંધો बादरपरिणामकाळाप्रदेशीपुद्गलो વિચારવા.

હવે એ ચારપરિણામોના મૂળરાશિ ૪ અને અનંત ઉત્તર રાશિઓ કેવી રીતે હોય? તે કહેવાય છે. તે આ પ્રમાણે—

જે કોઇપણ પુદ્ગલસ્કંધમાં એકજ પરમાણુ સંઘાતપણે પરિણમે તેવા અનંતસ્કંધો एकाणुसंघातपरिणामो ગણાય.

જે કોઇપણ પુદ્ગલસ્કંધમાં બે પરમાણુઓ સંઘાતપણે પરિણમે તેવા અનંત સ્કંધો द्विप्रदेशसंघातपरिणामो ગણાય. અથવા કેવળ બે પરમાણુઓજ પિંડિત થઇને દ્વિપ્રદેશીસ્કંધપણે પરિણમે તો તેવા અનંતદ્વિપ્રદેશીસ્કંધો द्विप्रदेशसंघातपरिणामी ગણાય. એ પ્રમાણે ત્રિપ્રદેશિક યાવત્ સંખ્યાતપ્રદેશ સંઘાતપરિણામ સુધીના સંખ્યાતભેદોનો રાશિ તે संख्यातप्रदेशसंघातपरिणाम નામનો બીજો મૂળરાશિ છે, અને એના સંખ્યાતભેદ તે સંખ્યાત ઉત્તર રાશિઓ છે, અને દરેક ઉત્તરરાશિમાં અનંત અનંત પુદ્ગલો છે. એ પ્રમાણે જઘન્ય અસંખ્યાતપ્રદેશ સંઘાતપરિણામથી પ્રારંભીને ઉત્કૃષ્ટ અસંખ્યાતપ્રદેશસંઘાતપરિણામ સુધીના અસંખ્ય ઉત્તરરાશિઓ મળીને असंख्यप्रदेशसंघातपरिणाम નામનો

ત્રીજો મૂળરાશિ થયો, એમાં અસંખ્ય ઉત્તરરાશિઓ છે, અને પ્રત્યેક ઉત્તર રાશિમાં અનંત અનંત પુદ્ગલો છે. તથા જઘન્ય અનંતપ્રદેશસંઘાતપરિણામથી પ્રારંભીને ઉત્કૃષ્ટ અનંત ( સંભવિત ઉત્કૃષ્ટ અનંત ) પ્રદેશ સંઘાતપરિણામ સુધીના સર્વે ભેદોનો સમુદાય તે **अनंतप्रदेशसंघातपरिणाम** નામની ચોથી મૂળરાશિ છે, એની અનંત ઉત્તરરાશિઓ છે, અને પ્રત્યેક ઉત્તરરાશિમાં અનંત અનંત પુદ્ગલદ્રવ્યો છે.

એ પ્રમાણે જેમ સંઘાત પરિણામના ચાર મૂળરાશિ અને દરેકના ઉત્તરરાશિનું સ્વરૂપ કહ્યું તે પ્રમાણે ભેદપરિણામ સંબંધિ, પણ ચાર મૂળરાશિ અને તેના ઉત્તરરાશિઓ સ્વતઃ વિચારી લેવા. પુનઃ સૂક્ષ્મપરિણામ અને બાદરપરિણામના સંબંધમાં પણ રાશિઓની પદ્ધતિ જો કે એજ છે તોપણ વિશેષ એ છે કે એ બે પરિણામમાં દરેકમાં એકાદિપ્રદેશે એકોત્તરવૃદ્ધિ અને બીજીરીતે એકાદિઆકાશપ્રદેશની વૃદ્ધિથી સૂક્ષ્મત્વબાદરત્વનો વિચાર કરવો, પરન્તુ એકાદિપ્રદેશોત્તરવૃદ્ધિમાં તો ચારે મૂળરાશિ ઉત્પન્ન થાય છે, પરન્તુ એકાદિ આકાશપ્રદેશની વૃદ્ધિમાં તો કેવળ અસંખ્ય સુધીની ત્રણજ મૂળરાશિ થાય, કારણકે લોકના આકાશપ્રદેશો અસંખ્યજ છે.

અવતરણ—ચોથી ગાથામાં કાલાપ્રદેશીપુદ્ગલો ભાવાપ્રદેશી પુદ્ગલોથી અસંખ્યગુણ કહ્યા, અને આ પાંચમી ગાથામાં પણ એજ વાત વિશેષ સ્પષ્ટ કરે છે.

**भावेण अप्पएसा, जे ते कालेण हुंति दुविहावि**
**दुगुणादओ वि एवं, भावेणं जावऽणंतगुणा ॥५॥**

गाथार्थः—ભાવથી જે અપ્રદેશી ( રૂપ એકજ પ્રકારના ) પુદ્ગલો તે કાળથી બન્ને પ્રકારના ( સપ્રદેશી અને અપ્રદેશી પણ ) હોય છે. એ પ્રમાણે ભાવવડે દ્વિગુણભાવ ત્રિગુણભાવવાળા ઈત્યાદિ યાવત્ અનંતગુણ ભાવવાળા સર્વે ( અર્થાત્ ભાવથી સપ્રદેશી ) પુદ્ગલો પણ કાળથી બે પ્રકારના છે. ॥ ૫ ॥

ટીકાર્થઃ—ભાવથી જે અપ્રદેશી છે તે કાળથી સપ્રદેશી અને અપ્રદેશી એમ બન્ને પ્રકારે હોય છે. ત્યાં જે (ભાવાપ્રદેશી પુદ્ગલો) એકસમયની સ્થિતિવાળા છે તે કાળથી અપ્રદેશી કહેવાય, અને જે (ભાવાપ્રદેશી પુદ્ગલો) બે સમયની સ્થિતિવાળા ત્રણ સમયની સ્થિતિવાળા યાવત્ એકોત્તરવૃદ્ધિએ અસંખ્ય સમયની સ્થિતિવાળા પુદ્ગલો તે સર્વે કાળથી સપ્રદેશી કહેવાય, એ તાત્પર્ય છે. તથા જે પુદ્ગલો ભાવથી દ્વિગુણ ત્રિગુણ યાવત્ અનંત ગુણ સુધીના (એટલે ભાવથી સપ્રદેશી) છે તે પુદ્ગલો પણ સર્વે એ પ્રમાણેજ જાણવા. અર્થાત્ કાળથી સપ્રદેશી અને અપ્રદેશી એમ બન્ને પ્રકારના છે. અને એ પ્રમાણે હોવાથી (શું કહેવાનું છે તે આગળની ગાથામાં કહે છે). ॥ ૫ ॥

**कालापएसयाणं, एवं इक्किओ हवइ रासी ॥**
**इक्किक्के गुणठाणंमि, एगगुणकालयाईसु ॥ ६ ॥**

ગાથાર્થઃ—એ પ્રમાણે હોવાથી એકગુણકૃષ્ણ દ્વિગુણકૃષ્ણ ઇત્યાદિ (અનંતગુણકૃષ્ણ સુધીના અનંત સ્થાનકોમાંના) પ્રત્યેક ગુણ[૧]સ્થાનકે કાળથી અપ્રદેશી પુદ્ગલોનો એકેક રાશિ પ્રાપ્ત થાય છે. ॥ ૬ ॥

ટીકાર્થ—એકગુણકૃષ્ણ, દ્વિગુણકૃષ્ણ, ઈત્યાદિ ગુણસ્થાનકોમાં પ્રત્યેક પ્રત્યેક ગુણસ્થાને કાળથી અપ્રદેશી પુદ્ગલોનો એકેક રાશિ પ્રાપ્ત થાય છે (એ ગાથાનો શબ્દાર્થ કહીને હવે ભાવાર્થ કહે છે.) તાત્પર્ય એ છે કે—એકગુણકૃષ્ણવર્ણથી પ્રારંભીને ઉત્તરોત્તર એકેક ગુણવૃદ્ધિએ અનન્તગુણકૃષ્ણવર્ણ સુધીમાં અનન્ત ગુણસ્થાનકો ઉપજે છે, અને તેમાંના દરેક ગુણસ્થાનકે અનન્ત અનન્ત પુદ્ગલો છે. તથા એ પ્રમાણે (જેમ કૃષ્ણવર્ણના અનન્ત ગુણસ્થાનકોમાં પ્રત્યેકમાં અનન્ત અનન્ત પુદ્ગલો પ્રાપ્ત થાય છે તેમ) એકગુણનીલવર્ણથી પ્રારંભીને પણ (અનન્તગુણનીલવર્ણ સુધીનાં અનન્તગુણસ્થાનકોમાં પણ પ્રત્યેક ગુણસ્થાને

૧ એકગુણ–દ્વિગુણ–ત્રિગુણ ઇત્યાદિ ગુણભેદનું નામ **गुणस्थानक** છે. પરન્તુ અહિં મિથ્યાત્વાદિવાચક ગુણસ્થાન શબ્દ નથી.

અનન્ત અનન્ત પુદ્ગલદ્રવ્યો ) પ્રાપ્ત થાય છે. ( એ પ્રમાણે પાંચવર્ણાદિ વીશે પદમાં અનન્ત અનન્ત પુદ્ગલદ્રવ્યો પ્રાપ્ત થાય છે ) તે કારણથી ગુણસ્થાનકના રાશિઓ અનન્ત થાય છે ( અને પ્રત્યેક રાશિમાં કાળથી અપ્રદેશીપણું પ્રાપ્ત થાય છે ) માટે કાળથી અપ્રદેશી પુદ્ગલોની રાશિઓ પણ અનન્તજ ગણાય. ॥ ૬ ॥

અવતરણ—પૂર્વગાથામાં કહ્યું કે એકગુણ દ્વિગુણ ઈત્યાદિ ગુણસ્થાનકો અનન્ત છે, અને પ્રત્યેક ગુણસ્થાનકે પુદ્ગલો અનન્ત અનન્ત છે, તે અનન્ત અનન્ત પુદ્ગલોમાંના કેટલાક કેટલાક પુદ્ગલો એકેક સમયની સ્થિતિવાળા હોય છે તેથી તે કાળથી અપ્રદેશી પુદ્ગલો કહેવાય છે, એવા કાળાપ્રદેશીપુદ્ગલો પણ પ્રત્યેક ગુણસ્થાનકે અનન્ત અનન્ત છે, માટે જેટલાં ગુણસ્થાનકો તેટલા કાળાપ્રદેશીપુદ્ગલોના રાશિઓ પ્રાપ્ત થાય છે, અને ભાવાપ્રદેશી પુદ્ગલોની તો કેવળ એકજ રાશી છે, તો ભાવાપ્રદેશી પુદ્ગલોથી કાળાપ્રદેશીપુદ્ગલો અનંતગુણ હોય એ સ્વાભાવિક છે, છતાં ચોથી ગાથામાં ભાવાપ્રદેશી પુદ્ગલોથી કાળાપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણ કહ્યા છે તે સંબંધમાં શિષ્યને શંકા ઉપજવાથી શિષ્ય જે પ્રશ્ન કરે છે ? તે પ્રશ્નની આ ૭ મી ગાથા છે.

**आहाणंतगुणत्तण–मेवं कालापएसयाणं ति ॥**
**जमणंतगुणट्ठाणे--सु हुंति रासीविहु अणंता ॥ ७ ॥**

**गाथार्थः**—શિષ્ય કહે છે ( પ્રશ્ન કરે છે ) કે—એ પ્રમાણે જો હોય તો કાળાપ્રદેશીપુદ્ગલોનું અનંતગુણપણું ( ભાવાપ્રદેશીથી ) થાય. જે કારણથી ( કારણ કે– ) અનંત ગુણસ્થાનકોમાં પુદ્ગલ રાશિઓ પણ નિશ્ચય અનન્ત થાય છે. ॥ ૭ ॥

**टीकार्थ**—**एवं** એટલે જો એ પ્રમાણે છે. અર્થાત્ જો પ્રતિગુણસ્થાનકે ( એકેક ) કાળાપ્રદેશીપુદ્ગલોની રાશિ કહીએ તો ભાવાપ્રદેશીપુદ્ગલોથી કાળાપ્રદેશીપુદ્ગલો અનન્તગુણા પ્રાપ્ત થાય. કારણકે એકગુણકૃષ્ણ દ્વિગુણકૃષ્ણ ત્રિગુણકૃષ્ણ ઈત્યાદિથી પ્રારંભીને યાવત્ અનન્તગુણકૃષ્ણવર્ણ સુધીનાં અનન્તગુણસ્થાનકોમાં પુદ્ગલરાશિઓ પણ અનન્ત થાય છે, અને ( ચોથી ગાથામાં તો ભાવાપ્રદેશી

પુદ્ગલોથી કાળાપ્રદેશીપુદ્ગલો ) અસંખ્યાતગુણ કહ્યા છે તે કેવી રીતે ? ॥ ૭ ॥

અવતરણ—શિષ્યે કરેલા પ્રશ્નનો ઉત્તર આ ગાથામાં અ-પાય છે.

**भणइ एगगुणाणवि, अणंतभागंमि जं अणंतगुणा ॥**
**तेणाऽसंखगुणच्चिय, हवंति नाणंतगुणियत्तं ॥ ८ ॥**

**गाथार्थ**—અહિં ઉત્તરમાં કહેવાય છે કે—જે કારણથી અનન્ત ગુણવાળાપુદ્ગલો એકગુણવાળાપુદ્ગલોથી અનન્તમા ભાગ જેટલાજ હોય છે, તે કારણથી નિશ્ચય ( કાળાપ્રદેશીપુદ્ગલો ભાવાપ્રદેશીથી ) અસંખ્યાતગુણાજ હોય છે, પરન્તુ અનન્તગુણા હોતા નથી ॥ ૮ ॥

**टीकार्थ**—અનન્તગુણકૃષ્ણાદિપુદ્ગલો એકગુણકૃષ્ણાદિપુદ્ગલોના [૧]પણ અનન્તમા ભાગેજ છે તેથી ભાવાપ્રદેશી પુદ્ગલસ્કંધોથી કાળાપ્રદેશીપુદ્ગલસ્કંધો અસંખ્યાતગુણાજ થાય છે, પરન્તુ અનન્તગુણા નહિં ( એ ગાથાર્થ કહ્યો હવે ભાવાર્થ કહે છે ). અહિં તાત્પર્ય આ પ્રમાણે છે કે—એકગુણકૃષ્ણથી પ્રારંભીને એકોત્તરગુણવૃદ્ધિએ ઉત્કૃષ્ટસંખ્યાતગુણકૃષ્ણ સુધીમાં સંખ્યાત ગુણસ્થાનકો ઉપજે છે. ત્યારબાદ એકજગુણવડે અધિક પુદ્ગલસ્કન્ધ તે જઘન્ય અસંખ્યગુણકૃષ્ણ કહેવાય, ત્યાંથી પ્રારંભીને પુન: એકોત્તરગુણવૃદ્ધિએ ઉત્કૃષ્ટ અસંખ્યગુણકૃષ્ણસુધીમાં અસંખ્યગુણસ્થાનકો ઉપજે. ત્યારબાદ જે પુદ્ગલસ્કંધ એકજ ગુણઅધિકતાવાળો હોય તે જઘન્ય અનન્તગુણકૃષ્ણ કહેવાય, ત્યાંથી પ્રારંભીને પુન: એકોત્તરગુણવૃદ્ધિએ ઉત્કૃષ્ટ અનન્તગુણકૃષ્ણસુધીમાં અનન્તગુણસ્થાનકો ઉપજે. એ પ્રમાણે હોવાથી જો કે અનન્તગુણકૃષ્ણાદિક ( આદિ શબ્દથી અનન્તગુણનીલ ઇત્યાદિ ) પુદ્ગલસ્કંધોની અનન્ત રાશિઓ ઉપજે છે તો પણ અનન્તના

૧ અહિં 'પણ' કહેવાથી દ્વિગુણકૃષ્ણ ત્રિગુણકૃષ્ણપુદ્ગલોનાપણ અનન્તમા ભાગે છે. એમ જાણવું.

**અનન્ત ભેદ હોવાથી આગળ કહેવાતી ૧ એકગુણ[1] દ્રવ્યરાશિ, ૨ સંખ્યાતગુણદ્રવ્ય[2]રાશિ, ૩ અસંખ્યગુણદ્રવ્ય[3]રાશિ,–અને ૪ અનન્તગુણદ્રવ્ય[4]રાશિ એ ચાર રાશિમાં એકગુણકૃષ્ણાદિ દ્રવ્યરાશિની અપેક્ષાએ અનન્તગુણકૃષ્ણાદિ દ્રવ્યરાશિ સમગ્ર પણ અનન્ત [5]ભાગાધિક માત્ર હોવાથી ( કાળાપ્રદેશીપુદ્ગલો અસંખ્યાતગુણા છે. ), અને તે અનન્તગુણકૃષ્ણાદિપુદ્ગલરાશિનું અનન્તપણું નાનું**

૧–૨–૩–૪ આ ચારે રાશિઓ મૂળરાશિઓ છે, તેમાં પ્હેલી મૂળરાશીની ઉત્તરરાશિ પણ એકજ અનન્તપુદ્ગલદ્રવ્યોવાળી છે, તથા બીજી મૂળરાશિની સંખ્યાતી ઉત્તરરાશિઓ અને દરેક ઉત્તરરાશિમાં અનન્ત અનન્ત પરમાણુઓ અને અનન્ત અનન્ત પુદ્ગલસ્કંધો છે, ત્રીજીમૂળરાશિની ઉત્તરરાશિઓ અસંખ્ય છે. અને દરેક ઉત્તરરાશિમાં અનન્ત અનન્ત પરમાણુઓ અને અનન્ત અનન્ત પુદ્ગલસ્કંધો છે, ચોથી મૂળરાશિની ઉત્તરરાશિઓ અનન્ત છે, અને દરેક ઉત્તરરાશિમાં અનન્ત અનન્ત પુદ્ગલસ્કંધો છે, ઇત્યાદિ સવિસ્તરસ્વરૂપ ચોથીગાથાના અર્થપ્રસંગે ભાવાર્થમાં લખેલું છે, ત્યાંથી જાણી લેવું.

૫ અહિં ઉત્તરનો સાર એ છે કે—અલ્પગુણવાળા પુદ્ગલોથી અધિક ગુણવાળાપુદ્ગલો ન્યૂન ન્યૂન હોય એવો નિયમ છે, કે જે કર્મપ્રકૃત્યાદિ ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે—**"हस्सेणबहूबद्धा"** એટલે "અલ્પ સ્નેહના સંબંધવાળાપુદ્ગલો ઘણા હોય છે" ( એ બન્ધનકરણની ૨૨ મી ગાથાનું ત્રીજું ચરણ છે ). એ વાત જો કે સ્નેહના સંબંધમાં કહી છે એટલુંજ નહિં પરન્તુ અનુભાગ યોગ ઇત્યાદિ અનેક પ્રસંગોમાં ઓછા ગુણવાળાં દ્રવ્યો ઘણાં અને બહુ ગુણવાળાં દ્રવ્યો અલ્પ અલ્પતર કહ્યાં છે. તેથી સામાન્યથી અલ્પબહુત્વ અનેક પ્રસંગે આ પ્રમાણે આવે છે કે—

એકગુણવાળાં દ્રવ્યો સર્વથી વધારે, દ્વિગુણવાળાં દ્રવ્યો વિશેષહીન, ત્રિગુણવાળાં દ્રવ્યો ( દ્વિગુણ દ્રવ્યોથી પણ ) વિશેષહીન, તેથી ચતુર્ગુણ દ્રવ્યો હીન એ પ્રમાણે યાવત્ અનંતગુણ સુધી હીનહીનતર દ્રવ્યો જાણવાં. માટે અનન્તગુણવાળો સમગ્રરાશિ પણ અનન્ત ભાગ જેટલો ( એકગુણ રાશિ અપેક્ષાએ ) અધિક થાય, અને તેથી અનન્તગુણવાળા સમગ્ર પુદ્ગલોથી પણ એકગુણવાળાં સમગ્રપુદ્ગલો દ્વિગુણહીન નહિં, સંખ્યાતગુણહીન નહિં, અસંખ્યગુણહીન નહિં, અનન્તગુણહીન નહિં પણ વિશેષહીન છે. અને એકગુણરાશિનાં સમગ્રપુદ્ગલોથી અનંતગુણરાશિવાળાં સમગ્રપુદ્ગલો

જાણવું. માટે કાળાપ્રદેશીપુદ્ગલો અનન્તગુણા થતા નથી, પરંતુ અસંખ્યાતગુણાજ થાય છે ॥ ૮ ॥

અવતરણ— આઠમી ગાથામાં ભાવાપ્રદેશી પુદ્ગલોથી કાલાપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણ નહિ પણ અનન્તગુણ સંભવે એવી શિષ્યની જે શંકા ૭ મી ગાથામાં દર્શાવી હતી તેનો ઉત્તર આપ્યો, અને અનન્તગુણ નહિં પણ અસંખ્યગુણજ સંભવે તેનો હેતુ દર્શાવ્યો, હવે ભાવની અપેક્ષાએ થતા કાળાપ્રદેશી પુદ્ગલો જ પૂર્વોક્ત રીતે સંભવે એટલુંજ નહિં, પણ દ્રવ્યની અપેક્ષાએ થતા કાળાપ્રદેશીપુદ્ગલો પણ એજ રીતે સંભવે તે આ નવમી ગાથામાં દર્શાવે છે.

**एवं तो भावमिणं, पडुच्च कालापएसया सिद्धा ।**
**परमाणु पोग्गलाइसु, दव्वेवि हु एस चेव गमो ॥९॥**

**ગાથાર્થ**—એ પ્રમાણે પ્રથમ જેમ ઉક્તસ્વરૂપવાળાભાવને આશ્રયિ કાળાપ્રદેશીપુદ્ગલો સિદ્ધ છે, તેમ દ્રવ્યને આશ્રયિ પણ પરમાણુ તથા પુદ્ગલસ્કંધોમાં કાળાપ્રદેશીપણાનો નિશ્ચય એજ પ્રકારે જાણવો. ॥ ૯ ॥

**ટીકાર્થ**—એ પ્રમાણે પ્રથમ ભાવ એટલે વર્ણ, ગન્ધ ઇત્યાદિ

---

દ્વિગુણ અધિક નહિં, સંખ્યાતગુણ નહિં, અસંખ્યગુણ નહિં, અનન્તગુણ અધિક નહિં પણ વિશેષાધિક છે.

તથા એકગુણરાશિઅપેક્ષાએ સંખ્યાતગુણ અને અસંખ્યગુણ એ બે રાશિના સમુદિતસમગ્રપુદ્ગલો અસંખ્યગુણ છે, એ અસંખ્યગુણમાં અનન્તગુણરાશિના વિશેષાધિક ( એટલે અનન્તભાગાધિક) પુદ્ગલો મેળવતાં પણ અસંખ્યગુણપણુંજ કાયમ રહે છે, માટે એકગુણરાશિઅપેક્ષાએ સમગ્ર ત્રણે રાશિઓ સમુદિતપણે અસંખ્યગુણી છે, તો એકગુણરાશિરૂપ ભાવાપ્રદેશીપુદ્ગલોથી ( એકગુણથી યાવત્ અનંતગુણ સુધીની ત્રણ રાશિઓના સમુદિતપણે ) અનંતગુણસ્થાનકો ( વાળા પુદ્ગલો ) માં વર્તતા (એક સમયની સ્થિતિવાળા ) કાળાપ્રદેશીપુદ્ગલો પણ અસંખ્યાતગુણાજ હોય પરન્તુ અનન્તગુણ નહિં.

પરિણામ કે જેનું સ્વરૂપ પૂર્વે કહેવાયું છે તે એકગુણથી પ્રારંભીને અનન્તગુણ સુધીનાં અનન્તગુણસ્થાનકોમાં જેમ કાળથી અપ્રદેશી પુદ્ગલો સિદ્ધ છે, એટલે જેમ અનન્તગુણસ્થાનકોમાં કાળાપ્રદેશી પુદ્ગલોનું નિરૂપણ થઈ શકે છે, તેમ દ્રવ્યમાં પણ એટલે દ્રવ્ય-પરિણામઆશ્રયિ પરમાણુ આદિ પુદ્ગલોમાં પણ એજ [૧]પ્રકાર જાણવો. અહિં તાત્પર્ય એ છે કે—પરસ્પર સંબંધ વિનાના એવા જે પરમાણુઓ તે દ્રવ્યથી [૨]અપ્રદેશી કહેવાય છે. ॥ ૯ ॥

**અવતરણ**—૯ મી ગાથામાં દ્રવ્યઆશ્રયિ કાળાપ્રદેશીપણાનો અર્થ સમજાવીને હવે આ ૧૦ મી ગાથામાં ક્ષેત્ર આશ્રયિ કાળા-પ્રદેશીપણું અને ક્ષેત્રાપેક્ષાએ [૩]કાળાપ્રદેશીપણું કેવી રીતે થાય? તે સમજાવાય છે.

---

૧ તાત્પર્ય એ છે કે—પુદ્ગલોના વર્ણગંધ આદિ પરિણામ તે ભાવ, ત્યાં જેમ ભાવનાં અનન્તસ્થાનકોમાં કાળાપ્રદેશીપણું સમજાવ્યું તેમ દ્રવ્યનાં અનન્તસ્થાનકોમાં કાળાપ્રદેશીપણું સરખીરીતે સમજવું, અને દ્રવ્યમાં ક્ષેત્રા-પ્રદેશીપણું કેવી રીતે? તેની સમજ ૧૦ મી તથા ૧૧ મી ગાથામાં દર્શાવશે.

૨ એ તાત્પર્યદર્શક વાક્ય દ્રવ્યાશ્રયિ કાળાપ્રદેશત્વસાધક નથી, દ્રવ્યા-પ્રદેશત્વસાધક છે માટે છાપેલી પ્રતની ટિપ્પણીમાં એ વાક્ય માટે "જે જે પરમાણુઓ અને પુદ્ગલો એકેક સમયની સ્થિતિવાળા હોય તે કાળથી અ-પ્રદેશી અને બીજા પુદ્ગલો કાળથી સપ્રદેશી" એ તાત્પર્ય લખ્યું છે.

૩ અહિં સમજવાનું એ છે કે કાળાપ્રદેશીપણું દ્રવ્યથી-ક્ષેત્રથી અને ભાવથી એમ ત્રણ પ્રકારે છે, ત્યાં ભાવથી કાળાપ્રદેશીપણું પ્રથમ કહેવાઈ ગયું, અને હવે (આ નવમી ગાથામાં) દ્રવ્યથી કાળાપ્રદેશીપણું તથા (૧૦ મી ગા-થામાં) ક્ષેત્રથી કાળાપ્રદેશીપણું કેવી રીતે થાય? તેના ઉત્તરમાં કહ્યું કે દ્રવ્યથી કાળાપ્રદેશીપણું તો કહેલા ભાવથી કાળાપ્રદેશીની પેઠે સમજવું. એટલે જેમ ભાવનાં એટલે ગુણનાં અનન્તસ્થાનકો એકગુણ-દ્વિગુણ-ત્રિગુણ આદિ સમજાવ્યાં તેમ દ્રવ્યમાં પણ એકાણુ (પરમાણુ)-દ્વ્યણુક (દ્વિપ્ર-દેશી)-સ્કંધ, ત્ર્યણુકસ્કંધ ઇત્યાદિ અનન્તદ્રવ્યસ્થાનકો સમજવાં અને તે દરેક દ્રવ્યસ્થાનકમાં એકેક સમયની સ્થિતિવાળા પુદ્ગલો અનન્ત અનન્ત છે તે સર્વ દ્રવ્યથી કાળાપ્રદેશી પુદ્ગલો જાણવા અને ક્ષેત્રથી કાળાપ્રદેશી પુદ્-ગલો સમજવા માટે જે પ્રકાર છે તે ૧૦ મી ગાથામાં દર્શાવ્યો છે.

**एमेव होइ खित्ते, एगपएसावगाहणाईसु ॥**
**ठाणंतरसंकंतिं पडुच्च कालेण मग्गणया ॥ १० ॥**

**गाथार्थ**—એ પ્રમાણેજ ક્ષેત્રઆશ્રયિ (કાળથી અપ્રદેશપણું) અર્થાત્ એકપ્રદેશાવગાહિતાદિ પુદ્ગલોને વિષે સ્થાનાન્તર થવાની અપેક્ષાએ કાળાપ્રદેશપણાની માર્ગણા (સમજ-ઉપલબ્ધિ) છે, (એટલે કાળાપ્રદેશીપણું પ્રાપ્ત થાય છે.) ॥ ૧૦ ॥

**टीकार्थः**—એ પ્રમાણેજ એટલે દ્રવ્યપરિણામની પેઠે ક્ષેત્રને વિષે એટલે ક્ષેત્રઆશ્રયિ એક પ્રદેશાવગાહી ઈત્યાદિ પુદ્ગલભેદોમાં સ્થાનાન્તરગમનઆશ્રયિ કાળાપ્રદેશપણાની માર્ગણા છે. (એ ગાથાનો શબ્દાર્થ માત્ર કહ્યો, હવે ભાવાર્થ કહે છે.) તાત્પર્ય એ છે કે-જેમ દ્રવ્યપરિણામને આશ્રયિ પરમાણુઓ દ્રવ્યથી અપ્રદેશી છે, તેમ એકેક આકાશપ્રદેશમાં અવગાહના કરી રહ્યા છતાં પોતપોતાના ક્ષેત્રને નહિ છોડનારા પુદ્ગલો ક્ષેત્રથી અપ્રદેશી કહેવાય. અને જયારે જયારે સ્વક્ષેત્રને છાડીને પુદ્ગલો અન્ય અન્ય ક્ષેત્રમાં જાય, અને [૧]દરેક સ્થાને એકેકસમય રહે ત્યારે એજ પુદ્ગલો (ક્ષેત્રની અપેક્ષાએ) કાલાપ્રદેશી ગણાય છે. ॥૧૦॥

અવતરણ—૧૦ મી ગાથામાં ક્ષેત્રઆશ્રયિ કાળાપ્રદેશપણું પુદ્ગલો એકસ્થાનમાં એક સમય રહી બીજેસમયે બીજેસ્થાને ચાલ્યાં જાય તે સ્થાનાન્તરગમનાપેક્ષાએ કહ્યું, પરન્તુ કેવળ સ્થાનાન્તરગમનાપેક્ષાએજ ક્ષેત્રાશ્રયિ કાળાપ્રદેશપણું થાય એમ નથી,

૧ દરેક સ્થાને એટલે જે જે સ્થાને જાય ત્યાં એકેક સમય રહે તોજ કાળાપ્રદેશીપણું હોય એવો અર્થ નહિં, પરન્તુ જે વિવક્ષિત સમયે આપણે ક્ષેત્રાશ્રયિ કાળાપ્રદેશીપુદ્ગલો જાણવાની ઇચ્છા કરી હોય તેજ સમયે જે પુદ્ગલો તે સ્થાને આવ્યા હોય અને એક સમય વ્યતીત થતાં તૂર્ત સ્થાનાન્તર થનારા હોય તેવા સર્વ પુદ્ગલો તે વિવક્ષિત સમયે કાળાપ્રદેશી ગણવા, વિવક્ષિત સમયબાદ અનેક સમયોસુધી એકેકસમયની સ્થિતિએ સ્થાનાન્તર થયા કરતા હોય તોપણ તે પુદ્ગલો વિવક્ષિતસમયે જાણવાઇચ્છેલા અલ્પબહુત્વને વિષે ગણત્રીના ઉપયોગમાં આવી શકે નહિં એ તાત્પર્ય છે.

પરન્તુ સંકોચવિકોચ થતાં અવગાહના બદલવાથી પણ ક્ષેત્રાશ્રયિ કાળાપ્રદેશપણું થાય છે. એ બીજો વિકલ્પ આ ૧૧ મી ગાથામાં દર્શાવે છે. તથા સૂક્ષ્માદિ પરિણામઆશ્રયિ પણ કાળાપ્રદેશીપણું સંભવે છે, તે દર્શાવે છે.

**संकोअविकोअं पिहु, पडुच्च ओगाहणाइ एमेव**
**तह सुहुमबायरथिरेयरे य सद्दाइ परिणामं ॥ ११ ॥**

गाथार्थः—પુનઃ સંકોચ અને વિકોચ થવાની અપેક્ષાએ અવગાહનાને વિષે પણ એજ પ્રકારે ( કાળાપ્રદેશીપણું ) જાણવું; તેમજ સૂક્ષ્મ–બાદર–સ્થિર–અસ્થિર–અને શબ્દ વિગેરે પરિણામ આશ્રયિ પણ કાળાપ્રદેશીપુદ્ગલો જાણવા. ॥ ૧૧ ॥

टीकार्थ—અવગાહનાના સંકોચ વિકોચને આશ્રયિ પણ પુદ્ગલો કાળથી અપ્રદેશી હોય છે. અહિં તાત્પર્ય એ છે કે—પરમાણુસંખ્યાની અપેક્ષાએ જે પુદ્ગલસ્કંધો અલ્પ આકાશપ્રદેશોમાં અવગાહ કરી એક સમય રહીને ( તુર્ત બીજે–સમયે ) ઘણા આકાશપ્રદેશોમાં અવગાહવાળા થાય છે, અને ત્યાં પણ એકજ સમય રહે છે, અને જયારે ઘણા આકાશપ્રદેશોમાં અવગાહવાળા થઇ એકજસમય ટકીને ( તુર્ત બીજે સમયે ) અલ્પ આકાશપ્રદેશોમાં અવગાહવાળા થાય છે તે વખતે ( પુદ્ગલસ્કંધોમાં ) સંકોચ વિકોચ થવાથી પણ તે પુદ્ગલસ્કંધો કાળથીઅપ્રદેશી ગણાય છે.

તથા સૂક્ષ્મપરિણામ–બાદરપરિણામ–*સ્થિરપરિણામ–*અસ્થિરપરિણામ–શબ્દપરિણામ—મનઃપરિણામ–અને કર્મપરિણામ [1]ઇત્યાદિ [2]પરિણામોને આશ્રયિ પણ પુદ્ગલોકાળથીઅપ્રદેશી હોય

---

૧ ઇત્યાદિ શબ્દથી ઔદારિક–વૈક્રિય–આહારક–તૈજસ ધ્રુવાચિત્ત ઇત્યાદિ અનેકપરિણામ.

* સ્થિરપરિણામ એટલે એકજ ક્ષેત્રમાં સ્થિર રહેવારૂપ સ્થિતિપરિણામ, અને અસ્થિરપરિણામ એટલે સ્થાનાન્તર થવારૂપ ગતિપરિણામ.

૨ ગ્રંથકર્ત્તાએ પ્રથમ કૃષ્ણવર્ણાદિ ૨૦ પદ આશ્રયિભાવથી કાળાપ્રદેશીપણાનુ વર્ણન જે એકગુણઆદિ અનંતગુણસ્થાનકોથી કર્યું છે, તેવાં

છે.—તાત્પર્ય એ છે કે—જે પુદ્ગલસ્કંધો સૂક્ષ્મપરિણામ અથવા બાદરપરિણામ ઇત્યાદિ કોઇપણ પરિણામને પ્રાપ્ત થયા છતાં ( તત્પરિણામપણે ) જ્યારે એકજ સમય રહે છે ( અને બીજે સમયે તૂર્ત પરિણામાન્તરને પ્રાપ્ત થાય છે ) ત્યારે ( તત્પરિણામાપેક્ષાએ ) પુદ્ગલો કાળથી અપ્રદેશી કહેવાય છે. ॥ ૧૧ ॥

અવતરણ—૧૧ મી ગાથામાં અવગાહના બદલાવાથી પણ પુદ્ગલો ક્ષેત્રાશ્રયિ કાળાપ્રદેશી હોય એમ કહીને પુન: સૂક્ષ્માદિ અનેક પરિણામઆશ્રયિ પણ પુદ્ગલો કાળાપ્રદેશી હોય એમ કહ્યું, હવે એ પ્રમાણે સૂક્ષ્માદિ અનેક પરિણામઆશ્રયિ પણ જો પુદ્ગલો કાળથી અપ્રદેશી હોય છે તો એ ઉપરથી સાર શું નિકળે છે ? તે આ ૧૨ મી ગાથામાં દર્શાવે છે.

**एवं जो सव्वोवि अ, परिणामो पुग्गलाण इह समए**
**तं तं पडुच्च एसिं, कालेणं अप्पएसत्तं ॥ १२ ॥**

ગાથાર્થ—એ પ્રમાણે અહિં સિદ્ધાન્તનેવિષે પુદ્ગલોના જેટલા પરિણામ ( પર્યાયો ) કહ્યા છે તે તે દરેક પરિણામઆશ્રયિ પુદ્ગલોનું કાળથી અપ્રદેશપણું હોઇ શકે છે.

ટીકાર્થઃ—પૂર્વોક્ત પ્રકારે પુદ્ગલોના એટલે પરમાણુઓના અને સ્કંધોના અન્ય અન્ય પર્યાયે પરિણમવારૂપ જેટલા સર્વ પરિણામો इहसमए એટલે જૈન સિદ્ધાન્તમાં વર્ણવ્યા છે—કહ્યા છે. તે તે સર્વ પરિણામઆશ્રયિ એકસમયની સ્થિતિવાળા પુદ્ગલો તે કાળાપ્રદેશી પુદ્ગલો છે એમ જાણવું. એ પ્રમાણે હોવાથી શું સિદ્ધ થાય છે તે દર્શાવે છે. ॥ ૧૨ ॥

એકગુણઆદિ ગુણસ્થાનકો સૂક્ષ્માદિપરિણામ આશ્રયિ હોતા નથી માટે તે સૂક્ષ્માદિપરિણામોના અનન્તસ્થાનોમાં વર્તતું કાળાપ્રદેશીપણું નહિં હશે એમ કોઇને ભ્રાન્તિ થાય તો તે ભ્રાન્તિના નિવારણ માટે ( ત્યાં કહેવું બાકી રહેલું ) અહિં કહે છે. પુનઃ એ સૂક્ષ્માદિપરિણામનાં અનન્તસ્થાનકો કેવી રીતે ઉપજે છે તે સંબંધિ કિંચિત્ દિગ્દર્શન ચોથી ગાથાના અર્થમાં સવિસ્તર ભાવાર્થ પ્રસંગે કહ્યું છે. માટે તે અનુસારે સર્વપરિણામોનાં અનન્તસ્થાન સ્વયં વિચારી લેવાં.

અવતરણ—૧૨ મી ગાથામાં સર્વપર્યાયોઆશ્રયિ પુદ્ગલો-નું કાળથી અપ્રદેશીપણું હોવાનું કહ્યું, હવે જો સર્વપર્યાયો આ-શ્રયિ કાળાપ્રદેશીપણું સિદ્ધ થયું તો તેથી અન્તિમ તાત્પર્ય શું આવ્યું? તે આ ૧૩ મી ગાથામાં કહે છે.

**कालेण अप्पएसा, एवं भावापएसएहिंतो ॥**
**हुंति असंखिज्जगुणा, सिद्धा परिणामबाहुल्ला ॥१३॥**

**गाथार्थ**—એ પ્રમાણે કાળથી અપ્રદેશીપુદ્ગલો ભાવાપ્રદેશી પુદ્ગલોથી અસંખ્યગુણા છે એમ સિદ્ધ થયું, કારણ કે પરિણામો ઘણા છે. ॥ ૧૩ ॥

**टीकार्थ**—જે પુદ્ગલો એકગુણ કૃષ્ણવર્ણ ઇત્યાદિ એકગુણ પરિ-ણામવાળા છે તે પુદ્ગલો ભાવથી અપ્રદેશી છે, અને જે પુદ્ગલો દ્વિગુણકૃષ્ણાદિથી પ્રારંભીને યાવત્ અનન્તગુણ કૃષ્ણાદિ પરિણામ-વાળા છે, તે પુદ્ગલો ભાવથી સપ્રદેશી છે, અને તે સર્વ (એટલે ભાવથી અપ્રદેશી અને ભાવથી સપ્રદેશી એ બન્નેના અનન્ત અનન્ત રાશિઓ) એક સમયની સ્થિતિવાળા હોવાથી કાળથી અપ્રદેશી છે. માટે એ પ્રમાણે કથન કરવાથી ભાવાપ્રદેશીપુદ્ગ-લોથી કાળાપ્રદેશીપુદ્ગલો અસંખ્યાતગુણા સિદ્ધ થાય છે, કારણ કે એકગુણકૃષ્ણાદિ[૧] દ્વિગુણકૃષ્ણાદિ ઇત્યાદિ[૨] પ્રકારે પુદ્ગલોના પરિ-ણામ અનન્ત છે માટે. ॥ ૧૩ ॥

અવતરણ—પૂર્વોક્ત ૧૩ ગાથા સુધીમાં ભાવાપ્રદેશીપુદ્ગ-લોથી કાળાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણા છે, એમ પ્રતિપાદન કર્યું અને હવે અહિં ૧૪ મી ગાથાથી ૧૯ મી ગાથા સુધીમાં कालाप्रदेशोपुद्गलोथी द्रव्याप्रदेशीपुद्गलो (પરમાણુઓ) असंख्यगुण છે, તેનું પ્રતિપાદન કરશે, તે સંબંધ આ ૧૪ મી ગા-થામાં ઉદ્દેશરૂપે કહે છે.

---

૧ અહિં આદિ શબ્દથી નીલવર્ણ ઇત્યાદિ પરિણામભેદ ગ્રહણ કરવા.

૨ અહિં ઇત્યાદિ શબ્દથી ત્રિગુણ–ચતુર્ગુણઇત્યાદિ ગુણસ્થાનકો ગ્રહણ કરવાં.

**इत्तो दव्वाएसेण–अप्पएसा हवंतऽसंखगुणा**
**के पुण ते ? परमाणू, कह ते बहुअत्ति तं सुणसु ॥१४॥**

गाथार्थः—તેથી એટલે પૂર્વે કહેલા કાળાપ્રદેશીપુદ્‌ગલોથી (દ્રવ્યના આદેશે એટલે) દ્રવ્યઆશ્રયિ અપ્રદેશીપુદ્‌ગલો અસંખ્યગુણા છે. (પુનઃ દ્રવ્યઆશ્રયિ અપ્રદેશીપુદ્‌ગલો) તે કયા કહેવાય ? (તેના ઉત્તરમાં) કહે છે કે (દ્રવ્યથી અપ્રદેશીપુદ્‌ગલો એટલે) પરમાણુઓ. પુનઃ તે ઘણા (એટલે અસંખ્યગુણ છે તે) કેવી રીતે ? તેની રીતિ સાંભળો. અર્થાત્ તેની રીતિ કહેવાય છે. ॥ ૧૪ ॥

टीकार्थः—ગાથાર્થ પ્રમાણે. ॥ ૧૪ ॥

અવતરણ—કાળાપ્રદેશીપુદ્‌ગલોથી દ્રવ્યાપ્રદેશીપુદ્‌ગલો એટલે પરમાણુઓ અસંખ્યગુણા કેવી રીતે છે તેની રીતિ દર્શાવવા માટે પ્રથમ આ ૧૫ મી ગાથામાં પુદ્‌ગલોના ૪ રાશિ દર્શાવે છે,

**अणु–संखिज्जपएसिअ–असंखऽणंतप्पएसिआ चेव**
**चउरो च्चिअ रासी पुग्गलाए लोए अणंताणं ॥१५॥**

गाथार्थः—અનન્તપુદ્‌ગલોની નિશ્ચય ચારરાશિ આ લોકને વિષે છે તેનાં નામ. ૧ પરમાણુરાશિ, ૨ સંખ્યાતપ્રદેશિકરાશિ, ૩ અસંખ્યપ્રદેશિકરાશિ, અને ૪ થી અનન્તપ્રદેશિકરાશિ એ નિશ્ચય. ॥ ૧૫ ॥

टीकार्थ—પરસ્પર સંબંધસ્વભાવ રહિત (એટલે છુટા) પરમાણુઓનો એકરાશિ,—તથા દ્વિપ્રદેશી ત્રિપ્રદેશી ઇત્યાદિથી યાવત્ ઉત્કૃષ્ટસંખ્યાતપ્રદેશી સુધીના સંખ્યાતપ્રદેશી નામવાળા સર્વે સ્કંધોનો એકરાશિ તે બીજો રાશિ છે, જઘન્યઅસંખ્યાતપ્રદેશી સ્કંધથી પ્રારંભીને એકોત્તરવૃદ્ધિએ યાવત્ ઉત્કૃષ્ટઅસંખ્યાતપ્રદેશી સ્કંધો સુધીના સર્વે સ્કંધો કે જે સર્વનું અસંખ્યપ્રદેશીસ્કંધ એવું નામ છે તેવા સર્વ સ્કંધોનો જે એક રાશિ તે અહિં ત્રીજો રાશિ જાણવો,—અને જઘન્યઅનન્તપ્રદેશીસ્કંધથી પ્રારંભીને એકોત્તરવૃદ્ધિએ યાવત્

**ઉત્કૃષ્ટઅનન્તપ્રદેશીસ્કન્ધ સુધીના સર્વ અનન્તપ્રદેશીસ્કંધ એવા નામવાળા સ્કંધોનો પણ જે એક રાશિ તે અહિં ૪ થો પુદ્‌ગલ-રાશિ જાણવો. એ કારણથીજ અનન્તાનન્ત[1]પુદ્‌ગલની ચાર રાશિઓ ચૌદરજ્જુપ્રમાણલોકને વિષે વર્તે છે. ॥ ૧૫ ॥**

૧ ચાર પુદ્‌ગલ રાશિઓનાં નામ.

| | | |
|---|---|---|
| ૧ પરમાણુ | ૩ અસંખ્યપ્રદેશી | આ ચાર રાશિમાંની પ્રત્યેકરાશિમાં |
| ૨ સંખ્યપ્રદેશી | ૪ અનન્તપ્રદેશી. | અનન્ત અનન્ત દ્રવ્યો છે, તેમાં પ્હેલી |

રાશિમાં અનન્તપરમાણુ છે અને બીજી સંખ્યપ્રદેશી રાશિમાં સંખ્યાત ઉત્તરરાશિઓ છે, અને પ્રત્યેક ઉત્તરરાશિમાં અનન્તઅનન્તસંખ્યા પ્રદેશી-પુદ્‌ગલસ્કંધો છે, જેમકે દ્વિપ્રદેશી રાશિમાં અનન્તદ્વિપ્રદેશી સ્કંધો છે, ત્રિ-પ્રદેશી રાશિમાં અનન્તત્રિપ્રદેશી સ્કંધો છે ઇત્યાદિ રીતે. ત્રીજી અસંખ્યપ્રદેશી નામની એક મૂળરાશિમાં અસંખ્ય ઉત્તરરાશિઓ છે, અને દરેક રાશિમાં અનન્ત અનન્ત અસંખ્યપ્રદેશી પુદ્‌ગલસ્કંધો છે, જેમકે જઘન્યાસંખ્યપ્રદેશી અનન્તસ્કંધો છે, પ્રદેશાધિકજઘન્યાસંખ્યપ્રદેશી અનન્ત સ્કંધો છે, દ્વિપ્રદેશા-ધિકજઘન્યાસંખ્યપ્રદેશી અનન્ત સ્કંધો છે ઇત્યાદિ એકોત્તરવૃદ્ધિએ અનન્ત અનન્ત ઉત્તરરાશિગત સ્કંધો જાણવા. તથા ચોથી અનન્તપ્રદેશી નામની એક મૂળરાશિમાં અનન્ત ઉત્તરરાશિઓ છે, અને દરેક ઉત્તરરાશિમાં અનન્ત અનન્ત અનન્તપ્રદેશી સ્કંધો છે, જેમકે જઘન્યાનન્તપ્રદેશી સ્કંધો અનન્ત છે, પ્રદેશા-ધિકજઘન્યાનંતપ્રદેશી સ્કંધો અનન્ત છે, દ્વિપ્રદેશાધિકજઘન્યાનન્તપ્રદેસી સ્કંધો અનન્ત છે ઇત્યાદિ રીતે યાવત્ ઉત્કૃષ્ટાનન્તપ્રદેશી સ્કંધો અનન્ત છે, એ પ્રમાણે ચારે મૂળરાશિ વિગેરેનું કોષ્ટક આ પ્રમાણે—

| મૂળરાશિ | ઉત્તરરાશિ | પ્રત્યેક ઉત્તરરાશિગત પુદ્‌ગલો. |
|---|---|---|
| ૧ પરમાણુ | ૧ | અનન્ત પરમાણુઓ. |
| ૨ સંખ્યપ્રદેશી | સંખ્યાત | અનન્ત અનન્ત સ્કંધો (સંખ્યાત પ્રદેશી) દ્વિપ્રદેશીથી પ્રારંભીને |
| ૩ અસંખ્યપ્રદેશી | અસંખ્યાત | અનન્ત અનન્ત સ્કંધો (અસંખ્ય પ્રદેશી) જ૦ અસં૦ પ્રદેશીથી પ્રારંભીને. |
| ૪ અનન્તપ્રદેશી | અનન્ત | અનન્ત અનન્ત સ્કંધો (અનંત-પ્રદેશી) જ૦ અનંતપ્રદેશીથી પ્રારંભીને |

અવતરણ—કાળાપ્રદેશીપુદ્ગલોથી દ્રવ્યાપ્રદેશીપુદ્ગલો અ-સંખ્યગુણ છે તે સિદ્ધ કરવા માટે ૧૫ મી ગાથામાં પ્રથમ લોકાન્તર્ગત સમગ્રપુદ્ગલોના ૪ રાશિ સ્થાપીને હવે તે ચારે રાશિઓમાં પરસ્પર અલ્પબહુત્વ કહેવાનું છે, ત્યાં આ ૧૬ મી ગાથામાં પ્રથમ અનન્તપ્રદેશીસ્કંધોથી પરમાણુઓ અનન્તગુણ છે, એમ દર્શાવે છે.

**तत्थाणंतेहिंतो, सुत्तेणंतप्पएसिएहिंतो ॥**
**जेण पएसट्ठाए, भणिआ अणवो अणंतगुणा ॥१६॥**

ગાથાર્થ—જે કારણથી ચારરાશિમાં શ્રી સિદ્ધાન્તનેવિષે અ-નન્તપ્રદેશવાળાઅનન્તસ્કંધોથી પ્રદેશાર્થપણે પરમાણુઓ અનન્ત-ગુણા કહ્યા છે ॥ ૧૬ ॥

ટીકાર્થ—તત્થ એટલે તે ચાર રાશિઓને વિષે જો કે અનન્ત-પ્રદેશીસ્કંધો અનન્ત છે તો પણ તે અનન્તપ્રદેશીસ્કંધોથી [1]પ્ર-દેશાર્થપણે પરમાણુઓને શ્રી સિદ્ધાન્તમાં અનન્તગુણા કહ્યા છે. તે શ્રી સિદ્ધાન્તનો સૂત્રપાઠ આ પ્રમાણે છે—" सव्वत्थोवा ઇત્યાદિ. એટલે [2]દ્રવ્યાર્થપણે અનન્તપ્રદેશીસ્કંધો સર્વથી થોડા છે, પરન્તુ એજ અનન્તપ્રદેશીસ્કંધો પ્રદેશાર્થપણે (અનન્તપ્રદેશીસ્કંધોથી) [3]અનન્તગુણા છે. તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અને પ્રદે-શાર્થપણે અનન્તગુણા છે, તેથી સંખ્યાતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થથી [4]સંખ્યાતગુણા અને પ્રદેશાર્થથી પણ નિશ્ચય એજ સંખ્યાત-

---

૧–૨ આખા પદાર્થોની ગણત્રી કરવી તે **द्रव्यार्थ**, અને આખા પદાર્થમાં જેટલા અણુઓ પિંડિત થયા છે તે અણુઓની ગણત્રી તે **प्रदेशार्थ**, માટે પરમાણુઓ જો કે દ્રવ્યાર્થતાવાળા ( આખાપદાર્થ ) તો સ્પષ્ટ છે, અને વાસ્તવિકરીતે પ્રદેશત્વવાળા નથી તો પણ અણુત્વની ગણત્રીપ્રમાણે પ્રદે-શાર્થતા અલ્પબહુત્વ કહેવામાં દોષ નથી.

૩ પ્રત્યેક સ્કંન્ધમાં અનન્ત અનન્ત પરમાણુઓ હોવાથી.

૪ વિપર્યયપણે વિચારતાં સંખ્યપ્રદેશીસ્કંધોથી અને પ્રદેશોથી પણ પરમાણુઓ સંખ્યાતમા ભાગ જેટલા છે, અને અસંખ્યપ્રદેશીસ્કંધોથી તેમજ

પ્રદેશી સ્કંધો સંખ્યાતગુણા છે. તેથી અસંખ્યપ્રદેશીસ્કંધો દ્રવ્યાર્થથી અસંખ્યાતગુણા અને પ્રદેશાર્થથી પણ નિશ્ચય અસંખ્યગુણા છે" ॥ ૧૬ ॥

અવતરણ—૧૬ મી ગાથામાં પરમાણુઓને અનન્તપ્રદેશી સ્કંધોથી અનન્તગુણા કહ્યા, તો તે પરમાણુઓ સંખ્યાતપ્રદેશી સ્કંધોથી અને અસંખ્યપ્રદેશીસ્કંધોથી કેટલા અધિક વા હીન છે તે આ ૧૭ મી ગાથામાં દર્શાવે છે.

**संखिज्जयमे भागे, संखिज्जपएसिआण वट्टंति ।**
**नवरमसंखिज्जपए-सिआण भागे असंखयमे ॥१७॥**

ગાથાર્થ—( પરમાણુઓ ) સંખ્યાતપ્રદેશીસ્કંધોના સંખ્યાતમા ભાગે વર્તે છે. પરન્તુ વિશેષ એ છે કે ( પરમાણુઓ ) અસંખ્યાતપ્રદેશીસ્કંધોના અસંખ્યાતમે ભાગે વર્તે છે. ॥ ૧૭ ॥

ટીકાર્થઃ—જે પુદ્ગલસ્કંધો સંખ્યાતપ્રદેશવાળા છે તે પુદ્ગલ સ્કંધો સંખ્યાતપ્રદેશી કહેવાય, તેવા સંખ્યાતપ્રદેશી પુદ્ગલસ્કંધોના સંખ્યાતમે [1]ભાગે પરમાણુઓ વર્તે છે. તથા જે પુદ્ગલસ્કંધોના અસંખ્યપ્રદેશ છે તે અસંખ્યપ્રદેશીપુદ્ગલસ્કંધો કહેવાય, તેવા અસંખ્યપ્રદેશીસ્કંધોના અસંખ્યાતમે [2]ભાગે પરમાણુઓ વર્તે છે. કારણ કે અહિં પ્રથમ દર્શાવેલો સૂત્રપાઠ એજ પ્રમાણ છે માટે. અહિં તાત્પર્ય એ છે કે—કલ્પના તરીકે જેમ ૧૦૦ નો સંખ્યાતમો ભાગ ૨૦ છે, ૧૦૦ નો અસંખ્યાતમો ભાગ ૧૦ છે, અને ૧૦૦ નો અનન્તમો ભાગ ધારો કે ૫ છે, તો એ પ્રમાણે આ દર્શાવેલી ગણત્રીની કલ્પનાની રીતિએ દ્વિપ્રદેશીસ્કંધોથી પ્રારંભીને (ઉત્કૃષ્ટ) સંખ્યાતપ્રદેશીસ્કંધો સુધીનો જે સંખ્યાત-

અસંખ્યપ્રદેશીસ્કન્ધોના સમગ્રપ્રદેશોથી પણ પરમાણુઓ અસંખ્યાતમા ભાગ જેટલા છે. એજ વિપર્યયભાવનું અલ્પબહુત્વ ૧૭ મી ગાથામાં જણાવશે.

૧–૨ ૧૬ મી ગાથાની વૃત્તિમાં દર્શાવેલા સિદ્ધાન્તપાઠના અલ્પબહુત્વથી આ અલ્પબહુત્વકાળાપ્રદેશીદ્રવ્યાપ્રદેશી ( પરમાણુઓ ) નું અસંખ્યગુણપણું સાધવા માટે વિપર્યયપણે દર્શાવ્યું છે.

**પ્રદેશીસ્કંધોનોરાશિ, તે રાશિની અપેક્ષાએ પરમાણુઓ સં-ખ્યાતમા [3]ભાગેજ પ્રાપ્ત થાય છે, અને અસંખ્યપ્રદેશીસ્કંધ-**

---

૩ અર્થાત્ સંખ્યપ્રદેશીસ્કંધો વા પ્રદેશો ૧૦૦ ગણીએ તો પરમાણુ ૨૦ ગણવા, તથા અસંખ્યપ્રદેશીસ્કંધો વા પ્રદેશો ૧૦૦ ગણીએ તો પરમાણુ ૧૦ ગણવા. અને અનન્તપ્રદેશીસ્કંધો વા પ્રદેશો ૫ ગણીએ તો પરમાણુ ૧૦૦ ગણવા.

અલ્પબહુત્વ સંબંધિ એ કલ્પનાગણત્રીનું ઉદાહરણ એકેક અંગ-સાધક છે, પરન્તુ સર્વાંગસાધક કલ્પનાગણત્રી જાણવી હોય તો આ પ્રમાણે છે—

ધારો કે સંખ્યાત એટલે ૫, અસંખ્યાત એટલે ૧૦ અને અનન્ત એટલે ૫૦ એ ઉત્કૃષ્ટ સંખ્યાત અસંખ્યાત અને અનન્તદર્શક અંક છે, અને ગુણાકાર કરવામાં વિશેષતઃ મધ્યમ અંક ઉપયોગી થાય છે, માટે સંખ્યાતગુણ કરવામાં ૨–૩–૪–૫ એ ચાર અંક ઉપયોગી હોવા છતાં અહિં સંખ્યાતગુણ કરવામાં ૩ નો અંક ગ્રહણ કરીએ, તથા અસંખ્યાત ગુણ કરવામાં ૬–૭–૮–૯–૧૦ એ પાંચે અંક ઉપયોગી છે, તો પણ અહિં ઉત્કૃષ્ટ સંખ્યાતગુણનો અભાવ હોવાથી ૯ નો અંક અસંખ્યાતગુણ કર-વામાં ગ્રહણ કરીએ, અને અનન્તગુણ કરવામાં ૧૧ થી ૫૦ સુધીના ચા-ળીસે અંકસ્થાનો ઉપયોગી હોવા છતાં અહિં મધ્યમ અનન્તવડે ગુણવાને મધ્યવર્તિ ૨૯ નો અંક ગ્રહણ કરીએ તો અહિં સંખ્યાતગુણ એટલે ૩ ગુણ, અસંખ્યગુણ એટલે ૯ ગુણ અને અનન્તગુણ એટલે ૨૯ ગુણ એવો અર્થ થયો.

હવે ધારો કે સર્વઅનન્તપ્રદેશીસ્કંધોના પ્રદેશાર્થપણે સમગ્ર પુદ્ગલો ૧૦૦૦ હોય તો પરમાણુઓ ૨૯૦૦૦ હોય, સંખ્યપ્રદેશીસ્કંધોના સમગ્ર પુદ્ગલો ૮૭૦૦૦ હોય અને સર્વ અસંખ્યપ્રદેશીસ્કંધોના પ્રદેશાર્થપણે સ-મગ્ર પુદ્ગલો ૭૮૩૦૦૦ હોય અને એ પ્રમાણે ચારે પુદ્ગલરાશિ ભેગા કરતાં લોકની અંદર પ્રદેશાર્થપણે સમગ્ર પુદ્ગલો ૯ લાખ (૯૦૦૦૦૦) હોય એમ જાણવું. એ સર્વ પ્રદેશાર્થપણે અલ્પબહુત્વ કહ્યું. પરંતુ અહિં કાળાપ્રદેશીથી દ્રવ્યાપ્રદેશીનાઅલ્પબહુત્વમાં પ્રદેશાર્થપણે સંખ્યપ્રદેશીથી સંખ્યા-તમે ભાગે અને અસંખ્યપ્રદેશીથી અસંખ્યાતમા ભાગે પરમાણુઓ છે એમ કહેવામાં પરમાણુઓનું ઘણાપણું (એટલે દ્રવ્યાર્થપણે સંખ્યાતપ્રદેશી સ્કંધોથી પરમાણુઓ સંખ્યાતમા ભાગ જેટલા છે, પરંતુએ સંખ્યાતમા

**રાશિની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગે પ્રાપ્ત થાય છે. ( એ ૧૦૦-૨૦-અથવા ૫ વિગેરેની ગણત્રી તો કાલ્પનિક છે, કારણ કે ) વાસ્તવિકરીતે તો પરમાણુઓ પણ અનન્ત છે એમ કહેવાશે. ॥ ૧૭ ॥**

---

ભાગ જેટલા પરમાણુઓ એટલા ઘણા પ્રમાણવાળા છે કે જે સંખ્યાતપ્રદેશી સર્વ સ્કંધોના સર્વપ્રદેશોની અપેક્ષાએ જોતાં પણ સંખ્યાતમા ભાગ જેટલાંજ થાય છે પરન્તુ અસંખ્યાતમા વા અનન્તમા ભાગ જેટલા થતા નથી માટે પરમાણુઓ ઘણા હોય તોજ સંખ્યાતપ્રદેશીસ્કંધોથી સંખ્યાતમા ભાગે હોય તે વાત તો દૂર રહી પરન્તુ સંખ્યપ્રદેશી સર્વસ્કંધોના સર્વપ્રદેશોથી પણ સંખ્યાતમા ભાગ જેટલા થાય, એ પ્રમાણેજ પરમાણુઓ ઘણા હોય તોજ અસંખ્યપ્રદેશીસ્કંધોથી અસંખ્યાતમા ભાગ જેટલા હોય તે વાત તો દૂર રહી પરન્તુ અસંખ્યપ્રદેશી સર્વસ્કંધોના સર્વપ્રદેશોથી પણ અસંખ્યાતમા ભાગ જેટલા થાય. અને જો ઘણા ન હોય તો અવશ્ય અનન્તમા ભાગ જેટલા પણ થવાનો સંભવ હોત પરન્તુ તેમ નથી માટે પરમાણુઓનું ઘણાપણું ) અવશ્ય સિદ્ધ થાય છે, પરન્તુ એ અલ્પબહુત્વ સિદ્ધ કરતી વખતે “ કાળાપ્રદેશીપુદ્ગલોથી ” એમ કહેવામાં કાળાપ્રદેશી પુદ્ગલોની ગણત્રી કરતી વખતે તો કાળાપ્રદેશી સ્કંધોજ ગણવા પડશે, પરન્તુ કાળાપ્રદેશીસ્કંધોના પ્રદેશોથી પરમાણુઓ અસંખ્યગુણા નહિં ગણાય, માટે કાળાપ્રદેશી પુદ્ગલોની ગણત્રીના અંગે એ ચાર રાશિનું અલ્પબહુત્વ કેવળ સ્કંધોની અપેક્ષાએ ઉપયોગી હોવાથી સ્કંધોની અપેક્ષાએજ એ અલ્પબહુત્વની કાલ્પનિક ગણત્રી વાસ્તવિકરીતે ઉપયોગમાં લેવાની છે, અને તેથી અહિં ઉપયોગમાં આવતું અલ્પબહુત્વ આ પ્રમાણે ગણવું—

ધારો કે સર્વઅનન્તપ્રદેશીસ્કંધો ૧૦૦૦ હોય તો પરમાણુઓ ૨૯૦૦૦ હોય છે. સંખ્યપ્રદેશીસ્કંધો ૮૭૦૦૦ હોય, અને અસંખ્યપ્રદેશી સ્કંધો ૭૮૩૦૦૦ હોય છે.

હવે એ ચારે રાશિઓમાંની પ્રત્યેક રાશિ કાળથી સપ્રદેશી અને કાળથી અપ્રદેશી પણ હોય છે, તેમાં પણ કાળથી અપ્રદેશીપુદ્ગલો સમયમાત્ર અલ્પસ્થિતિવાળા હોવાથી દરેક વખતે થોડાજ હોઈ શકે અને કાળથી સપ્રદેશીપુદ્ગલો અધિકસમયની સ્થિતિવાળા હોવાથી દરેક વખતે વધુ પ્રમાણમાંજ હોઈ શકે એ સ્વાભાવિક હોવાથી હવે એ ચારે રાશિની કાલ્પનિક

અવતરણ—પૂર્વગાથામાં ચારે રાશિઓના અલ્પબહુત્વમાં પરમાણુઓને જો કે અસંખ્યપ્રદેશી પુદ્ગલરાશિથી અસંખ્યાતમા ભાગ જેટલા કહ્યા તો પણ એકંદર દૃષ્ટિએ પરમાણુ કાળાપ્રદેશી પુદ્ગલોની અપેક્ષાએ ઘણા છે, તે દર્શાવે છે—

**सइवि असंखिज्जपए-सिआण तेसिं असंखभागत्ते**
**बाहल्लं साहिज्जइ, फुडमवसेसाहि रासीहिं ॥१८॥**

**ગાથાર્થ:**—પરમાણુઓ અસંખ્યાતપ્રદેશી પુદ્ગલોથી અસંખ્યાતમા ભાગે હોવાછતાં પણ શેષ બે રાશિઓથી પરમાણુઓ [1]ઘણા છે એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે. ॥ ૧૮ ॥

---

સંખ્યામાં (એક નાનો એક મોટો એમ) બે બે વિભાગ પાડી દઈએ તો તો વિભાગો આ પ્રમાણે પ્રાપ્ત થાય.

| ૪ રાશિ. | કાળથી અપ્રદેશી. | કાળથી સપ્રદેશી. | સર્વ સ્કંધો. |
|---|---|---|---|
| પરમાણુ. | ૫૦૦ | ૨૮૫૦૦ | ૨૯૦૦૦ |
| સંખ્યપ્રદેશી. | ૧૦૦૦ | ૮૬૦૦૦ | ૮૭૦૦૦ |
| અસંખ્યપ્રદેશી. | ૨૦૦૦ | ૭૮૧૦૦૦ | ૭૮૩૦૦૦ |
| અનંતપ્રદેશી. | ૧૨૫ | ૮૭૫ | ૧૦૦૦ |
| કુલ... | ૩૬૨૫ | | |

એ કોષ્ઠકમાં કાળાપ્રદેશી પુદ્ગલો કુલ ૩૬૨૫ છે, અને પરમાણુઓ કુલ ૨૯૦૦૦ તે ૩૬૨૫ થી ૨૯૦૦૦ આઠ ગુણા છે, અને આઠના અંકને અસંખ્યાતની કોટીમાં (૬-૭-૮-૯-૧૦ એ પાંચ અસંખ્યદર્શક અંકમાં) ધારેલો હોવાથી કાળાપ્રદેશી પુદ્ગલોથી દ્રવ્યાપ્રદેશીપુદ્ગલો એટલે પરમાણુઓ અસંખ્યગુણ પ્રાપ્ત થયા.

૧-૨-૩ અહિં અનન્તપ્રાદેશિકરાશિથી પરમાણુઓ અનન્તગુણા હોવાથી ઘણા છે એ તો સ્પષ્ટજ છે, પરન્તુ આ ત્રણે સ્થાને જે સંખ્યાત-

**ટીકાર્થ—અસંખ્યપ્રદેશી સ્કંધોથી તેઓ એટલે પરમાણુઓ અસંખ્યાતમા ભાગ જેટલા હોવા છતાં પણ બાકીની સંખ્યાતપ્રદેશી અને અનન્તપ્રદેશી નામની બે રાશિઓથી નિશ્ચય ( કાળાપ્રદેશીપુદ્ગલોની અપેક્ષાએ પરમાણુઓ ) [૨]ઘણા કહેવાય છે. અહિં તાત્પર્ય આ છે કે—સૂત્રમાં સંખ્યાતપ્રદેશી નામના રાશિની અપેક્ષાએ પરમાણુઓ સંખ્યાતભાગ જેટલા કહ્યા છે તે ઉપરથીજ સમજાય છે કે પરમાણુઓ [૩]ઘણા છે, જો તેમ ન હોત**

---

પ્રાદેશિકરાશિથી સંખ્યાતમા ભાગ જેટલા હોવા છતાં પણ ઘણા કહ્યા, તે વાસ્તવિકરીતે તો ઓછાજ છે તોપણ કાળાપ્રદેશીપુદ્ગલોથી પરમાણુઓ અસંખ્યાતગુણ છે એ સિદ્ધ કરવાના ઉપયોગમાં પરમાણુઓ ઘણાજ છે, અને તે ઉપયોગમાટે ઘણા હોવાનું કારણ સંખ્યાતપ્રદેશીથી સંખ્યાતમા ભાગ જેટલા છે માટેજ, જો અસંખ્યાતમા વા અનન્તમા ભાગ જેટલા ઓછા હોય તો પૂર્વોક્ત ઉપયોગમાટે પણ ઓછા રહેવાથી એકંદરરીતે પણ ઓછાજ કહેવાત. જેમ ગાગરજળની અપેક્ષાએ જો કે ઘડા જેટલું જળ ઓછું છે, પરન્તુ તૃષા શમાવવાના ઉપયોગમાટે તો એ ઘડા જેટલું જળ ઘણું છે. જો ચુલુકજળ હોત તો ઓછુંજ કહેવાત તદ્વત.

અથવા બીજી રીતે વિચારીએ તોપણ પરમાણુઓ ઘણા કહેવાય તે આ પ્રમાણે—પરમાણુઓને સંખ્યપ્રદેશીસ્કંધોથી દ્રવ્યાર્થપણે સંખ્યાતમાભાગ જેટલા કહ્યા એટલે સંખ્યપ્રદેશીસ્કંધોની સંખ્યાપેક્ષાએ સંખ્યાતમાભાગ જેટલા કહ્યા તે વાત તો દૂર રહી પરન્તુ સંખ્યાતપ્રદેશી સર્વ સ્કંધોના સર્વપ્રદેશોથી ( એટલે પ્રદેશાર્થપણે ) પણ સંખ્યાતમા ભાગ જેટલાજ કહ્યા છે, પરંતુ અસંખ્યાતમાભાગ જેટલા કે અનન્તમા ભાગ જેટલા કહ્યા નથી, માટે પરમાણુઓ સંખ્યાતપ્રદેશીસ્કંધોના સંખ્યાતમા ભાગે હોવાથી જો ઓછા હોત તો એ સંખ્યપ્રદેશી સ્કંધોના સર્વપ્રદેશોની અપેક્ષાએ તો અસંખ્યાતમા ભાગ જેટલા કે અનન્તમાભાગ જેટલા પણ હોઈ શકત, પરન્તુ તેમ નહિં હોવાથી એટલે સંખ્યપ્રદેશીસ્કંધોના સર્વપ્રદેશોથી પણ સંખ્યાતમાભાગે કહેલા હોવાથી સિદ્ધ થાય છે કે પરમાણુઓ ઘણા છે.

તેમજ અસંખ્યપ્રદેશીસ્કંધોથી પરમાણુઓ અસંખ્યાતમાભાગ જેટલા કહ્યા તે વાત તો દૂર રહી, પરન્તુ અસંખ્યપ્રદેશી સર્વસ્કંધોના સમગ્રપ્રદેશોથી પણ અસંખ્યાતમાભાગ જેટલાજ કહ્યા છે પરન્તુ અનન્તમા

તો ( એટલે સૂત્રમાં સંખ્યાતમા ભાગ જેટલા માટેજ ઘણા ) ન કહ્યા હોત તો સંખ્યાતપ્રદેશિકરાશીની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ જેટલા અથવા અનન્તમા ભાગ જેટલા પણ પરમાણુઓ હોવાનો સંભવ હતો ( અને જો અસંખ્યાતમા ભાગ જેટલા અથવા અનન્તમા ભાગ જેટલાજ પરમાણુઓ હોત તો કહેવા ઇચ્છેલું કાળાપ્રદેશીપુદ્ગલોથી પરમાણુઓનું જે અસંખ્યગુણપણું તે પ્રાપ્ત ન થાત અને હીનતરપણું પણ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવી જાત-ઇતિ તાત્પર્ય ). એ પ્રમાણે પરમાણુઓ સ્વરૂપથી ( વસ્તુતઃ ) કાળાપ્રદેશીપુદ્ગલોથી ઘણા છે એમ સિદ્ધ કરીને હવે તે પરમાણુઓ ( ઘણા છે એટલે વિશેષાધિક છે કે સંખ્યાતગુણ છે કે કાળાપ્રદેશી પુદ્ગલોથી અસંખ્યગુણ છે? તે શંકાના નિવારણ માટે ) કાળાપ્રદેશી પુદ્ગલોથી અસંખ્યગુણ છે તેની સિદ્ધિ દર્શાવે છે. ॥૧૮॥

અવતરણ—કાળાપ્રદેશી પુદ્ગલોથી પરમાણુઓ ઘણા છે એમ ગતગાથામાં પ્રતિપાદન કર્યુ, પરન્તુ ઘણા એટલે વિશેષાધિક કે કેટલા? તે સંબંધ આ ૧૯મી ગાથામાં દર્શાવે છે—

**जेणिक्करासिणो च्चिअ, असंखभागेण सेसरासीणं**
**तेणासंखिज्जगुणा, अणवो कालापएसेहिं ॥१९॥**

**गाथार्थ**—જે કારણથી નિશ્ચય એકજરાશિથી પરમાણુઓ અસંખ્યાતમા ભાગ જેટલા છે, પરંતુ શેષ બે રાશીથી નથી તે કારણથી પરમાણુઓ કાળાપ્રદેશીપુદ્ગલોથી અનન્તગુણા છે. ॥ ૧૯ ॥

**टीकार्थः**—જે કારણથી પરમાણુઓ એકરાશિથીજ એટલે અસંખ્યપ્રદેશીસ્કન્ધનામની એકરાશિથીજ અસંખ્યાતમા ભાગે

---

ભાગ જેટલા કહ્યા નથી માટે સમજાય છે કે પરમાણુઓ ઘણા છે, જો અસંખ્યપ્રદેશીસ્કંધાથી અસંખ્યાતમાભાગ જેટલા પરમાણુઓ કહેલા હોવાથી પરમાણુઓ ઓછા હોત તો અસંખ્યપ્રદેશી સર્વસ્કંધોના સમગ્રપ્રદેશોની અપેક્ષાએ તો અનન્તમાભાગ જેટલાજ થાત, પરન્તુ પ્રદેશાર્થપણે પણ અનન્તભાગ જેટલા કહ્યા નથી માટે સમજાય છે કે પરમાણુઓ ઘણાજ છે.

વર્તે છે, પરન્તુ શેષ બે રાશિથી એટલે સંખ્યાતપ્રદેશીસ્કંધ અને અનન્તપ્રદેશીસ્કંધ એ બે નામની રાશિથી પરમાણુઓ અસંખ્યાતમા ભાગના નથી. અહિં તાત્પર્ય એ છે કે—પરમાણુઓ અનન્તપ્રદેશીસ્કંધરાશિથી અનન્તગુણા છે, અને સંખ્યાતપ્રદેશી સ્કંધરાશિથી તો સંખ્યાતમા ભાગે છે, અને સંખ્યાતમોભાગ તે વિવક્ષા ( મધ્યમ સંખ્યાતરૂપ સ્થાનની વિવક્ષા )વડે અને પૂર્વોક્ત યુક્તિવડે અતિઅલ્પ [1]નથી, તે કારણથી કાળથી સપ્રદેશી અને અપ્રદેશીપણામાં વર્તતા પરમાણુઓ [2]ઘણા હોવાથી અને કાળાપ્રદેશીપુદ્દગલો સમયમાત્ર કાળસુધી રહેનારા હોવાથી અતિ અલ્પ હોઇ શકે છે માટે કાળાપ્રદેશી પુદ્દગલોથી દ્રવ્યાપ્રદેશી ( પરમાણુ ) પુદ્દગલો અસંખ્યગુણા છે ॥ ૧૯ ॥

અવતરણ—પૂર્વ ગાથાઓમાં કાળાપ્રદેશીઓથી દ્રવ્યાપ્રદેશી પુદ્દગલો અસંખ્યગુણ સિદ્ધ કરીને હવે આ ૨૦ મી ગાથાથી ૨૨ મી ગાથા સુધીમાં દ્રવ્યાપ્રદેશી પુદ્દગલોથી ( એટલે પરમાણુઓથી ) ક્ષેત્રાપ્રદેશીપુદ્દગલો અસંખ્યગુણ કહેવાના છે તે કેવીરીતે તેનું સ્વરૂપ દર્શાવે છે.

**इत्तो असंखगुणिआ, हवंति खित्तापएसिआसमए**
**जं ते ता सव्वेच्चिअ, अपएसा खित्तओ अणवो ॥२०॥**

**गाथार्थ**—એથી ( એટલે દ્રવ્યાપ્રદેશીપુદ્દગલોથી ) ક્ષેત્રાપ્રદેશી પુદ્દગલો સિદ્ધાન્તમાં અસંખ્યગુણ કહ્યા છે. જે કારણથી પ્રથમ તો તે સર્વ પરમાણુઓજ નિશ્ચય ક્ષેત્રથી અપ્રદેશી છે. ॥ ૨૦ ॥

**टीकार्थ**—એથી એટલે દ્રવ્યાપ્રદેશી પુદ્દગલોથી ક્ષેત્રાપ્રદેશી પુદ્દગલો અસંખ્યગુણા છે, કારણ કે પ્રથમ તો તે સર્વે પરમાણુઓજ

૧-૧૮ મી ગાથાના અર્થમાં અને ફુટનોટમાં કહ્યા પ્રમાણે.

૨ આ વાક્યમાં " ઘણા " એ શબ્દ કેવળ પરમાણુઓને અંગેજ જાણવો પરન્તુ કાળથી સપ્રદેશી અને અપ્રદેશી એ બે વિશેષણોને અંગે નહિં. કારણકે કાળથી સપ્રદેશીપરમાણુ તો ઘણા છે, પણ કાળથી અપ્રદેશી પરમાણુઓ અલ્પ છે, માટે એ બે વિશેષણ પરમાણુ શબ્દનાં સ્વરૂપદર્શક છે.

ક્ષેત્રથી નિશ્ચય અપ્રદેશીજ હોય છે. કારણકે બાદરપરિણામવાળો થવા છતાંપણ એકેપરમાણુ બે ત્રણ આદિ આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થતો નથી. ગાથામાં તા એ પદ તાવત્ એટલે "પ્રથમ" એ અર્થવાળું છે, અને તે આગળ કહેવાતી ગાથામાં કહેલા દ્વિપ્રદેશીઆદિ દ્રવ્યોની અપેક્ષાએ [૧]ક્રમોપન્યાસમાં છે. ॥ ૧૦ ॥

અવતરણ—પૂર્વગાથામાં પરમાણુઓ સર્વે ક્ષેત્રાપ્રદેશી કહ્યા, તો દ્વિપ્રદેશીઆદિ સ્કંધોમાં ક્ષેત્રાપ્રદેશીપણું કેવી રીતે છે? તે આ ગાથામાં દર્શાવે છે.

**दुपएसिआइएसुऽवि, पएसपरिवड्ढिएसु ठाणेसु ॥**
**लब्भइ इक्किक्कोवि अ, रासी खित्तापएसाणं ॥२१॥**

ગાથાર્થઃ—પ્રદેશપ્રદેશની વૃદ્ધિવાળા દ્વિપ્રદેશીઆદિ સ્થાનોમાં પણ ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોનો એકેકરાશિ પ્રાપ્ત થાય છે. ॥ ૨૧ ॥

ટીકાર્થઃ—અહિં પ્રદેશ શબ્દનો પરમાણુ અર્થ જાણવો. તેથી પ્રદેશપરિવર્ધિતસ્થાનોમાં એટલે એક બે ત્રણ આદિ ઉત્તરોત્તર પરમાણુવૃદ્ધિએ વધતા ( અર્થાત્ એકોત્તરવૃદ્ધિએ વધતા ) દ્વિપ્રદેશીઆદિસ્કંધોમાં પણ [૨]ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોનો એકેકરાશિ પ્રાપ્ત થાય છે. (એ ગાથાર્થ કહ્યો હવે ભાવાર્થ કહે છે). દ્વિપ્રદેશી સ્કંધોમાંના કેટલાએક બાદરપરિણામી હોવાથી બે બે આકાશપ્રદેશમાં અવગાહેલા હોય છે, અને કેટલાએક તો સૂક્ષ્મ પરિણામપણાવડે એકેક આકાશપ્રદેશમાં અવગાહેલા હોય છે, એ પ્રમાણે ત્રિપ્રદેશીસ્કંધોમાં પણ કેટલાક ત્રિપ્રદેશીસ્કંધો બાદરપરિણામીપણાવડે ત્રણ ત્રણ આકાશપ્રદેશમાં અવગાહેલા હોય છે, કેટલાએક બાદરસૂક્ષ્મપરિણામીપણાવડે બે બે પ્રદેશોમાં અવગાહેલા હોય છે, અને કેટલાક તો સૂક્ષ્મપરિણામીપણાવડે એકેક આકાશપ્રદેશોમાં અવગાહેલા હોય છે, એ પ્રમાણે ચતુઃપ્રદેશી-

૧ ક્રમોપન્યાસ એટલે અહિં પ્રથમ પરમાણુઓની વાત કહી છે, અને ત્યારબાદ દ્વિપ્રદેશી આદિ સ્કંધો સંબંધિ વાત આગળ દર્શાવી છે, અને કહેવા ઇચ્છેલું અલ્પબહુત્વ પણ એજ અનુક્રમે પ્રાપ્ત થાય છે માટે **તા** પદ ક્રમોપન્યાસદર્શક છે.

સ્કંધોમાં પણ કેટલાએક ચાર ચાર પ્રદેશમાં અવગાહેલા, કેટલાએક ત્રણ ત્રણ આકાશપ્રદેશમાં, કેટલાએક બે બે આકાશપ્રદેશમાં અને કેટલાએક તો એકેક આકાશપ્રદેશમાં અવગાહેલા હોય છે. એજ પ્રમાણે પંચપ્રદેશી ષટ્પ્રદેશીથી પ્રારંભીને યાવત્ અનન્તપ્રદેશી સુધીના પ્રત્યેક ભેદવાળા સ્કન્ધો એકેક આકાશપ્રદેશમાં અવગાહવાળા પણ પ્રાપ્ત થાય છે, અને તેમ થવાથી દ્વિપ્રદેશીથી પ્રારંભીને અનન્તપ્રદેશી સુધીના એકેક પરમાણુવૃદ્ધિવાળા પ્રત્યેક ભેદમાં ક્ષેત્રાપ્રદેશીપુદ્‌ગલોનો એકેકરાશિજ પ્રાપ્ત થાય છે. ॥ ૨૧ ॥

અવતરણ—પૂર્વગાથામાં દ્વિપ્રદેશીઆદિ સ્કન્ધોમાં ક્ષેત્રાપ્રદેશીપુદ્‌ગલોનો એકેકરાશિ પ્રાપ્ત થાય છે એમ કહ્યું, જેથી ક્ષેત્રાપ્રદેશીપુદ્‌ગલોમાં પરમાણુઓ તો સર્વે અને દ્વિપ્રદેશીઆદિ સ્કન્ધોમાં દેશ દેશ ભાગ એ સર્વ ક્ષેત્રાપ્રદેશીપુદ્‌ગલો મળીને દ્રવ્યાપ્રદેશીથી (એટલે પરમાણુઓથી) અસંખ્યગુણ સિદ્ધ કરીને હવે ક્ષેત્રાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી અસંખ્યગુણ છે, તેની સ્પષ્ટતા આ ગાથામાં દર્શાવે છે.

**इत्तो खित्ताएसेण चेव सपएसया असंखगुणा ॥**
**एगपएसोगाढे, मोत्तुं सेसावगाहणया ॥ २२ ॥**

ગાથાર્થઃ—તે ક્ષેત્રાપ્રદેશી પુદ્‌ગલોથી ક્ષેત્રથી સપ્રદેશીપુદ્‌ગલો નિશ્ચય અસંખ્યગુણ છે. કારણકે એકપ્રદેશાવગાહી સિવાયના શેષઅવગાહનાવાળા સર્વેપુદ્‌ગલોના ગ્રહણવડે (સપ્રદેશી અસંખ્યગુણ છે). ॥ ૨૨ ॥

ટીકાર્થઃ—તે ક્ષેત્રાપ્રદેશીપુદ્‌ગલોથી ક્ષેત્રથી સપ્રદેશીપુદ્‌ગલો અસંખ્યગુણ છે. કારણકે એકેક પ્રદેશાવગાહીસ્કંધો સિવાયના શેષાવગાહી પુદ્‌ગલોવડે (અસંખ્યગુણ છે) એટલે બે ઇત્યાદિ આકાશપ્રદેશમાં અવગાહનારા સર્વે પણ સ્કન્ધો અહિં (ક્ષેત્રસપ્રદેશીમાં) ગ્રહણ કરાય છે (ગણત્રીમાં વધારે ગણાય છે, એ ગાથાર્થ કહ્યો. હવે ભાવાર્થ કહે છે). અહિં તાત્પર્ય એ છે કે–ક્ષેત્રાવગાહની અપેક્ષાએ દ્વિપ્રદેશીસ્કન્ધોના બે રાશિ (બે વિભાગ)

થાય, તેમાં એક તો એકૈકપ્રદેશાવગાહીસ્કન્ધોનો, અને બીજો બે બે આકાશપ્રદેશાવગાહીસ્કન્ધોનો. તથા ત્રિપ્રદેશિકસ્કન્ધોના ક્ષેત્રાવગાહની અપેક્ષાએ ૩ રાશિ ( ત્રણ વિભાગ ) થાય, તેમાં એક તો એકૈકપ્રદેશાવગાહીસ્કન્ધોનો, બીજો બે બે પ્રદેશાવગાહી સ્કન્ધોનો, અને ત્રીજો રાશિ ત્રણત્રણ પ્રદેશાવગાહીસ્કન્ધોનો. તથા ચતુઃપ્રદેશીસ્કંધોના ચાર રાશિ ( ચાર વિભાગ ) થાય છે, તેમાં પ્હેલો રાશિ એકેકઆકાશપ્રદેશાવગાહીસ્કંધોનો, બીજો બે બે આકાશપ્રદેશાવગાહીસ્કંધોનો, ત્રીજો રાશિ ત્રણત્રણ આકાશપ્રદેશાવગાહી સ્કંધોનો, અને ચોથો રાશિ ચાર ચાર આકાશપ્રદેશાવગાહીસ્કંધોનો એ પ્રમાણે પંચપ્રદેશી સ્કંધોના ૫ રાશિ યાવત્ ( સંખ્યપ્રદેશીસ્કંધોના સંખ્યાતરાશિ ), અસંખ્યપ્રદેશી સ્કંધોના અસંખ્યરાશિ અને અનન્તપ્રદેશી સ્કંધોના અનન્તરાશિ ( અનન્તવિભાગ ) નહિં પણ અસંખ્યરાશિ થાય છે, કારણકે લોકાકાશના સમગ્રપ્રદેશો સર્વસિદ્ધાન્તોમાં અસંખ્યાતજ કહેલા છે. એ પ્રમાણે દ્વિપ્રદેશીથી પ્રારંભીને અનન્તપ્રદેશી સુધીના જે સર્વસ્કન્ધો છે, તેમાં જે એકેક આકાશપ્રદેશાવગાહી સ્કંધો છે તે બાદ કરતાં બાકીના સર્વે અનન્તસ્કન્ધો કે જે બે ત્રણ ઈત્યાદિ અનેક આકાશપ્રદેશમાં અવગાહેલા છે તે સર્વ ક્ષેત્રથી સપ્રદેશીપુદ્‌ગલો ગણાય છે. ॥ ૨૨ ॥

અવતરણ—પૂર્વગાથામાં ક્ષેત્રાપ્રદેશી પુદ્‌ગલોથી ક્ષેત્રસપ્રદેશીપુદ્‌ગલો અસંખ્યગુણ કહ્યા તે એકપ્રદેશાવગાહી સિવાયના શેષ અવગાહનાવાળા પુદ્‌ગલોની ગણત્રીથી કહ્યા, પરન્તુ શેષ અવગાહનાવાળા પુદ્‌ગલો કયા ગણવા? અને શા કારણથી અસંખ્યગુણ છે તે ( પૂર્વગાથામાં કહ્યું નથી માટે ) આ ગાથામાં કહે છે.

**ते पुण दुपएसोगाहणाइआ सवपुग्गलासेसा**
**ते अ असंखिज्जगुणा, अवगाहणठाणबाहुल्ला ॥२३॥**

ગાથાર્થ—( ૨૨ મી ગાથામાં સેસાવગાહણયા એટલે ક્ષેત્રાપ્રદેશીથી શેષઅવગાહનાવાળા એમ કહ્યું તેનો અર્થ જણાવવા માટે

અહિં કહે છે કે ) વળી તે **सेसा**–શેષપુદ્ગલો એટલે બે આકાશ પ્રદેશ ( ત્રણ આકાશપ્રદેશ ) ઈત્યાદિ અવગાહનાવાળા સર્વે પુદ્ગલો જાણવા, અને તે ( અનેકપ્રદેશાવગાહી પુદ્ગલો ) અસંખ્યાતગુણા છે, કારણકે અવગાહનાનાં સ્થાન ( અવગાહનાના ભેદો ) ઘણા છે માટે. ॥ ૨૩ ॥

**ટીકાર્થ:**—વળી તે બે આકાશપ્રદેશની અવગાહના આદિ વાળા સર્વે પુદ્ગલો એટલે દ્વિપ્રદેશીથી પ્રારંભીને અનન્તપ્રદેશી સુધીના સમગ્રસ્કંધો તે અહિં शेष એટલે વ્યતિરિક્ત અર્થાત્ ( ક્ષેત્રાપ્રદેશીથી–એ પદ અધ્યાહાર છે ) બાકીના સર્વે સ્કંધો ગ્રહણ કરવા, અને તે ક્ષેત્રથી સપ્રદેશીપુદ્ગલો અસંખ્યાતગુણા છે, કારણકે અવગાહનાના ભેદ ઘણા છે. ( એ ગાથાર્થ કહ્યો હવે ભાવાર્થ કહે છે ) અહિં તાત્પર્ય એ છે કે—પરમાણુથી પ્રારંભીને અનન્તપ્રદેશીસ્કંધસુધીના સર્વે પુદ્ગલો કે જેઓ એકેક આકાશ પ્રદેશમાં અવગાહેલા હોય છે, તે ક્ષેત્રાપ્રદેશી સર્વે પુદ્ગલોનું " એકૈકાકાશપ્રદેશાવગાહના " રૂપ એકજ સ્થાન ( એકજ ભેદ ) છે, અને બે આદિ આકાશપ્રદેશથી પ્રારંભીને યાવત્ અસંખ્ય આકાશપ્રદેશાવગાહનાવાળા સર્વે ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલોનાં બે આકાશપ્રદેશથી પ્રારંભીને અસંખ્ય આકાશપ્રદેશ સુધીનાં અસંખ્ય અવગાહના સ્થાનો છે. ॥ ૨૩ ॥

અવતરણ—અનન્તરગાથામાં ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોથી ક્ષેત્રસ-પ્રદેશીપુદ્ગલો અસંખ્યઅવગાહનાસ્થાનવાળા હોવાથી અસંખ્ય-ગુણ સિદ્ધ કર્યા. હવે આ ૨૪ મી ગાથામાં દ્રવ્યસપ્રદેશી–કાળસ પ્રદેશી–અને ભાવ સપ્રદેશી પુદ્ગલોનું અલ્પબહુત્વ દર્શાવે છે.

**दव्वेण हुंति इत्तो, सपएसा पुग्गला विसेसहिआ**
**कालेण य भावेण य, एमेव भवे विसेसहिआ ॥२४॥**

ગાથાર્થ—તે ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલોથી દ્રવ્યવડે સપ્રદેશી પુદ્-ગલો વિશેષાધિક છે, અને એ પ્રમાણે અનુક્રમે કાળથી સપ્રદેશી અને ભાવથી સપ્રદેશીપુદ્ગલો પણ વિશેષાધિક છે. ॥ ૨૪ ॥

टीकार्थ—એથી એટલે ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલોથી દ્રવ્યસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે, દ્રવ્યસપ્રદેશીપુદ્ગલોથી કાળથી સપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે, અને કાળસપ્રદેશી પુદ્ગલોથી ભાવસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે ॥ ૨૪ ॥

અવતરણ—૨૪ મી ગાથામાં જે અલ્પબહુત્વ કહ્યું, તે અલ્પબહુત્વ જાણવામાં શું યુક્તિ ( રીતિ ) છે તે દર્શાવે છે.

**भावाईआ वुड्ढी, असंखगुणिआ जमप्पएसाणं**
**तो सप्पएसयाणं, खित्ताइविसेसपरिवुड्ढो ॥२५॥**

गाथार्थ—જે કારણથી અપ્રદેશીપુદ્ગલોની ભાવાદિકવૃદ્ધિ અસંખ્યગુણ છે તે [૧]કારણથી સપ્રદેશીપુદ્ગલોની ક્ષેત્રાદિવૃદ્ધિ પણ વિશેષાધિક છે ॥ ૨૫ ॥

टीकार्थ—જે કારણથી અપ્રદેશીપુદ્ગલોની ભાવાદિકવૃદ્ધિ અસંખ્યગુણ છે, અહિં આદિ શબ્દથી કાળ–દ્રવ્ય–અને ક્ષેત્રવૃદ્ધિ ગ્રહણ કરવી, તેથી તાત્પર્ય એ આવે છે કે ભાવાપ્રદેશીપુદ્ગલોથી કાળાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે, કાળાપ્રદેશીપુદ્ગલોથી દ્રવ્યાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે, અને દ્રવ્યાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે, તો એટલે તે કારણથી સપ્રદેશી પુદ્ગલોની ક્ષેત્રાદિકવૃદ્ધિ એટલે ક્ષેત્રથી પ્રારંભીને ( ભાવસુધીની ) વૃદ્ધિ એટલે વિશેષાધિકતા અનુક્રમે વિપરીતપણે જાણવી. એટલે ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલોથી દ્રવ્યસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક, દ્રવ્યસપ્રદેશીપુદ્ગલોથી કાળસપ્રદેશીપુદ્ગલો વિશેષાધિક, અને કાળસપ્રદેશી પુદ્ગલોથી ભાવસપ્રદેશી પુદ્ગલો [૨]વિશેષાધિક છે. ॥ ૨૫ ॥

---

૧ અહિં શ્રીગ્રંથકારભગવાન્ વિશેષાધિકતામાં જે અસંખ્યગુણતાનો હેતુ કહે છે તે હેતુ તો નીચેની ફુટનોટમાં સ્પષ્ટ કર્યો છે, પરન્તુ એ સિવાય બીજા હેતુઓ જે પ્રત્યેક વિશેષાધિકતામાં રહ્યા છે, તે હેતુઓ આ ગ્રંથના સારાંશ તરીકે જે **पुद्गलषट्त्रिंशिकानो संक्षिप्तसार** એ નામવાળો વિભાગ છે તેમાં દર્શાવ્યા છે ત્યાંથી જોઈ લેવા.

૨ આ ગાથામાં ભાવાર્થ એ છે કે જેમ ચારે અપ્રદેશીના અલ્પ-

**અવતરણ—અહિં ૨૧ ગાથાઓ સુધીમાં અનુક્રમે ૪ અપ્ર-**

બહુત્વમાં અસંખ્યગુણ થવામાં જે હેતુ હતો તેજ હેતુ ચારે સપ્રદેશીની વિશેષાધિકતામાં છે. તેનો પ્રથમ અનુક્રમ આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| ૧ ભાવાપ્રદેશી સર્વથી અલ્પ | ભાવાપ્રદેશી | ક્રમ રાશિ |
| ૨ ભાવાપ્રદેશીથી કાળાપ્રદેશી અસંખ્યગુણ | કાળાપ્રદેશી | |
| ૩ કાળાપ્રદેશીથી દ્રવ્યાપ્રદેશી અસંખ્યગુણ | દ્રવ્યાપ્રદેશી | |
| ૪ દ્રવ્યાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશી અસંખ્યગુણ | ક્ષેત્રાપ્રદેશી | |
| ૫ ક્ષેત્રાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી અસંખ્યગુણ | | |
| ૬ ક્ષેત્રસપ્રદેશીથી દ્રવ્યસપ્રદેશી વિશેષાધિક | ક્ષેત્રસપ્રદેશી | ઉત્ક્રમ રાશિ |
| ૭ દ્રવ્યસપ્રદેશીથી કાળસપ્રદેશી વિશેષાધિક | દ્રવ્યસપ્રદેશી | |
| ૮ કાળસપ્રદેશીથી ભાવસપ્રદેશી વિશેષાધિક | કાળસપ્રદેશી | |
| | ભાવસપ્રદેશી | |

અહિં ક્રમરાશિમાં જ્યારે ક્રમે અસંખ્યગુણાધિકતા હોય છે ત્યારે ઉત્ક્રમ રાશિમાં વિશેષાધિકતાજ પ્રાપ્ત થાય એ ગણિતની સ્વાભાવિકરીતિ છે તે આ પ્રમાણે—

અહિં શ્રી ગ્રંથકર્તાએ આગળ ધાર્યા પ્રમાણે ૧ લાખનો જે અંક લીધો છે તેજ અંકગ્રહણકરીને ૧૭ મી ગાથાની ફુટનોટમાં કહ્યા પ્રમાણે સંખ્યાત એટલે ૫ અસંખ્ય એટલે ૧૦ અને અનન્ત એટલે ૫૦ ધારીએ, તો જગતમાં જે ૧૦૦૦૦૦ ( એકલાખ ) સમગ્ર પુદ્ગલદ્રવ્યો ( પ્રદેશાર્થપણે નહિ પરન્તુ દ્રવ્યાર્થપણે સમગ્રપુદ્ગલદ્રવ્યો ) છે તેમાં જો ભાવાપ્રદેશી પુદ્ગલ દ્રવ્યો ૧૦ હોય તો કાળાપ્રદેશી અસંખ્યગુણ એટલે ૧૦ ગુણ હોવાથી ૧૦૦ હોય અને દ્રવ્યાપ્રદેશીદ્રવ્યો એટલે પરમાણુઓ અસંખ્યગુણ એટલે ૧૦ ગુણ હોવાથી ૧૦૦૦ હોય અને ક્ષેત્રાપ્રદેશી દ્રવ્યો તેથી પણ અસંખ્ય-ગુણ એટલે ૧૦ ગુણ હોવાથી ૧૦૦૦૦ હોઈ શકે છે.

એ પ્રમાણે ભાવાપ્રદેશી ૧૦, કાળાપ્રદેશી ૧૦૦, દ્રવ્યાપ્રદેશી ૧૦૦૦ ક્ષેત્રાપ્રદેશી ૧૦૦૦૦ પુદ્ગલો પ્રાપ્ત છે.

હવે બીજી વાત એ છે કે જે એકલાખ સમગ્ર દ્રવ્યો છે તેના ભાવ-કાળ-દ્રવ્ય-અને ક્ષેત્ર એ કંઈ ૪ વિભાગ નથી પરન્તુ એ એકલાખ પુદ્-ગલોને જુદી જુદી રીતે સમજવામાં એ ચાર દ્વાર છે, માટે ભાવત્વ જે

દેશીઓનું પ્રથમ અલ્પબહુત્વ કહ્યું ત્યારબાદ અનુક્રમે ૪ સપ્રદેશી

૧ લાખ પુદ્ગલમાં વર્તે છે, તો કાળત્વ પણ એજ ૧ લાખમાં વર્તે છે, દ્રવ્યત્વ પણ એજ એકલાખમાં વર્તે છે અને ક્ષેત્રત્વપણ એજ એકલાખમાં વર્તે છે. માટે વાસ્તવિકરીતે એકલાખ પુદ્ગલો ભાવાપ્રદેશી અને ભાવ-સપ્રદેશી એમ બે વિભાગમાં વ્હેંચાઈ શકે છે, તથા એજ ૧ લાખ પુદ્ગલો કાળાપ્રદેશી અને કાળસપ્રદેશી એ રીતે પણ બે વિભાગમાં વ્હેંચાય છે, અને તે પ્રમાણે દ્રવ્ય અને ક્ષેત્રને અંગે પણ બે બે વિભાગમાં વ્હેંચાઈ જાય છે, તેથી ભાવાપ્રદેશીપુદ્ગલો ૧૦ ધારીએ તો ભાવસપ્રદેશીપુદ્ગલો બાકીનાં ૯૯૯૯૦ હોય છે, કાળાપ્રદેશીપુદ્ગલો ૧૦૦ છે તો કાળસપ્રદેશીપુદ્ગલો ૯૯૯૦૦ હોય છે, દ્રવ્યાપ્રદેશી ( પરમાણુઓ ) ૧૦૦૦ છે તો દ્રવ્યસપ્રદેશી ( સ્કન્ધો ) ૯૯૦૦૦ હોય છે, અને ક્ષેત્રાપ્રદેશી ૧૦૦૦૦ છે તો ક્ષેત્રસપ્રદેશી ૯૦૦૦૦ હોય છે. તેનું કોષ્ટક આ પ્રમાણે—

| પુદ્ગલો. | અપ્રદેશી. | સપ્રદેશી. | સર્વદ્રવ્યો. |
|---|---|---|---|
| ભાવથી | ૧૦ | ૯૯૯૯૦ | ૦ |
| કાળથી | ૧૦૦ | ૯૯૯૦૦ | ૦ |
| | | | ૦ |
| દ્રવ્યથી | ૧૦૦૦ | ૯૯૦૦૦ | ૦ |
| ક્ષેત્રથી | ૧૦૦૦૦ | ૯૦૦૦૦ | ૦ |

ઉપર પ્રમાણે હોવાથી અલ્પબહુત્વનો અનુક્રમ ઉપરોક્ત કોષ્ટકમાં જોઈએ તો ચારે અપ્રદેશીઓ અનુક્રમે અસંખ્યગુણ પ્રાપ્ત થાય છે, પરન્તુ સપ્રદેશી-ઓમાં તો ક્ષેત્રસપ્રદેશી ૯૦૦૦૦ હોવાથી ( ક્ષેત્રાપ્રદેશી ૧૦૦૦૦ ની અપેક્ષાએ ) અસંખ્યગુણ છે, ઇત્યાદિરીતે સ્પષ્ટ અનુક્રમ આ પ્રમાણે છે કે—

૧ ભાવાપ્રદેશીપુદ્ગલો સર્વથી અલ્પ છે, કારણકે કેવળ ૧૦ પુદ્ગલોજ છે.

૨ તેથી કાળાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે, કારણ કે ૧૦૦ પુદ્ગલો છે.

૩ તેથી દ્રવ્યાપ્રદેશીપુદ્ગલો ( પરમાણુ ) અસંખ્યગુણ છે, કારણકે ૧૦૦૦ પુદ્ગલો છે.

૪ તેથી ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે, કારણકે ૧૦૦૦૦ પુદ્ગલો છે.

**ઓનું અલ્પબહુત્વ કહ્યું હવે જીજ્ઞાસા એ છે કે એકન્દર દ્રષ્ટિએ ( સામાન્યથી ) અપ્રદેશીપુદ્ગલો અને ( સામાન્યથી ) સ-પ્રદેશીપુદ્ગલો એ બેમાં અલ્પબહુત્વ કયા પ્રકારે છે? તે [1]ત્રીજું મિશ્ર અલ્પબહુત્વ આ ૨૬ મી ગાથામાં દર્શાવે છે.**

---

૫ તેથી ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે, કારણકે ૯૦૦૦૦ પુદ્ગલો છે.

૬ તેથી દ્રવ્યસપ્રદેશીપુદ્ગલો ( સ્કંધો ) વિશેષાધિક છે કારણકે ૯૯૦૦૦ પુદ્ગલો છે.

૭ તેથી કાળાપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે, કારણકે ૯૯૯૦૦ પુદ્ગલો છે.

૮ તેથી ભાવસપ્રદેશીપુદ્ગલો વિશેષાધિક છે, કારણકે ૯૯૯૫૦ પુદ્ગલો છે.

એમાં ૯૦ હજાર પુદ્ગલોથી ૯૯ હજાર પુદ્ગલો, ૯૯ હજારથી ૯૯ હજારનવસો પુદ્ગલો અને ૯૯ હજાર નવસોથી ૯૯ હજાર નવસોનેવું પુદ્-ગલો વિશેષાધિકજ કહેવાય, કારણકે દ્વિગુણથી ન્યૂન તે તે વિશેષાધિક ગણાય છે.

શ્રી ગ્રન્થકારભગવંતે આ આઠ અલ્પબહુત્વમાં જે અંકસ્થાપના કહી છે તે આ આઠના અનુક્રમમાટે મુખ્યત્વે છે, પરન્તુ ચારમાર્ગણામાં પ્રત્યે-કની પરસ્પર હાનિવૃદ્ધિ દર્શાવવાની મુખ્યતા એ છે, અને ઉપરોક્ત અંક સ્થાપના આઠેના સીધા અનુક્રમમાં અને સીધીરીતે અસંખ્યગુણતાદિ દર્શા-વવામાં પણ એમ બન્ને રીતે ઉપયોગી થાય એવા હેતુથી દર્શાવી છે, જેથી ગ્રંથકાર ભગવંતનો અવિનય નથી કર્યો પરન્તુ ગ્રન્થકારભગવંતનું અભિધેય વધુ સ્પષ્ટ કર્યું છે એમ જાણવું. જો કે ગ્રંથકર્તા ભગવંતકૃત અંક સ્થાપ-નામાં આઠે અલ્પબહુત્વમાં ઉપયોગી થવા સરખો વિશેષાધિકતાનો સામાન્ય નિયમ અવશ્ય છે, પરન્તુ ( સંખ્યગુણ ) અસંખ્યગુણ અને વિશેષાધિકતાનો ભેદ સ્પષ્ટ થતો નથી માટેજ પૂર્વોક્ત અંકસ્થાપના ભિન્ન કરેલી છે. પુનઃ એ અંકસ્થાપનાપણ આગળ કહેવાતા એકાન્તરિતાદિ અલ્પબહુત્વમાં ઉપ-યોગી નથી એમ જાણવું.

૧. ૨૮ મી ગાથામાં ૩ પ્રકારનાં અલ્પબહુત્વ કહેશે, તે અપેક્ષાએ આ ત્રીજું અલ્પબહુત્વ છે. પરન્તુ અલ્પબહુત્વના બીજા પ્રકાર પણ આગળ ફુટનોટમાં કહેવાશે.

**मीसाण संकमं पइ, सपएसा खित्तओ असंखगुणा**
**भणिआ सट्ठाणे पुण, थोवच्चिअ ते गहेअव्वा ॥२६॥**

**ગાથાર્થ**—મિશ્રોના સંક્રમ અલ્પબહુત્વની અપેક્ષાએ ( ચારે અપ્રદેશીઓથી ) ક્ષેત્રસપ્રદેશી પુદ્ગલો અસંખ્યાતગુણા છે. પરન્તુ સ્વસ્થાનમાં ( સપ્રદેશીઓમાં ) તો તે ( ક્ષેત્રસપ્રદેશીઓ ) નિશ્ચય થોડાજ કહ્યા છે. ॥ ૨૬ ॥

**ટીકાર્થ**—[૧]મિશ્રપુદ્ગલોના એટલે ( ચારે ) અપ્રદેશી અને સપ્રદેશી પુદ્ગલો મળીને [૨]સંક્રાન્ત અલ્પબહુત્વના એટલે અપ્રદેશી

૧. અહિં **મિશ્ર** એટલે કેવળઅપ્રદેશીઓમાં પરસ્પર અલ્પબહુત્વ નહિં તેમજ કેવળ સપ્રદેશીઓમાં પરસ્પર અલ્પબહુત્વ નહિં, પરન્તુ અપ્રદેશી અને સપ્રદેશીનું ભેગું, અર્થાત્ અપ્રદેશી અને સપ્રદેશી એ બેનું પરસ્પર. એમાં જો કે ચાર અપ્રદેશી અને ચાર સપ્રદેશી છે તો તેમાંથી કયા અપ્રદેશી સાથે કયા સપ્રદેશીનું અલ્પબહુત્વ વિચારવાનું છે? એ પ્રશ્ન એ છે કે આ અને આગળની હવે પછીની ગાથાઓમાં કેવળ ક્ષેત્રાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશીનું અલ્પબહુત્વ કહ્યું છે. અને ત્યારબાદ ચારે સપ્રદેશીઓનું પરસ્પર પ્રથમ કહેવાયલું અલ્પબહુત્વ કહ્યું છે, અને ચારમાર્ગણામાં પ્રત્યેકનું જુદું જુદું સ્વજાતીય અલ્પબહુત્વ કહ્યું છે, માટે અહિં મિશ્રઅલ્પબહુત્વ કહેવામાં કેવળ ક્ષેત્રાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશીનું મિશ્રઅલ્પબહુત્વ કેમ કહ્યું? બીજા કોઈ અપ્રદેશીથી બીજાકોઈ સપ્રદેશીનુ વિજાતીય અલ્પબહુત્વ કેમ ન કહ્યું?

ઉત્તરઃ—ચાર અપ્રદેશીઓમાં ક્ષેત્રાપ્રદેશીઓ સર્વથી અધિક છે, અને ચાર સપ્રદેશીઓમાં ક્ષેત્રાપ્રદેશીઓ સર્વથી ન્યૂન છે, તેથી કેવળ ક્ષેત્રાપ્રદેશીની અપેક્ષાએ ક્ષેત્રસપ્રદેશીઓ અસંખ્યગુણા કહ્યા તો શેષ કોઈપણ અપ્રદેશીથી શેષ કોઈપણ વિજાતીય સપ્રદેશી અવશ્ય અસંખ્યગુણા થાય છે, માટે કેવળ ક્ષેત્રાપેક્ષાએ અલ્પબહુત્વ કહ્યું છે.

૨ **संक्रम**—એટલે એક વસ્તુને બીજી વસ્તુમાં ઉતારવી અથવા પ્રવેશ કરાવવો તે. અહિં અપ્રદેશીપુદ્ગલોને સપ્રદેશીપુદ્ગલોમાં અલ્પબહુત્વના કથનપણે ઉતારવા તે સંક્રમ. અર્થાત્ અપ્રદેશીપુદ્ગલોથી સપ્રદેશીપુદ્ગલો કેટલા અધિક વા ન્યૂન છે તે કહેવું.

અહિં જો કે **મિશ્ર** અને **संक्रम** એ પદમાં સ્થૂલદૃષ્ટિએ વિશેષભેદ

પુદ્ગલોથી સપ્રદેશી પુદ્ગલો કેટલાં ? એ પ્રકારવાળા અલ્પબહુત્વના વિચારમાં ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોથી ક્ષેત્રથીસપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણા છે, (જેથી શેષ ત્રણ અપ્રદેશીઓથી અસંખ્યગુણા છે એમ કહેવાની અથવા ચારે અપ્રદેશીઓની ભેગી સંખ્યાથી અસંખ્ય ગુણ છે એમ કહેવાની આવશ્યકતા રહી નહિં ), અને સ્વસ્થાને એટલે ચારે અપ્રદેશીઓને વર્જીને કેવળ સપ્રદેશીપુદ્ગલોના વિચારમાં અનુક્રમે વિશેષાધિક એવા દ્રવ્યાપ્રદેશી, કાળાપ્રદેશી, અને ભાવાપ્રદેશી પુદ્ગલોની અપેક્ષાએ તો તે ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો થોડાંજ છે ॥ ૨૬ ॥

અવતરણ—ગતગાથામાં મિશ્રઅલ્પબહુત્વના વિચારમાં ક્ષેત્રાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી અસંખ્યગુણ છે, પરન્તુ ચારે સપ્રદેશીની સમુદિતસંખ્યાની અપેક્ષાએ તો ક્ષેત્રસપ્રદેશી થોડાજ છે એમ કહીને હવે આ ગાથામાં પણ એજ[૧] વાત કહે છે.

## खित्तेण सप्पएसा, थोवा दव्वद्धभावओ अहिआ
## सपएसप्पाबहुअं, सट्ठाणे अत्थओ एवं ॥ २७ ॥

**ગાથાર્થ**—ક્ષેત્રથી સપ્રદેશી પુદ્ગલો થોડાં છે, તેથી દ્રવ્ય-કાળ અને ભાવથી સપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે, એ પ્રમાણે અર્થથી (એટલે વ્યાખ્યાની અપેક્ષાએ) સ્વસ્થાને સપ્રદેશીપુદ્ગલોનું અલ્પબહુત્વ જાણવું. ॥ ૨૭ ॥

---

માલૂમ પડતો નથી તોપણ **मिश्र** એ અલ્પબહુત્વનો એક પ્રકાર છે, અને **संक्रम** તે પ્રકારને કથનકરવાના વિધિને સૂચવનાર હોય એમ સમજાય છે, અથવા સામાન્ય અર્થ તરીકે **संक्रम** એટલે અલ્પબહુત્વનો વિચાર કરવો એવો અર્થ પણ અહિં ગ્રહણ કરી શકાય છે.

૧–૨ આ ગાથામાં જે અલ્પબહુત્વ કહ્યું તે અલ્પબહુત્વ ૨૪ મી ગાથામાં એકવાર કહેવાઈ ગયું છે, માટે પુનરૂક્તિ થાય છે કે નહિં ? તેમજ ૨૬ મી ગાથાના ઉત્તરાર્ધમાં જે અર્થ કહ્યો તેજ અર્થ પુનઃ આ ગાથાના પૂર્વાર્ધમાં કહ્યો એ રીતે પણ આ ગાથામાં પુનરૂક્તિ થાય છે કે નહિ ? એ શંકા સ્વાભાવિક થવી સંભવે છે તોપણ ૨૪ મી ગાથા આઠ અલ્પબહુત્વના સીધા અનુક્રમના પ્રસંગની છે, અને આ ગાથા કેવળ સપ્રદેશી વર્ગનાજ

**ટીકાર્થ**—શેષ સપ્રદેશીઓની (દ્રવ્યપ્રદેશી, કાળસપ્રદેશી, અને ભાવસપ્રદેશીની) અપેક્ષાએ ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો સર્વથી અલ્પ છે, એ અલ્પતા સિદ્ધ કરવા માટેની યુક્તિરીતિ તો પ્રથમજ (૨૪ મી અને ૨૫ મી ગાથામાં) કહી છે, તથા દ્રવ્યથી કાળથી અને ભાવથી સપ્રદેશી પુદ્ગલો અનુક્રમે વિશેષાધિક છે. એ પ્રમાણે અર્થથી એટલે વ્યાખ્યાનથીજ સપ્રદેશી પુદ્ગલોનું [૨]સ્વસ્થાને અલ્પબહુત્વ જાણવું. ॥ ૨૭ ॥

અવતરણ—અહિં ૨૭ મી ગાથા સુધીમાં અપ્રદેશી સપ્રદેશી પુદ્ગલોનું અલ્પબહુત્વ જુદી જુદી રીતે કહેવાયું, પરન્તુ અલ્પબહુત્વ કેટલી રીતે કહેવાય છે તેની સંખ્યા આ ગાથામાં દર્શાવે છે.

**पढमं अपएसाणं, बीयं पुण होइ सप्पएसाणं ॥**
**तइयं पुण मीसाणं, अप्पबहू अत्थओ तिन्नि ॥२८॥**

**ગાથાર્થ**—પ્રથમ અપ્રદેશીઓનું, પુનઃ બીજું સપ્રદેશીઓનું, અને ત્રીજું મિશ્રનું એ પ્રમાણે અર્થથી ત્રણ અલ્પબહુત્વ કહ્યાં છે. ॥ ૨૮ ॥

**ટીકાર્થ**—પ્રથમ દ્રવ્યાદિક ચારે અપ્રદેશીપુદ્ગલરાશિઓનું પરસ્પર અલ્પબહુત્વ કહ્યું છે, (એટલે હોય છે.) બીજું તેજ દ્રવ્યાદિ ચારે સપ્રદેશીપુદ્ગલરાશિઓનું પરસ્પર અલ્પબહુત્વ કહ્યું (અથવા હોય) છે. અને ત્રીજું મિશ્રપુદ્ગલોનું એટલે સપ્રદેશી અને અપ્રદેશીઓનું ભેગું (પરસ્પર) અલ્પબહુત્વ એ

---

ચાર અનુક્રમના ઉદ્દેશવાળી છે તેથી પુનરૂક્તિ ગણવાની જરૂર નથી, અને ૨૬ મી ગાથાના ઉત્તરાર્ધમાં કેવળ ક્ષેત્રસપ્રદેશી પુદ્ગલોની અલ્પતા દર્શાવવાનો ઉદ્દેશ છે, ત્યારે આ ગાથાના પૂર્વાર્ધમાં એજ અર્થથી ઉપજતા સપ્રદેશી વર્ગના ચાર અલ્પબહુત્વના ઉદ્દેશિકકથનમાં (૨૬ મી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) કેવળ પ્રસંગતાને પ્રાપ્ત થયેલો છે, માટે એ રીતે પણ પુનરૂક્તિ કહેવાની જરૂર નથી. અથવા જ્ઞાનોપદેશમાં અને તેમાં પણ આવા ગહનવિષયમાં પુનરૂક્તિ હોય તોપણ અર્થને વિશેષ સ્પષ્ટ કરવામાં ઉપકારી હોવાથી દોષરૂપ નથી. (૨ ઉપરની ટીપ્પણી જુઓ.)

પ્રમાણે ત્રણે અલ્પબહુત્વ વ્યાખ્યાનદ્વારા* કહ્યાં છે, અને [1]સૂત્રમાં તો [2]એકજ અલ્પબહુત્વ કહ્યું છે. ॥ ૨૮ ॥

**અવતરણ—પૂર્વ ગાથામાં ૩ પ્રકારના અલ્પબહુત્વનું સ્વરૂપ દર્શાવ્યું, હવે આ ગાથામાં સપ્રદેશીપુદ્ગલોના ચારેવર્ગનું પર-**

---

* શ્રી ભગવતીસૂત્રને વિષે મૂળપાઠમાં ત્રણે પ્રકારનાં અલ્પબહુત્વ નથી, પરન્તુ વ્યાખ્યાનદ્વારા ત્રણ અલ્પબહુત્વ પ્રાપ્ત થાય છે. કારણ કેઃ— **व्याख्यानाद्विशेषप्रतिपत्तिः** એટલે વિશેષ ભેદાનુભેદની પ્રાપ્તિ મૂળમાં ન હોય તોપણ વ્યાખ્યાનમાં એટલે વૃત્તિમાંથી સમજી શકાય.

૧ સૂત્રમાં એટલે શ્રી ભગવતીસૂત્રમાં

૨ એકજ અલ્પબહુત્વ તે **મિશ્ર** નામનું ત્રીજું અલ્પબહુત્વ. ( **सूत्रे-त्वेकमेवमिश्राल्पबहुत्वमुक्तम्** ઇતિ ભગ૦ વૃત્તૌ ) તે આ પ્રમાણે—

( શ્રી ભગવતી શતક ૫ ઉદ્દેશ ૭ મો. )

**एएसिणं भंते पोग्गलाणं दव्वादेसेणं खेत्तादेसेणं कालादेसेणं भावादेसेणं सपदेसाण य अपदेसाण य कयरे कयरे जाव विसेसाहिया वा? नारयपुत्ता! सव्वत्थोवा पोग्गला भावादेसेणं अपदेसा, कालादेसेण अपदेसा असंखेज्जगुणा. दव्वादेसेणं अपदेसा असंखेज्जगुणा, खेत्तादेसेणं अपदेसा असंखेज्जगुणा, खेत्तादेसेणं चेव सपदेसा असंखेज्जगुणा, दव्वादेसेणं सपदेसा विसेसाहिया, कालादेसेणं सपदेसा विसेसाहिया, भावादेसेण सपदेसा विसेसाहिया.** ( અર્થ ૨૫૪ છે ). એ આઠવર્ગનું સીધું અલ્પબહુત્વ તે કહેલા શ્રી ભગવતી વૃત્તિના પાઠને અનુસારે મિશ્રઅલ્પબહુત્વ ગણાય, કારણ કે ચારે અપ્રદેશી વર્ગનું અને ચારે સપ્રદેશીવર્ગનું ભેગું અલ્પબહુત્વ કહ્યું છે માટે. પરન્તુ આ મિશ્રઅલ્પબહુત્વ સ્વાભાવિક રીતે એવું છે કે જેમાંથી કેવળ અપ્રદેશીઓનું શુદ્ધ અલ્પબહુત્વ અને કેવળ સપ્રદેશીઓનું શુદ્ધ અલ્પબહુત્વ પ્રસંગતઃ કહેવાઈ ગયું છે, પરન્તુ ઉદ્દેશથી તો મિશ્રજ છે. પુનઃ ૨૫ મી ગાથામાં ક્ષેત્રની મુખ્યતાએ જે મિશ્રઅલ્પબહુત્વ કહ્યું છે તે ઉદાહરણ પણ આ આઠના મિશ્રઅલ્પબહુત્વથી સર્વથા ભિન્નતાવાળું નથી, પરન્તુ આઠ અલ્પબહુત્વની મિશ્રતાને અનુસરતું એકદેશીય ઉદાહરણ છે. હવે એ આઠ વર્ગનું સીધું અલ્પબહુત્વ જો મિશ્રઅલ્પબહુત્વ છે તો શુદ્ધ અલ્પબહુત્વ કયું? તે આ પ્રમાણેઃ—

સ્પર્ હાનિવૃદ્ધિનું પ્રમાણ ( અપ્રદેશી પુદ્ગલોના આધારે ) કેવી રીતે પ્રાપ્ત થાય છે તે દર્શાવે છે:—

**કેવળ અપ્રદેશી પુદ્ગલોનું અલ્પ બહુત્વ ( અનુલોમ )**

૧ ભાવાપ્રદેશીપુદ્ગલો સર્વથી અલ્પ છે.
૨ કાળાપ્રદેશીપુદ્ગલો તેથી અસં૦ ગુ૦ છે.
૩ દ્રવ્યાપ્રદેશી પુદ્ગલો તેથી અસં૦ ગુ૦ છે.
૪ ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલો તેથી અસં૦ ગુ૦ છે.

**( પ્રતિલોમ પણે )**

૧ ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલો સર્વથી અધિક છે.
૨ દ્રવ્યાપ્રદેશીપુદ્ગલો તેથી અસં૦ ગુ૦ હીન છે.
૩ કાળાપ્રદેશી પુદ્ગલો તેથી અસં૦ ગુ૦ હીન છે.
૪ ભાવાપ્રદેશી પુદ્ગલો તેથી અસં૦ ગુ૦ હીન છે.

**કેવળ સપ્રદેશી પુદ્ગલોનું અલ્પબહુત્વ ( અનુલોમપણે )**

૧ ક્ષેત્રથી સપ્રદેશીપુદ્ગલો સર્વથી અલ્પ છે.
૨ દ્રવ્યસપ્રદેશીપુદ્ગલો તેથી વિશેષાધિક છે.
૩ કાળસપ્રદેશીપુદ્ગલો તેથી વિશેષાધિક છે.
૪ ભાવસપ્રદેશીપુદ્ગલો તેથી વિશેષાધિક છે.

**( પ્રતિલોમ પણે )**

૧ ભાવસપ્રદેશીપુદ્ગલો સર્વથી અધિક છે.
૨ કાળસપ્રદેશીપુદ્ગલો તેથી વિશેષહીન છે.
૩ દ્રવ્યસપ્રદેશીપુદ્ગલો તેથી વિશેષહીન છે.
૪ ક્ષેત્રસપ્રદેશી પુદ્ગલો તેથી વિશેષહીન છે..

એ ત્રણે પ્રકારનાં અલ્પબહુત્વ એકાન્તરિતાદિભેદે પણ કહી શકાય તેમ છે.

**તે એકાન્તરિતાદિ અલ્પબહુત્વનો અનુક્રમ આ પ્રમાણે:—**

**( એકાન્તરિત )**

૧ ભાવાપ્રદેશીથી દ્રવ્યાપ્રદેશી અસં૦ગુ૦
૨ કાળાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશી ”
૩ દ્રવ્યાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી ”
૪ ક્ષેત્રાપ્રદેશીથી દ્રવ્યસપ્રદેશી ”
૫ ક્ષેત્રસપ્રદેશીથી કાળસપ્રદેશી ”
૬ દ્રવ્યસપ્રદેશીથી ભાવસપ્રદેશી ”

**( દ્વયન્તરિત )**

૧ ભાવાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશી અસં૦ગુ૦
૨ કાળાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી ”
૩ દ્રવ્યાપ્રદેશીથી દ્રવ્યસપ્રદેશી ”
૪ ક્ષેત્રાપ્રદેશીથી કાળસપ્રદેશી ”
૫ ક્ષેત્રસપ્રદેશીથી ભાવસપ્રદેશી ”

**ठाणे ठाणे वड्डइ, भावाईणं जमप्पएसाणं,**
**तं चिअ भावाईणं, परिभस्सइ सप्पएसाणं ॥२९॥**

ગાથાર્થઃ—સ્થાને સ્થાને ભાવાદિક અપ્રદેશોની જેટલી વૃદ્ધિ થાય તેટલીજ નિશ્ચય ભાવાદિક સપ્રદેશોની હાનિ થાય. ॥૨૯॥

( ત્ર્યન્તરિત )

૧ ભાવાપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશીઅસં૦ગુ૦
૨ કાળાપ્રદેશીથી દ્રવ્યસપ્રદેશી "
૩ દ્રવ્યાપ્રદેશીથી કાળસપ્રદેશી "
૪ ક્ષેત્રાપ્રદેશીથી ભાવસપ્રદેશી "

( ચતુરન્તરિત )

૧ ભાવાપ્રદેશીથી દ્રવ્યસપ્રદેશીઅસં૦ગુ૦
૨ કાળાપ્રદેશીથી કાળસપ્રદેશી "
૩ દ્રવ્યાપ્રદેશીથી ભાવસપ્રદેશી "

( પંચાન્તરિત )

૧ ભાવાપ્રદેશીથી કાળસપ્રદેશી અસં૦ ગુણ૦
૨ કાળાપ્રદેશીથી ભાવસપ્રદેશી અસં૦ ગુણ૦

( ષડન્તરિત )

૧ ભાવાપ્રદેશીથી ભાવસપ્રદેશી અનંત ગુણ૦

એ ૬ પ્રકારના અલ્પબહુત્વનો અનુક્રમ દર્શાવ્યો. પુનઃ પ્રત્યેકસ્થાનાશ્રિત અલ્પબહુત્વનો અનુક્રમ દર્શાવાય છે તે આ પ્રમાણે;–

(ભાવાપ્રદેશીથી)

૧ કાળાપ્રદેશી અસં૦ગુ
૨ દ્રવ્યાપ્રદેશી "
૩ ક્ષેત્રાપ્રદેશી "
૪ ક્ષેત્રસપ્રદેશી "
૫ દ્રવ્યસપ્રદેશી "
૬ કાળસપ્રદેશી "
૭ ભાવસપ્રદેશી અનંત ગુણ૦

(કાળાપ્રદેશીથી)

૧ ભાવાપ્રદેશી અસં૦ ગુણ હીન.
૨ દ્રવ્યાપ્રદેશી અસં૦ગુણ
૩ ક્ષેત્રાપ્રદેશી "
૪ ક્ષેત્રસપ્રદેશી "
૫ દ્રવ્યસપ્રદેશી "
૬ કાળસપ્રદેશી "
૭ ભાવસપ્રદેશી "

(દ્રવ્યાપ્રદેશીથી)

૧ ભાવાપ્રદેશી અસં૦ ગુણહીન.
૨ કાળાપ્રદેશી અસં૦ ગુણહીન.
૩ ક્ષેત્રાપ્રદેશી અસં૦ ગુણ૦
૪ ક્ષેત્રસપ્રદેશી "
૫ દ્રવ્યસપ્રદેશી "
૬ કાળસપ્રદેશી "
૭ ભાવસપ્રદેશી "

**ટીકાર્થઃ**—ભાવાદિકોની એટલે આદિશબ્દથી ભાવ-કાળ-દ્રવ્ય-અને ક્ષેત્રથી અપ્રદેશીપુદ્ગલોની દરેક સ્થાને જેટલી જેટલી વૃદ્ધિ થતી જાય, તેટલી તેટલી ભાવાદિ સપ્રદેશીપુદ્ગલોની હાનિ થતી જાય છે. (એ ગાથાર્થ કહ્યો, હવે ભાવાર્થ કહે છે.) જેમ કલ્પના તરીકે ૧ લાખ (૧૦૦૦૦૦) પુદ્ગલો ધારીએ, તેમાં ૧૦૦૦ પુદ્ગલો ભાવથી અપ્રદેશી છે, ૨૦૦૦ પુદ્ગલો કાળથી અપ્રદેશી છે,

| (ક્ષેત્રાપ્રદેશીથી) | (ક્ષેત્રસપ્રદેશીથી) | (દ્રવ્યસપ્રદેશીથી) |
|---|---|---|
| ૧ ભાવાપ્રદેશી અસં૦ ગુ૦ હીન. | ૧ ભાવાપ્રદેશી અસં૦ ગુ૦ હીન. | ૧ ભાવાપ્રદેશી અસં૦ ગુ૦ હીન૦ |
| ૨ કાળાપ્રદેશી " | ૨ કાળાપ્રદેશી " | ૨ કાળાપ્રદેશી " |
| ૩ દ્રવ્યાપ્રદેશી " | ૩ દ્રવ્યાપ્રદેશી " | ૩ દ્રવ્યાપ્રદેશી " |
| ૪ ક્ષેત્રસપ્રદેશી અસં૦ ગુણ૦ | ૪ ક્ષેત્રાપ્રદેશી " | ૪ ક્ષેત્રાપ્રદેશી " |
| ૫ દ્રવ્યસપ્રદેશી " | ૫ દ્રવ્યસપ્રદેશી અસં૦ ગુણ૦ | ૫ ક્ષેત્રસપ્રદેશી " |
| ૬ કાળસપ્રદેશી " | ૬ કાળસપ્રદેશી " | ૬ કાળસપ્રદેશી અસં૦ ગુણ૦ |
| ૭ ભાવસપ્રદેશી " | ૭ ભાવસપ્રદેશી " | ૭ ભાવસપ્રદેશી " |

| (કાળસપ્રદેશીથી) | (ભાવસપ્રદેશીથી) |
|---|---|
| ૧ ભાવાપ્રદેશી અસં૦ ગુ૦ હીન. | ૧ ભાવાપ્રદેશી અનંત ગુણ હીન. |
| ૨ કાળાપ્રદેશી " | ૨ કાળાપ્રદેશી અસં૦ ગુણ૦ હીન. |
| ૩ દ્રવ્યાપ્રદેશી " | ૩ દ્રવ્યાપ્રદેશી " |
| ૪ ક્ષેત્રાપ્રદેશી " | ૪ ક્ષેત્રાપ્રદેશી " |
| ૫ ક્ષેત્રસપ્રદેશી " | ૫ ક્ષેત્રસપ્રદેશી " |
| ૬ દ્રવ્યસપ્રદેશી " | ૬ દ્રવ્યસપ્રદેશી " |
| ૭ ભાવસપ્રદેશી અસં૦ ગુણ૦ | ૭ કાળસપ્રદેશી " |

જો કે ગમે તે ઇષ્ટ અલ્પબહુત્વ ઉપર્યુક્ત એ ક્રમમાંથી કોઇપણ એક ક્રમમાં મળી શકે તેમ છે તોપણ ચારમાર્ગણાઓમાં પ્રત્યેકમાર્ગણાનું પોત પોતાના એ એ ભેદનું ભિન્નભિન્ન અલ્પબહુત્વ દર્શાવાય છે—

| (દ્રવ્યથી) | (ક્ષેત્રથી) | (કાળથી) | (ભાવથી) |
|---|---|---|---|
| અપ્રદેશી અલ્પ | અપ્રદેશી અલ્પ | અપ્રદેશી અલ્પ | અપ્રદેશી અલ્પ |
| સપ્રદેશી અસં૦ ગુણ. | સપ્રદેશી અસં૦ગુ૦ | સપ્રદેશી અસં૦ગુ૦ | સપ્રદેશી અનંત ગુણ |

૫૦૦૦ પુદ્ગલો દ્રવ્યાપ્રદેશી છે, અને ૧૦૦૦૦ પુદ્ગલો ક્ષેત્રાપ્રદેશી છે એમ કલ્પીએ, તો ભાવથી સપ્રદેશીપુદ્ગલો ૯૯ હજાર (૯૯૦૦૦) કાળથી સપ્રદેશી પુદ્ગલો ૯૮ હજાર ( ૯૮૦૦૦ ), દ્રવ્યથી સપ્રદેશી પુદ્ગલો ૯૫ હજાર (૯૫૦૦૦) અને ક્ષેત્રથી સપ્રદેશીપુદ્ગલો (૯૦૦૦૦) બાકી રહે છે. અને તેથી ભાવાપ્રદેશીથી કાળાપ્રદેશીના અલ્પ-બ૦ માં જે ૧૦૦૦ પુદ્ગલો વધ્યા તેજ ૧૦૦૦ પુદ્ગલો ભાવસ-પ્રદેશીથી કાળસપ્રદેશીના અલ્પબ૦ માં ઘટ્યા. તથા કાળાપ્રદેશીથી દ્રવ્યાપ્રદેશીના અલ્પબ૦ માં જે ૩૦૦૦ પુદ્ગલો વધ્યા તેજ ૩૦૦૦ પુદ્ગલો કાળસપ્રદેશી દ્રવ્યસપ્રદેશી ( ના અલ્પબહુત્વ ) માં ઘટ્યા. તથા દ્રવ્યાપ્રદેશીથી ક્ષેત્રાપ્રદેશી ( ના અલ્પબહુત્વ ) માં જે ૫૦૦૦ પુદ્ગલો વધ્યા તેજ ૫૦૦૦ પુદ્ગલો દ્રવ્યસપ્રદેશીથી ક્ષેત્રસપ્રદેશી ( ના અલ્પબહુત્વ ) માં ઘટ્યા. ॥૨૯॥ તેની સ્થાપના આ પ્રમાણે:—

| | | | |
|---|---|---|---|
| ભાવાપ્ર૦ ૧૦૦૦ | કાલાપ્ર૦ ૨૦૦૦ | દ્રવ્યાપ્ર૦ ૫૦૦૦ | ક્ષેત્રાપ્ર૦ ૧૦૦૦૦ |
| ભાવસપ્ર૦ ૯૯૦૦૦ | કાળસપ્ર૦ ૯૮૦૦૦ | દ્રવ્યાસપ્ર૦ ૯૫૦૦૦ | ક્ષેત્રાસપ્ર૦૯૦૦૦૦ |

અવતરણ—અનન્તર ગાથામાં અપ્રદેશીપુદ્ગલોની વૃદ્ધિના કારણથી સપ્રદેશી પુદ્ગલોની ચારે માર્ગણામાં હાનિ દર્શાવી, અને આ ગાથામાં તેથી વિપરીતપણે એટલે અપ્રદેશી પુદ્ગલોની હાનિ-ના કારણથી ચારે માર્ગણામાં સપ્રદેશીપુદ્ગલોની વૃદ્ધિ દર્શાવે છે.

**अहवा खित्ताईणं, जमप्पएसाण हायए कमसो,**
**तं चिअ खित्ताईणं, परिवड्ढइ सप्पएसाणं ॥३०॥**

गाथार्थः—અથવા ક્ષેત્રાદિ અપ્રદેશીપુદ્ગલો અનુક્રમે જેટલા જેટલા ઘટતા જાય છે, તેટલા તેટલા નિશ્ચય ક્ષેત્રાદિસપ્રદેશીપુદ્ગલો વધતા જાય છે. ॥ ૩૦ ॥

टीकार्थः—અથવા દ્રવ્યાપ્રદેશી ક્ષેત્રાપ્રદેશીઆદિ વર્ગના જેટલા પુદ્ગલો અનુક્રમે ઘટે છે, તેટલા પુદ્ગલો અનુક્રમે ક્ષેત્રાદિસ-પ્રદેશીઓના વધે છે ( એ ગાથાર્થ કહ્યો. હવે ભાવાર્થ કહે છે ). તાત્પર્ય એ છે કે—ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોથી દ્રવ્યાપ્રદેશીપુદ્ગલો ૫૦૦૦ ઘટ્યા છે, તો ક્ષેત્રસપ્રદેશીથી દ્રવ્યસપ્રદેશીમાં તેજ ૫૦૦૦ પુદ્ગલો

વધ્યા છે. તથા દ્રવ્યાપ્રદેશીથી કાળાપ્રદેશીમાં જે ૩૦૦૦ પુદ્દગલો ઓછા થયા છે, તે દ્રવ્યસપ્રદેશીથી કાળસપ્રદેશીમાં તેજ ૩૦૦૦ પુદ્દગલો વધ્યા છે, તથા કાળાપ્રદેશીથી ભાવાપ્રદેશીમાં જે ૧૦૦૦ પુદ્દગલો ઘટ્યા છે, તે કાળસપ્રદેશીથી ભાવસપ્રદેશીમાં તેજ ૧૦૦૦ પુદ્દગલો વધ્યા છે. ॥ ૩૦ ॥

અવતરણ—અનન્તર બે ગાથાઓમાં જે બે વૃદ્ધિહાનિ કહી તેજ વાત વિશેષપણે આ ગાથામાં કહે છે.

**अवरुप्परप्पसिद्धा, वुड्ढी हाणी अ होइ दुण्हंपि ॥**
**अपएससप्पएसा–ण पुग्गलाणं सलक्खणओ ॥३१॥**

ગાથાર્થ:—એ પ્રમાણે અપ્રદેશી અને સપ્રદેશીપુદ્દગલોની બન્નેની પણ વૃદ્ધિ અને હાનિ સ્વલક્ષણથી અન્યોન્યપણે પ્રસિદ્ધ ( વિશેષતઃ સિદ્ધ ) છે. ॥ ૩૧ ॥

ટીકાર્થ:—એ પ્રમાણે ભાવ કાળ દ્રવ્ય અને ક્ષેત્રથી વિશિષ્ટ તેમજ ક્રમ તથા વિપરીતક્રમવડે વૃદ્ધિ–હાનિવાળા એવા અપ્રદેશ રાશિના અને સપ્રદેશરાશિના એ બન્ને પ્રકારના પુદ્દગલોની પરસ્પર એટલે અન્યોન્યની અપેક્ષાએ થતી વૃદ્ધિ અને હાનિ સ્વલક્ષણથી એટલે પોતાનાસ્વરૂપથીજ (અર્થાત્ સ્વભાવથીજ) પ્રસિદ્ધ એટલે અત્યંતસિદ્ધ છે. ॥ ૩૧ ॥

અવતરણ—કોઈ જીજ્ઞાસુને એવી શંકા થાય કે ભાવા પ્ર૦ ૧૦૦૦, કાળાપ્રદેશી ૨૦૦૦, અને દ્રવ્યાપ્રદેશી ૫૦૦૦ તથા ક્ષેત્રપ્રદેશી ૧૦ હજાર પુદ્દગલો કલ્પ્યા તો એ સર્વમળીને ૧૮૦૦૦ (અઢારહજાર) પુદ્દગલો અપ્રદેશરાશિના થયા, અને સમગ્રપુદ્દગલરાશિ તો ૧ લાખ (૧૦૦૦૦૦) જેટલો કલ્પ્યો છે, તેમાંથી ૧૮૦૦૦ અપ્રદેશીપુદ્દગલો બાદ જતાં બાકી ૮૨૦૦૦ પુદ્દગલો રહે તેજ સપ્રદેશી ગણાય, અને તમોએ તો ભાવસપ્રદેશી ૯૯૦૦૦, કાળસપ્રદેશી ૯૮૦૦૦, દ્રવ્યસપ્રદેશી ૯૫૦૦૦, અને ક્ષેત્રસપ્રદેશી ૯૦૦૦૦ ગણવાથી કુલ સપ્રદેશી પુદ્દગલો ત્રણલાખબ્યાસીહજાર ( ૩૮૨૦૦૦ ) થાય છે, તો તમોએ ૨૯ મી અને ૩૦ મી ગાથામાં પુદ્દગલોની વૃદ્ધિહાનિનું જે સ્વરૂપ કહ્યું તે શી રીતે હોઈ શકે ? એ શંકાના સમાધાન તરીકે આ ૩૨મી ગાથા કહે છે.

**ते चेव य ते चउहिवि, जमुवचरिज्जंति पुग्गला दुविहा॥**
**तेण उ वुड्ढी हाणी, तेसिं अन्नोन्नसंसिद्धा ॥३२॥**

गाथार्थः—( હે જીજ્ઞાસુ! તમોએ જે ભાવાપ્રદેશી આદિ ચાર પ્રકારના પુદ્ગલોને જુદા જુદા માની ૧૮૦૦૦ અપ્રદેશી પુદ્ગલો ગણ્યા તે અયોગ્ય છે ) જે કારણ માટે પુદ્ગલો તો (સપ્રદેશી અને અપ્રદેશી એમ ) બે પ્રકારનાજ છે, અને તે બે પ્રકારના પુદ્ગલોમાં ( ભાવાદિ ) ચારચાર પ્રકારનો ઉપચાર છે, તે કારણથી તે ( ભાવાદિ ભિન્નભિન્ન વિશેષણવાળા પણ ) પુદ્ગલો તો તેના તેજ ( સપ્રદેશી વા અપ્રદેશીજ ) છે, તે કારણથીજ તે પુદ્ગલોની વૃદ્ધિ હાનિ પરસ્પર સિદ્ધ છે. ॥ ૩૨ ॥

टीकार्थ—જે કારણથી પુદ્ગલો તો सप्रदेशी અને अप्रदेशी એમ બે પ્રકારનાજ છે, અને એજ બે પ્રકારવાળા પુદ્ગલો ભાવ કાળ–દ્રવ્ય–અને ક્ષેત્ર એ ચાર ( માર્ગણાઓ ) વડે ઉપચરિત થાય છે એટલે વિશેષતાવાળા–વિશેષણવાળા થાય છે. પરન્તુ પરમાર્થથી તો તેના તેજ ( એટલે સપ્રદેશી અને અપ્રદેશીજ ) છે, પરન્તુ બીજા નથી. અહિં તાત્પર્ય એ છે કે— કલ્પના તરીકે જે પુદ્ગલો નિશ્ચયથી ૧ લાખ કહ્યા છે, પરન્તુ પરમાર્થથી ( વસ્તુતઃ ) અનન્ત છે, તેજ ( ૧ લાખ ) પુદ્ગલોમાંથી કેટલાએક દ્રવ્યથી અપ્રદેશી (=૧૦૦૦ દ્રવ્યાપ્રદેશી ) છે તો બાકીના ( ૯૯૦૦૦ ) પુદ્ગલો દ્રવ્યથી સપ્રદેશી છે. પુનઃ જે દ્રવ્યથી અપ્રદેશી અને દ્રવ્યથી સપ્રદેશી ( મળીને ૧ લાખ ) પુદ્ગલો છે તે ( દરેકમાંથી એટલે કેટલાક દ્ર૦ સપ્રદેશીમાંના અને કેટલાક દ્ર૦ અપ્રદેશીમાંનાજ ) કાળ વિગેરે માર્ગણાથી પણ સપ્રદેશી અને અપ્રદેશી વિચારાય છે. તે કારણથી તે પુદ્ગલોની વૃદ્ધિહાનિ [૧]અન્યોન્યસિદ્ધ એટલે એક બીજાને આશ્રયિ અર્થાત્ પરસ્પરની અપેક્ષાએ છે.

---

૧ અહિં ભાવાર્થ એ છે કે–કલ્પના તરીકે લોકમાં સમગ્રપુદ્ગલો જે ૧ લાખ કલ્પ્યા છે, તે ૧ લાખ પુદ્ગલોમાં ભાવમાર્ગણાએ સપ્રદેશી અપ્રદેશીપણું વિચારીએ તો એ ૧ લાખ પુદ્ગલોમાંના ૧૦૦૦ પુદ્ગલો ભાવાપ્રદેશી છે, તો બાકીના સર્વ ૯૯ હજાર ( ૯૯૦૦૦ ) પુદ્ગલો ભાવસપ્રદેશીજ રહ્યા.

અવતરણ—પૂર્વગાથાઓમાં જે પુદ્‌ગલોની વૃદ્ધિહાનિનું સ્વરૂપ કહ્યું તે આ ત્રણ ગાથાઓમાં અંકસ્થાપનના ઉદાહરણથી દર્શાવે છે—

**एएसिं रासीणं, णिदरिसणमिणं भणामि पच्चक्खं ॥**
**वुड्ढिए सव्वपुग्गल, जावं तावाण लक्खो उ ॥३३॥**
**इक्कं च दो अ पंच य, दसयसहस्साइँ अप्पएसाणं ॥**
**भावाईणं कमसो, चउण्हवि जहोवइट्ठाणं ॥३४॥**

**ગાથાર્થ**—એ ચારે રાશિઓની વૃદ્ધિહાનિ સમજવામાટે આ પ્રત્યક્ષ ઉદાહરણ કહું છું. જે સર્વપુદ્‌ગલો લોકમાં છે તે સર્વ પુદ્‌ગલો ધારો કે ૧ લાખ છે. ॥ ૩૩ ॥

હવે ભાવાદિક અપ્રદેશપુદ્‌ગલોની ચારેરાશિઓ અનુક્રમે જે રીતે ઉપદેશેલી (કહેલી) છે તે ચારેરાશિઓ અનુક્રમે ધારો કે ૧૦૦૦-૨૦૦૦-૫૦૦૦- અને ૧૦૦૦૦ ( એક હજાર-બેહજાર-પાંચ-હજાર-અને દશહજાર ) સંખ્યા પ્રમાણની છે એમ જાણવું. ॥૩૪॥

**ટીકાર્થ**—બન્ને ગાથાનો ટીકાર્થ ગાથાર્થ પ્રમાણે— ( એ પ્રમાણે અપ્રદેશપુદ્‌ગલોની ચારે રાશિઓના અંક દર્શાવીને હવે સપ્રદેશપુદ્‌ગલોની ચારેરાશિઓના અંક દર્શાવે છે. )

---

પુનઃ એજ ૧ લાખ પુદ્‌ગલોમાં કાળમાર્ગણાએ સપ્રદેશી અપ્રદેશીપણાનો વિચાર કરીએ તો એ ૧ લાખમાંના ૨૦૦૦ પુદ્‌ગલો જો કાળથી અપ્રદેશી છે તો બાકીના સર્વે ૯૮૦૦૦ પુદ્‌ગલો કાળથી સપ્રદેશીજ રહ્યા.

પુનઃ એજ ૧ લાખ પુદ્‌ગલોમાં દ્રવ્યમાર્ગણાએ સપ્રદેશી અપ્રદેશીપ-ણાનો વિચાર કરીએ તો એ ૧ લાખ પુદ્‌ગલોમાંથી ૫૦૦૦ પુદ્‌ગલો કાળથી અપ્રદેશી છે તો બાકીના સર્વે ૯૫૦૦૦ પુદ્‌ગલો કાળથી સપ્રદેશીજ રહ્યા.

પુનઃ એજ ૧ લાખ પુદ્‌ગલોમાં ક્ષેત્રમાર્ગણાએ સપ્રદેશીઅપ્રદેશીપ-ણાનો વિચાર કરીએ તો જો ૧૦ હજાર પુદ્‌ગલો ક્ષેત્રાપ્રદેશી છે તો બાકીના સર્વે નેવુ હજાર ( ૯૦૦૦૦ ) પુદ્‌ગલો ક્ષેત્રથી સપ્રદેશીજ રહ્યા.

એ પ્રમાણે હોવાથી આ ગાથાના અવતરણમાં જીજ્ઞાસુકૃત ગણત્રી અ-યોગ્ય હોવાથી શ્રી ગ્રંથકર્તાએ દર્શાવેલી પુદ્‌ગલોની અન્યોન્યાશ્રિત વૃદ્ધિહાનિ સ્વભાવ સિદ્ધ છે.

**नउई पंचाणउई, अट्ठाणउई तहेव नवनउई ॥**
**एवाइयाइँ सहस्साइँ, सप्पएसाण विवरीअं ॥३५॥**

गाथार्थ—સપ્રદેશીપુદ્ગલરાશિઓના અંક એથી વિપરીત એટલે નેવુ, પંચાણુ, અઠ્ઠાણું, તેમજ નવાણું એટલા હજાર ( -૯૦૦૦૦-૯૫૦૦૦-૯૮૦૦૦-૯૯૦૦૦ ) જાણવા. ॥ ૩૫ ॥

टीकार्थ—સપ્રદેશરાશિઓના વિપરીતપણે અનુક્રમે ૯૦હજાર, ૯૫હજાર, ૯૮હજાર, અને ૯૯હજાર ( એ અંક ) જાણવા. ( એ ગાથાર્થ કહ્યો હવે ભાવાર્થ કહે છે) વિપરીતપણું આ પ્રકારે જાણવું. ક્ષેત્રથી સપ્રદેશીપુદ્ગલો ૯૯ હજાર, દ્રવ્યથી સપ્રદેશી પુદ્ગલો ૯૫ હજાર, કાળથી સપ્રદેશીપુદ્ગલો ૯૮ હજાર, અને ભાવથી પ્રદેશીપુદ્ગલો ૯૯ હજાર જાણવા. ॥ ૩૫ ॥

અવતરણ—એ અંકસ્થાપનાનું ઉદાહરણ વૃદ્ધિહાનિમાં કેવીરીતે ઉપયોગમાં લેવું તે દર્શાવવાની ભલામણરૂપ ઉપસંહાર સાથે આ પ્રકરણની સમાપ્તિરૂપ ગાથા કહે છે.

**एएसिं जहासंभव,–मत्थोवणयं करिज्ज रासीणं ॥**
**सब्भावओ अ जाणि–ज्ज ते अणंते जिणाभिहिए॥३६**

गाथार्थ—ઉપર દર્શાવેલી એ ચારે અંકરાશિઓનો અર્થોપનય (ઘટના) યથાયોગ્યપણે જે રીતે સંભવે તે રીતે કરવો, (એ અંકરાશિઓ તે પુદ્ગલોની હાનિવૃદ્ધિ સમજવામાટે કલ્પિત છે, માટે તે તે પ્રકારવાળા પુદ્ગલો એટલાજ એમ ન જાણવું. કારણકે) શ્રી જીનેશ્વર ભગવંતે તો ( તે આઠે વર્ગમાં પ્રત્યેકમાં ) સદ્ભાવથી ( વાસ્તવિકરીતે ) અનન્ત અનન્ત પુદ્ગલો કહ્યા છે એમ જાણવું.

इति श्री पुद्गलषट्त्रिंशिकाया गूर्जरभाषान्तरं

समाप्तम्.

# पुद्गलषट्त्रिंशिकानो संक्षिप्त सार.

આ પુદ્ગલષટ્ત્રિંશિકા પ્રકરણમાં લોકવર્તિસમગ્રપુદ્ગલોમાં દ્રવ્યાદિચારમાર્ગણાદ્વારા અપ્રદેશી સપ્રદેશીનું અલ્પબહુત્વ કહ્યું છે. એ પુદ્ગલોના દ્રવ્યાદિચારમાર્ગણાદ્વારા સપ્રદેશી અપ્રદેશી-પણાવડે પ્રથમ આઠ સ્થાન ઉપજે છે તે આ પ્રમાણે—

| | |
|---|---|
| ૧ દ્રવ્યથી અપ્રદેશી પુદ્ગલો,<br>૨ દ્રવ્યથી સપ્રદેશી પુદ્ગલો. | આ બે ભેદમાં લોકવર્તિસમગ્ર પુદ્ગલોનો સંગ્રહ જાણવો. |
| ૧ ક્ષેત્રથી અપ્રદેશી પુદ્ગલો<br>૨ ક્ષેત્રથી સપ્રદેશી પુદ્ગલો | આ બે ભેદમાં પણ લોકવર્તિ સમગ્ર પુદ્ગલોનો સંગ્રહ થયો જાણવો. |
| ૧ કાળથી અપ્રદેશી પુદ્ગલો<br>૨ કાળથી સપ્રદેશી પુદ્ગલો | આ બે ભેદમાં પણ લોકવર્તિ સમગ્ર પુદ્ગલો સંગ્રહિત થયા જાણવા. |
| ૧ ભાવથી અપ્રદેશી પુદ્ગલો<br>૨ ભાવથી સપ્રદેશી પુદ્ગલો | આ બે ભેદમાં પણ લોકવર્તિ સમગ્ર પુદ્ગલો સંગ્રહિત થયા જાણવા. |

એ પ્રમાણે સમગ્ર પુદ્ગલોના જુદી જુદી રીતે બે બે ભેદ પડવાથી આઠ સ્થાન અથવા આઠ ભેદ અથવા આઠ વર્ગ અથવા આઠ રાશિ વિશેષ સમજમાટે પાડયા છે એમ જાણવું, પરંતુ સમગ્રપુદ્ગલો આઠ વિભાગમાં વ્હેંચાયલા છે એમ ન જાણવું. હવે એ આઠે સ્થાનનો સંક્ષિપ્ત અર્થ આ પ્રમાણે.

૧ द्रव्यथो [१]अप्रदेशो पुद्गलो—એટલે પરમાણુઓ. કારણકે

---

૧-૨ अप्रदेश શબ્દ નિરંશ ( નિરવયવ ) વાચક અથવા નિર્વિભાજ્યએકત્વ વાચક છે, અને सप्रदेश શબ્દ સાવયવ અથવા વિભાજ્યત્વ વાચક છે, તથા સ્થૂલ વ્યાખ્યામાં કહીએ તો ( અંતિમ )એકત્વવાચક અપ્રદેશશબ્દ છે, અને સપ્રદેશશબ્દ અનેકત્વ વાચક છે. માટે અહિં ચારે માર્ગણામાં અપ્રદેશ અને સપ્રદેશ શબ્દનો વ્યપદેશ થાય છે.

પરમાણુ એ પુદ્ગલદ્રવ્ય છે, અને સ્કંધસાથે પ્રતિબંધ ન હોવાથી પ્રદેશત્વ રહિત છે માટે.

२ द्रव्यथो [२]सप्रदेशी पुद्गलो—એટલે દ્વિપ્રદેશી પ્રારંભીને યાવત્ અનન્તપ્રદેશી સુધીનાસ્કંધો. કારણકે એ સ્કંધો પુદ્ગલદ્રવ્ય છે, અને તેમાં અનેક પરમાણુઓ પ્રતિબદ્ધ હોવાથી પ્રદેશત્વ સહિત છે માટે.

३ क्षेत्रथी अप्रदेशी पुद्गलो—એટલે એક આકાશપ્રદેશમાં અવગાહેલા પુદ્ગલો. એમાં પરમાણુઓ સર્વે ક્ષેત્રાપ્રદેશી જ હોય, અને સ્કંધો અનન્ત છે, તેમાંનો અસંખ્યાતમો ભાગ ક્ષેત્રાપ્રદેશી હોય, અને બાકીના સર્વ ક્ષેત્રસપ્રદેશીજ છે.

४ क्षेत्रथी सप्रदेशी पुद्गलो—એટલે બે આકાશપ્રદેશથી પ્રારંભીને યાવત્ અસંખ્ય આકાશપ્રદેશસુધીમાં અવગાહેલા સ્કંધો. અર્થાત્ દ્વિઆકાશપ્રદેશાવગાહી સ્કંધ ત્રિઆકાશપ્રદેશાવગાહી સ્કંધ યાવત્ અસંખ્યઆકાશપ્રદેશાવગાહીસ્કંધ, એ પ્રમાણે અવગાહનાભેદ અસંખ્ય છે, અને પ્રત્યેક અવગાહનાભેદમાં અનન્ત અનન્તસ્કંધો છે. અહિં કેવળ સ્કંધોજ ક્ષેત્રસપ્રદેશી હોઈ શકે છે, પરન્તુ પરમાણુ એકપણ નહિં.

५ काळथी अप्रदेशी पुद्गलो—એટલે એકસમયની સ્થિતિવાળા પુદ્ગલો. અર્થાત્ જે પુદ્ગલમાં જે વર્ણાદિ પરિણામ, અથવા ઔદારિકાદિ પરિણામ, અથવા સંઘાતાદિ પરિણામ, ઇત્યાદિ જે પરિણામ વર્તમાન સમયે પ્રગટ થયો અને તે પરિણામ એકજ સમય રહીને પરિણામાન્તરપણું પામ્યો તો તે પુદ્ગલ તે પરિણામઆશ્રયિ કાળથી અપ્રદેશી કહેવાય. આ પ્રકરણમાં મુખ્યત્વે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દ-સૂક્ષ્મ-બાદર-સંઘાત-ભેદ-ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ-મન-ઉચ્છ્વાસ-અવગાહના-ગતિ સ્થિતિ-પરમાણુ-સ્કંધ ઇત્યાદિ પરિણામો ગણ્યા છે. પરન્તુ મુખ્યત્વે ગુણ-દ્રવ્ય-અને ક્ષેત્ર એ ત્રણ આ-

અધિકાળાપ્રદેશીપણું ગ્રંથકારે મૂળમાં દર્શાવ્યું છે.– [ જુઓ આ સારાંશમાં બીજા નંબરના અલ્પબ-હુત્વમાં ) પુન: દરેક પરિણામના ઉત્તરભેદ અનન્ત અનન્ત ( અવગાહનાદિના અસંખ્યાતપણ ) છે, અને તે દરેક ભેદનું નામ ગુણસ્થાનક છે, એવા દરેક ગુણસ્થાને અનન્ત અનન્ત પુદ્ગલદ્રવ્યો છે. જેનું વિશેષ વર્ણન પ્રકરણના વિસ્તરાર્થથી જાણવું. એમાં પરમાણુઓ અને સ્કંધો બન્ને હોય છે.

૬ कालथो सप्रदेशो पुद्गलो—એટલે બે સમયથી પ્રારંભીને યાવત્ અસંખ્ય સમય સુધીની સ્થિતિવાળા પુદ્ગલો. પૂર્વોક્ત પરિણામમાંનો જે પરિણામ જે પુદ્ગલમાં બે સમયસુધી ટકેલો હોય અથવા ત્રણ સમય સુધી ટકેલો હોય તો તે પરિણામઆશ્રયિ તે પુદ્ગલદ્રવ્ય કાળથી સપ્રદેશી જાણવા. આ કાળસપ્રદેશીપુદ્ગલોમાં પરમાણુઓ પણ હોય, અને સ્કંધો પણ હોય છે.

૭ भावथो अप्रदेशो पुद्गलो—એટલે એક ગુણવર્ણાદિ પરિણામવાળા પુદ્ગલો. અહિં ભાવ એટલે વર્ણાદિ ગુણ, તથા સંઘાત આદિ અનેક પરિણામ જાણવા. તે ગુણ અથવા પરિણામના પ્રત્યેકના જે અનન્ત નિર્વિભાજ્ય ભાગો પડી શકે છે, તેવો એક નિર્વિભાજ્ય ભાગ તે એક ગુણવર્ણાદિ પરિણામ કહેવાય. એમાં પણ પરમાણુઓ અને સ્કંધો બન્ને હોય છે. જેમ એકગુણકૃષ્ણવર્ણી પુદ્ગલ.

*૮ भावथो सप्रदेशो पुद्गलो—દ્વિગુણથી પ્રારંભીને યાવત્ અનન્તગુણવર્ણાદિપરિણામવાળા પુદ્ગલો. જેમ

* એ આઠ અર્થનો અનુક્રમ સિદ્ધાન્તોમાં દર્શાવાતા દ્રવ્યાદિકના અનુક્રમપ્રમાણે કહ્યો છે, પરન્તુ અલ્પબહુત્વના અનુક્રમપ્રમાણે નથી કહ્યો. એજ અનુક્રમ શ્રીગ્રન્થકાર ભગવાને બીજી અને ત્રીજી ગાથામાં અર્થ માટે દર્શાવ્યો છે.

દ્વિગુણકૃષ્ણવર્ણીપુદ્ગલ, ત્રિગુણકૃષ્ણવર્ણીપુદ્ગલ યાવત્ અનન્તગુણકૃષ્ણવર્ણીપુદ્ગલ, એ પ્રમાણે જેમ કૃષ્ણવર્ણના અનન્ત ભેદ તે કૃષ્ણ૦ નાં અનન્તગુણસ્થાનક ગણાય, તેમાં નીલવર્ણનાં અનન્તગુણસ્થાનક તેમ પીતવર્ણનાં અનન્તગુણસ્થાન, રક્તવર્ણનાં અનન્તગુણસ્થાનક અને શ્વેતવર્ણનાં પણ અનન્તગુણસ્થાનક છે. પુનઃ પાંચેવર્ણના પ્રત્યેકના અનન્તઅનન્તગુણસ્થાનકોમાં પણ પ્રત્યેક ગુણસ્થાને ગુણસ્થાને અનન્ત અનન્ત પુદ્ગલ દ્રવ્યો છે.

જે પ્રમાણે પાંચેવર્ણના પ્રત્યેકના અનન્ત અનન્ત ગુણસ્થાનકોમાં પ્રત્યેક ગુણસ્થાને અનન્ત અનન્તપુદ્ગલો છે, તે પ્રમાણે બન્ને ગન્ધમાં, ૫ રસમાં, અને આઠે સ્પર્શમાં પણ જાણવું. અર્થાત્ વીશે ગુણમાં તે પ્રમાણે જાણવું.

જેમ વર્ણાદિ ૨૦ ગુણમાં ગુણસ્થાને ગુણસ્થાને અનન્તઅનન્ત પુદ્ગલદ્રવ્યો કહ્યાં તેવીરીતે સંઘાતાદિ પરિણામમાં પણ યથાયોગ્ય પણે અનન્ત અનન્ત ગુણસ્થાનકો અને ગુણસ્થાને ગુણસ્થાને અનન્ત અનન્ત પુદ્ગલદ્રવ્યો જાણવાં ( અહિં અવગાહના આદિ કોઈ પરિણામમાં અસંખ્યગુણસ્થાન ઈત્યાદિ તફાવત પણ હોય છે તે સ્વયં વિચારવો અથવા કિંચિત્ દિગ્દર્શન પ્રકરણના વિસ્તારાર્થમાં છે ત્યાંથી સમજી લેવો ).

## ॥ અથ અલ્પબહુત્વ વિચાર ॥

પ્રથમ આઠે સ્થાનનો સંક્ષિપ્તઅર્થ દર્શાવીને હવે એ આઠે સ્થાનનું અલ્પબહુત્વ કયા પ્રકારે છે તે દ્રવ્યાદિકના અનુક્રમે નહિં, પરન્તુ અલ્પબહુત્વના અનુક્રમે દર્શાવાય છે તે આ પ્રમાણે—

## ॥ १ भावाप्रदेशीपुद्गलो सर्वथी अल्प छे ॥

કારણ—એકેક ગુણસ્થાનવાળાં છે માટે. તે આ પ્રમાણે—એકગુણકૃષ્ણવર્ણ, દ્વિગુણકૃષ્ણવર્ણ, ત્રિગુણકૃષ્ણવર્ણ ઈત્યાદિ કૃષ્ણવર્ણનાં અનન્તગુણસ્થાનકો છે, તેમાં એકગુણકૃષ્ણવાળાજ પુદ્ગલો

ભાવાપ્રદેશી ગણાય છે, અને શેષ સર્વ ગુણસ્થાનકોવાળા પુદ્ગલો ભાવસપ્રદેશીજ છે, માટે પ્હેલું એકગુણસ્થાન શેષ સર્વઅનન્ત ગુણસ્થાનકોની અપેક્ષાએ અતિઅલ્પ અથવા અનન્તમા ભાગનું હોવાથી ભાવાપ્રદેશીપુદ્ગલો સર્વથી અલ્પ છે. અહિં જેમ કૃષ્ણ-વર્ણ સંબંધિ એકગુણસ્થાન ભાવાપ્રદેશીપુદ્ગલોનું છે, તેમ પુદ્-ગલના અનન્તપરિણામ હોવાથી પ્રત્યેક પરિણામઆશ્રયિ પ્હેલું એકગુણસ્થાન ભાવાપ્રદેશીપુદ્ગલોનું અને શેષ સર્વગુણસ્થાનકો ભાવસપ્રદેશીપુદ્ગલોનાં હોવાથી ભાવાપ્રદેશી પુદ્ગલોનાં પ્હેલાં સ્થાન પણ અનન્ત છે, એમ જાણવું. જેથી સર્વપરિણામોસંબંધી સર્વગુણસ્થાનકોમાં ભાવાપ્રદેશીનાં ગુણસ્થાનકો ( દરેકમાં એકેક ગણવાથી ) અનન્ત છે, અને ભાવસપ્રદેશીનાં ગુણસ્થાનકો તેથી અનન્તગુણ છે.

અહિં ભાવાપ્રદેશીપુદ્ગલો સર્વથી અલ્પ છે તો પણ અનન્ત છે. એ પ્રમાણે આઠે સ્થાનના પુદ્ગલો અસંખ્યગુણા અથવા વિશેષાધિક કહ્યા હોય તોપણ સ્વરૂપસંખ્યાએ તો અનન્ત અનન્ત પુદ્ગલો જાણવા.

## ॥ २ भावाप्रदेशी पुद्गलोथी काळाप्रदेशी पुद्गलो असंख्यगुण छे ॥

કારણ—ઘણા ગુણસ્થાનોમાં વર્તતાં હોવાથી૦ તે આ પ્રમાણે—ભાવાપ્રદેશીપણું તો પૂર્વે કહ્યાપ્રમાણે પ્રત્યેકવર્ણાદિ પરિણામના એકેક ગુણસ્થાનકમાં વર્તે છે, અને કાળાપ્રદેશીપણું તો તે એકેક ગુણસ્થાનમાં ( દેશ ભાગમાં ) અને શેષ સર્વઅ-નન્તગુણસ્થાનકો ( ના પણ દેશ દેશ ભાગ ) માં વર્તે છે, માટે. અર્થાત્ વર્ણાદિ પરિણામમાં જેમ એકગુણ કૃષ્ણવર્ણી પુદ્ગલોમાં પણ એક સમયસ્થિતિ હોય છે, તેમ દ્વિગુણાદિ અનન્તગુણકૃષ્ણ-વર્ણીપુદ્ગલોમાં પણ એકસમયની સ્થિતિ પ્રાપ્ત થઇ શકે છે, એ પ્રમાણે કાળાપ્રદેશીપણું દરેક ગુણસ્થાને લાગુ પડતું હોવાથી કાળાપ્રદેશી પુદ્ગલો ( એક ગુણ સ્થાનવર્તી એવા ) ભાવાપ્રદેશી પુદ્ગલોથી અસંખ્યગુણ હોઇ શકે છે. અહિ કાળાપ્રદેશીપુદ્ગલો

અસંખ્યગુણ છે તોપણ અનન્ત છે. પુનઃ કાળાપ્રદેશી પુદ્ગલો પણ દ્રવ્યથી ક્ષેત્રથી અને ભાવથી એમ ૩ પ્રકારનાં છે, અને એ ૩ પ્રકારમાં અનન્ત ભેદનો સમાવેશ (ભાવમાં) થઈ જાય છે. તે ત્રણ પ્રકાર આ પ્રમાણે—

૧ द्रव्यथी काळाप्रदेशीपुद्गलो—જે ( નવા ) પરમાણુઓ પરમાણુપણામાં અને જે નવા બનેલા સ્કંધો તે સ્કંધરૂપે ( સંઘાત=ભેદ થયા વિના ) એક સમયમાત્ર રહીને તુર્ત બીજે સમયે પરમાણુ સ્કંધરૂપે પરિણમે અને વિવક્ષિતસ્કંધ અન્યસ્કંધરૂપે પરિણમે અથવા સર્વથા છુટો થઈ પરમાણુરૂપે વિખરાઈ જાય ત્યારે તે પરમાણુઓ અથવા તે સ્કંધો દ્રવ્યથી કાળાપ્રદેશી કહેવાય.

૨ क्षेत्रथी काळाप्रदेशी पुद्गलो—જે પુદ્ગલ વિવક્ષિત સમયે જેટલા આકાશપ્રદેશની ( નવી ) અવગાહનામાં પ્રાપ્ત થયો, અને ત્યારબાદ બીજે સમયે તુર્ત તેજ ક્ષેત્રમાં સંકોચવિકોચ ધર્મથી ભિન્ન અવગાહનાવાળો થયો તો તે અવગાહના પરિણામઆશ્રયિ કાળથી અપ્રદેશી પુદ્ગલો કહેવાય. એ अवगाहनाकृत કાળાપ્રદેશી પુદ્ગલોનો પ્રથમ ભેદ જાણવો. અને જે પરમાણુ વા સ્કંધ વિવક્ષિત ક્ષેત્રમાં અવગાહી એક સમય રહી તુર્ત બીજે સમયે બીજા ક્ષેત્રમાં ચાલ્યો જાય તો તે क्षेत्रकृत કાળાપ્રદેશી પુદ્ગલોનો બીજો ભેદ જાણવો. એમ બન્ને પ્રકારે ક્ષેત્રથી કાળાપ્રદેશી પુદ્ગલો છે.

૩ भावथी काळाप्रदेशी पुद्गलो—જે પુદ્ગલ વિવક્ષિત સમયે જે એકગુણકૃષ્ણ વર્ણાદિ કોઇપણ એકપર્યાયપણે પરિણમી તુર્ત બીજે સમયે તે પર્યાયથી અન્ય પર્યાયને પ્રાપ્ત થાય તો તે પુદ્ગલ તે પર્યાયઆશ્રયિ ભાવથી કાળાપ્રદેશી ગણાય.

## ॥ ३ काळाप्रदेशी पुद्गलोथी द्रव्याप्रदेशी पुद्गलो असंख्यगुण छे ॥

કારણ—પરમાણુઓ ઘણા છે માટે. તે આ પ્રમાણે— અનન્તપ્રદેશીસ્કંધોથી અનન્તપ્રદેશીસ્કંધોના સર્વપ્રદેશો અનન્તગુણા છે, અને તેથી પણ પરમાણુઓ અનન્તગુણા છે. પુનઃ

સંખ્યપ્રદેશી સ્કંધોથી જો કે પરમાણુઓ સંખ્યાતમા ભાગ જેટલા છે, તોપણ તે એટલા ઘણા છે કે તે સંખ્યપ્રદેશી સ્કંધોના સર્વ પ્રદેશોથી પણ સંખ્યાતમા ભાગ જેટલા છે, પરન્તુ અસંખ્યાતમા ભાગ જેટલા (અલ્પ) નથી. તેમજ અસંખ્યાતપ્રદેશીસ્કંધોથી પરમાણુઓ જો કે અસંખ્યાતમા ભાગ જેટલા છે તોપણ તે એટલા ઘણા છે કે, અસંખ્યપ્રદેશીસ્કંધોના સર્વપ્રદેશોથી પણ અસંખ્યાતમા ભાગ જેટલા છે, પરન્તુ અનન્તમા ભાગ જેટલા (અલ્પ) નથી, એ પ્રમાણે એકંદર રીતે પરમાણુઓ ઘણા છે, અને કાળાપ્રદેશિત્વ તો તે પરમાણુઓના અસંખ્યાતમા ભાગ જેટલા પરમાણુઓમાં અને સ્કંધોના અસંખ્યાતમા ભાગ જેટલા સ્કંધોમાં વર્તે છે, તેથી એકંદર રીતે જોતાં કાળાપ્રદેશિપણામાં વર્તતા થોડા પરમાણુઓ અને થોડાસ્કંધો એ બેની એકત્ર સંખ્યાથી પણ શેષ રહેલા કેવળ પરમાણુઓ તે અસંખ્યગુણા છે. કારણ કે સમયમાત્ર કાળ અલ્પસ્થિતિવાળો હોવાથી તે સમયસ્થિતિવાળા પુદ્ગલો પણ બહુઅલ્પ પ્રાપ્ત થાય છે.

## ॥ ४ द्रव्याप्रदेशी पुद्गलोथी क्षेत्राप्रदेशी पुद्गलो असंख्यगुण छे ॥

**કારણ—પરમાણુઓ સર્વે અને સ્કંધો પણ દેશ ભાગે હોવાથી.** અહિં તાત્પર્ય આ છે કે—દ્રવ્યાપ્રદેશી પુદ્ગલો તો સર્વ પરમાણુઓજ છે, અને ક્ષેત્રાપ્રદેશી પુદ્ગલો તો સર્વે પરમાણુઓ પણ છે, અને તે ઉપરાન્ત દ્વિપ્રદેશીથી યાવત્ અનન્તપ્રદેશી સુધીના અનન્ત ભેદવાળા સ્કંધો પણ છે. જો કે સર્વે સ્કંધો ક્ષેત્રાપ્રદેશી (એટલે એક આકાશપ્રદેશની અવગાહનાવાળા) નથી, પરન્તુ દ્વિપ્રદેશીથી પ્રારંભીને અનન્તપ્રદેશી સુધીનાં જે અનન્ત દ્રવ્યસ્થાનો છે તે દરેક દ્રવ્યસ્થાનમાં દેશ–દેશ ભાગ જેટલા તોપણ અનન્ત–અનન્ત સ્કંધો ક્ષેત્રાપ્રદેશી હોય છે. એ પ્રમાણે દ્રવ્યાપ્રદેશીપુદ્ગલોનો એકજરાશિ (પરમાણુરાશિ) છે, અને ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોના અનન્તરાશિ છે માટે દ્રવ્યાપ્રદેશીપુદ્ગલોથી ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણા છે.

શંકા—જો દ્રવ્યા પ્ર૦ નો ૧ રાશિ, અને ક્ષેત્રા પ્ર૦ ના અનન્ત રાશિ હોય તો દ્રવ્યાપ્ર૦ થી ક્ષેત્રાપ્ર૦ પુદ્ગલો અનન્તગુણ હોઇ શકે, છતાં કહો છો અસંખ્યગુણ, તો કેવી રીતે?

ઉત્તર:—૩ જા નંબરના અલ્પબહુત્વમાં દર્શાવ્યા પ્રમાણે પરમાણુઓ ઘણા છે, માટે સર્વપરમાણુઓથી સર્વસ્કંધો અસંખ્યગુણાજ છે ( એટલુંજ નહિ પણ સર્વસ્કંધોના સર્વપ્રદેશો પણ અસંખ્યગુણજ છે. પરન્તુ અનન્તગુણ નથી ) માટે.

## ॥ ૫ ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોથી ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે ॥

કારણ—**શેષ રાશિ ઘણો હોવાથી, અથવા અવગાહના સ્થાનો ઘણાં હોવાથી** અહિં તાત્પર્ય આ છે કે ક્ષેત્રાપ્રદેશી પુદ્ગલોમાં સર્વપરમાણુઓ અને સર્વસ્કંધોનો દેશભાગ ગણાયો હતો, અને ક્ષેત્રસપ્રદેશી પુદ્ગલોમાં તો જો કે કેવળ સર્વસ્કંધોજ તે પણ ક્ષેત્રાપ્રદેશી જેટલા દેશસ્કંધો વર્જીનેજ સર્વસ્કંધો ગણવાના છે, તો પણ તે દેશ ભાગ જેટલા સ્કંધોનો રાશિ અને પરમાણુઓનો રાશિ એ બે રાશિનાં પુદ્ગલદ્રવ્યોથી પણ શેષ સર્વસ્કંધરાશિ અસંખ્યગુણ છે માટે.

અથવા ક્ષેત્રાપ્રદેશી પુદ્ગલો તો એકજ આકાશપ્રદેશમાં અવગાહના વાળા હોવાથી તેઓનો એકાકાશ પ્રદેશાવગાહી નામનો એકજરાશિ થાય, અને ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો તો અનેક આકાશપ્રદેશમાં અવગાહનાવાળા હોવાથી દ્વિપ્રદેશાવગાહી ત્રિપ્રદેશાવગાહી યાવત્ અસંખ્યપ્રદેશાવગાહી નામવાળા અસંખ્ય રાશિ થાય છે, એ પ્રમાણે ક્ષેત્રાપ્રદેશીઓનું અવગાહનાસ્થાન ૧, અને ક્ષેત્રસપ્રદેશીઓનાં અવગાહનાસ્થાન અસંખ્ય છે માટે ક્ષેત્રાપ્રદેશીપુદ્ગલોથી ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણ છે. અહિં લોકાકાશમાંજ પુદ્ગલોનું સ્થાન છે, અને લોકાકાશના સમગ્ર આકાશપ્રદેશો પણ અસંખ્યાતજ છે, માટે અવગાહનાસ્થાનો અસંખ્ય હોય છે, પરન્તુ અનન્ત નહિ.

## ॥ ६ क्षेत्रसप्रदेशी पुद्‌गलोथी द्रव्यसप्रदेशी पुद्‌गलो विशेषाधिक छे ॥

કારણ—ક્ષેત્રાપ્રદેશી સ્કંધો પણ ગણાવાથી. તાત્પર્ય આ પ્રમાણે છે કે—ક્ષેત્રસપ્રદેશીપુદ્‌ગલો સ્કંધસમુદાયજ હોય છે (પરન્તુ પરમાણુઓ નહિ), પુન: એ સ્કંધ સમુદાયમાં અસંખ્યાતમો ભાગ ક્ષેત્રાપ્રદેશીઓનો છે, તેટલો બાદ કરતાં જે સ્કંધ સમુદાય રહ્યો તેજ ક્ષેત્રસપ્રદેશીપુદ્‌ગલો છે, અને દ્રવ્યસપ્રદેશી પુદ્‌ગલો તો સર્વે સ્કંધો છે, માટે ક્ષેત્રસપ્રદેશીપુદ્‌ગલોથી દ્રવ્યસપ્રદેશી પુદ્‌ગલો વિશેષાધિક છે.

પુન: અહિં સંખ્યગુણ અસંખ્યગુણ નહિં અને વિશેષાધિકજ કેમ? તેનું કારણ એ છે કે, ક્ષેત્રાપ્રદેશીપુદ્‌ગલો ક્ષેત્રસપ્રદેશીથી અસંખ્યાતમા ભાગ જેટલાજ છે, અને તે ક્ષેત્રાપ્રદેશી પુદ્‌ગલોજ અહિં અધિક તરીકે ગણાયા છે, માટે ક્ષેત્રસપ્રદેશીઓથી દ્રવ્યસપ્રદેશીઓ અસંખ્યાતમા ભાગ જેટલા અધિક છે, માટે વિશેષાધિકજ છે, પરન્તુ સંખ્યગુણ અસંખ્યગુણ કે અનન્તગુણ નહિં.

## ॥ ७ द्रव्यसप्रदेशी पुद्‌गलोथी काळसप्रदेशी पुद्‌गलो विशेषाधिक छे ॥

કારણ—પરમાણુઓ પણ (કેટલાએક) ગણાવાથી. તાત્પર્ય આ છે કે—દ્રવ્યસપ્રદેશી પુદ્‌ગલોમાં કેવળ સર્વસ્કંધોજ ગણાય છે, અને કાળસપ્રદેશીમાં તો સ્કંધો અને પરમાણુઓ બન્ને ગણવામાં આવે છે. હવે જો કે કાળસપ્રદેશીમાં સર્વે સ્કંધો અને સર્વે પરમાણુઓ ગણાતા નથી, પરન્તુ સ્કંધોમાંથી અને પરમાણુઓમાંથી અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગવર્જીને શેષ સ્કંધો અને શેષપરમાણુઓ ગણવામાં આવે છે, તો પણ તે શેષ સ્કંધો અને શેષપરમાણુઓ બન્ને મળીને સર્વસ્કંધોથી વિશેષાધિક છે માટે દ્રવ્યસપ્રદેશીઓથી કાળસપ્રદેશી પુદ્‌ગલો વિશેષાધિક છે. અહિં સંખ્યગુણ અને અસંખ્યગુણતાનો અભાવ સ્પષ્ટ સમજાય તેવો છે.

## ॥ ८ काळसप्रदेशी पुद्गलोथी भावसप्रदेशी पुद्गलो विशेषाधिक छे ॥

કારણ–કાળાપ્રદેશી પુદ્ગલો પણ ( કેટલાએક ) ગણાવાથી. કાળસપ્રદેશી પુદ્ગલો દ્વિસમયથી પ્રારંભીને અસંખ્ય સમયની સ્થિતિવાળાં હોવાથી તે પુદ્ગલો એક ન્યૂન અસંખ્યાત રાશિ પ્રમાણ છે, અને ભાવસપ્રદેશીપુદ્ગલો તો એક સમયની સ્થિતિવાળા પણ હોવાથી એકાધિક અસંખ્યરાશિપ્રમાણ હોવાથી ૧ રાશિ જેટલા અધિક એટલે અસંખ્યાતમા ભાગ જેટલા અધિક છે માટે વિશેષાધિક છે.

અહિં ૧ સમયથી પ્રારંભીને અસંખ્યસમયસુધીનાં અસંખ્ય સ્થિતિસ્થાનોમાં પ્રત્યેકમાં ભાવાપ્રદેશી પુદ્ગલોના અસંખ્ય રાશિ અલ્પ અલ્પ પ્રમાણવાળા છે તે વર્જીનેજ એ ભાવસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક ગણાયા છે. પુનઃ સંખ્યગુણ કે અસંખ્યગુણ નહિં તેનું કારણ એક સમયરૂપ એક સ્થિતિસ્થાન અસંખ્યસ્થાનોના અસંખ્યાતમાભાગનું ગણાય માટે.

इति श्री बन्धषट्त्रिंशिका समाप्त ।

# श्री बन्धषट्त्रिंशिकाप्रकरणम्.

## गुर्जरभाषान्तरसहित.

[ બન્ધનું વિશેષ સ્વરૂપ-પ્રયોગબન્ધ
વિશ્રસાબન્ધ વિગેરે પરિશિષ્ટો સાથે ]

卐

प्रकाशिका—
श्री मुक्तिकमलजैनमोहनमाला—वडोदरा.

# बन्धषट्त्रिंशिकाविस्तरार्थः

શ્રી ભગવતીસૂત્રના આઠમા શતકના ૯ મા [1]ઉદ્દેશામાં [2]ઔદારિકાદિકના સર્વબંધક, દેશબંધક અને અબંધક જીવોનું અલ્પબહુત્વકહ્યુંછે તેનું સ્વરૂપ કહેવાય છે. ( તેમાં પ્રથમ અભિધેય દર્શાવે છે. )

---

૧–૨ શ્રી ભગવતીસૂત્રના આઠમા શતકનો ૯ મો ઉદ્દેશો પ્રયોગ–બન્ધના વર્ણનનો છે, તે વર્ણનનો સાર આ પ્રકરણનાજ સંબંધવાળો હોવાથી વૃત્તિકાર પોતેજ આ પ્રકરણને અન્તે સંક્ષેપમાં જુદો કહેશે, પરન્તુ અહિં તો આ પ્રકરણ જે મૂળપાઠ ઉપર કહેવાયલું છે તે મૂળપાઠ દર્શાવાય છે તે આ પ્રમાણે—

**एएसि णं भंते ! सव्वजीवाणं ओरालियवेउव्विय आहारगतेयाकम्मासरीरगाणं देसबंधगाणं सव्वबंधगाणं अबंधगाण य कयरे कयरे जाव ( संखगुणा वा असंखगुणा वा अनंतगुणा वा ) विसेसाहिया वा ? गोयमा सव्वत्थोवा जीवा आहारगसरीरस्स सव्वबंधगा १, तस्स चेव देसबंधगा संखेज्जगुणा २, वेउव्वियसरीरस्स सव्वबंधगा असंखेज्जगुणा ३, तस्स चेव देसबंधगा असंखेज्जगुणा ४, तेयाकम्मगाणं दुण्हवि तुल्ला अबंधगा अणंतगुणा ५, ओरालियसरीरस्स सव्वबंधगा अणंतगुणा ६, तस्स चेव अबंधगा विसेसाहिया ७, तस्स चेव देसबंधगा असंखेज्जगुणा ८, तेयाकम्मगाणं देसबंधगा विसेसाहिया ९, वेउव्वियसरीरस्स अबंधगा विसेसाहिया १०, आहारगसरीरस्स अबंधगो विसेसाहिया ११, सेवं भंते० सूत्रम् ॥ ३५३ ॥ अट्ठमसयस्स नवमो उद्देसओ समत्तो ॥ ८–९ ॥**

**અર્થ**—હે ભગવંત ! એ પૂર્વે કહેલા સર્વે ઔદારિક–વૈક્રિય–આહારક–તૈજસ અને કાર્મણ શરીરના દેશબન્ધક સર્વબન્ધક અને અબન્ધક જીવોમાં પરસ્પર કોણ કોણ જીવો યાવત્ ( એટલે સંખ્યગુણ અસંખ્યગુણ અનન્તગુણ અથવા ) વિશેષાધિક છે ?

**ओरालसव्वबंधा, थोवा अव्वंधगा विसेसहिया ॥**
**तत्तो अ देस बंधा, असंखगुणिया कहं नेया ? ॥ १ ॥**

**ગાથાર્થઃ**—ઔદારિકશરીરપુદ્‌ગલોના સર્વબંધક જીવો થોડા, તેથી ઔદારિકના અબંધક વિશેષાધિક, અને તેથી પણ એટલે ઔદારિકના અબંધકથી ઔદારિકના દેશબંધક જીવો અસંખ્યગુણા છે, તે કેવી રીતે જાણવા? એ અભિધેય (પ્રથમ વાક્ય) છે.

**ટીકાર્થઃ**—ગાથાર્થ પ્રમાણેજ.

**અવતરણ**—અહિં ઔદારિકાદિકના સર્વબન્ધકાદિ જીવોના અલ્પબહુત્વનું સ્વરૂપ કહેવાના પ્રસંગમાં પ્રથમ સર્વબન્ધક, દેશબન્ધક અને અબન્ધક એટલે શું? અને તે સર્વ બન્ધકાદિ જીવો કયા હોય છે? તે આ બીજી ગાથામાં દર્શાવે છે—

---

**ઉત્તર**—હે ગૌતમ! ૧ આહારક શરીરના સર્વબન્ધક જીવો સર્વથી અલ્પ છે. ૨ આહારકશરીરના દેશબન્ધક તેથી સંખ્યાતગુણા છે. ૩ વૈક્રિય શરીરના સર્વબન્ધક તેથી અસંખ્યગુણા છે. ૪ વૈક્રિય શરીરના દેશબન્ધક તેથી અસંખ્યગુણા છે. ૫ તૈજસ અને કાર્મણ એ બન્ને શરીરના અબન્ધક તેથી અનન્તગુણા છે, અને પરસ્પર તુલ્ય છે. ૬ ઔદારિક શરીરના સર્વબન્ધક તેથી અનન્તગુણા છે. ૭ ઔદારિક શરીરના અબન્ધક તેથી વિશેષાધિક છે. ૮ ઔદારિક શરીરના દેશબન્ધક તેથી અસંખ્યગુણ છે. ૯ તૈજસકાર્મણના દેશબન્ધક તેથી વિશેષાધિક છે. ૧૦ વૈક્રિયશરીરના અબન્ધક તેથી વિશેષાધિક છે. ૧૧ આહારક શરીરના અબન્ધક તેથી વિશેષાધિક છે.

**શિષ્યવચન**—હે ભગવન્! આપે જે અલ્પબહુત્વ કહ્યું તે એમજ છે.

એ અલ્પબહુત્વ જો કે પરસ્પર સંયોગિક છે, પરન્તુ એ સંયોગિક અલ્પબહુત્વ ઉપરથી ઉપજતું પ્રત્યેક શરીરબન્ધકમાં ત્રણ ત્રણ ભેદનું ભિન્ન ભિન્ન અલ્પબહુત્વ આ પ્રકરણની ૨૮ ગાથાઓ સુધીમાં કહેશે, ત્યારબાદ પાંચે શરીરનું પરસ્પર સંયોગિક અલ્પબહુત્વ આ મૂળપાઠ પ્રમાણેજ કહેવાશે.

पढमम्मि सव्वबंधो, समए सेसेसु देसबंधोउ ॥
सिद्धाईण अबंधो, विग्गहगइआण य जियाणं ॥२॥

**गाथार्थः**—સંસારીજીવોને [1]પહેલેસમયે સર્વબન્ધ, શેષ સર્વ-સમયોમાં દેશબન્ધ અને શ્રી સિદ્ધપરમાત્મા વિગેરે જીવોને તથા વક્રગતિવાળાજીવોને અબન્ધ હોય છે.

**टीकार्थः**—જેમ ઘી વિગેરેની ભરેલી અને અગ્નિવડે તપ્ત થયેલી તાવડીમાં (તવીમાં) નાખેલો પૂડો પ્રથમ સમયે ઘી વિગેરેને ગ્રહણ જ કરે, અને દ્વિતીયાદિ શેષસમયોમાં ઘી વિગેરેને ગ્રહણ કરે, અને વિસર્જન પણ કરે (એટલે કેટલુંક ઘી જે પ્રથમ ગ્રહણ થયેલું છે તેમાંથી કંઇક અંશે નિકળી પણ જાય) તેમ આ જીવ જયારે [2]ઋજુગતિએ અથવા [3]વક્રગતિએ પૂર્વભવનું શરીર

---

૧ "પ્હેલે સમયે" એટલે ગતિ અથવા આયુષ્યના પ્હેલા સમયમાં એવો અર્થ નહિં, પરન્તુ જે સ્થાને ઉત્પન્ન થવાનો હોય, તે સ્થાને ઉત્પન્ન થવાના પ્હેલા સમયે એવો અર્થ જાણવો. કારણ કે, ગતિનો અને આયુ-ષ્યનો પ્રથમસમય તો પૂર્વભવમાંથી છૂટ્યા બાદ તુર્ત રસ્તામાં પણ હોય છે, પરન્તુ અહિં તો ઔદારિકાદિદેહબન્ધનું પ્રકરણ છે, અને ઔદારિકાદિ દેહના પુદ્ગલોનું ગ્રહણ તો ઉત્પત્તિસ્થાને ઉપ્તન્ન થવાના પ્હેલા સમયે જ હોય છે માટે.

૨–૩ ઋજુગતિ એટલે સરળ ગતિ, અને વક્રગતિ એટલે કુટિલ–વાંકી ગતિ. અહિં જીવને પરભવમાં જતાં ઋજુગતિ કે વક્રગતિ થવાનું કારણ ઉત્પત્તિક્ષેત્રને આધીન છે, કારણ કે જીવ જે સ્થાને મરણ પામ્યો હોય તે મરણસ્થાનથી પરભવોત્પત્તિસ્થાન સમશ્રેણિએ હોય તો ઋજુગતિએ જાય, અને આડુ–અવળું રહ્યું હોય તો વક્રગતિએ જાય. જો કે સમશ્રેણી પણ સીધી અને વક્ર હોય છે તો પણ જીવપુદ્ગલની સ્વાભાવિક ગતિ આકાશ-પ્રદેશોની પંક્તિના આધારે થાય છે, અને આકાશપ્રદેશોની પંક્તિ વક્ર સમશ્રેણિએ ગોઠવાયલી નથી, માટે સરખી સમશ્રેણિએજ જીવ પુદ્ગલોની સ્વાભાવિક ગતિ હોય છે. તેમજ જીવપુદ્ગલોની સ્વાભાવિક ગતિ વિદિશામાં પણ હોતી નથી ઇત્યાદિ વિશેષસ્વરૂપ આકાશપ્રદેશોની ગોઠવણી અને તે અનુસારે જીવપુદ્ગલની ગતિ સમજવાથી થાય છે, માટે વિશેષ જીજ્ઞાસુએ ક્ષેત્રલોક અને શ્રીતત્વાર્થ વિગેરેમાંથી સમજવું.

છોડી પરભવમાં જઈ બીજું શરીર ગ્રહણ કરે ત્યારે પ્રથમ સમયે ઉત્પત્તિસ્થાનમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ જ કરે છે, તે સર્વબન્ધ કહેવાય. અને શેષ બીજા ત્રીજા વિગેરે સમયોમાં ગ્રહણ અને ત્યાગ બન્ને કરે છે, માટે તે દેશબન્ધ કહેવાય. તથા શ્રી સિદ્ધપરમાત્મા વિગેરેને [૧]ઔદારિકશરીરનો અબંધ હોય છે તે अबन्ध કહેવાય. તેમજ વક્રગતિએ પરભવમાં જતા જીવોને કોઈપણ શરીરનો બંધ હોતો નથી, માટે વક્રગતિવાળાઓને પણ [૨]ઔદારિક શરીરનો अबंध હોય છે. મૂળગાથામાં सिद्धाईण પદમાં आइण એટલે આદિક-વિગેરે શબ્દથી વૈક્રિયશરીરના બન્ધક અને આહારક શરીરના બન્ધક જીવો પણ ઔદારિકશરીર બાંધતા નથી, માટે તેઓ પણ ઔદારિકશરીરના अबंधक કહેવાય. વળી અહિં શ્રી સિદ્ધ પરમાત્મા, વૈક્રિયશરીરના બન્ધક અને આહારકશરીરના બન્ધક એ ત્રણે જોકે ઔદારિકશરીરના અબન્ધક છે, પરન્તુ એ જીવોની સંખ્યા [૩]અલ્પ હોવાથી આ અલ્પબહુત્વમાં એ જીવો [૪]અવિવક્ષિત છે,(એટલે એ જીવોની અપેક્ષાએ ઔદારિકના અબંધક વિશેષાધિક નથી

૧—૨ અહિં શ્રીસિદ્ધપરમાત્માને તથા વક્રગતિવાળા જીવોને ઔદારિકાદિ ત્રણ શરીરનો બંધ નથી હોતો તેથી ત્રણ શરીરના અબન્ધક છે, પરન્તુ ચાલુ પ્રારંભ ઔદારિકબન્ધકના અલ્પબહુત્વનો હોવાથી ઔદારિકનો અબન્ધ કહ્યો છે.

૩—૪ સિદ્ધપરમાત્માઓ ઔદારિકના બન્ધકોથી અનન્તમાભાગ જેટલાજ છે, માટે અતિઅલ્પ છે, વૈક્રિયશરીરના દેવ અને નારકો તો અસંખ્યાતજ હોવાથી સિદ્ધથી પણ અનન્તમાભાગ જેટલા છે માટે અત્યંતઅલ્પ છે, અને આહારકશરીરના બન્ધક તો ઉત્કૃષ્ટથી પણ સહસ્રપૃથક્ત્વ ( વધારેમાં વધારે ૯૦૦૦ ) હોય છે. માટે અત્યંતઅલ્પ છે. અને એ ત્રણે ઔદારિકના અબન્ધકજ છે, પરન્તુ એ ત્રણ અબન્ધકોમાંનો કોઇ પણ ઔદારિકના બન્ધકોથી વિશેષાધિક નથી ( પ્રત્યુત અનન્તમાભાગે છે ), તેમજ એ ત્રણેને એકત્ર કરતાં પણ ઔદારિકના બન્ધકોથી અનન્તમા ભાગ જેટલાજ રહે છે, પરન્તુ વિશેષાધિક થઇ શકતા નથી માટે એ ત્રણે અબન્ધકો આશ્રયિ ઔદારિકના બન્ધકોથી ઔદારિકના અબન્ધકો વિશેષાધિક છે" એમ કહી શકાય નહિં જેથી એ અલ્પબહુત્વમાટે તે ત્રણે અબન્ધકોની વિવક્ષા નથી—ઇતિ તાત્પર્ય.

કહ્યા ) માટે વક્રગતિવાળા જીવોની અપેક્ષાએજ ઔદારિકના સર્વ બન્ધકજીવોથી ઔદારિકના અબન્ધકજીવો વિશેષાધિક સૂત્રને વિષે કહેલા છે ( એટલે સિદ્ધાન્તમાં-શ્રી ભગવતીસૂત્રમાં કહ્યા છે એજ વાત આગળની ગાથામાં કહે છે )

અવતરણ—બીજી ગાથામાં સર્વબન્ધક દેશબન્ધક અને અબન્ધક જીવોનો અર્થ અને તે જીવો કયા ? તે કહીને હવે આ ત્રીજી ગાથામાં ઔદારિકના સર્વબન્ધકજીવોથી ઔદારિકના અબન્ધકજીવો કેટલા અધિક છે, અને તે કઈ રીતે ? તે દર્શાવે છે.—

**इह पुण विग्गहिए च्चिअ, पडुच्च भणिया अबंधगा अहिआ**
**सिद्धा अणंतभागं-मि सव्वबंधाणवि भवंति ॥३॥**

गाथार्थः—વળી અહિં વક્રગતિવાળા જીવોની અપેક્ષાએજ નિશ્ચય ( ઔદારિકના ) અબંધકજીવો વિષેશાધિક કહ્યા છે, કારણ કે સિદ્ધજીવો તો ( સિદ્ધ વિગેરે તો ) ઔદારિકસર્વબન્ધકજીવોના અનન્તમાભાગ જેટલાજ છે.

टीकार्थः—વળી અહિં એટલે આ સર્વબન્ધાદિ બન્ધના અધિકારમાં શ્રી સિદ્ધાંન્તને વિષે વક્રગતિવાળા જીવો આશ્રયિજ ઔદારિકના અબન્ધક જીવો વિશેષાધિક કહ્યા છે. પરન્તુ શ્રી સિદ્ધ વિગેરેને આશ્રયિ નહિં, કારણ કે સાધારણ વનસ્પતિમાં પણ ઘણા જીવોને ઔદારિકનો સર્વબન્ધ હોય છે, માટે ( અબન્ધક એવા ) સિદ્ધપરમાત્માઓ વિગેરેથી સર્વબન્ધક ( સાધારણવનસ્પતિના જીવો ) અનન્તગુણા છે, અને તેથી ( અબન્ધક એવા ) શ્રી સિદ્ધો ઔદારિકના સર્વબન્ધકોથી પણ અનન્તમાભાગ જેટલાજ છે. અને ( અનન્તસંખ્યાવાળા ) શ્રી સિદ્ધપરમાત્માઓ જો ઔદારિકસર્વબન્ધકોના અન્નતમાભાગ જેટલાજ છે, તો વૈક્રિયના બન્ધક અને આહારકબન્ધકો ઔદારિકસર્વબન્ધકોના અન્નતમા ભાગ જેટલા સ્હેજે હોઈ શકે છે, ( કારણ કે વૈક્રિયબન્ધકો અસંખ્યાતજ છે, અને આહારકબન્ધકો સંખ્યાતજ છે માટે ). તે કારણથી તે વૈક્રિયબન્ધક અને આહારકબન્ધકોને છોડીનેજ આ

સૂત્રમાં કેવળ શ્રી સિદ્ધોનેજ અનન્તમાભાગ જેટલા કહ્યા. (અર્થાત્ ગાથામાં કેવળ सिद्धा એ એકજ પદ કહ્યું અન્યથા દેવાદિ પણ કહી શકાત.) ॥ ૩ ॥

અવતરણ:—ત્રીજી ગાથામાં વક્રગતિવાળા જીવોની અપેક્ષાએ ઔદારિકના સર્વબન્ધકોથી ઔદારિકના અબન્ધકો વિશેષાધિક કહ્યા. અને હવે આ ચોથી ગાથામાં ઔદારિકના સર્વબન્ધકો અને ઔદારિકના અબન્ધકો એ બેની પ્રથમ પરસ્પર તુલ્યતા દર્શાવીને ત્યારબાદ અબન્ધકો વિશેષાધિક કેવી રીતે થાય તે કહેવાય છે—

**उजुआ य एगवंका, दुहओ वंका गई भवे तिविहा ॥**
**पढमाइ सव्वबन्धा, सव्वे बीआइ अद्धं तु ॥ ४ ॥**

गाथार्थः—ઋજુગતિ–એકવક્રાગતિ–અને દ્વિવક્રાગતિ એ પ્રમાણે ૩ પ્રકારની ગતિ છે. તેમાં પ્રથમગતિમાં (ઋજુગતિમાં) સર્વજીવો સર્વબન્ધક હોય છે. અને બીજી વિગેરે ગતિમાં (એક વક્રાગતિમાં અને દ્વિવક્રાગતિમાં ઋજુગતિવર્તિસર્વબન્ધક જીવોથી) સર્વબન્ધકજીવો અર્ધ અર્ધ હોય છે. ॥ ૪ ॥

टीकार्थः—(ઋજુ એટલે સરલ–સીધી (અથવા દીર્ઘ) ગતિ તે) ऋज्वायत गति, एकवक्रा गति, અને द्विवक्रा गति એ પ્રમાણે (પરભવમાં ઉત્પન્ન થવા જનાર જીવોની ૩* ગતિ છે.

* શ્રીબૃહત્સંગ્રહણીવિગેરેમાં ગતિ ચાર અથવા પાંચ પ્રકારની કહી છે તે આ પ્રમાણે—


**दुविहा गई जिआणं, उज्जू वक्का य परभवग्गहणे**
**इगसामइया उज्जू, वक्का चउ पंच समयंता (या वा) ॥ १ ॥**

**અર્થ:**—પરભવગ્રહણમાં એટલે પરભવમાં જતાં જીવોની ગતિ બે પ્રકારની છે, ૧ ઋજુગતિ અને ૨ વક્રગતિ. ત્યાં ઋજુગતિ એક સમયની હોય છે, અને વક્રગતિ ચાર અથવા પાંચ સમયની હોય છે. (આ પાઠ શ્રી જીનભદ્રગણિક્ષમાશ્રમણકૃત બૃ૦ સંગ્રહણીનો છે.) તથા એજ સંગ્રહણીમાં **इगदुगतिगवक्काइसु** એ અગ્રગાથાના પાઠથી તેમજ શ્રી શ્રીચન્દ્રસૂરિકૃત બૃહત્ સંગ્રહણીના **इगदुतिचउवक्कासु** એ પાઠથી પણ વક્રગતિ એકવક્રા–દ્વિવક્રા–


**ત્યાં પ્રથમ ઋજવાયત ગતિમાં સર્વે જીવો પ્રથમ સમયે સર્વબન્ધક હોય છે, માટે તે સર્વબંધક જીવોના (પ્રથમ સમયસંબંધિ) એક**

ત્રિવક્રા ચતુર્વક્રા એમ ચાર પ્રકારની છે. તથા એમાં એકવક્રાગતિ કૂર્પર (કોણી) આકારે, દ્વિવક્રાગતિ લાંગલ (હળ) આકારે અને ત્રિવક્રા તથા ચતુર્વક્રા ગતિને ગોમૂત્રાકારે શ્રીપંચસંગ્રહવૃત્તિમાં કહી છે. એ ઋજુઆદિ પાંચે ગતિના આકાર નીચે પ્રમાણે


ઋજુગતિ (૧ સમય) (૨ પ્રકાર)





એકવક્રાગતિ (૨ સમય) કૂર્પરાકૃતિ. ૪ પ્રકારે





દ્વિવક્રાગતિ (૩ સમય) હળ આકૃતિ (૨ પ્રકારે)



ત્રિવક્રાગતિ (૪ સમય) ગોમૂત્રાકાર (૪ પ્રકારે)



ચતુર્વક્રા (પાંચ સમય) ગોમૂત્રાકાર (૨ પ્રકારે)



**જીવરાશિ ગણવો, તથા બીજી એક વક્રાગતિવડે જે જીવો ઉત્પન્ન થાય છે, તેમાં જેટલા પ્રથમ સમયવર્તિ જીવો છે તે સર્વે**

એમાં સ્થાપનાકૃતિ પ્રમાણે ઋજુગતિ ૨ પ્રકારે, એકવક્રા ચાર પ્રકારે ઇત્યાદિ જાણવું. વાસ્તવિકરીતે તો એકેક પ્રકારની ગણાય.

પુનઃ મારણાન્તિક સમુદ્‌ઘાતને પ્રાપ્ત થએલો જીવ ઇલિકાગતિએ પરભવમાં ઉત્પન્ન થાય છે, અને મરણસમુદ્‌ઘાતમાં ન વર્તતો જીવ બીજી કન્દુકગતિએ પણ ઉત્પન્ન થાય છે તેનો સંક્ષિપ્તાર્થ આ પ્રમાણેઃ—

૧ **ईलिकागति**—યેળ જેમ પોતાનું આગલું શરીર આગળ ફેંકીને ત્યારબાદ પાછળના શરીરને સંકોચીને ઇષ્ટ સ્થાને જાય છે, તેમ જીવ પણ પ્રથમ આત્મપ્રદેશોનો દીર્ઘ દંડાકાર કરી ઉત્પત્તિસ્થાને પહોંચે છે, તે વખતે મરણસ્થાન અને ઉત્પત્તિસ્થાન એ બન્ને સ્થાનમાં અને અન્તરાલમાં પણ આત્મપ્રદેશોની દીર્ઘશ્રેણિ લંબાયલી હોય છે. ત્યારબાદ મરણસ્થાનથી આત્મપ્રદેશોને સંહરીલઇ સર્વઆત્મપ્રદેશો ઉત્પત્તિસ્થાને ખેંચી લે છે તે ઈલિકાગતિ.

૨ **कन्दुकगति**—દડો જેમ સર્વાંશે ઉછળીને અન્યસ્થાને જઇ પહોંચે છે, તેમ આત્માપણ સર્વઆત્મપ્રદેશોવડે પિંડિત થયો છતોજ દડાની માફક અથવા તોપના ગોળાની પેઠે ઉત્પત્તિસ્થાનમાં પહોંચી જાય તે કન્દુકગતિ સંસારીજીવોને અને સિદ્ધને પણ હોય છે. (સિદ્ધપરમાત્માને ઇલિકાગતિ ન હોય).

પુનઃ ઋજુગતિ આદિ પાંચ પ્રકારની ગતિઓના પ્રવેશનિર્ગમમાર્ગ આ પ્રમાણેઃ—

૧ **ऋजुगति**—ઊર્ધ્વલોકથી અધોલોકે અથવા અધોલોકથી ઊર્ધ્વલોકે, તથા પૂર્વથી પશ્ચિમદિશામાં, પશ્ચિમથી પૂર્વદિશામાં ઇત્યાદિરીતે સમશ્રેણીએ (સીધીલીટીએ) ઉત્પન્ન થતાં ઋજુગતિ હોય છે.

૨ **एकवक्रागति**—દિશિમાંથી નીકળી અધઃ વા ઊર્ધ્વ ઉત્પન્ન થવું હોય તો, એકવક્રાગતિ થાય. કારણકે દિશિમાંથી નિકળી ઉત્પત્તિસ્થાનની સમશ્રેણિમાં આવી ત્યાંથી ઉત્પત્તિસ્થાને પહોંચે ઇત્યાદિરીતે એમાં અનેક ભાંગા પણ ઉપજે તે સ્વયં વિચારવા.

૨ **द्विवक्रागति**—ત્રસનાડી બહાર અધોલોકમાં દિશિથી નિકળી ત્રસ નાડીમાં પ્રવેશી ઊર્ધ્વલોકે સન્મુખદિશિમાં ઉત્પન્ન થાય ત્યારે દ્વિવક્રાગતિ

**અબન્ધક છે, અને બીજા સમયમાં વર્તતા જીવો સર્વબન્ધક છે, માટે આ બીજા સમયમાં વર્તનારા જીવો સંબંધિ સર્વબન્ધકનો**

---

થાય. એમાં પ્હેલો સમય ત્રસનાડીની બહારની દિશિમાંથી ત્રસનાડીમાં પ્રવેશ કરવાનો, બીજો સમય ત્રસનાડીમાં ઊર્ધ્વદિશિગમનનો અને ત્રીજો સમય સન્મુખદિશિગત ઉત્પત્તિસ્થાનમાં પ્રવેશનો. એમ ૩ સમયની દ્વિવક્રાગતિ થાય છે.

**૩ त्रिवक्रागति**—ત્રસનાડી બહાર અધોલોકની વિદિશામાંથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડી બહાર દિશિમાં ઉત્પન્ન થાય, અથવા અધોલોકમાં ત્રસનાડી બહાર દિશિમાં રહેલો જીવ ઊર્ધ્વલોકમાં ત્રસનાડી બહાર વિદિશિમાં ઉત્પન્ન થાય, પુનઃ એજ બે પ્રકારે ઊર્ધ્વલોકથી અધોલોકમાં ઉત્પન્ન થાય તો એ ચાર ભાંગે ત્રિવક્રાગતિ થાય છે.

**૪ चतुर्वक्रागति**—અધોલોકમાં ત્રસનાડી બહાર વિદિશામાં રહેલો જીવ ઊર્ધ્વલોકમાં ત્રસનાડી બહાર વિદિશામાં ઉત્પન્ન થાય, અથવા ઊર્ધ્વલોકમાં ત્રસનાડી બહાર વિદિશામાં રહેલો જીવ અધોલોકમાં ત્રસનાડી બહાર વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે પાંચ સમય પ્રમાણ ચતુર્વક્રાગતિ થાય.

પ્રશ્નઃ—જો એ પ્રમાણે ૧ ઋજુગતિ અને ૪ પ્રકારની વક્રગતિ છે તો આ ગાથામાં ૧ ઋજુગતિ અને બે પ્રકારની વક્રગતિજ કેમ કહી ?

ઉત્તરઃ—આ ચાલુ સંબંધમાં ઔદારિકના સર્વબન્ધકોથી ઔદારિકના અબન્ધકોને વિશેષાધિક સિદ્ધકરવા માટે એ ત્રણ પ્રકારની ગતિજ ઉપયોગી થાય છે, માટે. અને ચાર અથવા પાંચ સમયવાળી વિગ્રહગતિની ગણત્રી કરતાં અબન્ધક જીવો ( સર્વબન્ધકથી ) સંખ્યાતગુણા થઈ જાય છે, એ વાત આગળ ૧૦ મી ૧૧ મી ગાથામાંજ કહેશે, પરન્તુ સંખ્યાતગુણા થવાથી વિરોધ શું આવે છે ? તે અભિપ્રાય તો શ્રીગ્રંથકાર ભગવાન્ જાણે. વૃત્તિકર્ત્તાએ શ્રી ભગવતી સૂત્રમાં તેમજ આ પ્રકરણમાં પણ કોઈ ખુલાસો સ્પષ્ટ નથી કર્યો. પરન્તુ શ્રી વિશેષાવશ્યકમાં એ બે ગતિને ન ગ્રહણ કરવાના વિષયને લગતો ઔદા૦ ના જઘ૦ સંઘાત પારિશિષ્ટનો કાળ કહેવાના પ્રસંગમાં એ બે ગતિ ન ગ્રહણ કરવાનું કારણ શ્રી વૃત્તિકાર ભગવાને કિંચિત્ કહ્યું છે તે વિષય આગળ " **बन्धनुं विशेष स्वरूप** " એ પ્રકરણમાં ફુટનોટમાં શ્રી વિશેષાવશ્યકસૂત્રનીવૃત્તિનો પાઠ લખીને દાખલ કર્યો છે ત્યાં જોઈ લેવો.

બીજો રાશિ થયો, અને તે વળી અર્ધ છે, એટલે એકવક્રા નામની બીજી ગતિવડે ઉત્પન્ન થતા સર્વ જીવોની અપેક્ષાએ [૧]અર્ધ છે. ૪.

**तइयाइ तइअभागो, लब्भइ जीवाण सव्वबंधाणं**
**इति तिण्णि सव्वबंधा, रासी तिण्णेव य अबंधा ॥५॥**

गाथार्थः—ત્રીજી ગતિને વિષે સર્વબન્ધક જીવો ત્રીજા ભાગ જેટલા પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે સર્વબન્ધક જીવોના ૩ રાશિ થયા, અને અબન્ધક જીવોના પણ ત્રણ રાશિ થયા. ॥ ૫ ॥

टीकार्थः—ત્રીજી દ્વિવક્રા નામની ગતિવડે જે જીવો ઉત્પન્ન થાય છે, તેમાંથી પ્હેલા બે સમયે અબન્ધક હોય છે, અને ત્રીજા સમયમાં વર્તતા જીવો સર્વબન્ધક હોય છે, માટે સર્વબન્ધકજીવોનો આ ત્રીજો રાશિ થયો. અને આ ત્રીજો રાશિ દ્વિવક્રાગતિવડે ઉત્પન્ન થતા જીવોના *ત્રીજાભાગ જેટલો છે, કારણ કે ત્રીજે સમયેજ તે જીવો સર્વબન્ધકપણું પામે છે માટે. ॥ ૫ ॥

**रासिप्पमाणओ ते, तुल्लाऽबंधा य सव्वबंधा य**
**संखापमाणओ पुण, अबंधगा सुण जहब्भहिया ॥६॥**

---

૧ બરોબર અર્ધ નહિં, પરન્તુ લગભગ અર્ધ. પુનઃ જે વિવક્ષિત જીવો એકવક્રાગતિવડે પૂર્વભવમાંથી નિકળ્યાં છે, તેજ જીવો જો કે બીજે સમયે સર્વે સર્વબન્ધક હોય છે છતાં અહિં અર્ધ કહેવાનું પ્રયોજન એ છે કે તેજ સમયે ( આ વિવક્ષિત જીવોના સર્વબન્ધકપણાના સમયે ) બીજો સમુદાય એકવક્રાગતિએ જે નિકળ્યો છે તે સમુદાય હજી અબન્ધકપણામાંજ છે, માટે તે અબન્ધકજીવો સહિત ગણતાં આ સર્વબન્ધકો અર્ધ છે.

* જે સમયે આ દ્વિવક્રાગતિએ નિકળેલા જીવો ત્રીજે સમયે સર્વબન્ધકપણામાં વર્તે છે, તેજ સમયે તેથી પૂર્વે નિકળેલા દ્વિવક્રાગતિ વાળા જીવો દ્વિવક્રાના બીજા સમયમાં અબન્ધકપણે વર્તે છે, પુનઃ તેજ સમયે દ્વિવક્રાગતિએ નિકળેલા જીવો પ્રથમ સમયના અન્બધકપણામાં વર્તે છે માટે એકન્દર રીતે તપાસતાં દ્વિવક્રાએ નિકળેલી ૩ રાશિઓમાંથી આ પ્રથમ રાશિવાળા સર્વબન્ધકપણામાં વર્તતા જીવો ત્રીજા ભાગ જેટલાજ પ્રાપ્ત થાય.

**ગાથાર્થઃ—તે અબન્ધક જીવો અને સર્વબન્ધક જીવો બન્ને રાશિના પ્રમાણથી તો તુલ્ય છે, પરન્તુ સંખ્યાના પ્રમાણથી તો અબન્ધક જીવો અધિક છે, અને તેઓ જે રીતે અધિક થાય છે તે રીતિ સાંભળો ॥ ૬ ॥**

**ટીકાર્થઃ—એ પ્રમાણે સર્વબન્ધક જીવોની ૩ [1]રાશિઓ થઇ, અને અબન્ધક જીવોની પણ ત્રણજ [2]રાશિઓ થઇ, કારણ કે રાશિના ભેદ સમયના ભેદે થયેલા છે. અને એ પ્રમાણે તે અબન્ધકજીવો અને સર્વબન્ધક જીવો જો કે રાશિપ્રમાણથી [3]સરખા**

૧;—૧ ઋજુગતિસર્વબન્ધક, ૨ એકવક્રા સર્વબન્ધક, ૩ દ્વિવક્રા સર્વબન્ધક એ ત્રણ રાશિ સર્વબન્ધકજીવોની ગણાય. તે ત્રણે સમકાળે એકી સમયે પ્રાપ્ત થાય છે.

૨—૩;—૧ એકવક્રા અબન્ધકની, ૨ દ્વિવક્રા પ્રથમસમયવર્તીઅબન્ધકની, અને ૩ જી રાશી દ્વિવક્રા દ્વિતીયસમયવર્તીઅબન્ધકની, એ પ્રમાણે ૩ રાશિ અબન્ધકજીવોની તેપણ સમકાળે એક સમયે પ્રાપ્ત થાય છે. અર્થાત્ ૩ રાશિસર્વબન્ધકની અને ૩ રાશિ અબન્ધકની એ પ્રમાણે સમકાળે એક સમયે ૬ રાશિ પ્રાપ્ત થાય છે.

હજી પણ વાચકવર્ગને કદાચ સમજ ન પડવાનો સંભવ હોય તો નીચે અંકસ્થાપનાપૂર્વક વિશેષ સ્પષ્ટ વિગત લખાય છે તે ઉપર ધ્યાન આપવું.

ધારો કે અવસર્પિણીના પ્રથમ સમયે ( ઋજુગતિકજીવોમાટે અલ્પક્ષેત્રહોવાથી ) ૧૦૦૦ જીવોનો ( એકહજારજીવોનો ) ૧ રાશિ ઋજુગતિએ નિકળ્યો, બીજો ૧૦૦૦૦૦ ( એકલાખ ) જીવોનો ૧ રાશિ ( ઋજુગતિકક્ષેત્રથી એકવક્રાનું ક્ષેત્ર અસંખ્યગુણ હોવાથી ૧ લાખ જીવોનો રાશિ ) એકવક્રાગતિએ નિકળ્યો, અને ( એકવક્રાના ક્ષેત્રથી દ્વિવક્રાનું ક્ષેત્ર અસંખ્યગુણ હોવાથી ) ૧૦૦૦૦૦૦૦ ( એકક્રોડ ) જીવોનો ૧ રાશિ દ્વિવક્રાગતિએ નિકળ્યો. હવે જે ઋજુગતિવાળા ૧૦૦૦ જીવો છે તે તો સર્વે તેજ સમયે સર્વબન્ધક થઇ ગયા, અને એકવક્રાવાળા ૧ લાખ જીવો તે તો એ સમયે અબન્ધકપણામાં રહ્યા, અને દ્વિવક્રાવાળા ૧ ક્રોડજીવો પણ અબન્ધક રહ્યા.

હવે અવસર્પિણીના બીજે સમયે પ્રથમ સમયે નિકળેલા ઋજુગતિકજીવો દેશબન્ધક થયા, પ્રથમસમયનિર્ગત એકવક્રાગતિવાળા જીવો સર્વબન્ધક થયા, અને પ્રથમસમયનિર્ગત દ્વિવક્રાગતિવાળા જીવો અબન્ધક રહ્યા છે, પરન્તુ

છે, પરન્તુ સંખ્યા પ્રમાણથી તો સર્વબન્ધક જીવોથી અબંધક-

અવસ૦ દ્વિતીયસમયનિર્ગત ઋજુગતિક ૧૦૦૦ જીવો અવસ૦ ના એ બીજે સમયે સર્વબન્ધક થયા છે, એજ સમયે નિકળેલા એકવક્રાગતિવાળા ૧ લાખ જીવો અબન્ધક રહ્યા છે, અને એજ સમયે નિકળેલા દ્વિવક્રાગતિવાળા ૧ ક્રોડ જીવો પણ અબન્ધક રહ્યા છે.

અવસર્પિણીના ત્રીજા સમયે પ્રથમસમયનિર્ગત ઋજુગતિક તથા દ્વિતીયસમયનિર્ગત ઋજુગતિક એ બન્ને રાશિ દેશબન્ધક થયા છે, પરન્તુ તૃતીયસમયનિર્ગત ઋજુગતિક જીવો સર્વબન્ધક છે, તથા એજ સમયે (એટલે અવસ૦ના ત્રીજા સમયે) પ્રથમસમયનિર્ગત એકવક્રાગતિવાળા દેશબન્ધક થયા, દ્વિતીયસમયનિર્ગત એકવક્રાગતિવાળા જીવો સર્વબન્ધક થયા પરન્તુ તૃતીયસમયનિર્ગત એકવક્રાગતિવાળા જીવો તો અબન્ધકપણામાં વર્તે છે, તથા એજ સમયે (એટલે અવસ૦ના ત્રીજા સમયે) પ્રથમસમય-નિર્ગત દ્વિવક્રાગતિવાળા જીવો સર્વબન્ધક થયા, પરન્તુ દ્વિતીયસમયનિર્ગત અને તૃતીયસમયનિર્ગત દ્વિવક્રાગતિવાળા બે રાશિ અબન્ધકપણામાં વર્તે છે, એ પરિપાટીએ (એજ અનુક્રમ પ્રમાણે સમ્યક્પ્રકારે) અવસ૦ના ચોથા સમયે પાંચમા સમયે ઇત્યાદિ દરેક સમયે સરખું સ્વરૂપ સમજવું. તેની સુગમતા માટે નીચે ૫ સમય સુધીના અનુક્રમનું કોષ્ટક આપ્યું છે તે જોવું. તેમજ એકવક્રા દ્વિવક્રા ગતિવાળા જીવોની જૂદી સ્થાપના પણ અહિં પ્રથમ દર્શાવાય છે તે આ પ્રમાણે—

૧ એકવક્રાગતિ (દ્વિ સમયની)

| | (૧ સમયે) | ૨ સમયે | |
|---|---|---|---|
| ૧ લો રાશિ | અબન્ધક | સર્વબન્ધક (૧ લાખ) | |
| ૨ જો રાશિ | | અબન્ધક (૧ લાખ) | સર્વબન્ધક |
| | | ૨ લાખ | |

ટીપ્પણુ ચાલુ—

૨ દ્વિવક્રાગતિ ત્રણ સમયની

| | ૧ લે સમયે | ૨ જે સમયે | ૩ જે સમયે | | |
|---|---|---|---|---|---|
| ૧ લો રાશિ | અબન્ધક | અબન્ધક | સર્વબન્ધક (૧ ક્રોડ) | | |
| ૨ જો રાશિ | | અબન્ધક | અબન્ધક (૧ ક્રોડ) | સર્વબન્ધક | |
| ૩ જો રાશિ | | | અબન્ધક (૧ ક્રોડ) | અબન્ધક | સર્વબન્ધક |
| | | | ૩ ક્રોડ | | |

## ઔદારિકના સર્વબન્ધક અને અબન્ધકરાશિનું કોષ્ઠક.

**( આ કોષ્ઠકમાં દેશબન્ધકનું ખાનું યથાર્થ સ્વરૂપ સમજાવવા માટે પૂર્યું છે, પરન્તુ અહિં તેનો ઉપયોગ નથી )**

| અવસર્પિણીના પ્રારંભમાં પૂર્વભવમાંથી પરભવમાં જતાં જીવો | | અવસર્પિણીના | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૧ લે સમયે | ૨ જે સમયે | ૩ જે સમયે | ૪ થે સમયે | ૫ મે સમયે |
| પ્રથમ સમયનિર્ગત (૧૦૦૦) | ઋજુગ૦ | સર્વબન્ધક | દેશ૦ | દેશ૦ | દેશ૦ | દેશ૦ |
| દ્વિતીય સમયનિર્ગત (૧૦૦૦) | ,, | — | સર્વબં. | ,, | ,, | ,, |
| તૃતીય સમયનિર્ગત (૧૦૦૦) | ,, | | | સર્વબં. | ,, | ,, |
| ચતુર્થ સમયનિર્ગત (૧૦૦૦) | ,, | | | | સર્વબં. | ,, |
| પંચમ સમયનિર્ગત (૧૦૦૦) | ,, | | | | | સર્વબં. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રથમ સમયનિર્ગત ૧૦૦૦૦૦ એકવક્રા૦ | અબન્ધક | સર્વબં. | દે૦ | દે૦ | દે૦ |
| દ્વિતીય સમયનિર્ગત ૧૦૦૦૦૦ ,, | | અબં૦ | સર્વબં. | ,, | ,, |
| તૃતીય સમયનિર્ગત ૧૦૦૦૦૦ ,, | | | અબં૦ | સર્વબં. | ,, |
| ચતુર્થ સમયનિર્ગત ૧૦૦૦૦૦ ,, | | | | અબં૦ | સર્વ૦ |
| પંચમ સમયનિર્ગત ૧૦૦૦૦૦ ,, | | | | | અબં૦ |
| પ્રથમ સમયનિર્ગત ૧૦૦૦૦૦૦૦ દ્વિવક્રા૦ | અબં૦ | અબં૦ | સર્વ૦ | દે૦ | દે૦ |
| દ્વિતીય સમયનિર્ગત ૧૦૦૦૦૦૦૦ ,, | | અબં૦ | અબં૦ | સર્વ૦ | ,, |
| તૃતીય સમયનિર્ગત ૧૦૦૦૦૦૦૦ ,, | | | અબં૦ | અબં૦ | સર્વબં. |
| ચતુર્થ સમયનિર્ગન ૧૦૦૦૦૦૦૦ ,, | | | | અબં૦ | અબં૦ |
| પંચમ સમયનિર્ગત ૧૦૦૦૦૦૦૦ ,, | | | | | અબં૦ |

એ કોષ્ઠકમાં હવે તપાસીએ તો સમજાય છે કે અવસર્પિણીના ત્રીજા સમયે અથવા ત્રીજા સમયથી પ્રારંભીને આગળ આગળના કોઇપણ સમયે સમકાળે ૩ રાશિ અબન્ધકના અને ૩ રાશિ સર્વબન્ધકના પ્રાપ્ત થઇ શકે છે, પરન્તુ ન્યૂનાધિક નહિં જેથી રાશિની અપેક્ષાએ અબન્ધક અને સર્વ-બન્ધક જીવો સરખા છે, પરન્તુ સંખ્યાની અપેક્ષાએ સરખા નથી પણ અબન્ધક વિશેષાધિક છે તે આ પ્રમાણે—

સર્વબન્ધક જીવોના ૩ રાશિમાંનો એક રાશિ ઋજુગતિવાળા જીવોનો છે તેની સંખ્યા ૧૦૦૦ કલ્પી છે, બીજો રાશિ એકવક્રાગતિવાળા જીવોનો છે તેની સંખ્યા ૧૦૦૦૦૦ ( એક લાખ ) કલ્પી છે, અને ત્રીજો રાશિ દ્વિવક્રાગતિવાળા જીવોનો છે તેની સંખ્યા ૧૦૦૦૦૦૦૦ ( ૧ ક્રોડ ) કલ્પી છે, જેથી એ ત્રણે રાશિઓની સમગ્ર સંખ્યા એકત્ર કરવાથી ૧૦૧૦૧૦૦૦ ( ૧ ક્રોડ ૧ લાખ ૧ હજાર ) જીવો સર્વબન્ધક છે.

તથા અબન્ધક જીવોના ૩ રાશિમાંનો એક રાશિ એકવક્રાગતિવાળા જીવોનો છે તેની સંખ્યા ૧૦૦૦૦૦ ( એક લાખ ) છે, અને બે રાશિ દ્વિવક્રાગતિવાળા દરેકની સંખ્યા એકેક ક્રોડ છે માટે સર્વ સંખ્યા એકેક મેળવતાં ૨૦૧૦૦૦૦૦ ( ૨ ક્રોડ ૧ લાખ ) અબન્ધકજીવો છે. માટે સર્વ-બન્ધકજીવોથી અબન્ધકજીવો ( સંખ્યાની અપેક્ષાએ અધિક છે ( પણ રાશિની અપેક્ષાએ તુલ્ય છે ).

જીવો [1]અધિક જ છે, અને તે અબંધકજીવો જે રીતે અધિક થાય છે તે રીતિ સાંભળો. ॥ ૬ ॥

**અવતરણ**—ઔદારિકના સર્વબન્ધકોથી ઔદારિકના અબન્ધક જીવો ૬ ઠ્ઠી ગાથામાં તુલ્ય દર્શાવીને હવે આ ૭ મી ગાથામાં તેઓ અધિક કેવી રીતે છે? તે દર્શાવવાને ઋજુ આદિ ૩ ગતિવાળા જીવો કયે કયે સ્થાનેથી કેવીરીતે આવે છે તે દર્શાવે છે.

**जे एगसमइआ ते, एगनिगोअम्मि छद्दिसिं एंति ॥**
**दुसमइआ तिपयरिआ, तिसमइआ सेसलोगाओ ।७।**

**ગાથાર્થઃ**—જે એક સમયમાં ( ઉત્પત્તિ સ્થાને ) આવી જનારા છે, તે જીવો એક નિગોદમાં છએ દિશિથી આવીને ઉત્પન્ન થાય છે, તથા બે સમયે ઉત્પત્તિસ્થાને પહોચનારા જીવો ત્રણપ્રતરથી આવી ઉપજે છે, અને ત્રણ સમયે ઉત્પન્ન થનારા જીવો શેષ લોકમાંથી આવી ઉપજે છે. ॥ ૭ ॥

**ટીકાર્થઃ**—જે જીવો એક સમયવાળા એટલે ઋજુગતિએ

---

હવે સર્વબન્ધક અને અબન્ધકની સંખ્યા એકવક્રાદિગતિની અપેક્ષાએ ભિન્ન ભિન્ન વિચારીએ તો જે સમયે એકવક્રાગતિવાળા ૧ લાખ જીવો સર્વબન્ધક વર્તે છે તે સમયે એકવક્રાગતિવાળા બીજા ૧ લાખ જીવો ( બીજી રાશિવાળા ) અબન્ધકપણામાં વર્તતા જ હોય છે જેથી એકવક્રાગતિવાળા કુલ ૨ લાખ જીવો થયા, એમાં એકલાખ સર્વબન્ધકજીવો અર્ધાજ ગણી શકાય, તેથી એકવક્રાગતિમાં ૧ લાખ સર્વબન્ધક અને ૧ લાખ અબન્ધક છે તેથી સરખા છે એવો વ્યામોહ ન કરવો, કારણ કે એ સરખાપણું એકવક્રાગતિમાં વર્તતા એક રાશિની અપેક્ષાએ છે, પરન્તુ એકવક્રાગતિની અપેક્ષાએ નથી.

તેમજ દ્વિવક્રાગતિમાં ત્રણે રાશિની પરસ્પર સંખ્યા જો કે તુલ્ય છે, પરન્તુ કોઇપણ એક રાશિના ૧ ક્રોડ જીવો તે દ્વિવક્રાગતિમાં ગણાતા ૩ ક્રોડ જીવોની અપેક્ષાએ તો ત્રીજા ભાગનાજ ગણી શકાય છે. એજ વાત વૃત્તિકારે કહી તે અહિં સ્પષ્ટ કરી છે.

૧ અધિકતાના પ્રકાર આગળ દર્શાવે છે.

ઉત્પન્ન થનારા હોય તે જીવો એક નિગોદમાં એટલે [1]લોકમધ્યે રહેલા એક સાધારણ શરીરને વિષે છએ દિશિથી સમશ્રેણિએ આવે છે. ૧ ॥ પુનઃ જે દ્વિસામયિક એટલે ( બે સમયે ઉપજવા વાળા ) એકવક્રાગતિએ ઉપજવાવાળા જીવો છે તે ૩ પ્રતરથી આવે છે, કારણકે [2]વિદિશિમાંથી વક્ર થઇને આવવું પડે છે, અહિં પ્રતર એટલે શું તેનું સ્વરૂપ આવતી ૮ મી ગાથામાં કહેવાશે ૨ ॥ અને જે જીવો ત્રણ સમયે આવીને ઉપજવા વાળા એટલે દ્વિવક્રાગતિએ આવી ઉપજવા વાળા છે તે જીવો ( ત્રણપ્રતર સિવાયના ) શેષ[3] લોકમાંથી આવી ઉપજે છે. અહિં શેષ લોકથી એટલે ત્રણપ્રતર સિવાયના લોકભાગમાંથી આવી ઉપજે છે એમ જાણવું. અહિં ૩ પ્રતરોની [4]સ્થાપના આ પ્રમાણે છે—

૧ " લોકમધ્યે " કહેવાનું કારણ એ છે કે લોકને અન્તે નિષ્કૂટ સ્થાનોમાં રહેલી નિગોદના સાધારણ શરીરમાં ત્રણદિશિથી પણ જીવો સમ-શ્રેણિએ આવે છે. તે ત્રણદિશિથી આવતા જીવો ઉત્પન્ન થવા યોગ્ય સાધારણ શરીરીનું સ્થાન અત્રે ગણવું ઉપયોગી નથી, કારણકે જે ૩ પ્રતર બનાવવાનાં છે તેમાં ૬ દિશિની જ જરૂર છે.


૨ અહિં વિદિશિ તે વિવક્ષિત નિગોદજીવને આશ્રયિ જાણવી, પરન્તુ આકાશ પ્રદેશોની રચનારૂપ ક્ષેત્રવિદિશિ નહિં.

૩ શેષલોકમાંથી એટલે દ્વિવક્રાગતિ યોગ્ય જીવો જે શેષભાગમાં રહ્યા છે તે ભાગમાંથી કારણકે અહિં પ્રસ્તાવ દ્વિવક્રાસુધીના જીવો માટે છે, પરન્તુ ત્રિવક્રા ચતુર્વક્રા જીવો માટે નથી, માટે નિષ્કૂટ વિગેરે ક્ષેત્રાશ્રયિ વિદિશિભાગ કે જે ત્રસનાડી બહાર રહ્યા છે, તેટલા વર્જ્ય ગણવા. એવી સંભાવના છે, પછી સત્યતત્ત્વ શ્રી બહુશ્રુત ભગવાન્ જાણે.


૪ પ્રતર એટલે અબરખ સરખું અથવા ચક્કીના પડ સરખું પડ ગણાય તેવાં ત્રણ પડ તે ત્રણપ્રતર અથવા ત્રિપ્રતર ગણાય. એ ત્રણ પ્રતરમાં એક મધ્યપ્રતર ઘંટીના પડ સરખું ગોળ અને ૨ પ્રતરો પુસ્તક મુકવાના ચાપડામાં રહેલાં બે પાટીયા સરખા અથવા બે કપાટ સરખાં પરન્તુ લોકાકાશની આકૃતિ પ્રમાણે જાણવાં એ પુસ્તક મુકવાના ચાપડાને ( રૂઢ શબ્દ—સાપડાને ) જમીન ઉપર આડો ગોઠવવો, અને તેમ ગોઠવ્યાથી ચાપડાનાં બે પાટીયાં બરોબર ઊર્ધ્વાધઃ ઉંચાઇવાળાં ( ઉભાં ) થશે તે આકારે બે પ્રતર જાણવાં, પરન્તુ એ

સાપડાના મધ્ય ભાગે એક તીર્ચ્છું વર્તુલાકાર પ્રતર પણ જાણવું, અને તે પણ સાપડાની તીર્ચ્છા સમાપ્તિ સુધી પહોચેલું જાણવું. તેની આકૃતિ આ પ્રમાણે.


૧ લોકાકાશનું
( પૂર્વ પશ્ચિમ વિસ્તૃત )
ઊર્ધ્વાધઃ પ્રતર




૨ લોકાકાશનું
( ઉત્તર દક્ષિણ વિસ્તૃત )
ઊર્ધ્વાધઃ પ્રતર





૩ લોકમધ્યે તિર્યગ્ પ્રતર.




આ તિર્યગ્ પ્રતરના મધ્યભાગમાં અનેક જીવાત્મક એક નિગોદ કલ્પી છે, અને પ્રતરની ચારેબાજુ દિશાના અક્ષરો છે. તથા એમાં દક્ષિણ આરામાં રહેલો જીવ સીધો નિગોદમાં જાય છે, અને ઇશાનદિશિમાં રહેલો જીવ પૂર્વ આરામાં પ્રવેશ કરીને ત્યારબાદ નિગોદમાં ઉપજે છે, ઇત્યાદિ સ્પષ્ટતા આગલ કહેવાય છે.

ઉપર પ્રમાણે ત્રણે પ્રતરોના છુટા આકાર દર્શાવ્યા પરન્તુ ત્રણ પ્રતરોને જોડતાં જે આકાર થાય છે તે આ પ્રમાણે—

૪ ત્રણ પ્રતરનું ચિત્ર.




આ ત્રણ પ્રતરો જોડવાથી બનેલો આકાર છે, પ્રથમનાં છુટાં બે પ્રતરો લોકાકૃતિવાળાં છે તેજ આ બે પ્રતરો છે, પરન્તુ ચિત્રમાં બહુ ગુંચવણ થવાના સંભવથી ત્રસનાડી બહારનો વિષમભાગ આ સંયોગ આકારમાં દર્શાવ્યો નથી, જેથી સ્પષ્ટતા વિશેષ થશે, વિષમભાગ નહિં દર્શાવવા છતાં પણ આ બે પ્રતરો પૂર્વદર્શિત આકૃતિવાળાં જ વિચારી લેવાં.

પુનઃ મધ્યભાગમાં જે તિર્યક્પ્રતર દર્શાવ્યું છે તે પ્રતર તેજ સ્થાને કલ્પવું એવો નિયમ નથી, પરન્તુ લોકના સર્વાન્તિમ ઊર્ધ્વભાગે નિગોદાવગાહ જેટલાં આકાશપ્રદેશનાં અસંખ્ય પ્રતરો છોડી દઇને અને સર્વાધઃ ભાગે પણ તેટલાં પ્રતરો છોડી દઇને બાકીના અન્તરાલમાં કોઇ પણ સ્થાને તિર્યક્પ્રતર કલ્પી શકાય છે, અહિં ઉદ્દેશ એટલો જ સાચવવાનો છે કે ઊર્ધ્વાધઃ દિશિઓમાંથી જીવો આવી શકે તેટલો દિશિભાગ છોડી દેવો.

પુનઃ સ્થાપનામાં નિગોદને મધ્ય ભાગમાં સ્થાપેલ છે તેથી અતિમધ્યભાગેજ નિગોદ કલ્પવી એવો નિયમ નથી, પરન્તુ ચારે દિશિનો સર્વાન્તિમ ભાગ નિગોદાવગાહ જેટલો છોડી દઇ શેષ રહેલા તિર્યક્પ્રતરનાજ મધ્યભાગમાં કોઇપણ સ્થાને નિગોદજીવ કલ્પી શકાય છે..

એ પ્રમાણે જો કે કહેલા કોઇપણ ભાગમાં તિર્યક્પ્રતર અથવા નિગોદજીવ કલ્પી શકાય પરન્તુ અહિં તો વિશેષ સ્પષ્ટતા માટે જ અતિમધ્યભાગમાં **એ બન્નેની સ્થાપના છે.**

પુનઃ લોકાકાશમાં ગમે તે સ્થાને તિર્યક્પ્રતર કલ્પવામાં જે સ્થાને લોકાકાશનો જેટલો તિર્યગ્ વિસ્તાર હોય તેટલા પ્રમાણવાળું નાનું મોટું તિર્યક્પ્રતર બને છે, કારણ કે લોકનો તિર્યગ્ભાગ અનિયતપ્રમાણવાળો છે, માટે તિર્યક્પ્રતર પણ ઠામઠામ અનિયતપ્રમાણવાળું થાય. સર્વજઘન્ય તિર્યક્પ્રતર ૧ રજ્જુપ્રમાણ અને સર્વોત્કૃષ્ટતિર્યક્પ્રતર વસ્તુતઃ દેશોન-સપ્તરજ્જુ અથવા વ્યવહારથી સંપૂર્ણ ૭ રજ્જુપ્રમાણ જાણવું. અને જાડાઇ તો નિગોદાવગાહ જેટલી ત્રણ પ્રતરોની હોય છે તે વાત આગળની ગાથામાં કહેશે.

હવે તિર્યક્પ્રતરના મધ્યભાગમાં ધારેલી નિગોદને વિષે ઋજુઆદિ ગતિવડે જીવો કેવી રીતે ઉત્પન્ન થાય તે કહું છું.

તિર્યક્પ્રતરની છૂટી સ્થાપના ઉપર ધ્યાન આપશો તો માલૂમ પડશે કે તિર્યક્પ્રતર તે એક ચક્ર સરખું છે, એ ચક્રમાં મધ્યભાગે વિવક્ષિત નિગોદ જીવ છે, તે ચક્રની નાભિ સરખો છે, એ જીવની અવગાહના (શરીર) જેટલા જાડાઇવાળા ચાર આરા ચાર દિશાઓ છે, અને ચાર આંતરા તે ચાર વિદિશાઓ છે. એ ચારે આરામાંથી કોઈ પણ સ્થાને મરણ પામેલો જીવ **ऋजुगतिए** ( સમશ્રેણિએ ) ચક્રનાભિસ્થાનગત નિગોદમાં ઉત્પન્ન થાય છે, તેના ઉદાહરણ તરીકે દક્ષિણઆરામાં મરણ પામેલો એક જીવ સમશ્રેણિએ ચક્રના મધ્યનિગોદમાં જઈ ઉપજે છે એમ ચિત્રમાં દર્શાવ્યું છે, તથા ચક્રના આંતરાઓમાં કોઇપણ સ્થાને મરણ પામેલો જીવ **एक वक्रागतिए** ઉત્પન્ન થાય, તેનું કારણ કે પ્રથમ સમયે આંતરામાંથી ( વિદિશિમાંથી ) નજીકના આરામાં ( નજીક રહેલી દિશિમાં ) પ્રવેશ કરે, અને ત્યારબાદ બીજે સમયે વક્ર થઈ સીધો નિગોદમાં જઈ ઉપજે માટે એક વક્રાગતિ થઇ. ઉદાહરણ તરીકે ચિત્રમાં ઇશાનવિદિશીમાં રહેલો એક જીવ નજીકના પૂર્વ આરામાં પ્રવેશી ત્યાં વક્ર થઇ ચક્રનાભિસ્થાને નિગોદમાં ઉત્પન્ન થતો દર્શાવ્યો છે. એ પ્રમાણે તિર્યક્પ્રતરમાં એ બે ગતિથીજ જીવ ઉત્પન્ન થઇ શકે છે, ત્રીજી કોઈ ગતિથી નહિં.

હવે એજ તિર્યક્પ્રતરરૂપ ચાર આરાવાળા ચક્રને ઉઠાવીને ચોથા નંબરના ચિત્ર પ્રમાણે લોકાકાશના પ્હેલા નંબરવાળા અથવા બીજા નંબરવાળા અથવા પ્હેલા અને બીજા એમ બન્ને નંબરવાળા ચિત્રમાં જોડી દઇએ તો પ્રતરનો ૧ નિગોદાવગાહજેવડી જાડી ઊર્ધ્વદિશારૂપી આરો અને

અવતરણ—સાતમી ગાથામાં એકવક્રાગતિએ ઉપજતા જીવો ત્રણ પ્રતરથી આવે છે એમ કહ્યું, તે ત્રણપ્રતરનું સ્વરૂપ આ આઠમી ગાથામાં દર્શાવે છે—

**तिरिआययं चउदिसि, पयरमसंखप्पएसबाहल्लं**
**उड्ढं पुव्वावरदाहिणुत्तराययया य दो पयरा ॥ ८॥**

**ગાથાર્થ**—ચારે દિશાએ તિર્છો વિસ્તારવાળું અને અસંખ્ય પ્રદેશ જાડાઇવાળું એક પ્રતર અને બે ઊર્ધ્વપ્રતર દક્ષિણ ઉત્તર વિસ્તારવાળાં જાણવાં. ॥ ૮ ॥

**ટીકાર્થઃ**—લોકમધ્યે રહેલી એક નિગોદઆશ્રયિ એક પ્રતર ચારે દિશિમાં તિર્છો વિસ્તારવાળું કલ્પવું, અને તે અસંખ્ય પ્ર-

એક અધોદિશારૂપી આરો એમ બે આરા તિર્યક્પ્રતરમાં વધવાથી તિર્યક્પ્રતર ૬ આરાવાળું થાય (અહિં પ્રતરને ચક્ર કલ્પ્યું છે અને ચક્રને જો કે ઊર્ધ્વાધઃ આરા હોય નહિં તો પણ આ એક કલ્પનાથી વસ્તુ સિદ્ધિજ કરવી છે.) જેથી એ છએ આરામાંથી મરણ પામતો જીવ તે નિગોદમાં ઋજુગતિએજ ઉત્પન્ન થાય માટે તિર્યક્પ્રતરમાંથી ચારદિશિથીજ આવતો જીવ અને ઊર્ધ્વાધઃ પ્રતરની ઊર્ધ્વાધઃ દિશિથી એમ ૬ દિશિથી જીવ **ऋजुगतिए** આવી ઉપજે છે. ઉદાહરણ તરીકે પ્હેલાનંબરના ચિત્રમાં **अ** જીવ **क** નિગોદમાં ઊર્ધ્વથી અધો માર્ગે સમશ્રેણીએ (ઋજુગતિએ) પ્રવેશ કરે છે.

તથા ઊર્ધ્વાધઃપ્રતરમાં આરા સિવાયના કપાટભાગમાંથી આવેલો જીવ **एकवक्रागतिए**, અને બે પ્રતરોના ચારભાગવચ્ચેના ચાર આંતરામાંથી આવેલો જીવ **द्विवक्रागतिए** ઉત્પન્ન થાય તેના ઉદાહરણતરીકે નંબર પ્હેલાના ચિત્રમાં **ब** જીવ **क** નિગોદમાં એક વક્રાએ ઉત્પન્ન થાય છે, અને બીજા અથવા ચોથા નંબરના ચિત્રમાં **ब** જીવ **क** નિગોદમાં દ્વિવક્રાએ ઉત્પન્ન થાય છે. કારણ કે પ્રથમ સમયે આંતરામાંથી પ્રતરમાં પ્રવેશ કરે, ત્યારબાદ બીજે સમયે વક્ર થઇ પ્રતરના આરામાં (ઊર્ધ્વઆરામાં કે અધઃઆરામાં) પ્રવેશ કરે, ત્યારબાદ ત્રીજે સમયે વક્ર થઇ તિર્યક્પ્રતર મધ્યગત નિગોદમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે હોવાથી ઊર્ધ્વાધઃપ્રતરમાં પણ ઋજુ-અને એકવક્રા એમ બે ગતિજ હોય અને શેષભાગથી ત્રણે હોય.

દેશ પ્રમાણ જાડાઇવાળું એટલે વિવક્ષિત નિગોદમાં ઉત્પન્ન થનારા જીવોની જેટલી અવગાહના ધારી હોય તેટલી અવગાહનાપ્રમાણ જાડાઈવાળું તે પ્રતર જાણવું. પુનઃ તેવડીજ જાડાઇવાળાં બે પ્રતર કલ્પવાં અને તે બે પ્રતરો ઊર્ધ્વલોકના અન્તથી અધોલોકના અન્તસુધીની ઉંચાઇવાળાં જાણવાં, તથા એ બેમાંનું એક પ્રતર પૂર્વથી પશ્ચિમસુધી વિસ્તારવાળું, અને બીજું પ્રતર ઉત્તરથી દક્ષિણસુધીના વિસ્તારવાળું એવાં બે પ્રતરો કલ્પવાં ॥ ૮ ॥

અવતરણ—આઠમી ગાથામાં ત્રણ પ્રતરનું સ્વરૂપ દર્શાવીને હવે આ નવમી ગાથામાં તે ત્રણ પ્રતરમાર્ગે આવતા જીવોથી છદ્દિશિ માર્ગે આવતા જીવો તથા શેષલોકમાંથી આવતા જીવો પણ અસંખ્યગુણ હોય છે એમ દર્શાવે છે;–

**जे तिपयरिया ते छ–द्दिसिएहिंतो भवंतऽसंखगुणा**
**सेसावि असंखगुणा, खित्तासंखिज्जगुणियत्ता ॥९॥**

**गाथार्थः**—જે ત્રિપ્રતરમાર્ગે આવતા જીવો છે તે છદ્દિસિ માર્ગે આવતા જીવોથી અસંખ્યગુણા છે, અને તેથી શેષલોક માર્ગે આવતા જીવો અસંખ્યગુણા હોય છે, કારણ કે ક્ષેત્ર અસંખ્યાતગુણ છે માટે ॥ ૯ ॥

**टीकार्थः**—જે જીવો ત્રિપ્રતરિક એટલે એકવક્રાગતિએ ઉપજવાવાળા છે તે જીવો ઋજુગતિવડે છદ્દિશિમાર્ગે આવતા–ઉપજતા જીવોથી અસંખ્યગુણા છે, વળી બીજા બાકીના જીવો પણ

---

ગતિનું કોષ્ટક આ પ્રમાણે—

| પ્રતર | ગતિ |
|---|---|
| તિર્યક્પ્રતરમાં | ૨. ઋજુગતિ–એકવક્રાગતિ |
| ઊર્ધ્વાધઃપ્રતરમાં | ૨ ઋજુગતિ–એકવક્રાગતિ |
| શેષલોકમાંથી | ૩ ઋજુગતિ એકવક્રાગતિ–દ્વિવક્રાગતિ–( ત્રિચતુઃ વક્રા પણ ). |

ચિત્રમાં તો **ब** જીવ જાણે પ્રતરમાં છે, પરન્તુ વસ્તુતઃ પ્રતરબહાર રહેલો જાણવો.

એટલે શેષલોકમાર્ગે આવતા-ઉપજતા ત્રિસામયિક જીવો પણ (તેથી) અસંખ્યગુણા છે, તેનું કારણ શું ? (તે દર્શાવે છે કે-) ક્ષેત્ર અસંખ્યગુણ છે માટે. કારણ કે છદ્દિશિના ક્ષેત્રથી ત્રિપ્રતર ક્ષેત્ર અસંખ્યગુણ છે, અને તે ત્રિપ્રતરિકક્ષેત્રથી પણ શેષલોક [1]અસંખ્ય ગુણ છે. ॥ ૯ ॥ તેથી તાત્પર્ય શું આવ્યું ? તે આ ગાથામાં દર્શાવે છે.

**एवं विसेस अहिआ, अबंधया सव्वबंधएहिंतो ॥**
**तिसमइअविग्गहं पुण, पडुच्च सुत्तं इमं होइ ॥१०॥**

**गाथार्थः**—એ પ્રમાણે (એટલે પૂર્વે કહ્યા પ્રમાણે) ઔદારિકના સર્વબન્ધકજીવોથી ઔદારિકના અબન્ધકજીવો વિશેષાધિક છે. પુનઃ આ વિશેષાધિક સૂત્ર ત્રણ સમયની વક્રગતિવાળા એટલે દ્વિવક્રાગતિઆશ્રયિ જાણવું કારણ કે—॥ ૧૦ ॥ [ કારણ અગ્રગાથામાં ]

**टीकार्थः**—ગાથાર્થ પ્રમાણે—

**અવતરણ**—૧૦ મી ગાથામાં જે વિશેષાધિકતા કહી તે ત્રણ સમયની દ્વિવક્રાગતિ આશ્રયિ કહી, તો ચાર સમયની ત્રિવક્રાગતિ પણ હોય છે તો તે આશ્રયિ વિશેષાધિકતા કેમ પ્રાપ્ત ન થાય ? તેનું કારણ આ ૧૧ મી ગાથામાં દર્શાવે છે—

**चउसमयविग्गहे पुण, संखिज्जगुणा अबंधगा हुंति**
**एएसिं निदरिसणं, ठवणरासीहिं वोच्छामि ॥११॥**

---

૧ પૂર્વદર્શિતચિત્ર પ્રમાણે તિર્યક્પ્રતરમાં આરાથી આંતરો અને ઊર્ધ્વાધઃપ્રતરમાં આરાથી શેષ પ્રતરભાગ અસંખ્ય ગુણ છે, કારણ કે નિગોદાવગાહ જેવડો અંગુલથી સંખ્યેયભાગ જાડાઇવાળો આરો છે, અને આંતરૂં અથવા શેષપ્રતર અસંખ્ય યોજન છે, તથા પ્રતરથી શેષલોકભાગ અસંખ્યગુણ હોવાનું કારણ કે શેષલોક ભાગની લંબાઈ ( અથવા ઉંચાઈ ) પહોળાઇ પ્રતર પ્રમાણ છે, પરન્તુ જાડાઇ પ્રતરની જાડાઇથી અસંખ્યગુણ છે માટે.

**ગાથાર્થઃ**—ચાર સમયવાળી વક્રગતિ આશ્રયિ તો ઔદારિકના અબન્ધકજીવો સંખ્યાતગુણા છે. અને તે સર્વેનું ઉદાહરણ અંકસ્થાપન રાશિઓવડે કહીશ.

**ટીકાર્થઃ**—ચાર સમયની વિગ્રહગતિવાળા જીવોથી ઔદારિકના અબન્ધકજીવો [1]સંખ્યાતગુણા છે, પરન્તુ વિશેષાધિક નથી, હવે ઔદારિકના સર્વબન્ધકજીવો અને ઔદારિકના અબન્ધક જીવો એ બન્નેનું ઉદાહરણ અંકરાશિઓને સ્થાપવા પૂર્વક કહીશ. ॥ ૧૧ ॥

અવતરણ—અનન્તર ગાથામાં સર્વબન્ધક અને અબન્ધકના અલ્પબહુત્વ માટે અંકરાશિની સ્થાપનાનું ઉદાહરણ દર્શાવવાનું કહ્યું હતું તે આ ગાથામાં દર્શાવે છે—

---

૧ દર્શાવેલી અંકસ્થાપના પ્રમાણે ચતુઃસમયવિગ્રહવાળા જીવો આશ્રયિ અલ્પબહુત્વ વિચારીએ તો.

| | | | |
|---|---|---|---|
| ઋજુગતિવાળા | સર્વબન્ધક | ૧૦૦૦ | જીવ, |
| એકવક્રાગતિવાળા | ” | ૧૦૦૦૦૦ | જીવ |
| દ્વિવક્રાગતિવાળા | ” | ૧૦૦૦૦૦૦૦ | જીવ |
| ત્રિવક્રાગતિવાળા | ” | ૧૦૦૦૦૦૦૦ | જીવ |
| | | ૨૦૧૦૧૦૦૦ | ( બે ક્રોડ, ૧ લાખ, ૧ હજાર જીવ). |

અહિં ત્રિવક્રાગતિમાં કેટલા જીવો ગણવા તે ગ્રંથમાં કહ્યું નથી તો પણ સંભાવનાથીઓછામાં ઓછા ૧ ક્રોડ ગણતાં પણ સંખ્યાત ગુણ અબન્ધકો સંભવે છે. ( ક્ષેત્ર ઘણું ન હોવાથી ૧૦૦ગુણા નહિ )

| | | | |
|---|---|---|---|
| ૠજુગતિવાળા | અબન્ધક | ( હોય નહિં ). | |
| એકવક્રાગતિવાળા | ” | ૧૦૦૦૦૦ | (૧ લાખ જીવ) |
| દ્વિવક્રાગતિવાળા | ” | ૨૦૦૦૦૦૦૦ | ( ૨ ક્રોડ જીવ ) |
| ત્રિવક્રાગતિવાળા | ” | ૩૦૦૦૦૦૦૦ | ( ૩ ક્રોડ જીવ ) |
| | | ૬૫૦૧૦૦૦૦૦ | ૫ ક્રોડ ૧ લાખ જીવ.) |

એ પ્રમાણે ચતુઃસામયિક ત્રિવક્રાગતિ અપેક્ષાએ ગણતાં સર્વબન્ધકોથી અબન્ધકો દ્વિગુણથી અધિક હોવાથી સંખ્યાતગુણ પ્રાપ્ત થાય છે.( પરન્તુ તેથી ત્રિવક્રાવાળા ન ગણવાનો ઉદ્દેશ શ્રીગ્રંથકાર ભગવાન જાણે. ).

**पढमो होइ सहस्से, दुसमयया दोवि लक्खमेक्केक्कं ॥**
**तिसमइया पुण तिण्णिवि, रासी कोडी भवेक्केक्का ॥**

गाथार्थः—પ્હેલો ( ઋજુગતિક જીવ સંબંધિ ) રાશિ એક હજારનો કલ્પીએ, ત્યાર બાદ બે સમયની ગતિવાળા જીવોનો એકેક લાખનો રાશિ કલ્પીએ, અને ત્રણ સમયની ગતિવાળા જીવોનો ત્રણ રાશિ તે દરેક એકેક ક્રોડ સંખ્યાવાળો કલ્પવો ॥૧૨॥

टीकार्थः—પ્હેલો રાશિ એટલે ઋજુગતિએ ઉત્પન્ન થતા સર્વબન્ધકજીવોનો રાશિ ૧૦૦૦ કલ્પેલો છે, કારણ કે ક્ષેત્ર અતિ અલ્પ છે. તથા બે સમયે ઉપજવા વાળા જીવોના બે રાશિ કલ્પવા તેમાં એક પ્હેલો રાશિ અબન્ધકનો, અને બીજો રાશિ સર્વબન્ધકનો જાણવો, એ બન્ને રાશિ દરેક એકેક લાખ પ્રમાણના [ ૧૦૦૦૦૦–૧૦૦૦૦૦ ] કલ્પવા, કારણ કે ક્ષેત્ર ઘણું છે. પુનઃ જે જીવો ત્રણ સમયે ઉપજવા વાળા છે, તેઓના ત્રણ રાશિ થાય છે, તેમાં પ્હેલો અને બીજો એ બે રાશિ પહેલા સમયના અબન્ધક અને બીજા સમયના અબન્ધક જીવો સંબંધિ જાણવો, અને ત્રીજે સમયે વર્તતા સર્વબન્ધક જીવોનો ત્રીજો રાશિ જાણવો. એ પ્રત્યેક રાશિ એકેક ક્રોડ સંખ્યા ( ૧૦૦૦૦૦૦૦–૧૦૦૦૦૦૦૦–૧૦૦૦૦૦૦૦ ] પ્રમાણના જાણવા, કારણ કે ક્ષેત્ર અતિઘણું છે. હવે એ પ્રમાણે ત્રણે રાશિઓમાં સર્વબન્ધક જીવો ૧૦૦૦–૧૦૦૦૦૦ અને ૧૦૦૦૦૦૦૦ (એક હજાર, એકલાખ, અને એક ક્રોડ) પ્રાપ્ત થયા જેથી સર્વબન્ધક જીવો સર્વથી અલ્પ છે, અને અબન્ધક જીવો એક લાખ અને બે કોડ ( ૧૦૦૦૦૦–૧૦૦૦૦૦૦૦–૧૦૦૦૦૦૦૦ છે માટે સર્વબન્ધકોથી અબન્ધકો વિશેષાધિક છે. અને સર્વબન્ધકો સર્વથી અલ્પ છે ॥ ૧૨ ॥

અવતરણ—પૂર્વગાથામાં સર્વબંધક અને અબંધકોના અંક દર્શાવ્યા તે અંકની સાર્થકતા યથાયોગ્ય રીતે કરવા પૂર્વક અબન્ધકો અને સર્વબન્ધકોથી દેશબંધકો અસંખ્યગુણ કેવી રીતે હોય ? તેનો આ ગાથામાં ઉદ્દેશ દર્શાવે છે—

**एएसिं जहसंभव मत्थोवणयं करिज्ज रासीणं**
**इत्तो असंखगुणिया, वुच्छं जह देसबंधा सिं ॥१३॥**

**गाथार्थः**—એ દર્શાવેલી ઔદારિકના સર્વબન્ધક અને અબન્ધકની અંકરાશિનો યથાસંભવ ( ઘટતી રીતે ) અર્થોપનય ( ઉપયોગ–સાર ) કરવો. હવે [ સિં એટલે એસિં– ] અબન્ધકો અને સર્વબન્ધકોથી પૂર્વે કહેલા સ્વરૂપવાળા દેશબન્ધકો અસંખ્યગુણ કેવી રીતે હોય છે તે હું કહીશ. ॥ ૧૩ ॥

**टीकार्थः**—ગાથાર્થ પ્રમાણે.

અવતરણ—ઔદા૦ના સર્વબન્ધકો અને અબન્ધકોથી દેશબન્ધક જીવો અસંખ્યગુણ કેવી રીતે હોય તે કહેવાનો પૂર્વગાથામાં જે નિર્દેશ કર્યો હતો તે હવે આ ગાથામાં દર્શાવે છે—

**एगो असंखभागो, वट्टइ उव्वट्टणोववायंमि ॥**
**एगनिगोए निच्चं, एवं सेसेसुवि स एव ॥ १४ ॥**

**गाथार्थः**—એક નિગોદને વિષે નિત્ય [ પ્રતિ સમય ] ઉદ્વર્તનામાં અને ઉપપાતમાં એક અસંખ્યાતમો ભાગ વર્તે છે [અર્થાત્ પ્રતિસમય પ્રત્યેક નિગોદમાંથી જે નિગોદના અસંખ્યાતમા ભાગ જેટલા અનન્ત જીવો મરણ પામે છે, અને તેટલાજ નવા ઉત્પન્ન થાય છે. ) એ પ્રમાણે શેષ સર્વનિગોદમાં પણ તેટલોજ [ એટલે અસંખ્યાતમો ભાગજ ઉદ્વર્તના ઉપપાતમાં ] વર્તે છે. ॥૧૪॥

**टीकार्थः**—ગાથાર્થ પ્રમાણે ॥ ૧૪ ॥

અવતરણ—પૂર્વગાથામાં એક નિગોદમાંથી અસંખ્યાતમા ભાગ જેટલાજ જીવો મરણ પામી બહાર નિકળે અને તેટલાજ પુનઃ નવા જીવો નિગોદમાં પ્રવેશ કરે એમ કહ્યું ત્યાં પ્રશ્ન એ થાય છે કે જે અનંત જીવો ઉદ્વર્તાય છે તે નિગોદમાં કેટલો કાળ રહ્યા બાદ ઉદ્વર્તાય છે તે કાળ દર્શાવવા માટે આ ૧૫ મી ગાથા કહેવાય છે—

**अंतोमुहुत्तमित्तं, ठिई निगोआण जं विणिद्दिट्ठा ॥**
**पल्लट्टंति निगोआ, तम्हा अंतोमुहुत्तेणं ॥ १५ ॥**

**गाथार्थः**—જે કારણથી નિગોદોની સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત માત્ર કહી છે, તેથી નિગોદ જીવો અન્તર્મુહૂર્ત્તમાં પરાવર્તન પામી જાય છે ॥ ૧૫ ॥

**टीकार्थः**—જે કારણથી નિગોદજીવોની એટલે સાધારણ શરીરી જીવોની સ્થિતિ એટલે આયુષ્ય શ્રીજીનેશ્વરોએ અન્તર્મુહૂર્ત પ્રમાણ કહ્યું છે, તેથી અન્તર્મુહૂર્ત્તમાત્રમાં નિગોદજીવો પરિવર્તન પામે છે એટલે તે નિગોદમાંથી નિકળી જાય છે. પુર્વોકત બે ગાથાઓમાં નિગોદ જીવોની ઉદ્વર્તના કહેવાનું કારણ વિગ્રહગતિના સમયોના સંભવ[1] માટે છે, અને અન્તર્મુહૂર્ત્ત બાદ પરિવર્તના કહેવાનું કારણ નિગોદના આયુષ્યના સમયોની સંખ્યા[2] જાણવા માટે છે. ॥ ૧૫ ॥

---

૧-૨; ૧૪ મી ગાથામાં ઉદ્વર્તના તથા ઉત્પત્તિ કહી તેનું કારણ એ છે કે—અબન્ધક જીવોથી દેશબન્ધક કેટલા ગુણ અધિક વા ન્યૂન છે તે કહેવાનો ઉદ્દેશ છે, તેમાં અબન્ધકપણું અને દેશબન્ધકપણું કયા જીવોને હોય ? તે જાણ્યા વિના અલ્પબહુત્વ શા આધારે કહી શકાય ? માટે પ્રથમ અબન્ધકતા ક્યારે અને કયા જીવોને હોય તે જણાવવા માટે એ ગાથામાં ઉદ્વર્તના અને ઉત્પત્તિ કહી, કારણ કે નિગોદાદિકમાંથી મરણ પામી પરભવમાં જતા જીવોને તેમજ પરભવમાંથી મરણ પામી તે નિગોદાદિકમાં ઉત્પન્ન થતા જીવોને એ પ્રમાણે બે પ્રકારના જીવોને વક્રગતિ હોય છે, અને વક્રગતિમાં અબન્ધકતા હોય છે, માટે ઉદ્વર્તના તથા ઉત્પત્તિ જણાવવાની આવશ્યકતા છે.

પુનઃ દેશબન્ધકતા ઉત્પત્તિસ્થાને ઉત્પન થયા બાદ બીજા સમયથી ભવના અંત્ય સમય સુધી ( છેલ્લો સમય પણ ) હોય છે અને અહિં નિગોદ જીવોની બહુલતાએ ગણત્રી હોવાથી નિગોદ જીવોની આયુસ્થિતિ અન્તર્મુહૂર્ત પ્રમાણ હોય છે, એ અસંખ્ય સમયો દેશબન્ધકતાના છે, અને પૂર્વોક્ત પ્રકારે અબન્ધકતાના તો કેવળ ૩ સમયોજ છે, તેથી જે તાત્પર્ય આવે છે તે ૧૬ મી ગાથામાં કહે છે.

અવતરણ—અનન્તરની બે ગાથાઓમાં નિગોદજીવોને અન્તર્મુહૂર્તમાં પરિવર્તન પામનારા કહ્યા તેથી સર્વબન્ધક અને અબન્ધકજીવોથી દેશબન્ધકજીવોની અસંખ્યગુણતા શી રીતે સિદ્ધ થઇ? તે આ ૧૬ મી ગાથામાં દર્શાવે છે,—

**तेसिं ठिइसमयाणं, विग्गहसमया हवंति जइभागे॥**
**एवतिभागे सव्वे, विग्गहिया सेसजीवाणं ॥ १६ ॥**

ગાથાર્થ—તે સ્થિતિના સમયોથી (એટલે નિગોદના આયુષ્યના અન્તર્મુહૂર્તના સમયોથી) વિગ્રહના સમયો (વક્રગતિના સમયો) જેટલામા ભાગે છે, તેટલામા ભાગે શેષજીવોથી એટલે ઔદારિકના દેશબન્ધકોથી (અને ઉપલક્ષણવડે સર્વબન્ધકોથી પણ) સર્વે વિગ્રહગતિવાળા અબન્ધક જીવો છે. ॥ ૧૬ ॥

ટીકાર્થ—ગાથાર્થ પ્રમાણે ॥ ૧૬ ॥

અવતરણ—૧૬ મી ગાથામાં અન્તર્મુહૂર્તના સમયોથી વક્રગતિના સમયો જેટલામા ભાગે છે તેટલામા ભાગે બન્ધકજીવોથી અબન્ધકજીવો પણ છે એમ સામાન્યથી રીતિદર્શકવચન કહ્યું, પરન્તુ કેટલામા ભાગે છે તે સ્પષ્ટ ન કહ્યું, તે સ્પષ્ટતા આ ૧૭ મી ગાથામાં દર્શાવે છે,—

**सव्वेवि अ विग्गहिआ, सेसाणं जं असंखभाग म्मि ॥**
**तेणासंखगुणा, देसबंधयाऽबंधएहिंतो ॥ १७ ॥**

ગાથાર્થ—જે કારણમાટે સર્વે પણ વિગ્રહગતિવાળા જીવો શેષસર્વજીવોથી (દેશબન્ધકોથી) અસંખ્યાતમાભાગ જેટલા છે, તે કારણથી ઔદા૦ ના અબન્ધકજીવોથી ઔદા૦ ના દેશબન્ધક જીવો અસંખ્યગુણા છે. ॥ ૧૭ ॥

ટીકાર્થ—ગાથાર્થ પ્રમાણે. ॥ ૧૭ ॥

અવતરણ—૧૭ ગાથાઓ સુધીમાં ઔદારિકશરીરના બન્ધકો સંબંધિ અલ્પબહુત્વ કહ્યું. હવે વૈક્રિયાદિશરીરના અબ-

ન્ધક, દેશબન્ધક અને સર્વબન્ધકજીવોનું પરસ્પર અલ્પબહુત્વ કહેવાનું છે, પરન્તુ તે અલ્પબહુત્વ તો ઔદારિકસંબંધિ અલ્પબહુત્વ કહ્યું તે ઉપરથી સ્હેજે ઉપજાવી શકાય એમ છે. તે કહે છે—

**वेउव्विय आहारग–तेआकम्माइ पढिअसिद्धाइं ॥**
**तहवि विसेसो जो जत्थ तत्थ तं तं भणीहामि ॥१८॥**

गाथार्थ—વૈક્રિય–આહારક–તૈજસ–અને કાર્મણ એ ચાર શરીરનાબન્ધકોનું અલ્પબહુત્વ તો પઠિતસિદ્ધ (ઔદારિકબન્ધકોના અલ્પબહુત્વ ઉપરથી સહજે સિદ્ધ થઈ શકે એવું) છે, તો પણ વૈક્રિયાદિ જે જે શરીરના સંબંધમાં જે જે તફાવત છે તે તે તફાવત કહીશ. (પરન્તુ ઔદારિક બંધકવત્ સર્વ વિગતવાર પુનઃ વર્ણન નહિં કહેવાય—ઇતિ ભાવઃ) ॥ ૧૮ ॥

टीकार्थ—ગાથાર્થ પ્રમાણે. ॥ ૧૮ ॥

અવતરણ—વૈક્રિયબન્ધકોના અલ્પબહુત્વમાં જે વિશેષતા છે તે વિશેષતા આ બે ગાથાઓ વડે કહેવાય છે,—

**वेउव्वियसव्वबंधा, थोवा जे पढमसमयदेवाई ॥**
**तस्सेव देसबंधा, असंखगुणिया कहं ? के ? वा ॥१९॥**

गाथार्थ—વૈક્રિયના સર્વબન્ધક જીવો સર્વથી અલ્પ છે, (કારણ કે વૈક્રિય શરીરનો બંધકાળ અલ્પ છે. હવે એ વૈક્રિયના સર્વબન્ધક જીવો કયા? તે કહે છે કે—) જે પ્રથમસમયવર્તી દેવો વિગેરે (એટલે ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થતાં પ્રથમ સમયે દેવ અને ×નારકો સર્વ વૈક્રિયશરીરના સર્વબન્ધક છે.) પુનઃ તેનાજ (એટલે વૈક્રિય શરીરનાજ) દેશબન્ધકો અસંખ્યગુણા છે, (કારણ કે સર્વબન્ધના કાળની અપેક્ષાએ દેશબન્ધનો કાળ અસંખ્યગુણ છે માટે. હવે) તે દેશબન્ધકો કયા પ્રકારે (અસંખ્યગુણ છે)? અને

× જો કે મનુષ્યો અને તિર્યંચો પણ ઉત્તરવૈક્રિયાપેક્ષાએ સર્વબન્ધક હોઈ શકે પરન્તુ અતિઅલ્પ સંખ્યા હોવાથી મુખ્ય વિવક્ષા નહિં.

કયા જીવો ( દેશબન્ધક ) છે? એ અહિં પ્રશ્ન છે. તેનો ઉત્તર આ ગાથામાં દર્શાવે છે કે—॥ ૧૯ ॥

ટીકાર્થ—ગાથાર્થ પ્રમાણે—॥ ૧૯ ॥

**तेसिं च्चिअ जे सेसा, ते सव्वे सव्वबंधए मोत्तुं ॥**
**होंति अबंधाऽणंता, तव्वज्जा सेसजीवा जे ॥ २० ॥**

ગાથાર્થઃ—તે વૈક્રિયબન્ધકોમાંના નિશ્ચય જે સર્વબન્ધક જીવો છે તે વર્જીને શેષ સર્વે વૈક્રિયબન્ધક જીવો ( વૈક્રિયનાદેશબન્ધકો છે માટે સર્વબન્ધકોથી અસંખ્યગુણ છે-ઇતિ પૂર્વગાથાસંબંધઃ.) પુનઃ તે વૈક્રિયના સર્વબન્ધક અને અબન્ધક જીવો વર્જીને શેષ જે સર્વ જીવો છે તે અબન્ધક હોવાથી ( દેશબન્ધકોથી ) અનન્તગુણા છે.

ટીકાર્થઃ—તેસિં એટલે તે વૈક્રિયબન્ધકોમાં જે સર્વબન્ધક [1]જીવો છે તે છોડીને શેષ જે સર્વે વૈક્રિયબન્ધક[2]જીવો છે તે સર્વે વૈક્રિયના દેશબન્ધક છે ( માટે સર્વબન્ધકોથી અસંખ્યગુણા છે ). અહિં પૂર્વગાથામાં ( ૧૯ મી ગાથામાં ) कहं શબ્દથી જે પ્રશ્ન કર્યો હતો ( કે-સર્વબન્ધકોથી દેશબન્ધકો કેવીરીતે અસંખ્યગુણ છે? ) તેના ઉત્તરમાં આ ગાથાને વિષે सव्वबंधए मोत्तुं એ પદ કહ્યું, અને ( ૧૯ મી ગાથામાં પુનઃ પ્રશ્ન કર્યો હતો કે ) के वा? ( એટલે વૈક્રિયના દેશબન્ધકજીવો કયા? ) એ પ્રશ્નના ઉત્તર તરીકે આ ગાથામાં जे सेसा એ પદ કહ્યું છે. તથા વૈક્રિયના અબન્ધક-જીવો અનન્તગુણ છે. તે અબન્ધકજીવો કયાં? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે तव्वज्जा सेसजीवा जे એટલે તે વર્જીને અર્થાત્ વૈક્રિયના સર્વબન્ધક અને વૈક્રિયના દેશબન્ધક એ બન્નેને વર્જીને જે શેષ સર્વજીવો એટલે ઔદારિક આહારકના[3]બન્ધકો, તથા વક્રગતિવાળા

૧ ઉત્પત્તિસ્થાનમાં પ્રથમસમયવર્તી દેવો અને નારકો.

૨ ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થયાબાદ દ્વિતીયાદિસમયવર્તી દેવો અને નારકો.

૩ ઔદારિકના બન્ધક ભવસ્થ દ્વિતીયાદિસમયવર્તી મનુષ્યો અને તિર્યંચો, આહારકના બન્ધક આહારકદેહ રચનાર દ્વિતીયાદિસમયવર્તી કેટલાક ચૌદપૂર્વધર મુનિમહાત્માઓજ.

દેવાદિક અને સિદ્ધ ( એ સર્વ વૈક્રિયના અબન્ધકજીવો છે માટે [1]અનન્તગુણ છે. ).

અવતરણ—૧૮-૧૯ અને ૨૦ મી એ ત્રણ ગાથામાં વૈક્રિયના-બન્ધકોનું અલ્પબહુત્વ કહીને હવે આગળની ૧।। ગાથાવડે આહારકના બન્ધકોનું અલ્પબહુત્વ કહે છે,—

**आहारसव्वबंधा, थोवा दो तिन्नि पंच वा दस वा ॥**
**संखेज्जगुणा देसे, ते उ पुहूत्तं सहस्साणं ॥ २१ ॥**
**तव्वज्जा सव्वजिआ, अबंधया ते हवंतऽणंतगुणा ॥**

ગાથાર્થઃ—આહારકના સર્વબન્ધકજીવો સર્વથી અલ્પ હોય છે, કારણકે ૨-૩-૫ અથવા *૧૦ હોય છે. અને આહારકના દેશબન્ધકજીવો ( આહા૦ના સર્વબન્ધકથી ) સંખ્યગુણા હોય છે, કારણકે તે સહસ્રપૃથક્ત્વ હોય છે. ॥ ૨૧ ॥

એ બન્ને વર્જીને શેષ સર્વે જીવો આહારકના અબન્ધક છે, અને તે અનન્તગુણા છે. ( ૨૧।। )

ટીકાર્થઃ—આહારકના સર્વબન્ધકજીવો બહુ થોડા હોય છે; કારણકે તે બે ત્રણ પાંચ અથવા દશજ હોય છે, તે સર્વબન્ધકોથી દેશબન્ધકજીવો સંખ્યાતગુણા હોય છે, કારણકે તે દેશબન્ધકો તો ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ ( ૯૦૦૦ ) હોય છે. કહ્યું છે કે—

**आहारगाई लोके छम्मासा जा न होंति वि कयाई ।**
**उक्कोसेणं नियमा एक्कं समयं जहन्नेणं ॥ १ ॥**

---

૧ એ સર્વમાં ઔદારિકશરીરી નિગોદજીવો, અને સિધ્ધો એ બે અનન્ત અનન્ત છે, માટે વૈક્રિયના દેશબન્ધક અસંખ્યદેવનારકોથી વૈક્રિયના અબન્ધક એ સર્વે અનન્તગુણ છે. કેવળ આહારકના બન્ધક અને વિગ્રહગતિવાળા દેવો તથા નારકોની અપેક્ષાએ અનન્તગુણ નથી.

* આહારકના સર્વબન્ધકોની સંખ્યા ૧૦ ની કહી તે ઉપરથી એમ સમજાય છે કે આહારકની યુગપત્ પ્રતિપત્તિ (સમકાળે પ્રાપ્તિ) ૧૦ જીવો-નેજ હોઈ શકે, અને પૂર્વપ્રતિપન્ન ૯૦૦૦ હોય.

આહારકશરીરનું જઘન્ય અન્તર ૧ [1]સમય અને ઉત્કૃષ્ટ અન્તર ૬ માસ સુધીનું છે, અને આહારકશરીરીજીવો ઉત્કૃષ્ટથી નવસહસ્સા=૯૦૦૦ હોય છે ॥ ૧ ॥ ચતુર્દશ પૂર્વધરમુનિ સમગ્રસંસાર ( કાળ ) ને વિષે રહ્યો છતો ૪ વાર આહારકશરીર રચે છે, પરન્તુ એક ભવમાં તો ૨ વારજ રચે છે ॥ ૨ ॥ શ્રી જીનેશ્વર ભગવંતની (સમવસરણાદિ) ઋદ્ધિ દેખવા માટે, અથવા સૂક્ષ્મપદાર્થનું સ્વરૂપ જાણવા માટે, અને સંશયનો વિચ્છેદ કરવા માટે શ્રીજિનેશ્વર-ભગવાનના ચરણકમળ પાસે આહારકશરીરનુંગમનહોય છે. ॥૩॥

તવ્વજ્ઞા એટલે તે આહારકશરીરના સર્વબન્ધક અને દેશ-બન્ધક એ બેને વર્જી શેષ ( સમગ્રલોકવર્તી ) સર્વે જીવો આહા-રકશરીરના અબન્ધક ગણાય, અને તે પૂર્વે કહેલા બન્ધકોથી (એટલે આહારકશરીરના સર્વબન્ધક અને દેશબન્ધકથી ) :અનન્તગુણા હોય છે. એ આહારકના અબન્ધકજીવો કયા કયા જાણવા ? તે દર્શાવે છે કે—જે જીવો ઔદારિકનાબન્ધક. વૈક્રિયાદિનાબન્ધક, ( આદિ શબ્દથી ) વિગ્રહગતિમાં વર્તતાજીવો, અને શ્રીસિદ્ધપર-માત્માઓએ ચારેને આહારકના અબન્ધક કહ્યા છે. ॥ ૨૧ ॥૦॥

અવતરણ—અનન્તર ૧॥ ગાથામાં આહારકનાબન્ધકોનું અલ્પબહુત્વ કહીને હવે ૧ ગાથાથી તૈજસશરીરનાબન્ધકોનું અને ાા ગાથાથી કાર્મણશરીરનાબન્ધકોનું અલ્પબહુત્વ કહે છે.

**थोवा अबंधगा ते–अगस्स संसारमुक्का जे ॥ २२ ॥**
**सेसा य देसबंधा, तव्वज्जा ते हवंतऽणंतगुणा ॥**
**एवं कम्मगभेया वि णवरिणाणत्तमाउम्मि ॥ २३ ॥**

ગાથાર્થઃ—તૈજસશરીરના અબન્ધકજીવો સર્વથી થોડા છે, તે જીવો કયા ? ઉત્તર-જે સંસારથી મુક્ત થયા અર્થાત્ શ્રીસિદ્ધપર-માત્માઓ ( તે તૈજસના અબન્ધક છે. ) ॥ ૨૨ ॥ તથા તવ્વજ્જા એટલે તે વર્જીને અર્થાત્ તૈજસશરીરના અબન્ધકજીવોને વર્જીને શેષ

૧ અનેકજીવની અપેક્ષાએ ૧ સમય અન્તર, ( અને એક જીવાપેક્ષા જઘ૦ અન્તર્મુ૦ અન્તર છે ) કરણકે લોકમાં સર્વે આહારકશરીરનો અભાવ થતાં ૧ સમયબાદ પુનઃ કોઇ જીવ આહારક રચના કરે તે અપેક્ષાએ.

સર્વેજીવો ( સર્વે સંસારીજીવો ) તૈજસશરીરના દેશબન્ધક છે અને તે અબન્ધકથી અનન્તગુણ છે. એ પ્રમાણે ( તૈજસશરીરવત્ ) કાર્મણશરીરના ભેદોમાં એટલે જ્ઞાનાવરણાદિ ભેદોમાં પણ અલ્પ-બહુત્વ[1] વિચારવું, પરન્તુ આયુષ્યકર્મમાં ભિન્નતા છે ( તે આગળ દર્શાવે છે. ) ॥ ૨૨-૨૩ ॥

**ટીકાર્થ:**—ગાથાર્થ પ્રમાણે—

અવતરણ—આયુષ્યબન્ધકોના અલ્પબહુત્વમાં જ્ઞાનાવરણાદિકથી કઈ રીતે ભિન્નતા છે તે દર્શાવે છે,—

**थोवा आउ अबंधा, संखिज्जगुणा अबंधया होंति**

**तेआकम्माणं सव्वबंधगा नत्थि णाइत्ता ॥ २४ ॥**

**ગાથાર્થ:**—આયુષ્યના દેશબન્ધકજીવો સર્વથી થોડા, અને આયુષ્યના અબન્ધકજીવો તેથી સંખ્યાતગુણા હોય છે. અહિં તૈજસશરીરના અને કાર્મણશરીરના સર્વબન્ધકજીવો હોતા નથી કારણકે તૈજસકાર્મણશરીરનો બંધ અનાદિકાળથી છે માટે. ॥૨૪॥

**ટીકાર્થ:**— આયુષ્યના દેશબંધકજીવો સર્વથી થોડા છે, કારણકે આયુષ્યનોબન્ધકાળ[2] સર્વથી અલ્પ [અતિઅલ્પ–અન્તર્મુહૂર્તમાત્ર] હોવાથી આયુષ્યના દેશબન્ધક થોડા છે.

**પ્રશ્ન:**—આયુષ્યના અબન્ધકજીવોજ આયુષ્યનો [નવો] બન્ધ પ્રારંભે છે. તો આયુષ્યના બન્ધપ્રારંભકજીવો [ પ્રથમ સમયે ] સર્વબન્ધક કેમ ન હોય ?

**ઉત્તર:**—આયુષ્યની પ્રકૃતિ તે વખતે વિદ્યમાન નથી હોતી એમ નથી બનતું કે જેથી તે આયુષ્યબન્ધકો [ પ્રથમ સમયે ] સર્વબન્ધ કરે. [ કારણકે ઉદયવતી આયુષ્યપ્રકૃતિ તો આયુષ્ય-બન્ધના પ્રારંભમાં વિદ્યમાનજ હોય છે માટે પ્રારંભબંધ છતાં પણ સર્વબન્ધ હોય નહિં[3] ].

---

૧ જ્ઞાનાવરણના અબન્ધકજીવો સર્વથી થોડા, અને જ્ઞાનાવરણના દેશ-બન્ધકજીવો તેથી અનન્તગુણ, એ રીતે સાતે કર્મનું અલ્પબહુત્વ છે.

૨ એક જીવની અપેક્ષાએ બન્ધકાળ અલ્પ છે ( અન્યથા અનેક-જીવની અપેક્ષાએ બન્ધકાળ નિરન્તર છે ).

૩ કારણકે જે સમયે ( આયુષ્યબન્ધના પ્રથમ સમયે ) બધ્યમાન

તે આયુષ્યના દેશબન્ધકજીવોથી આયુષ્યના અબન્ધકજીવો સંખ્યાતગુણા હોય છે, કારણકે અબન્ધકાળ ઘણો છે માટે. અહિં પ્રશ્ન એ છે કે—આયુષ્યના અબન્ધકજીવો અસંખ્યાતગુણા કેમ ન કહ્યા? કારણકે આયુષ્યનો અબન્ધકાળ [1]અસંખ્યજીવોને આશ્રયિ અસંખ્યગુણ હોય છે. ઉત્તરઃ—એ વચન અનન્તકાયિક [ એટલે નિગોદ ] જીવોની અપેક્ષાએ છે, અને તે અનન્તકાયિકજીવોનું આયુષ્ય [નું અન્તર્મુહૂર્ત] આયુષ્યનાબન્ધકાળ [ના અન્તર્મુહૂર્ત]થી સંખ્યાતગુણજ છે, માટે તે આયુષ્યના અબન્ધકો આયુષ્યના દેશબન્ધકોથી સંખ્યાતગુણાજ થાય છે. વળી જો આયુષ્યના અબન્ધક સિદ્ધપરમાત્મા વિગેરેને પણ તેમાં પ્રક્ષેપીએ તોપણ આયુષ્યના અબન્ધકો આયુષ્યના દેશબન્ધકોથી સંખ્યાતગુણાજ થાય, કારણ કે આયુષ્યના અબન્ધક શ્રીસિદ્ધપરમાત્મા વિગેરે[2] જીવો જો કે અનન્ત છે, પરન્તુ આયુષ્યબન્ધમાં વર્તતા અનન્તકાયિકજીવોથી તો અનન્તમા ભાગ જેટલાજ[3] છે.

**तेयाकम्माणं** એટલે તૈજસકાર્મણશરીરના સર્વબન્ધકજીવો હોતા નથી, કારણકે તૈજસકાર્મણનોબન્ધ અનાદિકાળથી છે. એમાં પણ હેતુ આયુષ્યના હેતુ પ્રમાણે[4] કહેવો ॥ ૨૪ ॥

---

આયુષ્યનો સર્વબન્ધ છે તો પૂર્વબદ્ધ ઉદિત આયુષ્યનો ( દેશથી ) ત્યાગપણ છે, એ પ્રમાણે બીજે ત્રીજે સમયે યાવત્ આયુષ્યબન્ધના અન્ત્યસમયસુધી છે, માટે સામાન્યપણે આયુષ્યનાબન્ધ વખતે સર્વબન્ધ નહિં પણ દેશબન્ધજ છે.

૧ ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્ત્ત આયુષ્યવાળા જીવો નિગોદજીવોજ છે, તે સિવાયના સર્વે દેવ–નારક–મનુષ્ય–પ્રત્યેકવનસ્પતિ–પૃથ્વી–જળ–અગ્નિ–વાયુ દ્વીન્દ્રિયાદિ એ સર્વ અસંખ્યજીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનેકવર્ષો પ્રમાણનું હોવાથી આયુષ્યનો અબન્ધકાળ અસંખ્યગુણ છે.

૨ શ્રીસિદ્ધપરમાત્મા, અને આયુષ્યબન્ધકાળને નહિ પ્રાપ્ત થયેલા સર્વે સંસારીજીવોએ બન્ને આયુષ્યના અબન્ધક છે. કારણકે આયુષ્યબન્ધકાળ આખા ભવમાં એકજ વખત અન્તર્મુહૂર્ત છે.

૩ અનન્તકાયિકથી અનન્તમા ભાગ જેટલા છે, અને પ્રત્યેકશરીરિઓથી અનન્તગુણા છે.

૪ આ ગાથાની વૃત્તિમાં પ્રારંભમાંજ આયુષ્યનો સર્વબન્ધ કેમ ન

અવતરણ—અનન્તર ગાથામાં આયુષ્યના દેશબન્ધકોથી આયુષ્યના અબન્ધકો સંખ્યાતગુણા કહ્યા, તે સંબંધમાં જે શંકા સમાધાન કહેવાનું છે તે ગાથાઓથીજ કહેવાય છે,—

**आह असंखिज्जगुणा उगस्स किमबंधगा न भण्णंति**
**जम्हा असंखभागो, उव्वट्टइ एगसमएणं ॥ २५ ॥**

गाथार्थः—અહિં પ્રશ્ન એ છે કે—આયુષ્યના અબન્ધકજીવોને [ આયુષ્યના દેશબન્ધકોથી ] અસંખ્યગુણ કેમ કહેતા નથી? જે કારણથી ઉદ્ધર્તના તો એક સમયમાં અસંખ્યાતમા ભાગજેટલા જીવોનીજ છે! ॥ ૨૫ ॥

टीकार्थः—आह એટલે બીજો મનુષ્ય પ્રશ્ન કરે છે કે—પૂર્વાચાર્યો આયુષ્યના દેશબન્ધકોથી આયુષ્યના અબન્ધકજીવોને અસંખ્યગુણ કેમ કહેતા નથી? જે કારણથી એક સમયમાં અસંખ્યાતમો ભાગજ ઉદ્ધર્તે છે [ નિગોદમાંથી મરણ પામી નિકળી જાય છે. એ ગાથાર્થ કહ્યો, હવે ભાવાર્થ કહે છે ]. તાત્પર્ય એ છે કે—પ્રતિસમય નિગોદજીવોનો એક અસંખ્યાતમો ભાગજ ઉદ્ધર્તાય છે, અને તે અસંખ્યાતમો ભાગ પૂર્વબદ્ધ આયુષ્યવાળોજ છે, કારણકે જો પૂર્વબદ્ધઆયુષ્યવાળો ન હોય તો ઉદ્ધર્તનાજ ન હોય. તે બદ્ધાયુષ્કજીવોથી બાકી રહેલા શેષજીવો [ નિગોદો ] સર્વે અબદ્ધઆયુષ્યવાળા છે, અને તે ( અબદ્ધઆયુષ્યવાળાજીવો ) તેની ( પૂર્વબદ્ધઆયુષ્યવાળાજીવોની ) અપેક્ષાએ અસંખ્યાતગુણજ છે. એ પ્રમાણે આયુષ્યના દેશબન્ધકજીવોથી આયુષ્યના અબન્ધજીવો અસંખ્યગુણ[१] હોઇ શકે છે. ॥ ઇતિ પ્રશ્ન ॥ ૨૫ ॥

હોય ? એ પ્રશ્નના ઉત્તરમાં જે કારણ કહ્યું તે કારણ તૈ૦કા૦નો સર્વબન્ધ ન હોવાના સંબંધમાં પણ વિચારવું, તે આ પ્રમાણે—તૈજસકાર્મણશરીર અવિદ્યમાન હોઇને પુનઃ બંધાય છે એમ છે નહિં કે જેથી તે પુનર્બંધના પ્રારંભમાં પ્રથમસમયે તૈ૦કા૦નો સર્વબન્ધ હોય. કારણકે તૈ૦કા૦નો બન્ધ અનાદિકાળથી છે.

૧ આ અસંખ્યગુણતાનો પ્રશ્ન પ્રથમ ૨૪ ગાથાની વૃત્તિમાં જૂદા સ્વરૂપમાં થયો હતો એટલે આયુષ્યનો બન્ધકાળ અન્તમુહૂર્ત્ત છે, અને આયુષ્યનો

**અવતરણ—૨૫ મી ગાથાના પ્રશ્નનો ઉત્તર આ ૨૬ મી ગાથામાં કહેવાય છે,—**

અબન્ધકાળ (સાધારણશરીરીજીવો વિના) અસંખ્યજીવો આશ્રયિ ૩૩ સાગરોપમાદિ અસંખ્યગુણ છે, તો આયુષ્યના દેશબન્ધકોથી આયુષ્યના અબન્ધકો અસંખ્યગુણ કેમ નહિં? એ બન્ધકાળઆશ્રયિ પ્રશ્ન છે.

પુનઃ આ ગાથામાં સૂત્રકારનો પ્રશ્ન જુદા સ્વરૂપમાં છે, તે એ પ્રમાણે છે કે— કોઇપણ સમયે જોઇએ તો સર્વસંસારીજીવોમાંનો એક અસંખ્યાતમો ભાગ પરભવમાં જતો હોય છે, અને તે અસંખ્યાતમો ભાગ પ્રથમ આયુષ્ય બાંધીનેજ જતો હોય, કારણકે આયુષ્ય બાંધ્યા વિના પરભવગમનનો અભાવ છે, એ નિયમ પ્રમાણે વિચાર કરીએ તો આયુષ્યબન્ધમાં વર્તતાજીવો પણ દરેક સમયે સર્વજીવોના (અથવા નિગોદજીવોના) એક અસંખ્યાતમા ભાગ જેટલાજ હોઈ શકે, અને તે સિવાયના સર્વે સંસારી (અથવા નિગોદ)જીવો અસંખ્યગુણા છે કે જેઓ આયુષ્યના અબન્ધમાં વર્તતા હોય છે, તો એ પ્રમાણે વિચારતાં આયુષ્યના દેશબન્ધકોથી (અથવા બન્ધકોથી) આયુષ્યના અબન્ધકજીવો (સિદ્ધની ગણત્રી કર્યા વિના પણ) અસંખ્યગુણ કેમ નહિં? આ પ્રશ્ન જીવો આશ્રયિ છે. એનો ઉત્તર ગ્રંથકારે નિગોદજીવો આશ્રયિ ઉદ્વર્તનાકાળ અને ભવસ્થકાળના અલ્પબહુત્વને અનુસરીનેજ આપ્યો છે, જેથી સંખ્યગુણતા પ્રાપ્ત થાય છે.

પૂર્વોક્ત પ્રશ્ન અસંખ્યજીવોના દીર્ઘઆયુષ્યના આલંબનથી ઉપસ્થિત થયો હતો પણ ચાલુ સંબંધ તો એકંદરદ્રષ્ટિએ સર્વસંસારીજીવોના આલંબનવાળો હોવાથી અને સર્વસંસારીજીવોમાં પણ નિગોદજીવોજ અતિઘણા હોવાથી નિગોદજીવો ઉપર લક્ષ્ય રાખીને જે પ્રશ્ન થાય તે પ્રશ્ન મુખ્ય પ્રશ્નરૂપે ગણાય, જેથી સૂત્રકારે કેવળનિગોદજીવોને અનુલક્ષી બાળજીવોને સમજાવવા માટે પ્રશ્ન ઉપસ્થિત કરી તેજ જીવોને અનુલક્ષી ઉત્તર આપ્યો છે.

પુનઃ અહિં પ્રશ્ન ઉદ્વર્ત્યમાન અને ભવસ્થજીવોના લક્ષ્યથી હતો. તો ઉત્તર ઉદ્વર્તના અને ભવસ્થના કાળથી કેમ આપ્યો? એવો વ્યામોહ ન કરવો, કારણકે પ્રશ્ન ઉદ્વર્ત્યમાન જીવો અસંખ્યાતમાં ભાગના છે તેથી આયુષ્યબન્ધમાં વર્તતાજીવો પણ અસંખ્યાતમા ભાગના હશે એવી સમજને આધારે હતો અને એ સમજ ભૂલ ભરેલી હતી તે પૂર્વોક્ત ઉત્તરથી દૂર કરી જાણવી.

**भणइ एगसमइओ, कालो उव्वट्टणाइ जीवाणं**
**बंधणकालो पुण आ–उगस्स अंतोमुहुत्तो उ ॥२६॥**

गाथार्थः—ઉત્તરમાં કહેવાય છે કે—જીવોની ઉદ્વર્ત્તનાનોકાળ ૧ સમય છે, પરન્તુ આયુષ્યનો બન્ધકાળ તો અન્તર્મુહૂર્ત્ત છે. ॥ ૨૬ ॥

टीकार्थः—भणइ એટલે ઉત્તર અપાય છે કે—જીવોની ઉદ્વર્ત્તનાનો કાળ એકસમય પ્રમાણ છે, પરન્તુ આયુષ્યનો બન્ધકાળ તો અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે (એ ગાથાર્થ કહ્યો, હવે ભાવાર્થ કહે છે). તાત્પર્ય એ છે કે—નિગોદજીવોના આયુષ્યકાળની અપેક્ષાએ નિગોદજીવોનો આયુષ્યબન્ધકાળ સંખ્યાતમા ભાગ પ્રમાણનો છે, માટે આયુષ્યના બન્ધકો સંખ્યાતગુણાજ છે ॥ ૨૬ ॥

અવતરણ—પૂર્વગાથામાં આયુષ્યનો બન્ધકાળ અન્તર્મુહૂર્ત્ત કહ્યો, તેથી શું તાત્પર્ય? તે આ ગાથામાં કહે છે,—

**जीवाण ठिईकालो, आउअबंधद्धभाइए लद्धं ॥**
**एवइए भागे आ–उबंधया सेसजीवाणं ॥२७॥**

गाथार्थः—જીવોના સ્થિતિકાળને આયુષ્યના બન્ધકાળવડે ભાગતાં જે પ્રાપ્ત થાય તેટલામા ભાગે આયુષ્યના બન્ધકજીવો શેષજીવોની અપેક્ષાએ હોય. ॥ ૨૭ ॥

टीकार्थः—નિગોદજીવોનો સ્થિતિકાળ (એટલે આયુષ્ય) અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે, તે કલ્પના તરીકે ધારો કે ૧૦૦૦૦૦ [એક લાખ] સમયનું છે. તેને आउबंधद्धभाइए=આયુષ્યનો બંધકાળ જે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે તે કલ્પના તરીકે ધારો કે ૧૦૦૦ [હજાર] સમયનો છે, તેવડે ભાગ આપતાં જે કલ્પનાતરીકે ૧૦૦ પ્રાપ્ત થયા તો આયુષ્યના–બન્ધકજીવો શેષજીવોથી એટલે આયુષ્યના અબન્ધકજીવોથી એટલામા ભાગે [ ૧૦૦મા ભાગે ] છે, અહિં ૧ લાખની અપેક્ષાએ ૧૦૦ નિશ્ચય[1] સંખ્યાતમો ભાગ છે, માટે

[1] કલ્પના તરીકે ધારો કે સંખ્યાતમો ભાગ છે—ઇતિ ભાવઃ

આયુષ્યનાબન્ધકોથી આયુષ્યના અબન્ધકો સંખ્યાતગુણા છે, [ પરન્તુ અસંખ્યગુણા નથી-ઇતિ ભાવઃ. ] ॥ ૨૭ ॥

અવતરણ—પુનઃ એજ વાતને વિશેષ સ્પષ્ટ કરે છે,—

**जं संखिज्जइ भागो, ठिइकालस्साउबंधकालो उ**
**तम्हा संखगुणा से, अबंधया बंधएहिंतो ॥ २८ ॥**

ગાથાર્થઃ—જે કારણથી આયુષ્યનો-બન્ધકાળ આયુષ્યના સ્થિતિકાળની અપેક્ષાએ સંખ્યાતમા ભાગ જેટલો છે તે કારણથી से= આયુષ્યના અબન્ધકો આયુષ્યના બન્ધકોથી સંખ્યાતગુણા છે ॥૨૮॥ અહિં સ્થાપના આ પ્રમાણે છે,—

| | |
|---|---|
| જ્ઞાનાવરણના અબન્ધક સર્વથી અલ્પ | આયુષ્યના દેશબન્ધક સર્વથી અલ્પ |
| ,, દેશબન્ધક અસંખ્યગુણ | ,, અબન્ધક સંખ્યાતગુણ |
| ,, સર્વબન્ધક ( નથી ) | ,, સર્વબન્ધક ( નથી ) |
| એ પ્રમાણે દર્શનાવરણ વિગેરેના. | |

ટીકાર્થઃ—ગાથાર્થ પ્રમાણે ॥ ૨૮ ॥

અવતરણ—એ પ્રમાણે ૨૨ મી ગાથાથી ૨૮ મી ગાથા સુધીમાં તૈજસ અને કાર્મણશરીરના-બન્ધકજીવોનું અલ્પબહુત્વ કહ્યું, જેથી પાંચે શરીરના બન્ધકોનું ભિન્ન ભિન્ન અલ્પબહુત્વ સમાપ્ત થયું. હવે ૨૯ થી ૩૬ મી ગાથા સુધીમાં પાંચે શરીરના બન્ધકજીવોનું પરસ્પર संयोगाल्पबहुत्व [ મિશ્ર અલ્પબહુત્વ ] કહેવાય છે,—

**संजोगप्पबहुअं, आहारगसव्वबंधगा थोवा ॥**
**तस्सेव देसबंधा, संखगुणा ते अ पुव्वुत्ता ॥ २९ ॥**

ગાથાર્થઃ—હવે સંયોગાલ્પબહુત્વ કહેવાય છે તે આ પ્રમાણે-આહારકશરીરના સર્વબન્ધકજીવો સર્વથી થોડા છે, તેથી તેનાજ દેશબન્ધકજીવો સંખ્યાતગુણા છે. અને તે પૂર્વે કહ્યા છે ॥ ૨૯ ॥

ટીકાર્થઃ—સંયોગાલ્પબહુત્વ-એટલે ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-અને કાર્મણ એ પાંચે શરીરનું પરસ્પર અલ્પબહુત્વ

કહેવાય છે, તે આ પ્રમાણે—આહારકશરીરના સર્વબંધકજીવો થોડા છે, કારણકે તેઓ તથાપ્રકારના પ્રયોજનવાળા ચૌદપૂર્વધરોજ હોય છે, અને સર્વબન્ધકતાનો કાળ પણ ૧ સમય જેટલોજ છે [1]માટે. પુન: આહારકના–દેશબન્ધકો તેથી સંખ્યાતગુણા છે, કારણકે દેશબન્ધકાળ ઘણો છે, અને તે [2]પૂર્વે ૨૧ મી ગાથામાં કહ્યા જે છે તે જાણવા ॥ ૨૯ ॥

**तत्तो वेउव्विअसव्वबंधगा दरिसिआ असंखगुणा॥**
**जमसंखा देवाई, उववज्जंतेगसमएणं ॥ ३० ॥**

गाथार्थ:—તેથી એટલે આહારકના દેશબન્ધકોથી વૈક્રિયના સર્વબન્ધકો શ્રીભગવતીસૂત્રમાં અસંખ્યગુણા કહ્યા છે, કારણ કે દેવાદિક [ દેવ–નારક–વાયુ વિગેરે ] એક[3] સમયમાં અસંખ્યાતા-ઉત્પન્ન થાય છે માટે, તેથી અસંખ્યગુણ છે. ॥ ૩૦ ॥

टीकार्थ:—ગાથાર્થ પ્રમાણે— ॥ ૩૦ ॥

**तस्सेव देसबंधा, असंखगुणिआ हवंति पुव्वुत्ता ॥**
**तेअग कम्माऽबंधा, अणंतगुणिया य ते सिद्धा ३१**

गाथार्थ:—તેનાજ દેશબન્ધકો અસંખ્યગુણ છે, અને તે પૂર્વે કહેલા જાણવા. પુન: તૈજસ અને કાર્મણ અબન્ધકો તેથી અનન્તગુણ છે, કારણ કે તે શ્રી સિદ્ધપરમાત્માઓ છે ॥ ૩૧ ॥

टीकार्थ:—તેનાજ ( વૈક્રિયના ) દેશબન્ધકો ( વૈ૦ ના સર્વબન્ધકોથી ) અસંખ્યાતગુણા છે. કારણકે સર્વબન્ધકના કાળની

---

૧ એ સામાન્ય હેતુ કહ્યો વિશેષહેતુ તો ૨૧ મી ગાથામાં કહ્યા પ્રમાણે ઉત્કૃષ્ટથી ૧૦ જ હોય છે માટે.

૨ **ते उ पुहुत्तं सहस्साणं**=દેશબન્ધકો ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ (=૯૦૦૦ ) હોય છે તે જાણવા.

૩ " એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય છે " એ વાક્ય " ઉત્પતિના પ્રથમ સમયમાં અસંખ્યાતદેવાદિકો સર્વબન્ધક હોય છે " એવો અર્થ સૂચવવા માટે છે.

અપેક્ષાએ દેશબન્ધનો કાળ[1] અસંખ્યગુણ છે. અથવા જે [2]પ્રતિપદ્યમાન હોય તેજ સર્વબન્ધક હોય, અને દેશબન્ધકો તો પૂર્વ-[3]પ્રતિપન્ન છે, અને પ્રતિપદ્યમાનજીવોથી પ્રતિપન્નજીવો ઘણાજ હોય માટે વૈક્રિયના સર્વબન્ધકોથી વૈક્રિયના દેશબન્ધકો અસંખ્યગુણ છે. અને તે [4]પૂર્વે કહ્યા છે તેજ જાણવા. તેથી તૈજસકાર્મણના અબન્ધકજીવો અનન્તગુણ છે, કારણ કે તે સર્વે સિદ્ધ ભગવંતો છે, અને તે શ્રીસિદ્ધો વૈક્રિયના[5]દેશબન્ધકોથી અનન્તગુણાજ છે, કારણ કે [6]વનસ્પતિવર્જીને બાકીના સર્વજીવોથી સિદ્ધપરમાત્માઓ અનન્તગુણા છે. ॥ ૩૧ ॥

**तत्तो ज अणंतगुणा, ओरालिअसव्वबंधगा हुंति ॥**
**तस्सेव तओऽबंधा, य देसबंधा य पुव्वुत्ता ॥ ३२ ॥**

ગાથાર્થઃ—તે તૈજસકાર્મણના અબન્ધકોથી ઔદારિકશરીરના સર્વબન્ધકો અનન્તગુણ છે, તેથી તેનાજ અબન્ધક અને

---

૧ સર્વબન્ધનો કાળ ૧ સમય અને દેશબન્ધનો કાળ દેવનારકોની અપેક્ષાએ જઘન્યથી ૧ સમય ન્યૂન ૧૦ હજારવર્ષ અને ઉત્કૃષ્ટથી ૧ સમય ન્યૂન ૩૩ સાગરોપમ છે માટે. તેમજ મનુષ્યનો તથા તિર્યંચનો ઉત્કૃષ્ટ વૈ૦ દેશબન્ધકાળ–૧ સમય ન્યૂન અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે માટે. ( શ્રીભગવતી સૂત્રની વૃત્તિમાં **मुहुत्त चत्तारि तिरियमणुएसु** એ પાઠને મતાન્તરમાં ગણ્યો છે, શતક ૮ માનાં ૯ મા ઉદ્દેશામાં )

૨ વૈક્રિયગ્રહણના પ્રથમસમયમાં વર્તતા જીવો તે પ્રતિપદ્યમાન (=પ્રારંભક )

૩ વૈક્રિયગ્રહણના દ્વિતીયાદિસમયમાં વર્તતાજીવો તે પૂર્વપ્રતિપન્ન (=પૂર્વે પ્રારંભ કરી ચુકેલા )

૪ ચાલુ પ્રકરણની ૨૦ મી ગાથામાં

૫ દેવ નારકો તથા વૈક્રિયોદયવર્તી મનુષ્ય અને તિર્યંચો એ ચારેની સમુદિતસંખ્યાથી.

૬ સાધારણ વનસ્પતિ અથવા પ્રત્યેક સહિત સર્વવનસ્પતિથી સિદ્ધ અનંતમા ભાગે છે. માટે વનસ્પતિવર્જીને.

( અબન્ધકથી ) દેશબન્ધક પૂર્વે કહ્યા છે તે પ્રમાણે ( અનુક્રમે વિશેષાધિક અને અસંખ્યગુણ ) જાણવા. ॥ ૩૨ ॥

ટીકાર્થઃ—તેથી એટલે તૈજસકાર્મણના અબન્ધકજીવોથી ઔદારિકના સર્વબન્ધકો અનન્તગુણ છે, અને તે વનસ્પતિ[૧]વિગેરેની અપેક્ષાએ જાણવા, તેથી ( એટલે ઔદા૦ના સર્વબંધકોથી ) તેનાજ ( ઔદા૦ શરીરનાજ ) અબન્ધકો વિશેષાધિક છે. અને તે જીવો નિશ્ચય સિદ્ધ–વક્રગતિવાળા અને વૈક્રિયાદિના [૨]દેશબંધકો હોય તેજ જાણવા. પરન્તુ એમાં સિદ્ધ વિગેરે જીવો અતિઅલ્પ હોવાથી અહિં તેની વિવક્ષા નથી ( એટલે સિદ્ધાદિકની અપેક્ષાએ ઔદા૦ ના અબન્ધકો વિશેષાધિક નથી થઇ શકતા, કારણ કે સિદ્ધાદિકની અપેક્ષાએ તો ઔદા૦ ના અબન્ધકો ઔદા૦ ના સર્વબન્ધકોથી અનન્તમા ભાગ જેટલા છે ) માટે [૩]પૂર્વોક્તરીતિ પ્રમાણે વક્રગતિવાળા[૪]જીવોજ ઔદા૦ ના સર્વબન્ધકોથી ઘણા છે માટે એ વક્રગતિવાળાજીવોજ ઔદા૦ ના સર્વબન્ધકોથી વિશેષાધિક છે. તેથી પણ એજ ઔદા૦ શરીરના દેશબન્ધકો અસંખ્યાતગુણા છે, કારણ કે વક્રગતિના કાળની અપેક્ષાએ દેશબન્ધકપણાનો કાળ અસંખ્યગુણ છે, અને [૫]તે જીવો [૬]પૂર્વે કહ્યા છે તેજ જાણવા ॥ ૩૨ ॥

**तत्तोतेअगकम्माण देसबंधा भवे विसेसहिया ॥**
**ते चेवोरालिअदेसबंधगा हुंति मेवऽणणे ॥ ३३ ॥**

---

૧ "વનસ્પતિ વિગેરે" કહેવાથી વનસ્પતિવત્ પૃથ્વીકાયની અપ્કાયની ઇત્યાદિ એકેક વ્યક્તિની અપેક્ષાએ અનન્તગુણ નહિં પરન્તુ કેવળ વનસ્પતિથી અથવા વનસ્પતિસહિત બીજા પૃથ્વીકાયવિગેરેથી અનંતગુણ છે, પરન્તુ કેવળ પૃથ્વીકાયાદિકનીઅપેક્ષાએ તો અનન્તમાભાગ જેટલા છે.

૨ વૈક્રિયના દેશબન્ધક, વૈ૦ ના સર્વબન્ધક, આહા૦ ના દેશબન્ધક, અને આહા૦ ના સર્વબન્ધકો પણ.

૩ આ પ્રકરણની ૩ જી ગાથાથી ૧૨ મી ગાથા સુધીમાં કહ્યા પ્રમાણે.

૪ મુખ્યત્વે નિગોદ જીવો, ૫ ઔદારિકના દેશબન્ધક જીવો.

૬ ૧૪ મી ગાથાથી ૧૭ મી ગાથા સુધીમાં જે કહ્યા છે તે.

ગાથાર્થઃ—તેથી તૈજસકાર્મણના દેશબન્ધકો વિશેષાધિક છે, અને તે નિશ્ચય ઔદારિકના દેશબન્ધકો હોય છે તેમજ બીજા પણ હોય છે ॥ ૩૩ ॥

ટીકાર્થઃ—તેથી એટલે ઔદારિકના દેશબન્ધકોથી તૈજસકાર્મણના દેશબન્ધકો વિશેષાધિક હોય છે, અને તે જેમ ઔદારિકના દેશબન્ધકો હોય છે તેમ બીજા પણ હોય છે ( એટલે જે ઔદારિકના દેશબન્ધક જીવો છે તેજ તૈ૦ કા૦ ના દેશબન્ધકો છે. એટલુંજ નહિં પરન્તુ વૈક્રિય અને આહારકના દેશબન્ધકો અને સર્વબન્ધકો પણ તૈ૦ કા૦ ના દેશબન્ધકો છે ). ગાથામાં मेव એ પદમાં म् एव બે પદો છે તેમાં म કાર અલાક્ષણિક ( અર્થના ઉપયોગમાં નથી પરન્તુ પદની શોભાના ઉપયોગનો છે, કારણ કે म ને અર્થમાં ગ્રહણ કરીએ તો "એ પ્રમાણે બીજા નથી" એવા વિપરીત અર્થ થઇ જાય માટે અલાક્ષણિક ) છે. ( એ ગાથાર્થ કહીને ભાવાર્થ કહે છે. )

તાત્પર્ય આ પ્રમાણે છે કે—જે કારણથી સર્વે સંસારી જીવો તૈજસકાર્મણના દેશબન્ધક છે, પરન્તુ એમાં જે વક્રગતિવાળા જીવો, ઔદારિકના સર્વબન્ધકજીવો, અને વૈક્રિયાદિકના ( વૈ૦ અને આહારકના ) બન્ધકજીવો એટલા જીવો ઔદારિકના દેશબન્ધકોથી ( જૂદા હોવાથી ) અધિક છે એમ કહેવાય, માટે ઔદા૦ના દેશબન્ધકોથી તૈ૦ કા૦ ના દેશબન્ધકો ( વક્રગતિકાદિ જેટલા ) વિશેષાધિક છે ॥ ૩૩ ॥ એજ વાત ગાથાથી કહે છે,—

जे तस्स सव्वबंधा, अबंधगा जे अ नेरइअदेवा
एएहिं सहिआ ते, पुणाइ के ? सव्वसंसारी ॥३४॥

ગાથાર્થઃ—જે જીવો તેના એટલે ઔદારિકના સર્વબન્ધક છે, તથા ઔદારિકના અબન્ધકજીવો કે જે વિગ્રહગતિવાળા, સર્વે દેવો, સર્વે નારકો એટલા જીવોવડે સહિત થયા છતા તૈજસકાર્મણના દેશબન્ધકજીવો વિશેષાધિક છે. વળી એ તૈજસકાર્મણના દેશબન્ધકજીવો કયા? ઉત્તર—સર્વે સંસારી જીવો તૈ૦ કા૦ ના દેશબન્ધક છે. ॥ ૩૪ ॥

ટીકાર્થઃ—ગાથાર્થ પ્રમાણે ॥ ૩૪ ॥

**वेउव्वियस्स तत्तो, अबंधगासाहिआ विसेसेणं ॥**
**ते चेव य नेरइयाइ विरहिया सिद्धसंजुत्ता ॥ ३५ ॥**

**ગાથાર્થઃ**—તેથી વૈક્રિયના અબન્ધકો વિશેષાધિક છે, અને તે નિશ્ચય દેવ અને નારક સિવાયના (સંસારી જીવો) સિદ્ધ પરમાત્મા સહિત જાણવા. ॥ ૩૫ ॥

**ટીકાર્થઃ**—તેથી એટલે તૈજસકાર્મણના દેશબન્ધકજીવોથી વૈક્રિયના અબન્ધકજીવો વિશેષાધિક છે. જે કારણથી વૈક્રિયના દેશબન્ધક [૧]પ્રાયઃ દેવ અને નારકોજ છે, અને તે સિવાયના સર્વસંસારીજીવો તથા સિદ્ધ પરમાત્માઓ વૈક્રિયના અબન્ધક છે. અને તે સિદ્ધ પરમાત્માઓ [૨]વડે વૈક્રિયના અબન્ધક વધુ ગણાય છે માટે તૈ૦ કા૦ ના દેશબન્ધકોથી વૈક્રિયના અબન્ધકો વિશેષાધિક કહ્યા છે. એજ વાત મૂળગાથામાં કહે છે કે तं चेव=તે જીવો (વૈ૦ ના અબન્ધકજીવો) નિશ્ચય નારકાદિ રહિત અને સિદ્ધ પરમાત્મા સહિત જાણવા ॥ ૩૫ ॥

**आहारगस्स तत्तो, अबंधगा साहिया विसेसेणं**
**ते पुण के ? सव्वजिया, आहारगलद्धिए मुत्तुं ॥३६॥**

**ગાથાર્થઃ**—તેથી આહારકના અબન્ધકજીવો વિશેષાધિક છે. વળી તે જીવો કયા? ઉત્તર—આહારક લબ્ધિમંત (ચૌદ પૂર્વી-મુનિ મહાત્માઓને) વર્જીને સર્વે જીવો. ॥ ૩૬ ॥

**ટીકાર્થઃ**—ગાથાર્થ પ્રમાણે ॥ ૩૬ ॥

---

૧ અહિં પ્રાયઃ કહેવાનું કારણ કે દેહપ્રથમસમયવર્તી દેવ અને નારકો, પરભવમાં વક્રગતિએ જતા દેવ નારકો વર્જવા માટે તેમજ વૈક્રિય લબ્ધિમંત મનુષ્ય અને તિર્યંચો તથા વાયુને ગ્રહણ કરવા માટે છે.

૨ આ ઠેકાણે **तत्र च सिद्धैर्वैक्रियादिदेशबन्धकेभ्योऽतिरिच्यन्त इति विशेषाधिका उक्ताः** એ વાક્ય ઠીક રીતે સમજાયું નથી. અને અર્થ તો એ પાઠને અનુસારે પ્રસ્તુત વિષયમાં બંધ બેસતો આવે એ રીતે કરેલો છે, માટે વૃત્તિના પાઠમાં અને અર્થમાં વિષમતા આવેલી છે એમ જાણવું.

એ સંયોગિક બન્ધકોના અલ્પબહુત્વનું કોષ્ઠક તથા અંક સ્થાપના આ પ્રમાણે—

## ૧ मिश्र अल्पबहुत्वनुं.

| | | |
|---|---|---|
| ૧ આહારક શરીરના | સર્વબન્ધક જીવો | સર્વથી અલ્પ છે. |
| ૨ આહારક શરીરના | દેશબન્ધક જીવો | તેથી સંખ્યાતગુણા છે. |
| ૩ વૈક્રિય શરીરના | સર્વબન્ધક જીવો | તેથી અસંખ્યાતગુણા છે |
| ૪ વૈક્રિય શરીરના | દેશબન્ધક જીવો | તેથી અસંખ્યાતગુણા છે |
| ૫ { તૈજસ શરીરના | અબન્ધક જીવો | તેથી અનન્તગુણા છે. |
| કાર્મણ શરીરના | અબન્ધક જીવો | તૈજસ તુલ્ય છે. |
| ૬ ઔદારિક શરીરના | સર્વબન્ધક જીવો | તેથી (તૈ૦ વા કા૦ ના અબ૦થી અનન્તગુણા છે |
| ૭ ઔદારિક શરીરના | અબન્ધક જીવો | તેથી વિશેષાધિક છે. |
| ૮ ઔદારિક શરીરના | દેશબન્ધક જીવો | તેથી અસંખ્યગુણ છે. |
| ૯ { તૈજસ શરીરના | દેશબન્ધક જીવો | તેથી વિશેષાધિક છે. |
| કાર્મણ શરીરના | દેશબન્ધક જીવો | તૈ૦ના દેશબ૦તુલ્ય છે. |
| ૧૦ વૈક્રિય શરીરના | અબન્ધક જીવો | તેથી વિશેષાધિક છે. |
| ૧૧ આહારક શરીરના | અબન્ધક જીવો | તેથી વિશેષાધિક છે. |

## અલ્પબહુત્વની અંકસ્થાપના.

| ૧ ઔદારિકના | | | ૨ વૈક્રિયના | | |
|---|---|---|---|---|---|
| સર્વબન્ધક | અનન્તગુણ | ૬* | સર્વબન્ધક | અસંખ્યગુણ | ૩ |
| દેશબન્ધક | અસંખ્યગુણ | ૮ | દેશબન્ધક | અસંખ્યગુણ | ૪ |
| અબન્ધક | વિશેષાધિક | ૭ | અબન્ધક | વિશેષાધિક | ૧૦ |

* એ ૬-૮-૭ ઇત્યાદિ આંકડા પ્રથમ દર્શાવેલા કોષ્ઠકાન્તર્ગત નંબર

| ૩ આહારકના | | | ૪ તૈજસના | | |
|---|---|---|---|---|---|
| સર્વબન્ધક | સર્વથી અલ્પ | ૧ | દેશબન્ધક | વિશેષાધિક | ૯ |
| દેશબન્ધક | સંખ્યાતગુણ | ૨ | અબન્ધક | અનન્તગુણ | ૫ |
| અબન્ધક | વિશેષાધિક | ૧૧ | સર્વબન્ધક | નથી | |
| ૫ કાર્મણના | | | | | |
| દેશબન્ધક | વિશેષાધિક | ૯ | | | |
| અબન્ધક | અનન્તગુણ | ૫ | | | |
| સર્વબન્ધક | નથી | | | | |

વાળુ અલ્પબહુત્વ જણાવવા માટે છે. અને એ આંકડાઓની મુખ્યતાએજ આ અંકસ્થાપના ગણાય છે.

એ સ્થાપનામાં દરેક શરીરના પ્હેલા સર્વબન્ધકને સર્વાલ્પ ગણીએ અને આંકડાઓને લક્ષ્યમાં ન રાખીએ તો પ્રત્યેક શરીરનું પોતાનું ભિન્ન ભિન્ન અલ્પબહુત્વ પણ પ્રાપ્ત થાય, તેની વિશેષ સ્પષ્ટતા આ પ્રમાણે—

### ।। પ્રત્યેક શરીરનું ભિન્ન ભિન્ન અલ્પબહુત્વ ।।

૧ ઔદારિકના

૧ સર્વબન્ધક અલ્પ
૨ અબન્ધક વિશેષાધિક
૩ દેશબન્ધક અસંખ્યગુણ

૨ વૈક્રિયના

૧ સર્વબન્ધક અલ્પ
૨ દેશબન્ધક અસંખ્યગુણ
૩ અબન્ધક અનન્તગુણ

૩ આહારકના

૧ સર્વબન્ધક સર્વથી અલ્પ
૨ દેશબન્ધક સંખ્યાતગુણ
૩ અબન્ધક અનન્તગુણ

૪ તૈજસના

૧ સર્વબન્ધક નથી
૨ અબન્ધક અલ્પ
૩ દેશબન્ધક અનન્તગુણ

૪ કાર્મણના

૧ સર્વબન્ધક નથી
૨ અબન્ધક અલ્પ
૩ દેશબન્ધક અનન્તગુણ.

# बन्धनुं विशेष स्वरूप.

હવે ગત પ્રકરણ ઔદારિકાદિ શરીરના બન્ધના અધિકારવાળું હોવાથી પ્રસંગે સર્વપ્રકારના બન્ધનું કિંચિત્ સ્વરૂપ લખાય છે:—

બન્ધ ૨ પ્રકારનો છે, ૧ प्रयोगबन्ध તે જીવના પ્રયોગથી (યોગથી–પ્રયત્નથી) થયેલો, અને ૨ જો विश्रसाबन्ध તે સ્વભાવથી ( કોઈની કૃતિ વિના પોતાની મેળે ) થયેલો. ત્યાં પ્રયોગબન્ધ અનાદિઅનન્ત–સાદિઅનન્ત–અને સાદિસાન્ત એમ ૩ પ્રકારનો છે. ત્યાં જીવના આઠ [1]મધ્યપ્રદેશોનો અને તેમાં પણ વિશેષથી [2]ત્રણ ત્રણ પ્રદેશોનો અનાદિ અનન્ત બન્ધ છે, તથા સિદ્ધપરમાત્માના આત્મપ્રદેશોનો બન્ધ (સમ્બન્ધ) સાદિઅનન્ત છે, કારણ કે શૈલેશી[3] અવસ્થા વખતે સિદ્ધના આત્મપ્રદેશો અમુક આકારે સ્થપાયા તે સાદિ, અને સિદ્ધપણામાં હવે કોઈપણ વખતે તે સંસ્થાપિત આકૃતિનો ( આત્મપ્રદેશોના વિશિષ્ટ સમ્બન્ધનો ) નાશ થવાનો નથી માટે અનંત, એ પ્રમાણે સાદિઅનન્ત છે. તથા ત્રીજો સાદિસાન્ત પ્રયોગબન્ધ આલાવણ–અલ્લિયાવણ–શરીરબન્ધ–અને શરીર

---

૧ એ આઠ મધ્યપ્રદેશો અનાદિકાળથી સંબંધવાળા જેવા રૂચક આકારે છે તેવાજ રહ્યા છે. અને શ્રી સિદ્ધઅવસ્થામાં પણ એવાજ રહેવાના છે, માટે. ( બીજા સર્વ આત્મપ્રદેશો સંસારીજીવોના ઊકળતા પાણીની પેઠે પ્રતિસમય પરિવર્તનપણું પામતા હોવાથી સાદિસાન્ત સંબંધવાળા ગણાય.)

૨ એ આઠ મધ્યપ્રદેશમાં પણ દરેક મધ્યપ્રદેશ બે પડખાના અને એક ઉપરના અથવા નીચેના આત્મપ્રદેશ સાથે સંબંધવાળો છે, અને તે સિવાયના બીજા પ્રદેશો વ્યવહિત ( અસ્પૃષ્ટ ) છે માટે.

૩ જો કે આત્મપ્રદેશોનો રૂંધન તો ૧૩ મા ગુણસ્થાનને અન્તે પ્રારંભાઈ પૂર્ણ થાય છે, પરન્તુ પૂર્વપ્રતિપન્નભાવે “ શૈલેશીઅવસ્થામાં ” કહ્યું છે.

પ્રયોગબન્ધ એમ ૪ પ્રકારનો છે. ત્યાં ઘાસ-લાકડાં-પરાળ-દર્ભ (ડાભ) આદિ વસ્તુઓના સમૂહ [1]आलापनबन्धवाळा જાણવા, અને એ આલાપન બન્ધનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી [2]સંખ્યાતકાળ પ્રમાણ છે. તથા अल्लियापन बन्ध ૪ પ્રકારનો છે તે આ પ્રમાણે—

૧ श्लेषणाबन्ध—ભીંત-સ્તંભ-પ્રાસાદ-ઘડો-વસ્ત્ર-સાદડી ઇત્યાદિ પદાર્થો [3]શ્લેષણબન્ધવાળા જાણવા અને તેનો કાળ પણ પ્રથમની પેઠે (જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કાળ પ્રમાણ) જાણવો.

૨ उच्चयबन्ध—ઘાસ-કાષ્ઠ-પત્ર-છોતરાં-અને છાણાં વિગેરેના જે ઢગલા કરવા તે [4]ઉચ્ચયબન્ધ છે, એનો કાળ પણ પ્રથમની પેઠે (જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ પ્રમાણ) જાણવો.

૩ समुच्चयबन्ध—કૂવા-સરોવર-વાવ-દેવમન્દિર-સભા-અને સ્તૂપ ઇત્યાદિ વસ્તુઓ [5]સમુચ્ચયબન્ધવાળી જાણવી અને તેનો કાળ પણ પ્રથમની પેઠે (જઘન્યથી અન્તમુ૦ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ પ્રમાણ) જાણવો.

૪ [6]संहननबन्ध—આ બન્ધ દેશથી અને સર્વથી એમ બે

---

૧ આલાપન એટલે રજ્જુ (દોરડા) વડે થતા સંબંધવાળા.

૨ બાદરપરિણામી ચક્ષુગ્રાહ્ય સ્કંધોની સ્થિતિ સંખ્યાતવર્ષથી વધુ નથી માટે.

૩ ગુંદર સરેસ સીમીટ આદિથી દ્રવ્યનો દ્રવ્યાન્તર સાથે બન્ધ થવો તે શ્લેષણબન્ધ.

૪ ઉપર્યુપરિભાવે અથવા રાશિના આકારમાં જે સ્પર્શ સંબન્ધ થવો તે.

૫ ઉચ્ચયબન્ધથી વિશિષ્ટતર સમ્બન્ધ થવો કે જેમાં અનેક અવયવો જોડાઇને મહાન્ સ્કંધ બન્યો હોય તે.

૬ સાંકળની કડીઓ માફક એક (અવયવીનો નહિં પણ) અવયવનો બીજા અવયવમાં છૂટા સંબંધ સરખો સંબંધ તે દેશસંહનન, અને એક અવયવીનો બીજા અવયવીમાં અથવા અનેક અવયવોનો પરસ્પર

પ્રકારનો છે. ત્યાં ગાડાં વિગેરેનો દેશસંહનનબન્ધ, અને દૂધપાણીનો સર્વસંહનનબન્ધ છે, તેનો કાળ પણ પ્રથમવત્ (જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ પ્રમાણ) જાણવો.

એ પ્રમાણે ત્રીજા સાદિસાન્ત પ્રયોગબન્ધમાં અલ્લિયાવણ નામનો બીજો પ્રયોગબન્ધ કહ્યો, અને હવે બીજો શરીરબન્ધ નામનો પ્રયોગબન્ધ તે પૂર્વપ્રયોગ પ્રત્યયિક અને પ્રત્યુત્પન્નપ્રયોગ પ્રત્યયિક એમ ૨ પ્રકારનો છે. ત્યાં સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા નારકાદિ જીવોના આત્મપ્રદેશોને આશ્રિત તૈજસકાર્મણ શરીરના પ્રદેશોનો જે બન્ધ એટલે રચનાવિશેષ તે [1]**पूर्वप्रयोगप्रत्ययिक** શરીરબન્ધ કહેવાય, અને કેવલિસમુદ્ઘાતવડે વિસ્તાર પામેલા આત્મપ્રદેશોનો સમુદ્ઘાતથી નિવૃત્ત થતી વખતે આત્મપ્રદેશોનું સંહરણ (સમેટન) થતી વેળાએ [2]પાંચમે સમયે તૈજસકાર્મણશરીરના પ્રદેશોનો જે બન્ધ એટલે સંઘાત (=પિંડિત આકાર) થાય છે તે प्रत्युत्पन्नप्रयोगप्रत्ययिक શરીરબન્ધ કહેવાય, કારણકે એ તૈ૦કા૦ના પ્રદેશોમાં કેવલિના આત્મપ્રદેશો એકત્વભાવે [અન્યોન્યાનુગમ સમ્બન્ધવાળા] રહેલા છે, અને તે આત્મપ્રદેશોના એકત્વભાવને અનુસરીને એ બન્ધ (પ્રયોગબન્ધ) થાય છે માટે [3]પ્રત્યુત્પન્નપ્રયોગપ્રત્યયિક શરીરબન્ધ છે.

---

તાદાત્મ્ય સંબંધ કે જેથી એકજ પદાર્થ ગણાય, અને છૂટો પાડવા જતાં છૂટો ન પડી શકે એવો એકાકાર સમ્બન્ધ તે સર્વસંહનન સંબંધ.

૧ પૂર્વકાળમાં પ્રવર્તો-પણ હોય, અને ભવધારણીય દેહનો યોગ જેમાં અનુગત (વ્યાપ્ત) હોય એવો જીવ પ્રયત્ન જેમાં કારણભૂત છે તે **पूर्वप्रयोग** પ્રત્યયિક સમ્બન્ધ.

૨–૩ પ્રત્યુત્પન્ન એટલે અપ્રાપ્તપૂર્વ અર્થાત્ જે સમ્બન્ધ ભવચક્રમાં પૂર્વકાળે કોઈપણ વખતે થયો ન હોય અને તેથીજ (પ્રત્યુત્પન્ન એટલે) વર્તમાન સમયે નવો થતો સમ્બન્ધ, તેમજ પ્રયોગ એટલે જીવપ્રયત્નના હેતુવાળો સમ્બન્ધ તે પ્રત્યુ૦પ્ર૦પ્રત્ય૦ સંબંધ કહેવાય, અને તે સમુદ્ઘાતના આઠ સમયોમાં મન્થાનનાં–અન્તર સંહરતી-વખતે પાંચમે સમયેજ સંપૂર્ણ-વિસ્તૃત તૈ૦કાર્મણનો પિંડિતભાવ થાય છે. જોકે છઠ્ઠે અને સાતમે સમયે પણ મંથાન સંહરતાં તેમજ કપાટ સંહરતાં તૈ૦કાર્મણનો પિંડિતભાવ

## ॥ ४ ॥ शरीरप्रयोगबन्धः ॥

[ પૂર્વે સાદિસાન્તભાંગાવાળા પ્રયોગબન્ધના ચારભેદમાંથી ત્રણભેદનું સ્વરૂપ દર્શાવીને હવે શરીરપ્રયોગબન્ધ નામના ચોથા પ્રયોગબન્ધનું સ્વરૂપ કહેવાય છે. ].

ઔદારિકબન્ધ-વૈક્રિયબન્ધ-આહારકબન્ધ-તૈજસબન્ધ--અને કાર્મણબન્ધ એ પાંચ પ્રકારે શરીરપ્રયોગબન્ધ છે [ તેમાં પણ દરેક શરીરના સર્વબન્ધ અને દેશબન્ધ એમ બે બે ભેદ છે ] ત્યાં ઔદારિકનો સર્વબન્ધ પૂડાના દૃષ્ટાન્તપૂર્વક એક સમયવાળો પૂર્વે કહેલો હોવાથી ૧ સમયપ્રમાણ છે, અને દેશબન્ધ જઘન્યથી ૧ સમયપ્રમાણ છે તે આ પ્રમાણે—

જ્યારે વાયુ અથવા મનુષ્ય અથવા તિર્યંચપંચેન્દ્રિય એ ત્રણમાંનો કોઇ-એક જીવ ઉત્તરવૈક્રિય શરીર રચીને તે શરીર છોડી દઈ પુન: ઔદારિકનો સર્વબન્ધ એક સમયપ્રમાણ કરીને પુન: બીજે સમયે ઔદારિકનો દેશબન્ધ પ્રારંભી એક સમયબાદ (એટલે ત્રીજે સમયે) મરણ પામી જાય તો ઔદારિકનો દેશબન્ધ જઘન્યથી ૧ સમયનો પ્રાપ્ત થયો ગણાય. પુન: ઔદારિકનો દેશબન્ધ ઉત્કૃષ્ટથી ત્રણપલ્યોપમમાં એક સમયન્યૂન છે. તે કેવી રીતે ? તે કહેવાય છે કે—જે કારણથી ઔદારિકશરીરીજીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ છે, તેમાં પ્રથમસમયે સર્વબન્ધ હોય છે, અને બાકીના *સર્વકાળ સુધી દેશબન્ધ હોય છે માટે.

---

થાય છે, પરન્તુ છઠ્ઠે સમય પ્રત્યુત્પન્ન ( =વર્તમાનકાલીન ) સમ્બન્ધ ન રહેતાં ભૂતપૂર્વ સમ્બન્ધ થઈ જાય છે માટે પાંચમાજ સમયનું ગ્રહણ કર્યું છે.

પુનઃ પૂર્વપ્રયોગપ્રત્યયિક સમ્બન્ધ કર્મના ઉદયજન્ય છે તથા ક્ષાયોપશમિક ( પૌદ્‌ગલિક ) યોગ–વીર્યવાળો છે, અને આ પ્રત્યુ૦પ્રયો૦પ્રત્ય૦ સંબન્ધ કર્મોદયજન્યના અભાવવાળો અને ક્ષાયિક ( આત્મિક ) યોગ-વીર્યવાળો છે એ ભિન્નતા છે.

* સિદ્ધાન્તોમાં સંઘાતપરિશાટના વર્ણનમાં પ્રથમસમયે સંઘાત બીજાદિસમયે સંઘાત–પરિશાટમિશ્ર અને અન્ત્યસમયે કેવળ પરિશાટ કહ્યો છે, “પરિશાટ એટલે ભવધારણીય દેહપુદ્‌ગલોનો ત્યાગ” એવો અર્થ થાય છે,

**હવે ઔદારિકના સર્વબન્ધનું અન્તર કેટલું ? ઉત્તર—૩ સમયન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણ ( એટલે ૨૫૬ આવલિકામાં ૩ સમયન્યૂન ) છે. તે કેવી રીતે ? તે કહેવાય છે કે—૩ સમયની વક્રગતિવડે ઔદારિકશરીરીપણું પામે, તેમાં ૨ સમય અનાહારક અને ત્રીજે સમયે ( આહારકહોવાથી ) સર્વબન્ધક થાય અને ક્ષુલ્લકભવ**

---

અને તમોએ દ્વિતીયાદિ સમયથી સર્વકાળ દેશબન્ધ કહ્યો જેથી ભવના અન્ત્યસમયે પણ દેશબન્ધ એટલે દેહપુદ્ગલોનું ગ્રહણત્યાગ ઉભય કહો છો તો ભવાન્ત્યસમયે કેવળપરિશાટ અને દેશબન્ધ એ બે વિરૂદ્ધ ભાવ કેમ સંભવે ? કહ્યું છે કે-**संघायमेगसमयं, तहेव परिसाडणं उरालंमि।**

**संघायणपरिसाडण, खुड्डागभवं तिसमऊणं।१६३। भाष्यगाथा।**

( ઇતિ શ્રી આવશ્યકસૂત્રે )

અર્થ:—ઔદારિક શરીરને વિષે કેવળ સંઘાત ૧ સમય છે, તેમજ કેવળ પરિશાટ ( ત્યાગ ) પણ ૧ સમય છે, અને સંઘાતપરિશાટ રૂપ મિશ્રભાવ ૩ સમયન્યૂન ક્ષુલ્લકભવપ્રમાણ છે ( અહિં સંઘાત તે ચાલુ પ્રકરણનો સર્વબન્ધ છે, સંઘાતપરિશાટ મિશ્ર તે ચાલુ પ્રકરણનો દેશબન્ધ છે, ( અને કેવળ પરિશાટને સ્થાને આ પ્રકરણમાં કંઇ નથી. )

**उत्तरः**—અહિં જે સમયે ( ઉત્પત્તિના પ્રથમસમયે ) ઔદારિકાદિકનો સંઘાત છે તે સર્વબન્ધ છે, અને સંઘાતપરિશાટ રૂપ મિશ્રકાળમાં દેશબન્ધ છે એ અભિપ્રાય બરાબર છે, પરન્તુ જે સમયે કેવળ પરિશાટ તે સમયે દેશબન્ધનો અભાવ માનવો તે અભિપ્રાય યોગ્ય નથી, કારણ કે કેવળ પરિશાટ તો પરભવના પ્રથમસમયે ગણાય છે, પરન્તુ પૂર્વભવના અન્ત્યસમયે નહિં. જેથી ઋજુગતિમાં પરભવના પ્રથમસમયે સંઘાત અને પરિશાટ બન્ને મિશ્ર હોય છે, અને બે સમયની એકવક્રાગતિમાં પરભવના પ્રથમસમયે કેવળ પરિશાટ અને બીજેસમયે કેવળસંઘાત અને ત્રીજાસમયથી ભવપર્યન્ત સંઘાતપરિશાટ મિશ્ર હોય છે, તથા ૩ સમયની દ્વિવક્રાગતિમાં પરભવના પ્રથમ સમયે કેવળ પરિશાટ, બીજેસમયે ન પરિશાટ કે ન સંઘાત, અને ત્રીજેસમયે કેવળસંઘાત (એટલે ઉત્પત્તિસ્થાને પ્હોંચ્યાબાદ પ્હેલેસમયે સર્વબન્ધ) અને પરભવના ચોથાસમયથી એટલે ઉત્પત્તિસ્થાને પ્હોચ્યાબાદ બીજાસમયથી સંઘાતપરિશાટ મિશ્રભાવે હોય છે એટલે દેશબન્ધક હોય છે. એ સ્વરૂપ વિચારતી સમજાય છે કે ઉત્પત્તિસ્થાને પ્રથમસમયે સર્વબન્ધ અને સંઘાત તથા દ્વિતીયસમયથી ભવપર્યન્ત દેશબન્ધ અને સંઘાતપરિશાટ મિશ્ર એ બે બે ભાવ

પ્રમાણ [=૨૫૬ આવલિકા] જીવીને મરણ પામી પુનઃ ઔદારિકશરીરીપણું પામે તો ત્યાં પ્રથમસમયે પુનઃ સર્વબન્ધક થયો, એ પ્રમાણે પ્હેલા સર્વબન્ધથી બીજા સર્વબન્ધનીવચ્ચે વક્રગતિ-

તો સમકાળે જ હોય પરન્તુ કેવળ-પરિશાટ ભવપર્યન્ત સમયે ન હોવાથી પરન્તુ પરભવના પ્રથમસમયે (આકાશમાં અથવા ઉત્પત્તિસ્થાનમાં) દેશબન્ધથી જુદા વખતેજ હોય છે માટે ભવપર્યન્તે કેવળ પરિશાટ સમજીને જે દેશબન્ધ ન હોવાનો પ્રશ્ન ઉદ્ભવ્યો હતો તેનું નિરાકરણ થયું જાણવું. આ સંબંધમાં શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિમાં ૧૬૪ મી ભાષ્યગાથાની વૃત્તિમાં શંકા સમાધાનપૂર્વક ખુલાસો તેનું કિંચિત્ દિગ્દર્શન આ પ્રમાણે—

**आ०—उक्कोसो समऊणो, जो सो संघातणा समयहीणो**
**प्रेरकः—किइ न दुमयविहूणो, साडणसमएऽवणोयंमि ? ॥ १ ॥**
**आ०—भण्णइ भवचरिमंमि वि, समये संघातसाडणा चेव ॥**
**परभवपढमे साडणमओ तदूणो ण कालोत्ति ॥ २ ॥**
**प्रे०—जइ परपढमे साडा, णिव्विग्गहद्दो य तंमि संघातो ॥**
**णणु सव्वसाडसंघातणाओ समए विरुद्धाओ ॥ ३ ॥**
**आ०—जम्हा विगच्छमाणं, विगयं उप्पज्जमाणमुप्पन्नं ॥**
**तो परभवाइसमए, मोक्खादाणाणमविरोहो ॥ ४ ॥**

અર્થઃ—સંઘાતપરિશાટનો (=દેશબન્ધનો) ઉત્કૃષ્ટકાળ ઔદારિકશરીરની અપેક્ષાએ ૧ સમયન્યૂન ૩ પલ્યોપમ પ્રમાણ છે, કારણકે ઋજુગતિએ યુગલિકમાં ઉત્પન્ન થયેલો જીવ પ્રથમસમયે સંઘાત કરે ત્યારબાદ દ્વિતીય સમયથી ૩ પલ્યોપમના આયુષ્ય પર્યંત સંઘાતપરિશાટ ઉભય કરે તેથી અહિં પ્રેરક (=પ્રશ્નકર્તા) પ્રશ્ન કરે છે કે ૧ સમયન્યૂન શા માટે? ત્યારે આચાર્ય ઉત્તર આપે છે કે—ઔદારિકના સંઘાતપરિશાટનો મિશ્રકાળ ઔદારિકની અપેક્ષાએ ૩ પલ્યોપમમાં ૧ સમયન્યૂન છે કારણકે કેવળસંઘાતમાનો ૧ સમય અહિં ન્યૂન થાય છે. ત્યારે પ્રેરક પુનઃ પ્રશ્ન કરે છે કે—૩ પલ્યોપમના પર્યંતનો ૧ સમય સર્વપરિશાટ (કેવળપરિશાટ) હોવાથી તે પણ ન્યૂન કરતાં ૨ સમયન્યૂન ૩ પલ્યોપમ શામાટે નહિં? ॥ ૧ ॥

આચાર્યભગવાન્ ઉત્તર આપે છે કે—ભવના પર્યન્ત સમયે પણ નિશ્ચય સંઘાતશાટન મિશ્ર હોય છે, અને કેવળપરિશાટ તો પરભવના પ્રથમસમયે હોય છે, માટે મિશ્રનો કાળ ભવના પર્યંત સમયવડે ન્યૂન ગણાય નહિં. ॥ ૨ ॥

**સંબંધિ ૩ સમયન્યૂન ૧ ક્ષુલ્લકભવપ્રમાણ જે અંતર પડયું તે ઔદારિકના સર્વબન્ધનું [२]જઘન્યઅંતર જાણવું.**

પ્રેરક—નિર્વિગ્રહગતિથી ( ઋજુગતિ હોવાથી ) પરભવના પ્રથમસમયે જો કેવળપરિશાટ છે, અને કેવળસંઘાત પણ પ્રથમસમયે કહો છો તો એકજ સમયમાં સમકાળે ( કેવળપરિશાટ અને કેવળસંઘાત અથવા ) સર્વપરિશાટ અને સર્વસંઘાત એ બે વિરૂદ્ધભાવ કેમ સંભવે ? ॥ ૩ ॥

આચાર્ય—જે કારણથી જવા માંડયું તેને ગયું કહેવાય, અને ઉત્પન્ન થવા માંડયું તેને ઉત્પન્ન થયું કહેવાય છે તે કારણથી પરભવના પ્રથમસમયે સર્વથા મોક્ષ અને સર્વથા આદાન ( =સર્વપરિશાટ અને સર્વસંઘાત ) એ બે વિરૂદ્ધ ભાવ સમકાળે વર્તવામાં કંઇપણ વિરોધ નથી. ॥ ૪ ॥ ( તાત્પર્ય એકે તેજ ભવસંબંધિ સર્વશાટ અને સર્વસંઘાત સમકાળે હોય તો વિરોધ ગણાય, પરંતુ અહિં તો પૂર્વભવસંબંધિ સર્વશાટ અને પરભવસંબંધિ સર્વસંઘાત એ બે પરસ્પર વિરૂદ્ધ નથી. )

માટે અંતિમ તાત્પર્ય એ છે કે ભવના અંત્યસમયે કેવળપરિશાટ ન હોવાથી દેશબન્ધ હોવો નિર્વિવાદ છે.

૧ પ્રશ્નઃ—ઔદારિકના સર્વબન્ધનું જઘ૦અન્તર ૩ સમયન્યૂન ક્ષુલ્લકભવપ્રમાણ કહ્યું તે ૩ સમયની દ્વિવક્રાગતિઆશ્રયિ કહ્યું પરન્તુ ૪ સમયની ત્રિવક્રાગતિઆશ્રયી અથવા ૫ સમયનીચતુર્વક્રા આશ્રયિ અનુક્રમે ૪ સમયન્યૂન અને ૫ સમયન્યૂન ક્ષુલ્લકભવપ્રમાણ ઔદા૦ના સર્વબન્ધનું જઘન્ય અન્તર કેમ ન સંભવે ? એ પ્રશ્ન અને એના ઉત્તરનું કિંચિત્ દિગ્દર્શન આ પ્રમાણે—

શ્રી વિશેષાવશ્યક સૂત્રમાં ૩૩૧૮ મી ગાથાની વૃત્તિમાં શ્રીવૃત્તિકારભગવંતનો પ્રશ્ન છે કે—**विदिसाओ दिसिं पढमे·········इत्यादि वचनाद् यदाऽधस्त्रसनाड्या वहिर्देशादूर्ध्वलोके त्रसनाड्या बहिरेव निगोदादिजीवश्चतुर्भिःसमयैरुत्पद्यते तदा विग्रहगतावपान्तरालगतावाद्यास्त्रयः समयाः चतुर्थस्तु संघातसमयः इत्येवं चतुर्भिरपि समयैर्न्यूनं क्षुल्लकभवग्रहणं संघात-परिशाटोभयस्य जघन्यकालः प्राप्यते तत्किमितीह त्रिभिरेव समयैर्न्यूनं क्षुल्लकभवग्रहणं जघन्यस्तत्काल उक्तः ? सत्यम्, किन्त्वस्यां चतुःसमयायां विग्रहगतौ य आद्यसमयः स इह परभवप्रथमसमयो न विवक्षितः किन्तु पूर्वभवचरमसमय एव, पूर्व-**

ઔદારિકશરીરના સર્વબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર ૧ સમય અને ૧ પૂર્વક્રોડવર્ષઅધિક ૩૩ સાગરોપમપ્રમાણ છે તે કેવી રીતે? તો કહેવાય છે કે—કોઈક જીવ *મનુષ્યાદિકમાં ^અવિગ્રહ (ઋજુ)

---

भवशरीरस्य तत्र मुच्यमानत्वात्, मुच्यमानं च मुक्तमिति व्यवहार-नयमताश्रयणादिति । अथवा त्रसजीवसंबन्धिन्येवेहापान्तरालगति-र्विवक्षिता, त्रसजीवाश्चोत्कृष्टतोऽपि तृतीयसमये उत्पत्तिस्थानं प्राप्नु-वन्तीत्यदोष इति तावद् वयमवगच्छामः । तत्त्वं तु बहुश्रुता एव विदन्तीति

અર્થઃ—**विदिसाओ** ઇત્યાદિવચનથી જ્યારે અધોલોકમાં ત્રસનાડીથી બહાર રહેલો નિગોદાદિજીવ ઊર્ધ્વલોકમાં ત્રસનાડીબહારજ ઉત્પન્ન થાય ત્યારે ચાર સમયે ઉત્પન્ન થાય છે. તે વખતે વક્રગતિમા બે ભવની વચ્ચેના ૩ સમય અને ચોથો સંઘાતનો સમય એ પ્રમાણે નિશ્ચય સંઘાતપરિશાટ મિશ્રનો જઘન્યકાળ ચાર સમયન્યૂન ક્ષુલ્લકભવપ્રમાણ પણ થાય છે, તો અહિં ઔદારિકનો સંઘાતપરિશાટરૂપ મિશ્રકાળ જઘન્યથી ત્રણસમયન્યૂન ક્ષુલ્લકભવપ્રમાણજ કેમ કહ્યો? ઉત્તર—એ પ્રશ્ન સત્ય છે, પરન્તુ એ ચાર સમયની વિગ્રહગતિમાં જે પ્હેલો સમય છે તે અહિં પરભવના પ્રથમસમય તરીકે ગણ્યો નથી, પરન્તુ પૂર્વભવના છેલ્લા સમય તરીકે ગણેલો છે, કારણકે તે સમયે પૂર્વભવના શરીરનો સર્વથા પરિશાટ વર્તતો હોય છે, અને વર્તતા પરિશાટને (મુકાતા–છોડાતાશરીરને) પરિશાટ થયો (મુક્તદેહ–ત્યક્તદેહ) એમ વ્યવહારનયના આશ્રયથી કહી શકાય છે.

અથવા અહિં ત્રસજીવસંબન્ધીજ અન્તરાલગતિની વિવક્ષા છે, અને ત્રસજીવ ઉત્કૃષ્ટથી પણ ત્રીજેસમયે ઉત્પત્તિસ્થાને પહોચે છે. માટે ત્રિસમય-ન્યૂન ક્ષુલ્લકભવપ્રમાણ ઔદારિક દેહના સંઘાતપરિશાટરૂપ મિશ્રભાવનો જઘન્યકાળ કહ્યો તે દોષરહિત છે એમ અમારાથી સમજાય છે, સત્યતત્વ શું છે તે તો શ્રી બહુશ્રુતોજ જાણે.

આ પ્રશ્નોત્તર બન્ધછત્રીશીની ચોથી ગાથાના અર્થની ફુટનોટમાં ઉપસ્થિત કરેલા પ્રશ્નનો ઉત્તર સમજવામાટે પણ સાધનભૂત છે, પરન્તુ એમાં પ્હેલો ઉત્તરજ ઉપયોગી થઇ શકે, પરન્તુ બીજો ત્રસજીવની વિવક્ષાવાળો ઉત્તર તે ચોથી ગાથાના ઉપયોગમાં આવી શકે નહિં.

* અહિં પૂર્વક્રોડઆયુષ્ય ભોગવી ૩૩ સાગરોપમના આયુષ્યપણે દેવ–

ગતિએ ઉત્પન્ન થઈ ત્યાં પ્હેલેજ સમયે ઔદારિકનો સર્વબન્ધક થઈ પૂર્વક્રોડવર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ૩૩ સાગરોપમની સ્થિતિવાળો સાતમી પૃથ્વીનો નારક થાય અથવા અનુત્તરવિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય, ત્યાથી ચવી [૨]ત્રણસમયની દ્વિવક્રાગતિવડે પુનઃ ઔદારિકશરીરી થાય, તો એ ત્રણસમયમાં ૨ સમય અનાહારી છે, અને ત્રીજે સમયે સર્વબન્ધક છે, જેથી ઔદારિકશરીરીના જે બે સમય અનાહારીપણાના છે તેમાંનો એકસમય [૩]સમયોન પૂર્વકોડીમાં પ્રક્ષેપતાં સંપૂર્ણ પૂર્વક્રોડવર્ષ થાય અને ૧ સમય અધિક રહે, તેથી ઔદારિકના પ્રથમ સર્વબન્ધથી બીજા સર્વબન્ધની વચ્ચે ૧ સમય ૧ પૂર્વક્રોડવર્ષ અને ૩૩ સાગરોપમ એટલા કાળનું ઉત્કૃષ્ટ અન્તર પડયું.

ઔદારિકના દેશબન્ધનું જઘન્યઅન્તર ૧ સમય છે તે આ પ્રમાણે—ઔદારિકનો દેશબન્ધક મરણ પામી ઋજુગતિએ ઔદારિકશરીરીપણે ઉત્પન્ન થાય ત્યાં પ્રથમસમયે સર્વબન્ધક અને દ્વિતીયાદિ સમયોમાં પુનઃ દેશબન્ધક થાય છે માટે.

ઔદારિકના દેશબન્ધકનું ઉત્કૃષ્ટ અન્તર ૩ સમય અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ છે તે આ પ્રમાણે—ઔદારિકનો દેશબન્ધકજીવ મરણ પામી સર્વાર્થસિદ્ધિ આદિસ્થાનમાં ૩૩ સાગરોપમના આયુષ્યપણે ઉત્પન્ન થઇ ત્યાંથી ચવી ત્રણસમયની વક્રગતિવડે ઔદારિકશરીરી થાય તો વક્રગતિમાં બે સમય અનાહારીપણું છે અને ત્રીજે સમયે ઔદારિકનો સર્વબન્ધ છે ત્યારબાદ દ્વિતીયાદિસમયથી દેશબન્ધકપણું પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે હોવાથી ઔદારિકના દેશબન્ધનું કહેલું ઉત્કૃષ્ટ અન્તર પ્રાપ્ત થાય છે.

---

નારકમાં ઉત્પન્ન થનાર મનુષ્ય અને તંદુલમત્સ્ય સરખા તિર્યંચપંચેન્દ્રિયો પણ હોય છે માટે મનુષ્ય ન કહેતાં મનુષ્ય આદિ કહ્યું છે.

૧-૨ ઉત્કૃષ્ટ અન્તરની પ્રાપ્તિ માટે આગતિ ઋજુગતિએ અને ગતિ વક્રગતિએ ગણવી. જો આગતિને પણ વક્રગતિએ ગણે તો અન્તરની ઉત્કૃષ્ટતામાં વિગ્રહગતિના ૧ સમયન્યૂન જેટલા સમયો ઉત્કૃષ્ટતામાં ઘટી જાય છે.

૩ સંઘાતસંબંધિ ભવનો પ્રથમ સમયન્યૂન થવાથી સમયોનપૂર્વકોડી.

વૈક્રિયશરીરનો સર્વબન્ધ જઘન્યથી ૧ સમય તે આ પ્રમાણે-વૈક્રિયશરીરીમાં ( દેવ-નરકમાં ) ઉત્પન્ન થયો છતો, અથવા લબ્ધિથી ઉત્તરવૈક્રિયકરતો જીવ પ્રથમસમયે સર્વબન્ધ કરે છે માટે.

વૈક્રિયશરીરનો સર્વબન્ધ ઉત્કૃષ્ટથી ૨ સમય તે આ પ્રમાણે-ઔદારિકશરીરીજીવ વૈક્રિયપણું પામતાં પ્રથમસમયે સર્વબન્ધક થઇ તુર્ત મરણ પામી નારક ના દેવમાં ઉત્પન્ન થઈ [ ઋજુગતિએ ઉત્પન્ન થઇ ] પુનઃ વૈક્રિયનો સર્વબન્ધ કરે તે અપેક્ષાએ વૈ૦ નો સર્વબન્ધ ૨ સમય હોય છે.

વૈક્રિયનો દેશબન્ધ જઘન્યથી ૧ સમય તે આ પ્રમાણે-ઔદારિકશરીરીજીવ ( લબ્ધિથી ) વૈક્રિયપણું પામતો પ્રથમસમયે વૈક્રિયનો સર્વબન્ધક થઈ બીજે સમયે દેશબન્ધક થઈ તુર્ત મરણ પામી ( ઋજુગતિએ ) દેવ-નારકપણે ઉત્પન્ન થાય ( ત્યાં પ્રથમસમયે સર્વબન્ધક થાય છે ) માટે.

વૈક્રિયના દેશબન્ધ ઉત્કૃષ્ટથી ૧ સમયન્યૂન ૩૩ સાગરોપમ છે તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટઆયુષ્યવાળા દેવ અથવા નારકમાં ઉત્પન્ન થઈ પ્રથમસમયે વૈક્રિયનો સર્વબન્ધક હોય છે અને ત્યારબાદ દ્વિતીયાદિસમયથી ભવપર્યન્તસુધી દેશબન્ધક હોય છે માટે ( સર્વબન્ધકપણાનો ૨ સમયન્યૂન છે. )

વૈક્રિયના સર્વબન્ધનું અન્તર જઘન્યથી ૧ સમય છે તે આ પ્રમાણે—ઔદારિકશરીરીજીવ વૈક્રિયપણું પામ્યો છતો પ્રથમસમયે સર્વબન્ધક અને બીજે સમયે દેશબન્ધક થઇ મરણ પામી દેવ અથવા નારકમાં વૈક્રિયશરીરને વિષે ઋજુગતિએ ઉત્પન્ન થાય ત્યાં પ્રથમસમયે પુનઃ વૈક્રિયનો સર્વબન્ધક થાય, એ પ્રમાણે વૈક્રિયના સર્વબન્ધનું જઘન્ય અન્તર ૧ સમય છે.

વૈક્રિયશરીરના સર્વબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર અનન્તકાળપ્રમાણ છે તે આ પ્રમાણે—ઔદારિકશરીરીજીવ ( સ્વભવમાં ) વૈક્રિયપણું પ્રાપ્ત કરીને અથવા વૈક્રિયશરીરી એવા દેવ કે નારકભવમાં ઉત્પન્ન થઇ પ્રથમસમયે સર્વબન્ધક થઇ દ્વિતીયાદિસમયે દેશબન્ધકપણું પ્રાપ્ત કરી મરણ પામી ત્યારબાદ અનન્તકાળસુધી વનસ્પતિ આદિ ઔદારિકશરીરીપણે ઉત્પન્ન થઇને પુનઃ વૈક્રિયશરીરમાં ઉત્પન્ન થાય

ત્યાં પ્હેલે સમયે સર્વબન્ધક થાય. એ પ્રમાણે વૈક્રિયના પ્હેલા સર્વબન્ધથી બીજા સર્વબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર અનન્તકાળ પ્રમાણ પ્રાપ્ત થાય છે.

વૈક્રિયના દેશબન્ધનું જઘન્યઅન્તર ૧ સમય અને ઉત્કૃષ્ટઅન્તર અનન્તકાળ પ્રમાણ છે તેની સમજ પૂર્વે કહ્યા [૧]પ્રમાણેજ જાણવી.

આહારકનો સર્વબન્ધ ( જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ ) ૧ સમય છે, કારણકે આહારકશરીરની રચના કરવાના પ્હેલા સમયેજ સર્વબન્ધ હોય છે ( પરન્તુ ઔદારિકશરીરીજીવ જે સ્વભાવના અન્ત્યસમયે અને દેવાદિપરભવના પ્રથમસમયે એમ બે સમય વૈક્રિયનો સર્વબન્ધ હોય છે તેમ નહિં. )

આહારકનો દેશબન્ધ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્તમાત્ર છે, કારણકે અન્તર્મુહૂર્ત્તબાદ અવશ્ય ઔદારિકશરીરનું ગ્રહણ હોય છે.

આહારકશરીરના સર્વબન્ધનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત છે તે આ પ્રમાણે–મનુષ્ય આહારકશરીરની પ્રાપ્તિના પ્હેલા સમયે સર્વબન્ધક થઈ ત્યારબાદ અન્તર્મુહુર્ત્ત સુધી આહારક(ના દેશબન્ધ)માં રહીને ઔદારિકશરીરનું ગ્રહણ કરે, તે ઔદારિકશરીરમાં પણ અન્તર્મુહૂર્ત રહીને પુનઃ પણ આહારકશરીર બનાવવામાં કારણરૂપ સંશયાદિ ઉત્પન્ન થયે છતે પુનઃ પણ આહારકશરીર રચે તે વખતે પ્હેલે સમયે સર્વબન્ધક હોય એ પ્રમાણે આહારકના સર્વબન્ધનું અન્તર અન્તર્મુહૂર્ત્ત છે. અહિં બે અન્તર્મુહૂર્ત મળીને પણ એકજ અન્તર્મુહૂર્ત ગણવું.

---

૧ વૈક્રિયપણાને પ્રાપ્ત કરતો ઔદારીકશરીરી જીવ વૈક્રિય રચવાના પ્હેલે સમયે સર્વબન્ધક થઈ બીજે સમયે દેશબન્ધક થઇ તુર્ત મરણ પામી દેવભવમાં અથવા નારકભવમાં ઋજુગતિએ ઉત્પન્ન થઈ પ્રથમ સમયે વૈ૦નો સર્વબન્ધ કરી બીજે સમયથી દેશબન્ધ પ્રારંભે છે, માટે વૈ૦નું દેશબન્ધનું જ૦ અન્તર ૧ સમય છે. તથા વૈક્રિયદેશબન્ધક ઔદારીકશરીરી અથવા દેવ વા નારક કાળ કરી અનન્તકાળ સુધી વનસ્પતિ આદિ ઔદારિકશરીરોમાં ભ્રમણ કર્યા બાદ વૈક્રિયદેહની પ્રાપ્તિ થાય તો વૈક્રિયના દેશબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર અનંતકાલ પ્રમાણ જાણવું.

આહારકના સર્વબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર અનન્તકાળ પ્રમાણ એટલે દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત પ્રમાણ છે. એ પ્રમાણે આહારકના દેશબન્ધનું જઘન્ય અન્તર અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર અનન્તકાળ પ્રમાણ તે દેશોનઅર્ધપુદ્ગલપરાવર્ત્ત જાણવું.

તૈજસશરીરનો સર્વબન્ધ નથી, કારણ કે તેનો બન્ધ અનાદિ કાળથી છે, તથા તૈજસનો દેશબન્ધ અનાદિઅનન્ત અને અનાદિ સાન્ત એમ બે પ્રકારનો છે, ત્યાં પહેલો અનાદિઅનન્તબન્ધ અભવ્યને અને અનાદિસાન્તદેશબન્ધ ભવ્યજીવને હોય છે. એ બન્ને ભાંગામાં અન્તર છેજ નહિં. એ પ્રમાણે કાર્મણશરીરની વકતવ્યતા પણ તૈજસ શરીરવત્ ( તુલ્ય ) જાણવી.

॥ इति प्रयोगबन्धवर्णनम् ॥

## ॥ अथ विश्रसाबन्धः ॥

*વિશ્રસાબન્ધ સાદિ અને અનાદિ એમ ૨ પ્રકારનો છે, ( અથવા અનાદિ અનન્ત અને સાદિસાન્ત એમ ૨ પ્રકારનો છે. ) ત્યાં ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–અને આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યોના પ્રદેશોનો જે પરસ્પરસમ્બન્ધ તે અનાદિઅનન્તવિશ્રસાબંધ કહેવાય. એ અનાદિઅનન્ત ( ત્રણ દ્રવ્યોના પ્રદેશોનો ) સમ્બન્ધ કેવા પ્રકારનો છે? તો કહે છે કે—સાંકળની કડીઓની પેઠે દેશબન્ધ છે, પરન્તુ ક્ષીરનીરનીપેઠે સર્વસમ્બન્ધ નથી.

ઉપર્યુક્ત બે પ્રકારના વિશ્રસાબન્ધમાં **सादिसान्तविश्रसाबन्ध** બન્ધનપ્રત્યયિક–પાત્રપ્રત્યયિક–અને પરિણામપ્રત્યયિક એમ ૩ પ્રકારનો છે. તેમાં દ્વિપ્રદેશીસ્કંધોથી પ્રારંભીને અનન્તપ્રદેશીસુધિના સ્કંધોનો વિષમમાત્રાવાળા સ્નેહવડે અને વિષમમાત્રાવાળા રૂક્ષત્વવડે અને વિષમમાત્રાવાળા સ્નેહરૂક્ષત્વના મિશ્રભાવવડે થતો જે બન્ધ તે [૧]बन्धनप्रत्ययिक विश्रसाबन्ध કહેવાય, તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યઉત્સર્પિણી અને અસંખ્ય

* જીવપ્રયત્નવિનાનો.

૧ બન્ધન એટલે (જેનાવડે ચક્ષુઅગ્રાહ્ય પુદ્ગલોનો સમ્બન્ધ થાય તે ) સ્નિગ્ધગુણ અને રૂક્ષગુણ એ હેતુ છે જેમાં એવો સમ્બન્ધ તે બન્ધન પ્રત્યયિકબન્ધ.

અવસર્પિણીરૂપ અસંખ્યકાળ પ્રમાણ છે. અહિં વિષમમાત્રા એ-ટલે શું ? તેના સ્વરૂપને દર્શાવનારી આ બે ગાથાઓ કહેવાય છે તે આ પ્રમાણે—

**समनिद्धयाए बंधो, न होइ समलुक्खयाएवि न होइ**
**वेमाइनिद्धलुक्खत्तणेण बंधो उ खंधाणं ॥ १ ॥**

અર્થ:—સમગુણ સ્નિગ્ધનો સમગુણસ્નિગ્ધની સાથે એટલે સમગુણસ્નિગ્ધપરમાણુનો અથવા દ્વિપ્રદેશીઆદિસ્કંધનો સમગુણ-સ્નિગ્ધપરમાણુ અથવા દ્વિપ્રદેશીઆદિસ્કંધ સાથે સમ્બન્ધ [1]ન થાય, તેમજ સમગુણરૂક્ષનો સમગુણરૂક્ષ પુદ્‍ગલ સાથે સમ્બન્ધ ન થાય પરન્તુ સ્કંધોના ( પુદ્‍ગલોના ) સમ્બન્ધ તો જ્યારે વિષમમાત્રા-વાળો સ્નેહ કે રૂક્ષતા હોય તોજ થઈ શકે છે. તે વિષમમાત્રાનું સ્વરૂપ આ પ્રમાણે—


**निद्धस्स निद्धेण दुयाहिएणं,**
**लुक्खस्स लुक्खेण दुयाहिएणं**
**णिद्धस्स लुक्खेण उवेइ बंधो,**
**जहण्णवज्जो विसमो समो वा ॥ २ ॥**

અર્થ:—સ્નિગ્ધનો [2]દ્વિગુણાધિકસ્નિગ્ધ સાથે અને રૂક્ષનો દ્વિગુણાધિકરૂક્ષ સાથે સમ્બન્ધ થાય છે તથા સ્નિગ્ધનોરૂક્ષની સાથે તો ( અને રૂક્ષનો સ્નિગ્ધની સાથે તો જઘન્યગુણવર્જીને વિષમ-ગુણવાળા અથવા તુલ્યગુણવાળા પુદ્‍ગલોનો પણ પરસ્પર સમ્બન્ધ [3]થાય છે.

---

૧ અર્થાત્ સર્વથા સરખી સ્નિગ્ધતાવાળા બે પુદ્‍ગલોનો પરસ્પર સમ્બન્ધ ન થાય. તેમ સર્વથા સરખી રૂક્ષતાવાળા બે પુદ્‍ગલોનો પણ પર-સ્પર સમ્બન્ધ ન થાય. ( જેમકે ૩ અંશ સ્નેહવાળાનો ૩ અંશ સ્નેહવાળા પુદ્‍ગલ સાથે સંબંધ ન થાય, ૪ અંશ સ્નિગ્ધવાળા પુદ્‍ગલનો ૪ અંશ સ્નિગ્ધવાળાપુદ્‍ગલ સાથે સમ્બન્ધ ન થાય ઇત્યાદિ. )

૨ " દ્વિગુણાધિક " એ શબ્દનો અર્થ.


બન્ધ
પ્રયોગબન્ધ
વિશ્રસાબન્ધ
અનાદિઅનન્ત
સાદિઅનન્ત
સાદિસાન્ત
સાદિ
અનાદિ ( દેશબન્ધ ).
બન્ધનપ્રત્યયિક
પાત્રપ્રત્યયિક
પરિણામપ્રત્યયિક
આલાપનબન્ધ
અલિયાવણબન્ધ
શરીરબન્ધ
શરીરપ્રયોગબન્ધ
શ્લેષણબન્ધ
ઉચ્ચયબન્ધ
સમુચ્ચયબન્ધ
સંહનનબન્ધ
પૂર્વપ્રયોગપ્રત્યયિક
પ્રત્યુત્પન્નપ્રયોગપ્રત્યયિક
દેશથી
સર્વથી
ઔદારિક
વૈક્રિય
આહારક
તૈજસ
કાર્મણ
દેશબન્ધ
સર્વબન્ધ
દેશબન્ધ
સર્વબન્ધ
દેશબન્ધ
સર્વબન્ધ
દેશબન્ધ
૦
દેશબન્ધ
૦

॥ ૫ શરીરના દેશબન્ધ અને સર્વબન્ધના કાળનું તથા અન્તરનું કોષ્ઠક ॥

| શરીરનો | દેશબન્ધ | | | | સર્વબન્ધ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | જઘન્ય દેશબન્ધ | ઉત્કૃષ્ટ દેશબન્ધ | દેશબન્ધનું જઘન્ય અન્તર | દેશબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર | જઘન્ય સર્વબન્ધ | ઉત્કૃષ્ટ સર્વબન્ધ | સર્વબન્ધનું જઘન્ય અન્તર | સર્વબન્ધનું ઉત્કૃષ્ટ અન્તર |
| ઔદારિક શરીર | ૧ સમય | ૧ સમયન્યૂન ૩ પલ્યોપમ | ૧ સમય | ૩સમયઅધિક ૩૩સાગરોપમ | ૧ સમય | ૧ સમય | ૩ સમયન્યૂન ૨૫૬ આવલિકા. | ૧ સમયાધિક ૧પૂર્વ ક્રોડવર્ષ સહિત ૩૩સાગરોપમ |
| વૈક્રિય શરીર | ૧ સમય | ૧ સમયન્યૂન ૩૩સાગરોપમ | ૧ સમય | અનન્તકાળ | ૧ સમય | ૨ સમય | ૧ સમય | અનન્તકાળ |
| આહારકશરીર | અન્તર્મુહૂર્ત્ત | અન્તર્મુહૂર્ત્ત | અન્તર્મુહૂર્ત્ત | દેશોન ૦॥ પુદ્ગલ પરાવર્ત | ૧ સમય | ૧ સમય | અન્તર્મુ૦ | દેશોન ૦॥ પુદ્ગલ પરાવર્ત |
| તૈજસશરીર | અનાદિસાન્ત | અનાદિ અનન્ત | — | — | — | — | — | — |
| કાર્મણશરીર | અનાદિસાન્ત | અનાદિ અનન્ત | — | — | — | — | — | — |

**समनिद्धयाए बंधो, न होइ समलुख्खयाएवि न होइ**
**वेमायनिद्धलुख्खत्तणेण बंधो उ खंधाणं ॥ १ ॥**

અર્થ:—સમગુણસ્નિગ્ધનો (તુલ્ય અંશવાળા સ્નેહયુકત પુદ્ગલોનો) સમગુણસ્નિગ્ધની (તુલ્ય અંશવાળા સ્નેહયુકત પુદ્ગલોની) સાથે એટલે સમગુણસ્નિગ્ધપરમાણુનો અથવા દ્વિપ્રદેશીઆદિસ્કંધોનો સમગુણસ્નિગ્ધપરમાણુ સાથે અથવા દ્વિપ્રદેશીઆદિસ્કંધો સાથે સમ્બન્ધ થાય નહિ. તેમજ સમગુણરૂક્ષ પુદ્ગલોનો સમગુણરૂક્ષ પુદ્ગલો સાથે પણ સમ્બન્ધ ન [1]થાય, પરન્તુ સ્કંધોનો (= પરમાણુનો અને સ્કંધોનો) પરસ્પરસમ્બન્ધ [2]વિષમમાત્રાવાળોસ્નેહ કે વિષમમાત્રાવાળીરૂક્ષતા હોય તોજ થાય.

તે વિષમમાત્રાનુંસ્વરૂપ આ પ્રમાણે—

**निद्धस्स निद्धेण दुगाहिएणं,**
**लुख्खस्स लुख्खेण दुयाएिणं**
**निद्धस्स लुख्खेण उवेइ बंधो,**
**जहन्नवज्जो विसमो समो वा ॥ २ ॥**

અર્થ:—સ્નિગ્ધપુદ્ગલનો સ્નિગ્ધપુદ્ગલસાથે જો સમ્બન્ધ થાય તો [3]બે અધિક (બે અંશ અધિક) સ્નિગ્ધપુદ્ગલસાથે

---

૧ અર્થાત્—બે અંશ સ્નિગ્ધપુદ્ગલનો બે અંશ સ્નિગ્ધપુદ્ગલસાથે, ત્રણ અંશ સ્નિગ્ધપુદ્ગલનો ૩ અંશ સ્નિગ્ધપુદ્ગલ સાથે ઇત્યાદિ, તેમજ ૨ અંશ રૂક્ષપુદ્ગલનો ૨ અંશ રૂક્ષપુદ્ગલ સાથે, ૩ અંશ રૂક્ષપુદ્ગલનો ૩ અંશ રૂક્ષપુદ્ગલ સાથે ઇત્યાદિ રીતે સમગુણવાળા સ્વજાતીયપુદ્ગલોનો પરસ્પરસમ્બન્ધ ન થાય. (પરંતુ વિજાતીયપુદ્ગલોનો એ રીતે સમ્બન્ધ થાય છે.)

૨ ન્યૂન અંશવાળાપુદ્ગલનો અધિક અંશવાળાપુદ્ગલ સાથે સમ્બન્ધ હોય છે. (એ સ્વજાતીયપુદ્ગલોને અંગે જાણવું.)

૩ અર્થાત્ ૧ અંશ સ્નિગ્ધપુદ્ગલનો ૩ અંશ સ્નિગ્ધપુદ્ગલસાથે યાવત્ ૪–૫–૬ ઇત્યાદિ અંશ સાથે ૨ અંશ સ્નિગ્ધનો ૪–૫–૬–૭ ઇત્યાદિ અંશવાળા સ્નિગ્ધપુદ્ગલોસાથે એ પ્રમાણે ૩ અંશ સ્નિગ્ધનો ૫–૬–૭–૮

**થાય, તેમજ રૂક્ષપુદ્‌ગલનો પણ જો રૂક્ષપુદ્‌ગલ સાથે સમ્બન્ધ થાય તોપણ બે અંશ અધિક રૂક્ષપુદ્‌ગલ સાથે થાય ( એ પ્રમાણે એ બે [૪]સ્વજાતીય ભાંગાનો સમ્બન્ધ બે અંશ અધિકવડે હોય છે ) પરન્તુ ( બે [૫]વિજાતીયભાંગાનો સમ્બન્ધ એટલે ) સ્નિગ્ધપુદ્‌ગલનો રૂક્ષપુદ્‌ગલ સાથે જો સમ્બન્ધ થાય તો [૬]જઘન્ય ગુણવર્જીને [૭]સમગુણવડે અથવા [૮]વિષમગુણવડે પણ સમ્બન્ધ થાય ( તેમજ રૂક્ષપુદ્‌ગલનો સ્નિગ્ધપુદ્‌ગલ સાથે સમ્બન્ધ થાય તોપણ જઘન્યગુણવર્જીને સમ અથવા વિષમમાત્રાએ પણ થાય.* ).**

---

ઇત્યાદિ સ્નિગ્ધ સાથે સંબંધ થાય છે. તેમજ ૧ અંશ રૂક્ષનો ૩–૪–૫–૬ ઇત્યાદિ અંશવાળા રૂક્ષ સાથે, ૨ અંશરૂક્ષનો ૪–૫–૬–૭ ઇત્યાદિ અંશવાળારૂક્ષ સાથે અને ૩ અંશરૂક્ષનો ૫–૬–૭–૮ ઇત્યાદિ અંશવાળા રૂક્ષ સાથે સમ્બન્ધ થાય છે.

૪ સ્વજાતીય એટલે સ્નિગ્ધનો સ્નિગ્ધસાથે અને રૂક્ષનો રૂક્ષ સાથે.

૫ વિજાતીય એટલે સ્નિગ્ધનો રૂક્ષ સાથે અને રૂક્ષનો સ્નિગ્ધ સાથે,

૬ "જઘન્યગુણ" એટલે ૧ અંશસ્નિગ્ધનો ૧ અંશવાળા રૂક્ષ સાથે અને ૧ અંશરૂક્ષનો ૧ અંશવાળાસ્નિગ્ધ સાથે સમ્બન્ધ ન થાય.

૭–૨ અંશસ્નિગ્ધપુદ્‌ગલો ૨ અંશરૂક્ષપુદ્‌ગલ સાથે ૩ અંશસ્નિગ્ધનો ૩ અંશરૂક્ષ સાથે, ૪ અંશસ્નિગ્ધનો ૪ અંશરૂક્ષ સાથે ઇત્યાદિ રીતે સમ્બન્ધ થાય. તેમજ ૨ અંશરૂક્ષનો ૨ અંશસ્નિગ્ધ સાથે ૩ અંશરૂક્ષનો ૩ અંશસ્નિગ્ધ સાથે અને ૪ અંશરૂક્ષનો ૪ અંશસ્નિગ્ધ સાથે ઇત્યાદિ રીતે સમાંશગુણવાળા વિજાતીયપુદ્‌ગલોનો પરસ્પરસમ્બન્ધ સમમાત્રાએ થઈ શકે છે.

૮ અર્થાત્ ૨ અંશસ્નિગ્ધપુદ્‌ગલનો ૪–૫–૬–૭ ઇત્યાદિ અંશવાળારૂક્ષપુદ્‌ગલો સાથે, ૩ અંશસ્નિગ્ધપુદ્‌ગલનો ૫–૬–૭–૮ ઇત્યાદિ અંશવાળારૂક્ષપુદ્‌ગલો સાથે અને ૪ અંશસ્નિગ્ધપુદ્‌ગલનો ૬–૭–૮ ૯ ઇત્યાદિ અંશવાળા રૂક્ષપુદ્‌ગલો સાથે સમ્બન્ધ થવો તે વિજાતીયનો વિષમમાત્રાએ સમ્બન્ધ થયો કહેવાય, એ પ્રમાણે ૨ અંશરૂક્ષપુદ્‌ગલોનો ૪–૫–૬–૭ ઇત્યાદિ અંશવાળા સ્નિગ્ધપુદ્‌ગલો સાથે, ૩ અંશરૂક્ષનો ૫–૬–૭–૮ ઇત્યાદિ અંશવાળાસ્નિગ્ધ સાથે, અને ૪ અંશરૂક્ષનો ૬–૭–૮–૯ ઇત્યાદિ અંશવાળાસ્નિગ્ધ સાથે સમ્બન્ધ થવો તે વિજાતીયનો વિષમમાત્રાએ સમ્બન્ધ ગણાય.

* પૂર્વોક્ત ૨ ગાથાઓનો દિગમ્બરસમ્પ્રદાય આ પ્રમાણે અર્થ કરે

છે કે—તુલ્યગુણસ્નિગ્ધનો ( તુલ્યગુણસ્નિગ્ધ કે તુલ્યગુણરૂક્ષસાથે પણ ) સમ્બન્ધ ન થાય, તેમજ તુલ્યગુણરૂક્ષનો ( પણ તુલ્યગુણરૂક્ષ વા તુલ્યગુણસ્નિગ્ધ સાથે ) સમ્બન્ધ ન થાય પરન્તુ સ્નિગ્ધ તેમજ રૂક્ષ ( ચારે ભાંગાવાળા ) પુદ્ગલોનો વિમાત્રાપણેજ સમ્બન્ધ થાય તે વિમાત્રા એટલે વિષમમાત્રા આ પ્રમાણે—॥ ૧ ॥

સ્નિગ્ધનો સમ્બન્ધ બે ગુણ અધિક ( બે અંશ અધિક ) સ્નિગ્ધ સાથે સમ્બન્ધ થાય, તેમજ રૂક્ષનો સમ્બન્ધ બે ગુણઅધિક રૂક્ષ સાથે થાય છે, તેમજ સ્નિગ્ધનો રૂક્ષ સાથે જે સમ્બન્ધ થાય છે તે પણ બે ગુણ અધિક રૂક્ષ સાથે થાય છે. ( ઉપલક્ષણથી રૂક્ષનો સ્નિગ્ધ સાથે જે સમ્બન્ધ થાય તે પણ બે ગુણ અધિક રૂક્ષ સાથે થાય છે. ) એ પ્રમાણે સમબન્ધ ( એટલે સ્નિ૦નો સ્નિ૦ સાથે અને રૂક્ષનો રૂક્ષ સાથે સમ્બન્ધ ) તથા વિષમબન્ધ ( સ્નિ૦નોરૂ૦ સાથે અને રૂ૦નો સ્નિ૦ સાથે સમ્બન્ધ ) એ બન્ને જઘન્યગુણવર્જીને ( ચારે ભાંગામાં ૧ ગુણવર્જીને શેષ બે ઇત્યાદિગુણનો બે ગુણ અધિક સાથે સમ્બન્ધ ) થાય છે. ॥ ૨ ॥

એ બે અર્થમાં મુખ્ય તફાવત એ છે કે પ્હેલીગાથામાં **सम** શબ્દનો અર્થ અંશમાં અને જાતિમાં બન્નેમાં તુલ્યતાવાચક હતો તે દિગમ્બર સમ્પ્રદાયે કેવળ અંશની તુલ્યતામાં સ્વીકાર્યો, અને બીજીગાથામાં **समा** અને **विसमो** એ બે પદ ગુણપરત્વે હતાં તે કેવળ જાતિપરત્વે સ્વીકાર્યાં છે. ( જુઓ તત્વાર્થરાજવાર્તિકમાં ૫ મા અધ્યાયના ૩૬ મા સૂત્રની વૃત્તિ. )

## કેટલો સ્નેહ અને કેટલી રૂક્ષતા હોય તો પુદ્ગલોનો પરસ્પર સમ્બન્ધ થાય? તેનું કોષ્ઠક.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ ગુણસ્નિગ્ધનો | | ૧–૨ ગુણસ્નિગ્ધ સાથે | નહિ | ૩ ગુણસ્નિ૦ થી પ્રારંભીને ( યાવત્ અનન્તગુણ સ્નિ૦ સાથે ) છે. |
| ૨ | ,, | ૧–૨–૩ | ,, | ૪ થી પ્રારંભીને. ,, |
| ૩ | ,, | ૨–૩–૪ | ,, | શેષ સાથે છે (૧–૫–૬ ઈત્યાદિ સાથે છે.) |
| ૪ | ,, | ૩–૪–૫ | ,, | શેષ સાથે છે (૧–૨–૬–૭ ઈત્યાદિ સાથે છે). |
| ૫ | ,, | ૪–૫–૬ | ,, | શેષ સાથે છે (૧–૨–૩–૭–૮ ઈત્યાદિ સાથે છે. |

એ પદ્ધતિએ યાવત્ અનન્તગુણસ્નિગ્ધ સુધીનો બન્ધ જાણવો.

| | | | |
|---|---|---|---|
| ૧ ગુણરૂક્ષનો | ૧–૨ ગુણ રૂક્ષ સાથે નહિં | ૩ ગુણ રૂક્ષથી પ્રારંભીને છે. |
| ૨ ,, | ૧–૨–૩ ,, | ૪ ,, |
| ૩ ,, | ૨–૩–૪ ,, | શેષ સાથે છે (=૧–૫–૬–ઇત્યાદિ સાથે છે.) |
| ૪ ,, | ૩–૪–૫ ,, | શેષ સાથે છે (=૧–૨–૬–૭ ઇત્યાદિ સાથે છે.) |
| ૫ ,, | ૪–૫–૬ ,, | શેષ સાથે છે (=૧–૨–૩–૭–૮ ઇત્યાદિ સાથે છે.) |

એ પદ્ધતિએ યાવત્ અનન્તગુણ રૂક્ષ સુધીનો બન્ધ જાણવો.

| | | |
|---|---|---|
| ૧ ગુણસ્નિગ્ધનો | ૧ ગુણરૂક્ષ સાથે નહિં | ૨ ગુણરૂક્ષથી પ્રારંભીને છે. |
| ૨ ગુણ ,, | ૧ ,, | ૨ ,, |
| ૩ ગુણ ,, | ૧ ,, | ૨ ,, |
| ૪ ગુણ ,, | ૧ ,, | ૨ ,, |
| ૫ ગુણ ,, | ૧ ,, | ૨ ,, |

એ પદ્ધતિએ યાવત્ અનન્તગુણ સ્નિગ્ધ સુધીનો બન્ધ જાણવો.

| | | |
|---|---|---|
| ૧ ગુણરૂક્ષનો | ૧ ગુણસ્નિગ્ધ સાથે નહિં | ૨ ગુણસ્નિગ્ધથી પ્રારંભીને છે. |
| ૨ ગુણરૂક્ષનો | ૧ ,, | ૨ ,, |
| ૩ ,, | ૧ ,, | ૨ ,, |
| ૪ ,, | ૧ ,, | ૨ ,, |
| ૫ ,, | ૧ ,, | ૨ ,, |

એ પદ્ધતિએ યાવત્ અનન્તગુણ રૂક્ષ સુધીનો બન્ધ જાણવો.

ઉપરનું જે કોષ્ટક દર્શાવ્યું તે શ્વેતામ્બરઆમ્નાયવાળા શ્રીતત્ત્વાર્થસૂત્રની વૃત્તિને અનુસરીને છે, પરન્તુ દિગમ્બરઆમ્નાયના તત્ત્વાર્થ–રાજવાર્તિકમાં તો નીચે પ્રમાણે છે.

## ॥ દિગમ્બરમતે પુદ્‌ગલોનો સમ્બન્ધ. ॥

| | | |
|---|---|---|
| ૧ ગુણસ્નિગ્ધનો | બન્ધજ નથી. | |
| ૨ ગુણસ્નિગ્ધનો | ૪ ગુણસ્નિગ્ધ સાથે છે. | શેષ પૂર્વોત્તર ગુણ સાથે નથી. |
| ૩ ,, | ૫ ,, | ,, |
| ૪ ,, | ૬ ,, | ,, |
| ૫ ,, | ૭ ,, | ,, |

એ પદ્ધતિએ યાવત્ અનન્તગુણસ્નિગ્ધસુધીનો બન્ધ જાણવો.

તથા જીર્ણ (જૂની) મદિરાનો *પિંડીભાવ થવા રૂપ જે સમ્બન્ધ અથવા જૂનો ગોળ અને જૂના તંદુલ (ચોખા–તાંદલા વિગેરે)નો પિંડ થવા રૂપ જે સમ્બન્ધ તે [1]भाजन (पात्र) प्रत्ययिक विश्रसाबन्ध કહેવાય. એ બન્ધ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ પ્રમાણ હોય છે.

તથા વાદળાં વિગેરેનો સંબંધ તે [2]परिणाम प्रत्ययिक विश्रसाबन्ध જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ માસ પ્રમાણ છે.

॥ इति श्री बन्धषट्त्रिंशिकायाः सवृत्तिकाया गूर्जरभाषान्तरं समाप्तम् ॥

---

પુનઃ જેમ એ સ્નિગ્ધનો સ્નિગ્ધ સાથે બન્ધ કહ્યો તેજ પદ્ધતિએ શેષ

રૂક્ષનો રૂક્ષ સાથે
સ્નિગ્ધનો રૂક્ષ સાથે
રૂક્ષનો સ્નિગ્ધ સાથે
} આ ૩ ભાંગા પણ તુલ્ય જાણવા. (અર્થાત્ દિગમ્બરમતે

* **स्त्यानीभवनलक्षणो बन्धः** એટલે જીર્ણમદિરાનું જામી જવું, ઘીનું જામી જવું, દુધનું દહીં રૂપ થતાં જામી જવું, ઈત્યાદિ, તેમજ જૂનો ગોળ સૂકાતાં પથરા જેવો થઈ જવો ઇત્યાદિ ભાજન પ્રત્યયિક બન્ધ કહેવાય, એમાં ભાજનપ્રત્યયિકત્વ કેવી રીતે છે તે શ્રીબહુશ્રુતથી સમજવું.

૧ **भाजनं–आधारः स एव प्रत्ययो–हेतुर्यत्र स तथा** = ભાજન એટલે આધાર તેજ હેતુ છે જેનો એવો સંબંધ તે ભાજનપ્રત્યયિક બન્ધ કહેવાય.

૨ **परिणामो–रुपान्तरगमनं स एव प्रत्ययो–हेतुर्यत्र स तथा**= પરિણામ સ્વરૂપાન્તરની પ્રાપ્તિ (અન્યાન્ય સ્વરૂપે પરાવર્તન પામવું) એજ હેતુવાળો જે સંબન્ધ તે પરિણામપ્રત્યયિકબંધ. તે સંધ્યા સમયનાં વાદળાં અથવા ઇન્દ્રધનુષ્ય વિગેરેનો છે.

# श्री निगोदषट्त्रिंशिकाप्रकरणम्.

## ( गुर्जरभाषान्तरसहित )

[ નિગોદ છત્રીશીમાં આવેલી પરિભાષાનો અર્થ, સદ્ભાવ-
સ્થાપના અસદ્ભાવસ્થાપનાનું કોષ્ઠક, નિગોદસ્વરૂપ,
નિગોદના વર્ણનને અંગે ૪૨ દ્વારો, નિગોદવિષયક
પ્રશ્નોત્તરો–નિગોદ છત્રીશીનો સારાંશ
વિગેરે પરિશિષ્ટો સાથે ].

प्रकाशिका—

श्री मुक्तिकमलजैनमोहनमाला–वडोदरा.

# શ્રી નિગોદ છત્રીશી પ્રકરણમ્

અવતરણઃ—'નિગોદ' સંબંધી વિષય સમજવો અતિગહન છે. નિગોદ છત્રીશીમાં નિગોદનું સારૂં બ્યાન ગ્રન્થકાર ભગવાને કરેલ છે. તેમ છતાં તે પ્રકરણમાં આવતા કેટલાક પારિભાષિક (સાંકેતિક) શબ્દોની સમજમાટે પ્રથમ પરિભાષાઓનો અર્થ સંક્ષેપથી જણાવ્યાબાદ આગળ કહેવાતા આ પ્રકરણમાં ગ્રંથકાર ભગવાને પ્રદર્શિત કરેલ સદ્ભાવ સ્થાપના. અસદ્ભાવ-સ્થાપના સંબંધી માહીતી અપાય છે, ત્યારબાદ નિગોદનું સ્વરૂપ કાંઈક વિસ્તારથી સમજાયેલ હોય તો"નિગોદ છત્રીશી પ્રકરણના અભ્યાસમાં અભ્યાસકોનો સુગમ પ્રવેશ થઈ શકે તે માટે ૪૨) દ્વાર-વડે નિગોદનું સ્વરૂપ કહેવામાં આવશે. ત્યારબાદ નિગોદછત્રીશીના વિવેચનનો પ્રારંભ થશે—

## નિગોદ છત્રીશોમાં આવેલી પરિભાષાનો અર્થ.

૧ નિગોદ—અનંત સૂક્ષ્મ અથવા બાદર વનસ્પતિજીવોનું એક શરીર.

૨ સાધારણ શરીરી—અનંતકાય જીવો (એક શરીરમાં અનંત-જીવો રહ્યા હોય તેવા જીવો).

૩ ગોળો—સમાવગાહી નિગોદોનો સમુદાય.

૪ સમાવગાહી—જે અને જેટલા આકાશપ્રદેશો વિવક્ષિત એક નિગોદે અવગાહ્યા છે તે અને તેટલાજ આકાશ પ્રદેશો જે બીજી અસંખ્ય નિગોદોએ અવગાહ્યા હોય તે વિવક્ષિત નિગોદ અને બીજી નિગોદો સર્વે સમાવગાહી નિગોદો કહેવાય. જેમ દુધમાં સાકર સમાવગાહે (અન્યૂનાધિક-પણે સર્વત્ર) પ્રસરે છે તેમ સમાવગાહી નિગોદો પરસ્પર (એકપણ આકાશપ્રદેશની અન્યૂનાધિકતાએ સર્વત્ર) તુલ્ય ક્ષેત્રમાં અવગાહેલી હોય છે.

૫ **विषमावगाही**—વિવક્ષિત ( અસંખ્ય સમાવગાહી નિગોદાત્મક ) એક ગોળાના અવગાહક્ષેત્રમાં જે બીજી કેટલીક સમાવગાહી અસંખ્યનિગોદો ૧ પ્રદેશન્યૂન, વળી બીજી સમાવગાહી અસંખ્યનિગોદો ૨ પ્રદેશન્યૂન, અને બીજી અસંખ્ય સમાવગાહી નિગોદો ૩ પ્રદેશન્યૂન એમ યાવત્ સંખ્યાત પ્રદેશન્યૂન, અને અસંખ્યપ્રદેશન્યૂન ક્ષેત્રમાં છએ દિશામાં અવગાહેલી હોય તે **एकेकप्रदेशहानि**વાળી નિગોદો વિષમાવગાહી નિગોદો કહેવાય. તેમજ એ એકેક પ્રદેશહાનિવાળી નિગોદોને ઉલટા ક્રમથી ગણીએ તો તે નિગોદસમુદાયોમાંનો કોઇ સમુદાય તે વિવક્ષિત ગોળાના અવગાહક્ષેત્રના એકજ આકાશપ્રદેશ ઉપર આવી પડેલો હોય છે, કોઇ સમુદાય ૨ પ્રદેશ ઉપર આક્રાન્ત થયેલો ( આવી પડેલો ) હોય છે, અને કોઈ સમુદાય ૩ પ્રદેશ ઉપર આક્રાન્ત થયો હોય છે, એ પ્રમાણે યાવત્ સંખ્યાત પ્રદેશ ઉપર અને અસંખ્યાતપ્રદેશ ઉપર ( એકપ્રદેશ ન્યૂન સર્વ અવગાહનામાં ) વ્યાપ્ત થયેલ હોય છે, તે કારણથી **एकैकप्रदेशवृद्धि** વાળી નિગોદો પણ કહેવાય, અને એ પ્રમાણે એ બન્ને પ્રકારની નિગોદો વિષમાવગાહી નિગોદો કહેવાય.

૬ **एकैकप्रदेशहानिवृद्धि**—વિષમાવગાહીના અર્થમાં કહ્યા પ્રમાણે.

૭ **खंडगोळो**—ત્રીજી પરિભાષામાં કહેલા અર્થવાળા જે ગોળામાં વિષમાવગાહી નિગોદોની સ્પર્શના ત્રણ દિશિમાંજ હોય તે ખંડગોળો કહેવાય. ( પરન્તુ ખંડ એટલે અર્ધી અવગાહનાવાળો ગોળો એમ નહિં ) એ ખંડગોળા લોકને અંતે નિષ્કૂટ *સ્થાનોમાં રહેલા છે.

૮ **अखंडगोळो**—ત્રીજી પરિભાષામાં કહેલા અર્થવાળા જે ગોળામાં વિષમાવગાહી નિગોદોની સ્પર્શના છએ દિશામાં

* નિષ્કૂટસ્થાનો લોકને અન્તે લોકની સર્વબાજુએ છે, તે દરેક નિષ્કુટસ્થાનોમાંના કેટલાંક નિષ્કૂટસ્થાનોમાં ( આધકૃત જઘન્યપદ સંબંધિ ) ખંડગોળા ચાલુ પ્રકરણમાં ગણવાના છે. તેની સમજ પ્રશ્નોત્તરમાં જુઓ.

હોય તે अखंडगोळो, અથવા संपूर्णगोळो કહેવાય. (પરન્તુ સંપૂર્ણ અવગાહનાવાળો ગોળો તે અખંડગોળો એવો અર્થ નહિં.)

૯ निष्कूट प्रदेश—સર્વબાજુએ અલોકની અંદર ચાલ્યો ગયેલો લોકનો અતિઅલ્પ ભાગ કે જે લોકને અન્તે રહેલો છે તે.

૧૦ जघन्यपद—જે આકાશપ્રદેશમાં અતિઅલ્પ જીવપ્રદેશો રહ્યા હોય તે આકાશપ્રદેશ અથવા અલ્પજીવપ્રદેશસંખ્યા જઘન્યપદ કહેવાય. (એમાં જીવપ્રદેશો સૂક્ષ્મનિગોદ સંબંધિ ગણવા, પરન્તુ સૂક્ષ્મપૃથ્વીકાયાદિકના અથવા બાદરનિગોદના પણ ન ગણવા.) એ જઘન્યપદ ખંડગોળામાં હોય છે.

૧૧ उत्कृष्टपद—જે આકાશપ્રદેશમાં (જઘન્યપદ રૂપ આકાશપ્રદેશમાં રહેલા જીવપ્રદેશોની અપેક્ષાએ) અતિ ઘણા જીવપ્રદેશો રહ્યા હોય તે આકાશપ્રદેશ અથવા જીવપ્રદેશસંખ્યા ઉત્કૃષ્ટપદ કહેવાય. અને તે સર્વ અખંડગોળાઓમાં હોય છે. એમાં પણ સૂક્ષ્મનિગોદનાજ જીવપ્રદેશો ગણવા. (અથવા એ ઉત્કૃષ્ટપદ બે પ્રકારનું છે તેમાં વ્યાવહારિક ઉત્કૃષ્ટપદમાં કેવળ સૂક્ષ્મનિગોદના જીવપ્રદેશો ગણવા, અને નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ સૂક્ષ્મનિગોદના તેમજ બાદર નિગોદ વિગેરેના યથાસંભવ જીવપ્રદેશો ગણવા.)

૧૨ व्यावहारिक उत्कृष्टपद—જે ઉત્કૃષ્ટ જીવપ્રદેશસંખ્યા અથવા ઉત્કૃષ્ટ જીવપ્રદેશસંખ્યાવાળો આકાશપ્રદેશ સર્વઅખંડ ગોળાઓમાં પ્રાપ્ત થતો હોય તો તે ઉત્કૃષ્ટજીવપ્રદેશસંખ્યા અથવા ઉત્કૃષ્ટજીવપ્રદેશસંખ્યાવાળો આકાશપ્રદેશ વ્યાવહારિક ઉત્કૃષ્ટપદ ગણાય. અથવા સામાન્ય ઉત્કૃષ્ટપદ ગણાય, અને તે વ્યા૦ ઉત્કૃષ્ટપદ સર્વ અખંડગોળાઓમાં હોય છે. આ વ્યા૦ ઉત્કૃષ્ટપદમાં કેવળ સૂક્ષ્મનિગોદનાજ જીવપ્રદેશો ગણવાના છે.

૧૩ नैश्चयिक उत्कृष्टपद—ઉપર કહેલા વ્યાવહારિક ઉત્કૃષ્ટપદમાં જો ત્યાં રહેલા બાદરનિગોદાદિ જીવોના જીવપ્રદેશો તથા બીજે

સ્થાને રહેલા સૂક્ષ્મનિગોદ તથા બાદરનિગોદ વિગેરે જીવો મરણ પામી પરભવમાં ઉત્પન્ન થવા જતાં માર્ગમાં તેજ સ્થાને તેના આત્મપ્રદેશો અવગાહ્યા હોય તે સર્વ જીવ-પ્રદેશ મળીને જે જીવપ્રદેશસંખ્યા થાય તે સંખ્યા, અથવા તેટલી જીવપ્રદેશસંખ્યાવાળો આકાશપ્રદેશ તે નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ ગણાય. અર્થાત્ વ્યાવહારિક ઉત્કૃષ્ટપદ-ગત જીવપ્રદેશોમાં નીચે લખેલા જીવોના પ્રદેશો મેળવતાં નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ થાય.

૧ ત્યાં ( વ્યા૦ ઉત્કૃષ્ટપદમાં ) અવગાહેલા સૂ૦ બાદર નિગોદના.

૨ ત્યાં અવગાહેલા સૂક્ષ્મપૃથ્વીકાય સૂ૦ અપ્કાય સૂ૦ વાયુ અને સૂ૦ અગ્નિના. ( સૂ૦ વનસ્પતિના જીવપ્રદેશો તો પ્રથમજ ગણ્યા છે. )

૩ ત્યાં અવગાહેલા બાદરપૃથ્વીકાયાદિ પાંચે કાયના.

૪ બીજા અનંત સૂક્ષ્મનિગોદજીવો તથા બાદરનિગોદજીવો તથા સૂક્ષ્મપૃથ્વીકાયાદિ ચારનિકાયના જીવો, તથા બાદરપૃથ્વ્યાદિ પાંચ નિકાયના જીવો મરણ પામી વિગ્રહ ગતિએ અથવા ઋજુગતિએ પરભવમાં ઉત્પન્ન થવા જતા હોય તેના.

૧૪ **દ્રવ્યાર્થપણે**—આ શબ્દ આખો પદાર્થ અથવા આખા પદાર્થોની સંખ્યાનું લક્ષ્ય કરાવનાર છે, જેથી ગોળાના સંબંધમાં "દ્રવ્યાર્થથી સૂક્ષ્મગોળા અસંખ્ય" એ વાક્યમાં સૂક્ષ્મગોળક દ્રવ્યો એટલે આખાગોળા (અસંખ્ય છે) એમ સમજવું, અને જીવના સંબંધમાં આવે ત્યારે જીવદ્રવ્યો (અનંત છે) એમ સમજવું ( ઉપયોગ ગાથા ૧૮ મી તથા ૧૯ મીમાં. )

૧૫ **પ્રદેશાર્થપણે**—પદાર્થના દેશવિભાગનું અથવા પ્રદેશોનું લક્ષ્ય કરાવનાર એ શબ્દ છે ( એનો ઉપયોગ આ પ્રકરણમાં નથી. )

૧૬ સર્વગોળા—એ શબ્દવડે સમાવગાહી નિગોદોનો દરેકનો સંપૂર્ણ ભાગ, અને વિષમાવગાહી નિગોદોનો દરેકનો દેશ ભાગ જે વિવક્ષિત નિગોદાવગાહક્ષેત્રમાં અવગાહ્યો છે એવા નિગોદગોળા ગ્રહણ કરવા પણ કેવળ ત્રીજી પરિભાષાના અર્થવાળા ( એટલે સમાવગાહી નિગોદોનો સમુદાય તે ગોળો એ અર્થવાળા ) ગોળા લક્ષ્યમાં ન આણવા, અર્થાત્ જ્યાં જ્યાં સર્વગોળા શબ્દ આવે ત્યાં ત્યાં ૮ મી પરિભાષાના અર્થવાળા અખંડગોળા સમજવા.

૧૭ સર્વજીવો—ઉત્કૃષ્ટપદની તુલ્યતા દર્શાવતી વખતે એ શબ્દ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં સૂક્ષ્મનિગોદના સર્વજીવો જાણવા, અને એ અર્થ વખતે ખંડગોળા જો કે અખંડ નથી તો પણ અખંડગોળા તરીકે માની લેવા.

પુનઃ પ્રથમ રીતિએ ઉત્કૃષ્ટપદની વિશેષાધિકતા દર્શાવતી વખતે એ શબ્દનો અર્થ " સૂક્ષ્મનિગોદના સર્વ જીવો " જ કરવો, પરન્તુ તફાવત એ છે કે એ અર્થ વખતે ખંડગોળાઓને ખંડગોળા રૂપેજ માનવા પણ અખંડગોળા તરીકે સ્વીકારવા નહિં.

પુનઃ બીજી રીતિએ ઉત્કૃષ્ટપદની વિશેષાધિકતા દર્શાવતી વખતે એ સર્વજીવો શબ્દનો અર્થ "સૂક્ષ્મનિગોદના સર્વજીવો, અને બાદરનિગોદાદિક સર્વજીવો " એ પ્રમાણે કરવો.

૧૮ સર્વજીવપ્રદેશો—" ઉત્કૃષ્ટપદગત સર્વજીવપ્રદેશો " એ વ્યપદેશ ઉત્કૃષ્ટપદની તુલ્યતા અને પ્રથમરીતિએ ઉત્કૃષ્ટપદની વિશેષાધિકતા એ બે વાચ્યને અંગે આવે તો ( સર્વ સૂ૦ નિગોદના પ્રદેશો નહિં પણ ) ઉત્કૃષ્ટપદમાં અવગાહેલી સર્વસૂક્ષ્મનિગોદોના જીવપ્રદેશો જાણવા, અને બીજી રીતિએ ઉત્કૃષ્ટપદની વિશેષાધિકતા દર્શાવવાને પ્રસંગે ઉત્કૃષ્ટપદમાં અવગાહેલી સૂ૦ નિગોદો અને બાદરનિગોદો વિગેરેના ( ૧૩ મી પરિભાષાના અર્થમાં કહ્યા પ્રમાણે ) જીવપ્રદેશો જાણવા.

# निगोद छत्रीशी प्रकरण संबंधि सद्भावस्थापना तथा असद्भावस्थापनानुं कोष्ठक

एक निगोदनी अवगाहना—અંગુલના અસંખ્યાતમાભાગ જેટલા અસંખ્ય આકાશપ્રદેશપ્રમાણ, પણ અસત્કલ્પનાએ ૧૦ હજાર આકાશપ્રદેશ પ્રમાણ છે.

एक निगोदमां जीव—અનંત છે, પરન્તુ કલ્પનાએ ૧ લાખ છે.

एक निगोदमां जीवप्रदेशो—અનંત છે, પરન્તુ કલ્પનાએ ૧૦૦૦ ક્રોડ છે.

एक निगोदमां समावगाहीनिगोद—અસંખ્ય છે, પણ કલ્પનાએ [૧]૧૦ છે.

एक निगोदमां विषमावगाहीनिगोद—સમાવગાહીથી અસંખ્યગુણ છે, પણ કલ્પનાએ [૨]૯૯૯૯૦ છે.

लोकना आकाशप्रदेश—એક જીવના આત્મપ્રદેશ જેટલા અસંખ્ય છે, પરન્તુ અસત્કલ્પનાએ ૧૦૦ ક્રોડ આકાશપ્રદેશ છે.

लोकमां गोळा—અસંખ્ય છે, પણ કલ્પનાએ ૧ લાખ છે.

लोकमां अखंडगोळा—અસંખ્ય છે, પણ કલ્પનાએ ૧ લાખ છે ( ખંડગોળાને પણ પૂર્ણગોળા માનીને )

लोकमां खंडगोळा—અસંખ્ય છે, અને અખંડગોળાઓથી અસંખ્યાતમાભાગ જેટલા છે. પણ કલ્પના અપ્રરૂપિત છે.

लोकमां जघन्यपद—અસંખ્ય છે, ( જેટલા ખંડગોળા તેટલાં છે. )

लोकमां व्यावहारिक उत्कृष्टपद—અસંખ્ય છે, ( જેટલા અખંડ-

૧ કોઇપણ એક સૂક્ષ્મનિગોદ એકજ નથી હોતી પણ બીજી અસંખ્ય સમાવગાહીનિગોદોવડે યુક્ત હોય છે. પુનઃ તે કેટલી હોય છે તે જો કે ગ્રંથમાં કહી નથી પરન્તુ કલ્પના ગણિતની રીતિ પ્રમાણે દરેક નિગોદ બીજી ૯–૯ ( નવ નવ ) નિગોદયુક્ત હોવાથી સમાવગાહી આદિ દરેક દરેક નિગોદ ૧૦–૧૦ નિગોદોવાળી હોય છે.

गोळा छे तेटलां छे ) पण कल्पनाए ( प्रायः ) १ लाख छे.

लोकमां नैश्चयिक उत्कृष्टपद—अमुक अमुक केटलाक अखंडगोळा- ओमां थवाथी व्याव०उ०पदथी असंख्यातमे भागे होय.

लोकमां सर्वसूक्ष्मनिगोदजीवो—१ क्रोडन्यून १० कोडाकोडी.

लोकमां सर्वजीवो—१० कोडाकोडी पूर्ण.

लोकमां सर्वसू०निगोद—असंख्य छे, पण कल्पनाए ९९९ क्रोड.

लोकमां सर्वनिगोद—असंख्य छे, पण कल्पनाए ( प्रायः ) देशोन १००० क्रोड.

एक अखंडगोळानी अवगाहना—असंख्यआकाशप्रदेशप्रमाण— अथवा १ निगोदावगाहनाप्रमाण, पण कल्पनाए १० हजार आकाशप्रदेशप्रमाण छे.

एक अखंडगोळामां समावगाहीनिगोद—असंख्य छे, पण कल्प- नाए, १ लाख छे.

एक अखंडगोळामां विषमावगाहीनिगोद—समावगाहीथी असंख्य- गुण पण कल्पनाए १ लाखन्यून १००० क्रोड जेटली छे.

एक अखंडगोळामो स्पर्शना—छ ए दिशिमां रहेली निगोदोनी.

एक अखंडगाळामां सर्वनिगाद—असंख्य छे, पण कल्पनाए १ लाख छे.

एक अखंडगोळामां सर्वसूक्ष्मजीव—अनंत छे, पण कल्पनाए १००० क्रोड छे.

एक अखंडगोळामां सर्वजीव—( बादरनिगोदादि सहित गणता )

---

१ प्रकरणमां खंडगोळासंबंधि १ क्रोडजीवोन्यून गण्या छे, अने एक निगोदमां लाखजीवो गण्या छे ए स्थूल गणितथी त्रणदिशिए असंख्य- निगोदोवडे आक्रान्त थयेलो १ पण खंडगोळो प्राप्त थतो नथी. माटे खंड- गोळानी संख्या दर्शावेला स्थूलगणितवडे प्ररूपी शकाय नहि.

સર્વસૂક્ષ્મજીવોથીવિશેષાધિક, અને કલ્પનાએ પણ ૧૦૦૦ ક્રોડથી વિશેષ.

एक अखंडगोळामां सर्वसूक्ष्मजीवप्रवेश—અનંત છે, પણ અસત્કલ્પનાએ ૧ લાખક્રોડ છે.

एक खंडगोळानी अवगाहना—અખંડગોળા જેવડી કલ્પનાએ ૧૦૦૦૦ આકાશપ્રદેશપ્રમાણ.

एक खंडगोळामां जीव—અનંત છે, પણ અસત્કલ્પનાએ ૧૦૦. [1]જઘન્યપદસ્થાને છે.

एक खंडगोळामां जीवप्रदेशो—જઘન્યપદસ્થાને સ્પર્શેલીજીવસંખ્યાની અપેક્ષાએ. ૧૦ હજાર ક્રોડ જીવપ્રદેશો.

एक खंडगोळानी स्पर्शना—ત્રણદિશિમાં સ્પર્શના છે.

एक खंडगोळामां समावगाहीनिगोदो—અસંખ્ય છે, પણ અસત્કલ્પનાએ [2]અપ્રરૂપિત છે.

एक खंडगोळामां विषमावगाही निगोदो—સમાવગાહીથી અસંખ્યગુણ, પણ કલ્પનાએ અપ્રરૂપિત છે.

व्या०उत्कृष्टपदमां सर्वसूक्ष्मनीगोदजीवो—અનંત છે, પણ કલ્પનાએ ૧૦૦૦ ક્રોડ જીવો છે.

व्याव०उत्कृष्टपदमां सर्वनिगोदजीवो—વ્યાવ૦ઉત્કૃષ્ટપદ કેવળસૂક્ષ્મનિગોદજીવોની અપેક્ષાએ છે. માટે સર્વનિગોદજીવની વક્તવ્યતા યોગ્ય નથી.

व्याव०उत्कृष्टपदमां सर्वजीवप्रदेशो—અનંત છે, પણ અસત્કલ્પનાએ ૧૦ કોડાકોડીપ્રમાણ છે.

व्याव०उत्कृष्टपदनी अवगाहना—એક આકાશપ્રદેશપ્રમાણ.

---

૧–૨ નિગોદછત્રીશી પ્રકરણમાં જઘન્યપદને ૧૦૦ જીવ સ્પર્શેલા ગણ્યા છે તે અપેક્ષાએ ૧૦૦ કહ્યા, અન્યથા અખંડગોળામાં સમુચ્ચયપણે તો ઘણા જીવો ( ૧૦૦ થી વધુ ) છે, પરન્તુ સ્થૂલગણિતમાં પ્રાપ્ત થતા નથી.

व्याव०उत्कृष्टपदमां निगोदस्पर्शना—છ એ દિશિની ( ઉત્કૃષ્ટપદનહિં છોડીને રહેલી ) નિગોદોની સ્પર્શના છે.

नैश्चयिकउत्कृष्टपदनी अवगाहना—એક આકાશપ્રદેશપ્રમાણ.

„ „ मां सर्वसूक्ष्मनिगोद—અસંખ્ય છે, પણ કલ્પનાએ ૧ લાખ છે.

नै०उत्कृष्टपदमां बादरनिगोदादि—સર્વબાદર શરીરીજીવોના શરીરના અસંખ્યાતમાભાગ જેટલા એટલે અસંખ્યાત, પરન્તુ કલ્પનાએ અપ્રરૂપિત છે.

नै०उत्कृष्टपदमां सर्वसूक्ष्मनिगोदजीवो—અનંત છે, પણ કલ્પનાએ ૧૦૦૦ ક્રોડ જીવો છે.

नै०उत्कृष्टपदमां सर्वबादरनिगोदादिजीवो—બાદરજીવરાશિના અસંખ્યાતમાભાગ જેટલા અનંત છે, પણ કલ્પનાએ ૧૦૦ જીવ છે.

नै०उत्कृष्टपदमां सूक्ष्मनिगोदजीवप्रदेशो—અનંત છે, અથવા સર્વસૂક્ષ્મનિગોદજીવરાશિ જેટલા છે, પણ કલ્પનાએ ૧૦ કોડાકોડી જીવપ્રદેશો છે.

नै०उत्कृष्टपदमां बादरनिगोदादिजीवप्रदेशो—અનંત છે, પણ કલ્પનાએ ૧ ક્રોડ જીવપ્રદેશો છે.

नै०उत्कृष्टपदमां सर्वजीवप्रदेश—અનંત છે, પણ કલ્પનાએ ૧ ક્રોડ અધિક ૧૦ કોડાકોડી જીવપ્રદેશો છે.

नै०उत्कृष्टपदमां स्पर्शना—વ્યાવહારિકઉત્કૃષ્ટપદથી વિશેષાધિક, પણ કલ્પનાએ ૧૦૦ જીવ અધિક. ( ઉ૦પદમાં અવગાહેલ બાદરાદિનિગોદોની અપેક્ષાએ. અન્યથા એથી પણ વિશેષાધિક સ્પર્શના છે. ) દિશિ અપેક્ષાએ વ્યાવ૦ઉત્કૃષ્ટપદ તુલ્ય ( ૬ દિશિની ) સ્પર્શના છે.

**जघन्यपदनी अवगाहना—એક આકાશપ્રદેશપ્રમાણ.**

**जघ०पदमां सू०निगोदो—અસંખ્ય છે, પણ કલ્પનાએ અપ્રરૂપિત છે.**

जघन्यपदमां बादरनिगोदो—નથી. કારણકે લોકાન્તે બાદરનિગોદનો અભાવ છે.

ज०पदमां सूक्ष्मनिगोदजीवो—અનંત છે, પણ કલ્પનાએ સમાવગાહી નિગોદગતજીવો ૧૦૦ છે.

ज०पदमां समावगाही निगोदो—અસંખ્ય છે, પણ કલ્પનાએ અપ્રરૂપિત છે.

ज०पदमां विषमावगाही निगोदो—જઘન્યપદને સ્થાને એકપણ વિષમાવગાહી નિગોદસ્પર્શેલી નથી, તેથીજ જઘન્યપદ બનેલું છે.

जघ०पदमां जीवप्रदेशो—અનંત છે પણ કલ્પનાએ ૧ ક્રોડ છે.

जघ०पदमां स्पर्शना—કોઇપણ દિશિગતનિગોદનીસ્પર્શના નથી કેવળ સમાવગાહીનીજ સ્પર્શના છે.

एक जोवना जीवप्रदेश—લોકાકાશનાપ્રદેશ જેટલા તુલ્ય છે, પણ કલ્પનાએ ૧૦૦ ક્રોડ આત્મપ્રદેશ છે.

एक आकाशप्रदेशमां जीवप्रदेश—અખંડગોળામાં રહેલા અથવા ખંડગોળામાં રહેલા દરેક આકાશપ્રદેશમાં એક જીવના અસંખ્યપ્રદેશ હોય છે, વળી કલ્પનાએ તે પોતાના પ્રદેશોથી ૧૦ હજારમા ભાગ જેટલા છે, જેથી દરેક જીવના લાખ લાખ પ્રદેશ હોય છે.

# निगोद स्वरूप.

લોકમાં સૂક્ષ્મ એકેન્દ્રિયજીવો અને બાદર એકેન્દ્રિયજીવો પાંચ પાંચ પ્રકારના કહેલા છે. ૧ સૂક્ષ્મપૃથ્વીકાય, ૨ સૂક્ષ્મઅપ્કાય, ૩ સૂક્ષ્મઅગ્નિકાય, ૪ સૂક્ષ્મવાયુકાય, અને ૫ સૂક્ષ્મવનસ્પતિકાય, એ પાંચ પ્રકારના સૂક્ષ્મ એકેન્દ્રિય છે, તથા ૧ બાદરપૃથ્વીકાય, ૨ બાદર અપ્કાય, ૩ બાદરઅગ્નિકાય, ૪ બાદરવાયુકાય, અને ૫ બાદરવનસ્પતિકાય એ પાંચ પ્રકારના બાદર એકેન્દ્રિય છે, એમાં બાદર વનસ્પતિકાય બે પ્રકારની છે. ૧ બાદર પ્રત્યેકવનસ્પતિકાય અને બાદર સાધારણવનસ્પતિકાય, એ પ્રમાણે હોવાથી બાદર-એકેન્દ્રિયો ૬ પ્રકારના પણ ગણ્યા છે. સૂક્ષ્મવનસ્પતિમાં સૂક્ષ્મ-પ્રત્યેકવનસ્પતિ અને સૂક્ષ્મ સાધારણવનસ્પતિ એવા બે ભેદ નથી, પરન્તુ કેવળ સૂક્ષ્મ સાધારણવનસ્પતિરૂપ એકજ ભેદ હોવાથી સૂક્ષ્મએકેન્દ્રિયના ૬ ભેદ હોતા નથી. એ ૧૧ પ્રકારના એકેન્દ્રિય-જીવોમાંથી—

१ सूक्ष्म (साधारण) वनस्पति    १ बादर साधारण वनस्पति

એ બે પ્રકારના એકેન્દ્રિયોને નિગોદ તરીકે ગણી શકાય છે. કારણ કે નિગોદનાં निगोद्-साधारणवनस्पति- અને अनंतकाय એ ત્રણ એકાર્થવાચક પર્યાયશબ્દો ( એક અર્થવાળાં નામ ) છે. આગળ વર્ણનમાં એ ત્રણ નામમાંથી કોઈપણ નામનો ઉપયોગ કરવામાં આવે તો ત્યાં વ્યામોહ ન કરવો.

શંકા—વનસ્પતિમાં સાધારણપણું અથવા અનંતકાયપણું કહો છો, ને પૃથ્વીકાયમાં સાધારણપણું અથવા અનંતકાયપણું નહિં તેનું કારણ શું ?.

ઉત્તર:—વનસ્પતિઓમાં કેટલીક વનસ્પતિઓ એવી છે કે જેના એક શરીરમાં એકજ જીવ છે અને કેટલીક વનસ્પતિઓ એવી છે કે જેના એક શરીરમાં અનંતજીવ છે. જે વનસ્પતિ એક

શરીરમાં એક જીવવાળી છે, તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય, અને જેના એક શરીરમાં અનંતજીવ છે તે સાધારણ વનસ્પતિ ગણાય છે. એ પ્રમાણે પૃથ્વીકાયાદિક ચાર કાયમાં એક શરીરને વિષે અનંત જીવ હોઈ શકતા નથી, તે કારણથી પૃથ્વીકાયાદિક ચારકાયને સાધારણપણું નથી.

શંકા:—તો જેમ વનસ્પતિને વિષે એક શરીરમાં એક જીવ હોવાથી પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે તેમ પૃથ્વીકાયાદિક ચારમાં એક શરીરમાં એક જીવ છે કે વિશેષ જીવ છે? અને જો એકજ જીવ હોય તો તે પૃથ્વીકાયાદિકને પ્રત્યેકપૃથ્વીકાયાદિક કહેવાય કે નહિ ?

ઉત્તર:—પૃથ્વીકાયાદિક ચારકાયને વિષે એક શરીરમાં એકજ જીવ હોય છે. અને તેમ હોવાથી તે પૃથ્વીકાયાદિને પ્રત્યેક ગણી શકાય.

શંકા:—પૃથ્વીકાયાદિ ચાર નિકાયને કોઇપણ ગ્રંથમાં કે શાસ્ત્રમાં પ્રત્યેક પૃથ્વીકાય, પ્રત્યેક અપ્કાય ઇત્યાદિ શબ્દથી કહેલી નથી અને તમો પ્રત્યેક કહો છો તે શી રીતે? કારણકે દરેક સ્થાને શાસ્ત્રમાં વનસ્પતિમાંજ પ્રત્યેકવનસ્પતિ એવો ભેદ ગણાવ્યો છે, પરન્તુ જેમ વનસ્પતિને પ્રત્યેક વિશેષણથી કહી છે તેમ પૃથ્વીકાયાદિ કોઈ નિકાયને પ્રત્યેક પૃથ્વીકાયાદિ કહેલ નથી તો તે કેવી રીતે?

ઉત્તર:—પૃથ્વીકાયાદિ ૪ નિકાયમાં પ્રત્યેક સિવાય બીજો (સાધારણ) ભેદ હોત તો પ્રત્યેકપૃથ્વીકાય કે પ્રત્યેકઅપ્કાય એમ કહેવાની અવશ્ય જરૂર હતી, પરન્તુ જે નિકાય કેવળ પ્રત્યેકરૂપ એકજ ભેદવાળી છે તેને પ્રત્યેક શબ્દ સહિત કહેવાની જરૂર નથી. માટે પૃથ્વીકાયાદિકમાં પ્રત્યેકપૃથ્વીકાયાદિ વ્યપદેશ કરવો નિરર્થક છે, પરન્તુ તેથી એ જીવો પ્રત્યેક નથી એમ તો નહિંજ, કારણકે પૃથ્વીકાયાદિ ચાર નિકાયના જીવોને પ્રત્યેક નામકર્મનો ઉદય હોવાથી એકેક શરીરમાં એકેક જીવવાળા છે.

એ પ્રમાણે પૃથ્વીકાયાદિ ચાર નિકાયો અને પ્રત્યેકવનસ્પતિ એ પાંચ ભેદ એકેક શરીરમાં એકેક જીવવાળા છે, અને શેષ સૂક્ષ્મ-

સાધારણવનસ્પતિ તથા બાદરસાધારણવનસ્પતિ એ બે પ્રકારની વનસ્પતિ સાધારણ–અથવા અનંતકાય–અથવા નિગોદ ગણાય છે. તેમાં સૂક્ષ્મસાધારણવનસ્પતિ તો સૂક્ષ્મપૃથ્વીકાયાદિ ચાર સૂક્ષ્મનિકાયવત્ ચૌદરાજલોકમાં સર્વત્ર છે, અને તેના કંઇ વિશેષ ભેદાનુભેદ નથી. તેમજ તે સૂ૦નિગોદ કેવી રીતે કેટલી અને કઇ સ્થિતિમાં રહેલી છે, તેનું ઘણુંખરૂં વર્ણન તો આ નિગોદ છત્રીશીમાં કહેવાશે. તોપણ કેટલુંક ઉપયોગી સ્વરૂપ ચાલુ પ્રકરણમાં આગળ કહીશું.

અહિં તો પ્રથમ બાદરસાધારણવનસ્પતિ એટલે બાદરનિગોદ તે કઇ કઈ જાતની વનસ્પતિને ગણવામાં આવે છે તેનું સ્વરૂપ કહેવાય છે.

### બાદરનિગોદ સ્વરૂપ.

अवए पणए सेवाले, लोहिणी मिहुत्थु हुत्थिभागा य
अस्सकन्नो सीहकन्नी, सिंउढो ततो मुसंढीअ ॥१॥
रुरु कुंडरिया जीरु, छीर विराली तहेव किट्टीया
हालिद्दा सिंगबेरे य, आतुलुगा भूलए इय ॥२॥
कंबूयं कन्नुक्कड, सुमत्तओ वलइ तहेव महुसिंगी
नीरुह सप्पसुयंधा, छिन्नरुहा चेव बीयरुहा ॥३॥
पाढामिय वालुंकी, महुररसा चेव रायवत्ती य
पउमा माढरि दंतोति, चंडी किट्टीत्ति यावरा ॥४॥
मासपन्नि, मुग्गापन्नो, जीवियरसहे य रेणुया चेव
काओलो खीरकाओली, तहा भंगो नही इय ॥५॥
किमिरासि भद्दमुच्छा, णंगलइ पेलुगा इय
किण्ह पउले य हढे, हरतणुया चेव लोयाणो ॥६॥

**कण्हे कंदे वज्जे, सूरणकंदे तहेव खल्लूरे**
**ए ए अणंतजीवा, जेयावन्ने तहावि हा ॥७॥**

( श्री प्रज्ञापनाजीसूत्र. )

અર્થ:—અવક–પનક–સેવાલ–લોહિની–મિહુત્થુ–હુત્થિભાગ–અશ્વકર્ણી–સિંહકર્ણી–સીઉંઢી–મુસુંઢી–॥ ૧ ॥–રૂરૂ–કુંડરિકા–જીરૂ–(શાકાદિકમાં નાખવાનું જીરૂ નહિ)–છીર–વરિયાલી (ચાલુ વરીયાલી નહિ)–કિટ્ટિકા–હલદર (પ્રસિદ્ધ લીલીહલદર)–શૃંગબેર (આદુ પ્રસિદ્ધ છે)–આલુક–મૂલક એ વનસ્પતિઓ તથા ॥૨॥ કંબૂ–કર્ણોત્કટ–સુમત્રક–વલકી–મધુશિંગી––નીરૂહ–સર્પસુગંધા–છીન્નરૂહ (છેદવા છતાં પુનઃ ઉગે તે)–તથા નિશ્ચય બીજરૂહ (બીજથી પણ ઉગનારી અનંતકાયવનસ્પતિ) ॥ ૩ ॥–પાઢામિય–વાલુંકી–મધુરરસા–રાજપત્રી–પદ્મા (પદ્મકંદ)–માઢરી–દંતી–ચંડી–કિટ્ટી–અને એવી જે બીજી વનસ્પતિઓ ॥ ૪ ॥ માસપર્ણી–મગપર્ણી–જીવિયરસહા–રેણુકા–તથા નિશ્ચય–કાકોલી–ક્ષીરકાકોલી–તેમજ ભૃંગી–નખી એ વનસ્પતિઓ તથા ॥૫॥ કૃમિરાશી–ભદ્રમોથ (સુઅરના ખાવામાં આવે છે અને ખેતરોમાં ભોંયમાં ઉગે છે તે)–નાંગુલી–પેલુકા–કૃષ્ણપઉલ–હઢ–હરતનુ–લોયાણી ॥ ૬ ॥ કૃષ્ણ–કંદ–વજ્રકંદ–સૂરણકંદ–તેમજ ખલ્લુરકંદ એ સર્વ વનસ્પતિઓ અનંતજીવવાળી એટલે અનંતકાય જાણવી, તેમજ એવા પ્રકારની બીજી પણ જે જે વનસ્પતિઓ હોય તે [૧]અનંતકાય જાણવી. ॥ ૭ ॥

બાદરનિગોદનાં લક્ષણ—

આ વનસ્પતિ સાધારણ છે કે પ્રત્યેક છે? તે સંબંધી નિર્ણય જે રીતે કરી શકાય તે રીતિ લક્ષણ કહેવાય છે. ત્યાં સાધારણવનસ્પતિકાયની પરીક્ષા માટે નીચે પ્રમાણે લક્ષણો કહ્યાં છે.

હવે ઘણાંખરાં અનન્તકાયનાં લોકપ્રસિદ્ધનામો જીવવિચારની ગાથાઓથી કહેવાય છે.

---

૧ ઉપરનાં નામોમાં થોડા નામ પ્રસિદ્ધ છે, અને ઘણાં નામ અપ્રસિદ્ધ છે તે કોઈ કોઇ દેશમાં તે તે સમયે બોલાતાં હશે.

**कंदा अंकुर किसलय, पणगा सेवाल भूमिफोडा य**
**अल्लयतिय गज्जरमोत्थ–वत्थुला थेग पल्लंका ॥१॥**
**कोमलफलं च सव्वं, गूढसिराइं सिणाइपत्ताइं**
**थोहरिकुंआरि गुग्गुलि,गलो य पमुहा यछिन्नरुहा ।२।**

અર્થ:—કંદ-અંકુર-કુંપળ અથવા કિશલય-પનક ( પંચવર્ણી ફુલ્લી એટલે ફુગ )-સેવાલ-ભૂમિફોડા-આર્દ્રકત્રિક ( લીલું આદુ લીલો કચૂરો લીલી હલદર )-ગાજર-મોથ-વાસ્તુલ-થેક-પાલખ-એ વનસ્પતિ અનંતકાય છે ॥ ૧ ॥

તથા સર્વ જાતનાં કોમળફળ, ગુપ્તનસો અથવા ગુપ્તકણસલાંવાળી વનસ્પતિ, શણાદિકનાંપત્ર-થુવર-કુંઆરી-ગુગલ-ગળો ઈત્યાદિ વનસ્પતિઓ તથા જે છેદ્યા છતાં પુન: ઉગે છે એવી વનસ્પતિઓ અનંતકાય ( એટલે બાદરનિગોદ ) છે.

विवेचन—कन्द-ભૂમિમાં રહેલા વૃક્ષના અવયવો કે જેમાંથી તે વૃક્ષો એટલે વનસ્પતિઓ ઉગે છે તે. એ કન્દ મૂળ અને સ્કંધ એ બેના મધ્યમાં આવેલો હોય છે. કન્દમાંથી મૂળ નિકળે છે તે જમીનમાં ઉતરે છે, અને સ્કંધ નિકળે છે તે જમીનથી ઉપર વધે છે. એમાં પ્રત્યેકવનસ્પતિના કંદ પ્રત્યેક છે, અને સાધારણવનસ્પતિના કંદ બાદરનિગોદ અથવા અનન્તકાય છે. વજ્ર સૂરણ-બટાટા-મૂળા-હલદર-આદુ એ વિગેરે કંદ સાધારણવનસ્પતિના છે, અને તે બાદરનિગોદ છે. એ કંદ લીલા-હોય છે, ત્યાંસુધી અનંતજીવાત્મક હોય છે, અને શુષ્ક થયા બાદ નિર્જીવ હોય છે.

अंकुर—પ્રથમ ઉગતી અવસ્થામાં અવ્યકત પત્રાદિ અવયવો તે કેરડો-વડ-લીંબડો વિગેરે પ્રત્યેક વનસ્પતિના અંકુર સર્વે અનન્તકાય જાણવા.

किशलय—ઉગતાં નવાં કોમળ પત્ર કે જે મોટા પત્રની પ્હેલાં બીજની વિકસ્વર અવસ્થારૂપ હોય છે. તે સર્વે પ્રત્યેક વનસ્પતિઓનાં અથવા સાધારણ વનસ્પતિઓનાં અનન્તકાયરૂપ જાણવાં આ કિશલયનો અર્થ આગળ સ્પષ્ટ રીતે કહેવાશે ત્યાંથી જાણવો.

અથવા નવી ફુટતી ટીશીઓ કે જેને કુંપળ કહેવામાં આવે છે તે પણ પ્રથમ અવસ્થામાં અનન્તકાય હોય છે. આ ટીશીઓને વિશેષત: કિશલયમાં અથવા અંકુરમાં પણ અપેક્ષા પૂર્વક ગણવી હોય તો ગણી શકાય છે. ગ્રંથોમાં તો જ્યાં જ્યાં કિશલય શબ્દ આવે છે ત્યાં ત્યાં બીજની વિકસ્વર અવસ્થા ગણી છે.

पनक—પાંચ વર્ણની ફુગ તે પનક કહેવાય એ બાદરનિગોદ વનસ્પતિ છે.

सेवाल—પાણીમાં ઉત્પન્ન થતી લીલ તે સેવાળ કહેવાય તે પણ બાદરનિગોદરૂપ સાધારણ વનસ્પતિ છે.

भूमिफोडा—લોકમાં જેને કૂતરાના કાન અથવા બીલાડીના ટોપ અથવા કાગછત્ર ઈત્યાદિ નામોથી બોલાવે છે, તે ચોમાસામાં અથવા ગ્રીષ્મકાળમાં કાષ્ઠ ઉપર અથવા જમીન ઉપર પણ છત્રને આકારે અતિકોમળતાવાળી વનસ્પતિ ઉગે છે તે છે, એને પત્ર પુષ્પાદિ કંઈ હોતું નથી પરન્તુ કેવળ છત્રાકારજ હોય છે.

आर्द्रकत्रिक—લીલું આદુ–લીલી હળદર–અને લીલો કચૂરો એ ત્રણનું એક નામ–આર્દ્રકત્રિક છે. લીલું આદુ અને લીલી હળદર બાદરનિગોદરૂપ સાધારણ વનસ્પતિ છે. એ બે વસ્તુ શુષ્ક થયાબાદ આર્દ્રકનું નામ સુંઠ અને હલદરનું નામ હલદર જ રહે છે, અને તે વ્યવહારમાં ભક્ષ્ય તરીકે ઉપયોગમાં આવે છે. એ બે સાધારણ વનસ્પતિઓ શુષ્ક થયા બાદ ઉપયોગમાં આવે છે, તેથી બધી સાધારણવનસ્પતિઓ શુષ્ક થયા બાદ ભક્ષ્ય તરીકે ઉપયોગમાં આવી શકે એમ ન જાણવું. ભક્ષ્યાભક્ષ્યના વિવેકી જ્ઞાની મહાત્માઓએ એજ બે વનસ્પતિ આચીર્ણ અને બીજી સાધારણવનસ્પતિઓ અનાચીર્ણ કહી તે સકારણજ હોઈ શકે છે, અહિં તેના કારણનું વર્ણન કરવાની જરૂર નથી–બહુશ્રુતથી સમજવું યોગ્ય છે.

गाजर—એ સાધારણવનસ્પતિ પ્રસિદ્ધ છે. પ્રાય: એ રાતારંગનો કંદ છે માટે એને રાતડીયાં પણ કહે છે.

मुस्ता—સૂઅર જેને જમીનમાંથી ખોદીને ખાય છે, તે

वत्थुल—એ શાક વિશેષ છે. જેને ઢકાવાત્થુલતરીકે ગ્રંથમાં

કહેલો છે, એ પ્રથમ ઉગેલી અવસ્થાવાળો અનંતકાય છે, (અને મોટો થતાં પ્રત્યેક હોય છે.)

થેક—એ પણ એક જાતનો કંદ છે, તે સાધારણવનસ્પતિ છે (खोर्रिशुकथेगावपि कन्दौ ઇતિવચનાત્).

सर्व कोमलफल—સર્વ જાતિનાં કોમળફળ કે જેનાં બીજ અથવા ઠળીયા ન બંધાયા હોય તેવી અવસ્થામાં સાધારણવનસ્પતિ છે. જીવવિચારવૃત્તિમાં કહ્યું છે કે तथा सर्वं कोमलं फलं अनिबद्धास्थिकं तिन्दुकाम्रादीनाम्

गुप्तसिरा—ગુપ્તનસો અને (ઉપલક્ષણથી) ગુપ્તસન્ધિવાળાં પત્રાદિ. આ લક્ષણવાળાં વિશેષત: પત્ર હોય છે. અથવા આ વિશેષણ सिणाइपत्ताइं સાથે જોડવાનું છે.

सिणादिपत्र—ગજપર્ણ વનસ્પતિવિશેષનાં પત્ર અને એવી જાતની બીજીવનસ્પતિનાં પણ પત્ર કે જે ગુપ્તસન્ધિવાળાં હોય તે અનન્તકાય છે. આ શબ્દના અર્થમાંજ કહ્યું છે કે—गजपर्णपत्राणोवाविज्ञातसंन्धीनि पत्राणि येषां तानि (गूढसिराइंसिणाइपत्ताइं) એ બહુવ્રીહિસમાસમાં इव એ મધ્યપદનો લોપ થયો છે.

थोहरि—થુવર તે દેશી અને પરદેશી અનેક પ્રકારના હોય છે તે સર્વ અનંતકાય છે. એ થુવરનાં થડ-પુષ્પ-પત્ર સર્વે સાધારણ છે. ઉપલક્ષણથી ખરસાણી કે જે કેવળ પાતળી નાનીદાંડીનું વૃક્ષ હોય છે તે અને તેનાં પુષ્પ પણ અનન્તકાય છે.

कुंआरी—અતિ પુષ્ટ પ્રનાલિકા સરખી અથવા તાડપત્રના દંડ સરખી અથવા જાડી અને દીર્ઘ પત્રાકાર સરખી એ કુંઆરી હોય છે. જે કુમારપાઠો ઇત્યાદિ નામથી લોકમાં પ્રસિદ્ધ છે.

गुग्गुलि—એ વૃક્ષવિશેષ છે, એનાં સર્વ અંગ અનંતકાય નથી, પરન્તુ પ્રાય: સ્કંધ અનંતકાય રૂપ છે. પત્રાદિ પ્રત્યેક છે.

गलो—ગલો–ગડૂચી–ગુડવેલ ઇત્યાદિ નામથી પ્રસિદ્ધ છે, તે વાડ ઉપર અને લિંબડાના વૃક્ષ ઉપર વૃદ્ધિ પામે છે, અને કેટલીક ગળો મૂળ વિના વૃક્ષ ઉપર અમૃતવલ્લીની પેઠે વૃદ્ધિ પામે છે. તે સાધારણ વનસ્પતિ છે.

छिन्नरुह—છેદ્યા છતાં પુનઃ ઉગનારી વનસ્પતિ સાધારણ વનસ્પતિ છે. એની વિશેષતા આગળ લક્ષણોના વર્ણન પ્રસંગે દર્શાવી છે ત્યાંથી જાણવી.

## ૩૨ અનંતકાય.

આગમપ્રસિદ્ધ ૩૨ અનંતકાય જે અભક્ષ્ય તરીકે ગણાવી છે, તે અનંતકાય ૩૨ જ છે, અથવા તેટલીજ અભક્ષ્ય છે. એમ નહિં, મુખ્યત્વે લોક પ્રસિદ્ધ નામોની અપેક્ષાએ ૩૨ અનંતકાય ગણાવી છે, પરન્તુ અનન્તકાય તો અનેક છે અને સર્વે અનંતકાય અભક્ષ્ય છે. તે ૩૨ અનંતકાયનાં નામ તથા કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે—

१ सर्वकन्दजाति,
२ लीलुं आदु
३ लोली हलदर
४ लोलो कचूरो
५ सूरणकंद
६ वज्रकंद ( લસણ )
७ शतावरी
८ वरियालीकंद ( ભોંયકોળુ )
९ कुंआरो(તથા શેલ એ એની મધ્યદાંડી પણ )
१० थुवर
११ गलो
१२ लवण ( ની છાલ )
१३ वांसकारेलां ( ઉગતા નવા-વાંસની કોમળટીશીઓ અથવા અંકુરા.
१४ गाजर
१५ लूणो ( ની ભાજી )
१६ लोढोकन्द
१७ गरमर ( ગિરિકર્ણિ. કચ્છ દેશમાં પ્રસિદ્ધ. )
१८ किशलय
१९ खिरसुआकंद ( ખરસઇયો-વા કસેરૂ )
२० थेग ( कंद વા ભાજી )
२१ लीली मोथ
२२ शातावरी
२३ खिलोडोकंद
२४ अमृतवल्लि
२५ [1]मूळा ( જેનાં પાંચે અંગ અભક્ષ્ય છે )

---

૧ એ મૂળાનો કંદ અનંતકાયિક છે, પરન્તુ ઉપરના પત્ર તથા મોગરા દાંડી–અને મોગરાનાં બીજ એ ચારે અંગ પ્રત્યેક છે તો પણ ત્રસજીવસંસક્ત હોવાથી મૂળાનાં પાંચે અંગ અભક્ષ્ય ગણાય છે.

२६ भूमिफोडा
२७ वत्थुल ( नी भाजी प्रथम ऊगती )
२८ [2]विरूढ
२९ पालख ( नी भाजी )
३० *सूअरवल्ल
३१ [3]कोमलआंबली
३२ आलु ( बटाटा )

ए ३२ नाम सिवाय बीजां पण प्रसिद्धनाम [4]पिंडालु–[5]सकरकंद–[6]घोषातकी–[7]करीर [ केरडा ]–[8]तिंदुकफल इत्यादि अनेक वनस्पतिओ अनन्तकाय एटले बादरनिगोद छे. अने ते सर्वे विवेकीजनोने अभक्ष्य छे.

## बादर निगोदनां लक्षण.

आ वनस्पति साधारण छे के प्रत्येक छे ते संबंधि निर्णय जे रीते करी शकाय ते रीति लक्षण कहेवाय छे. त्यां साधारण वनस्पतिकायनी परीक्षा माटे नीचे प्रमाणे लक्षणो कह्यां छे;—

**गूढसिरसंधिपव्वं, समभंग महीरुगं च छिन्नरुहं ।**
**साहारणं सरीरं, तव्विवरीयं च पत्तेयं ॥ १ ॥**

( जीवविचार. )

जे वनस्पतिनी सिरा ( नसो ) गुप्त होय, जे वनस्पतिमां संधि ( सांधा ) गुप्त होय, जेनां पर्व ( गांठा ) गुप्त होय,

---

२ मग चणा विगेरे कठोळ धान्यने आगली राते पलाळी मूकतां बीजे दिवसे सवारे अंकुरा फुटी निकळेला होय छे तेवुं कठोळ अभक्ष्य छे. कारण के ते अनन्तकाय छे.

* **सूकरसंज्ञितो वल्लः स एव अन्नतकायिको न तु धान्यविशेषः** एटले शुअर नामनो वाल ते अनंतकाय छे, पण धान्य विशेष जे वाल ते अनंतकाय नहिं.

३ जेमां बीज नथी बंधायां तेवी कोमळ आंबली. ४ डुंगळी, ५ सकरीयां, ६–७ ए बन्नेना ऊगता अंकुरा अनंतकाय छे. ८ जेमां गोटली बंधाइ नथी एवां तिंदुक फळ तथा केरी विगेरे सर्व कोमळ फळ ( गोटली विनानां ) अनंतकाय जाणवां.

જેને ભાગવાથી સરખા ભાગ થાય, જેમાં તંતુ ન હોય, અને છેદવા છતાં જે પુનઃ ઉગે તે સાધારણ શરીરવાળી વનસ્પતિ જાણવી. અને તેથી વિપરીત હોય તો પ્રત્યેક વનસ્પતિ જાણવી.

## १ गुप्तसिरा लक्षण.

સિરા એટલે નસો, કે જે પાનમાં હોય છે, તે જ્યાંસુધી કિંચિત્ સ્પષ્ટ ન દેખાય ત્યાંસુધી તે પત્ર સર્વ સાધારણ વનસ્પતિ તરીકે જાણવી, એ વખતે પત્ર અતિકોમળ અવસ્થામાં હોય છે, માટે સિરાઓ દેખાતી નથી, અતિકોમળ અવસ્થાવાળી વનસ્પતિ હોય તો પણ તે વખતે સાધારણ હોય છે.

## २ गुप्तसंधि लक्षण.

સંધિ એટલે પત્રાદિકના બે વિભાગને મેળવનારી મુખ્ય નસ તે પણ જ્યાંસુધી અતિ કોમળ અવસ્થા હોય ત્યાંસુધી દેખાતી નથી, માટે પ્રત્યેક વનસ્પતિ હોવા છતાં પણ એ અતિકોમળ અવસ્થામાં સાધારણ તરીકે ગણાય છે. આ પ્રથમ બે લક્ષણો પત્ર (પાન) માટે છે. તે આગળ चक्कागं भज्जमाणस्स એ ગાથામાં કહેવાશે.

## ३ गुप्तपर्व.

શેલડી, વાંસ, ઘાસ વિગેરે વનસ્પતિઓને પર્વ એટલે થોડે થોડે અંતરે ગાંઠા હોય છે, એ વનસ્પતિનું નામ પણ (૧૨ પ્રકારની પ્રત્યેક વનસ્પતિમાં) પર્વ-વનસ્પતિ કહેવાય છે. એ પર્વ-વનસ્પતિઓનાં પર્વ જ્યાંસુધી સ્પષ્ટ ન દેખાય અને અતિપ્રચ્છન્ન હોય ત્યાંસુધી તે પર્વ-વનસ્પતિ જો કે પ્રત્યેક વનસ્પતિ હોય તો પણ સાધારણ વનસ્પતિ તરીકે ગણાય. અતિકોમળ અવસ્થામાં પર્વ વનસ્પતિનાં પર્વ પ્રચ્છન્ન રહેલાં હોય છે.

એ પ્રમાણે એ ત્રણ લક્ષણો પ્રત્યેક વનસ્પતિમાં સાધારણપણું જાણવા માટે વિશેષ ઉપયોગી છે. અને હવે પછી જે ત્રણ લક્ષણો કહેવાશે તે સાધારણ વનસ્પતિમાં હંમેશાને માટે ઘટી શકે છે. તે દર્શાવાય છે.

## ૪ *સમભંગ લક્ષણ.

વનસ્પતિના જે અંગને ભાગતાં સમ એટલે સરખો ચક્રાકાર ગોળ ભંગ થાય તે સમભંગ કહેવાય. અર્થાત્ ભાગવાથી ઉંચો નીચો વિષમભાગ અથવા વચ્ચે વચ્ચે દંતૂર (દાંતા નીકળ્યા સરખો) ભાગ ન થાય પરન્તુ એકસરખી સપાટીવાળો ભાગ થાય તો તે અંગ અનંતકાય જાણવું. અહિં વનસ્પતિનાં મૂળ-કંદ-સ્કંધ-શાખા-પ્રશાખા-ત્વચા-પુષ્પ-પત્ર-ફળ-અને બીજ એ ૧૦ અંગ હોય છે. માટે જે મૂળને ભાગતાં ચક્રવત્ સરખું ગોળ ભગાય તે મૂળ અનંતકાય છે. એ પ્રમાણે કંદ-સ્કંધ-શાખા-પ્રશાખા-ત્વચા-પુષ્પ-પત્ર-ફળ-અને બીજ એ દશે અંગને માટે સરખું લક્ષણ જાણવું. યાવત્ જે બીજને ભાગતાં ચક્રાકારવત્ સરખો ભાગ થાય તે બીજ અનંતકાય જાણવું. કહ્યું છે કે:—

**जस्स मूलस्स भग्गस्स समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से मूले, जेयावन्ने तहाविहा ॥ १ ॥**

(પ્રજ્ઞાપનાજી.)

"અર્થ:—જે મૂળને ભાગતાં સરખો ભાગ દેખાય તે મૂળ

---

* પ્રત્યેક વનસ્પતિ જ્યારે અતિકોમળ હોય છે ત્યારે તે પણ સમભંગવાળી હોઈ શકે છે, પરન્તુ તે સમભંગપણાવાળી કેવળ કોમળતાથી તે સાધારણ વનસ્પતિ ન ગણી શકાય, કારણ કે જે વનસ્પતિ હંમેશને માટે સમભંગ લક્ષણવાળી હોય તેજ વનસ્પતિ સાધારણ વનસ્પતિ તરીકે ગણવી. કહ્યું છે કે:—

**इत्थ पुण विसेसोऽयं, समभंगा हुंति जे सयाकालं ।**
**ते च्चिय अनंतकाया, न उणो जे कोमलत्तेण ॥ १ ॥**

(દ્રવ્યલોકે વનસ્પતિસપ્તતિકાની ગાથા.)

અર્થ:—પરન્તુ અહિં એટલું વિશેષ છે કે જે વનસ્પતિ સદાકાળ સમભંગ લક્ષણવાળી હોય તેજ નિશ્ચયથી અનંતકાય છે, પરન્તુ જે વનસ્પતિઓ (પ્રત્યેક વનસ્પતિ હોવા છતાં કેવળ) કોમલપણા માત્રથીજ સમભંગવાળી હોય તો તે વનસ્પતિ સાધારણ છે એમ નિર્ણય નહિ.

અનંતજીવવાળું જાણવું, અને તેવા પ્રકારનાં જે બીજાં મૂળ હોય તે પણ તેવાંજ (અનંતકાય) જાણવાં." આ પ્રમાણે ૧૦ અંગને માટે એકસરખા ૧૦ આલાપક ગાથા છે.

## ५ अहीरुक् लक्षण.

એ પ્રમાણે જે વનસ્પતિનો સમભંગ થતો હોય તે વનસ્પતિને ભાગતાં મધ્યમાં હીર એટલે તંતુ અથવા દંતૂરા દેખાતા નથી, માટે જે વનસ્પતિને ભાગતાં હીર અથવા હીરૂક્ એટલે દંતૂરભાગ એટલે ઉંચાનીચા તંતુ જેવો ભાગ ન દેખાય તો તે અનંતકાય એટલે બાદરનિગોદ છે એમ જાણવું. સમભંગ અને અહીરૂક્ એ બે લક્ષણો સહચારીજ હોય છે. કારણ કે જે સમભંગ હોય છે તે અહીરૂક્ અવશ્ય હોય છે. અને જો સમભંગ ન હોય તો તે વનસ્પતિ અહીરૂક્ પણ ન હોય એટલે હીરવાળી જ હોય છે, અને એવી હીરવાળી વનસ્પતિને પ્રત્યેક વનસ્પતિ ગણી શકાય, જેથી સમભંગ લક્ષણનું પ્રતિપક્ષી લક્ષણ હીરભંગ છે. એ કારણથી શ્રીપ્રજ્ઞાપનાજીમાં સમભંગવાળાં મૂળ આદિ દશ અંગને સાધારણ કહ્યાં. અને પ્રતિપક્ષી તરીકે હીરભંગવાળાં મૂળ આદિ ૧૦ અંગને પ્રત્યેક કહ્યાં છે. તે આ પ્રમાણે:—

**जस्स मूलस्स भग्गस्स, हीरोभंगो पदीसए ।**
**परित्तजीवे उ से मूले, जे यावन्ने तहाविहा ॥१॥**

"અર્થ:—જે મૂળને ભાગતાં હીરભંગ દેખાય તે મૂળ પ્રત્યેક જીવવાળું જાણવું, અને તેવાં બીજાં (નહિં ભાગેલાં) મૂળ પણ તેવા પ્રકારનાં (પ્રત્યેક) જાણવાં." એ પ્રમાણે બીજ સુધી ૧૦ અંગની ૧૦ ગાથાઓ છે.

## ६ छिन्नरुह लक्षण.

જે વનસ્પતિને છેદવાથી અથવા કાપવાથી પણ તે કાપેલું અંગ પુન: ઉગી શકે તો તે અનંતકાયવનસ્પતિ જાણવી. અને છેદવા છતાં પુન: ન ઉગે તો પ્રત્યેક વનસ્પતિ જાણવી.

શંકાઃ—એવી પણ અનેક વનસ્પતિઓ છે કે જેનું છેદેલું અંગ પણ પુનઃ ઉગે છે. જેમ મોગરા વિગેરે પુષ્પલતાઓની કલમો, વડ, પીપળ વિગેરે વૃક્ષોની શાખાઓ ઇત્યાદિ પ્રત્યેક વનસ્પતિઓનાં છેદેલાં અંગ પુનઃ ઉગે છે, તો એ લક્ષણ કેવળ સાધારણ વનસ્પતિને અંગેજ કેમ કહો છો?

ઉત્તરઃ—પ્રત્યેક વનસ્પતિઓનાં પણ છેદેલાં અંગ જે પુનઃ ઉગે છે તે અમુક સ્થાનેથી કાપેલો ભાગ અમુક સ્થાનેથી ઉગી શકવાના નિયમવાળો હોય છે, જેની વિધિ માળી વિગેરે જાણે છે, અને સાધારણ વનસ્પતિને તો ગમે તે સ્થાનેથી કાપો તો પણ ગમે તે સ્થાનમાંથી ઉગી શકે છે, માટે આ છિન્નરૂહ લક્ષણ તે ગમે તે સ્થાનથી છેદાઇ ગયેલું અંગ પણ પુનઃ ઉગી શકે એવા અર્થમાં લેવું. તેનું પ્રત્યક્ષ દૃષ્ટાન્ત થુવર–ખુરસાણી–અમરવલ્લી વિગેરેથી પ્રસિદ્ધ છે.

એ પ્રમાણે ૬ લક્ષણો જીવવિચારમાં દર્શાવેલાં કહ્યાં. એ સિવાય બીજાં લક્ષણો પણ છે, તે આ પ્રમાણે—

૧—કાષ્ઠની છાલ કાષ્ઠ કરતાં વિશેષ જાડી હોય તો તે છાલ (ત્વચા) સાધારણ વનસ્પતિમાં ગણાય. (અને પાતળી હોય તો પ્રત્યેક વનસ્પતિ ગણાય.)

૨—વનસ્પતિની ગ્રંથી (પર્વ) ઘણી રજવાળી હોય તો તે સાધારણ વનસ્પતિ જાણવી.

૩—વનસ્પતિને જે સ્થાને ભાગીએ તે સ્થાને (ભંગસ્થાને) ઘણી રજ વ્યાપ્ત થઈ જાય તો તે સાધારણ વનસ્પતિ છે.

૪—વનસ્પતિની પ્રથમ ઉદ્‌ગમ અવસ્થા (ઉગવાના પ્રારંભમાં) સાધારણ વનસ્પતિ રૂપે હોય છે, (ત્યારબાદ પ્રત્યેક વા સાધારણ થાય.)

૫—જે વનસ્પતિને સૂકાવા માટે અતિ દીર્ઘકાળ જોઈએ તે વનસ્પતિ સાધારણ ગણાય. (પ્રત્યેક વનસ્પતિઓ સ્થાનભ્રષ્ટ થતાં જલ્દી કરમાવા માંડે છે તેમ સાધારણ વનસ્પતિઓ શીઘ્ર કરમાતી નથી.)

૬—સર્વ કોમળ ફળ સાધારણ વનસ્પતિ જાણવી.

૭—જે વનસ્પતિ મૂળ વિના વૃદ્ધિ પામનારી હોય. એટલે ભૂમિના સંબંધ વિના વૃદ્ધિ પામે તે સાધારણ વનસ્પતિ. જેમ અમરવલ્લીના વેલા વૃક્ષાદિક ઉપર (ભૂમિના સંબંધ વિના) એવા વૃદ્ધિ પામે છે કે વૃક્ષાદિકને સંપૂર્ણ ઢાંકી દે છે.

એ સાત લક્ષણો સિવાય બીજાં પણ લક્ષણો સ્વત: વિચારી લેવાં. એમાંના કેટલાક લક્ષણો શ્રી પ્રજ્ઞાપનાજીમાંથી લખ્યાં છે તેનો પાઠ આ પ્રમાણે:—

**जस्स मूलस्स कट्ठाओ, छल्ली बहुलतरो भवे ।**
**अणंतजीवा उ सा छल्ली, जे यावन्ने तहाविहा ॥१॥**

અર્થ:—જે મૂળના કાષ્ઠથી (તે મૂળની) છાલ જાડી હોય તે છાલ અનંત જીવવાળી જાણવી. અને એવા પ્રકારના લક્ષણવાળી જે બીજી વનસ્પતિની છાલ તે પણ તેવા પ્રકારની એટલે અનંતજીવવાળી જાણવી. આ પ્રમાણે કંદની છાલ-સ્કંધની છાલ-અને શાખાની છાલ પણ તે તે કાષ્ઠ કરતાં જાડી હોય તો સાધારણ છે. તે સંબંધિ બીજી પણ ત્રણ ગાથાઓ એ રીતે સરખી છે. પુષ્પાદિકને છાલ હોતી નથી અને ફળને છાલ હોય છે, પણ એ લક્ષણથી ફળની છાલ સાધારણ તરીકે ગણાતી નથી માટે તે ફળની છાલની ગાથા પણ નથી. પુન: અહિં પ્રતિપક્ષ તરીકે જાણવાનું કે મૂળ વિગેરેનાં કાષ્ઠ કરતાં તેની છાલ જો પાતળી હોય તો તે છાલ પ્રત્યેક વનસ્પતિ ગણાય.

પ્રશ્ન—મૂળાદિકના કાષ્ઠથી છાલ જાડી હોય તે છાલ જો સાધારણ વનસ્પતિ ગણાય તો તે જાડી છાલવાળું કાષ્ઠ પ્રત્યેક વનસ્પતિ ગણાય કે સાધારણ વનસ્પતિ ગણાય?

ઉત્તર:—જાડી છાલવાળું કાષ્ઠ પ્રત્યેક ગણાય કે સાધારણ ગણાય તેવો નિયમ નથી કહ્યો. ઉપરોકત લક્ષણ કેવળ છાલને અંગે છે, પરન્તુ એવી છાલવાળા કાષ્ઠને અંગે નથી.

**चक्कागं भज्जमाणस्स, गंठी चुन्नघणो भवे ।**
**पुढविसरिसेण भेएण, अणंतजीवं वियाणाहि ॥१॥**

અર્થ:—જે મૂળ વિગેરે ૧૦ અંગને ભાગતાં ચક્રાકારતુલ્ય સરખો ભાગ થાય તે સાધારણ વનસ્પતિ છે. આ લક્ષણ સમભંગ નામના પ્હેલા લક્ષણ તરીકે કહેવાયું છે. તથા ગ્રંથિ એટલે પર્વ અથવા ગ્રંથિ એટલે સામાન્યથી ભંગસ્થાન તે ઘણા ચૂર્ણવાળું એટલે રજવાળું હોય, તથા ભાગતાં જેનો ભંગ પૃથ્વી સરખો એટલે તલાવમાં ફાટો પડીને સૂકાયલા માટીના પડ સરખો થાય તે વનસ્પતિ અનંતજીવવાળી જાણવી.

**गूढसिरागं पत्तं, सच्छीरं जं च होइ निच्छीरं ।**
**जंपि य पणट्ठसंधिं, अणंतजीवं वियाणाहि ॥ २ ॥**

અર્થ:—જે પત્ર ભાગતાં પત્રમાંથી દુધ ઝરે, જેમ થુવરનાં પાનમાંથી દુધ ઝરે છે, તે સક્ષીરપત્ર અને દુધ વિનાનાં અક્ષીરપત્ર એ બન્ને પ્રકારનાં પત્ર ગુપ્તસિરા એટલે ગુપ્તનસોવાળાં હોય, તથા જે પત્ર પ્રનષ્ટસંધિવાળાં એટલે સર્વથા નહિં દેખાતી સંધિ ( पत्रार्धद्वयसंधि=પત્રના બે અર્ધવિભાગને સાંધનારી મધ્ય નસ )વાળાં હોય તેવાં પત્ર અનંતજીવવાળાં જાણવાં.

**सव्वो वि किसलओ खलु, उग्गममाणो अणंतओ भणिओ ।**
**सो चेव विवड्ढंतो, होइ परित्तो अणंतो वा ॥ ३ ॥**

અર્થ:—સર્વે પણ કિશલયો એટલે પ્રથમ ઉદ્ગમાવસ્થાવાળી વનસ્પતિઓ ઉગતી વખતે અનંતકાય કહી છે. અને ત્યારબાદ વૃદ્ધિ પામતાં તેજ વનસ્પતિ કિશલય પ્રત્યેક વનસ્પતિરૂપ અથવા સાધારણ વનસ્પતિરૂપ થાય છે. અહિં ભાવાર્થ એ છે કે કોઇ બીજ ભૂમિમાં વાવ્યું હોય તો મૃત્તિકા અને જળના સંયોગવડે તેજ બીજનો જીવ મરણ પામી તેમાંજ ઉત્પન્ન થઇને અથવા તે બીજનો જીવ મરણ પામી બીજે સ્થાને જાય તો બીજો કોઈ પૃથ્વીકાયાદિકમાંથી મરણ પામેલો જીવ આ બીજમાં ઉત્પન્ન થઈ પ્રથમ તે બીજની વિકસ્વર અવસ્થા કરે અને વિકસ્વર અવસ્થા કરીને પોતે મૂળરૂપે પરિણમે, અને પ્રથમ

વિકસ્વર અવસ્થા થયા બાદ તુર્તજ અનંતજીવો ઉત્પન્ન થઇ કિશલય અવસ્થા રચે છે. એ ઉત્પન્ન થયેલા અનંતજીવો ચવી ગયા પછી તે મૂળપણે પરિણમેલો જીવ તે કિશલયમાં વ્યાપ્ત થાય છે.

શંકા:—પ્રત્યેક વનસ્પતિમાં સર્વકાળ પ્રત્યેકવનસ્પતિપણું જ રહે છે કે કોઈ અવસ્થામાં સાધારણવનસ્પતિપણું પણ હોય છે? તેમજ સાધારણવનસ્પતિ સર્વકાળ સાધારણવનસ્પતિ રૂપજ હોય કે કોઇ અવસ્થામાં પ્રત્યેકવનસ્પતિપણું પણ હોય?

ઉત્તર:—સર્વે વનસ્પતિઓ કિશલય અવસ્થામાં તો અવશ્ય અનંતકાયજ હોય, ત્યારબાદ તે કિશલય વૃદ્ધિ પામતો અનન્તકાય પણ હોય અને પ્રત્યેક પણ થાય. કારણ કે જો સાધારણ વનસ્પતિ હોય તો સાધારણપણેજ રહે, અને પ્રત્યેકવનસ્પતિ હોય તો વૃદ્ધિ પામતો કિશલય પ્રત્યેકપણે થાય.

શંકા:—એ અનંતકાયરૂપ કિશલયાવસ્થા કેટલા કાળસુધી ટકે?

ઉત્તર:—પ્રત્યેકવનસ્પતિની અનંતકાયાત્મક કિશલય અવસ્થા અન્તર્મુહૂર્ત્ત સુધી ટકે ત્યારબાદ તે કિશલય પ્રત્યેક થાય; કારણ કે નિગોદજીવોની સ્થિતિ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત છે.

## સામાન્ય નિગોદનું સ્વરૂપ.

બાદરનિગોદ અને સૂક્ષ્મનિગોદ વનસ્પતિના એક શરીરમાં અનંતજીવ હોય છે, તેમાં બાદરનિગોદના શરીરનો જ્યાંસુધી વિનાશ થતો નથી, અથવા જીવોત્પત્તિને અયોગ્ય બનતું નથી ત્યાંસુધી તે શરીર કોઈપણ સમયે અનંતજીવ રહિત હોતું નથી, કોઇ પણ સમયે તપાસ કરીએ તો તેમાં અવશ્ય અનંતજીવો વિદ્યમાન હોય છે. પુન: એ શરીરમાં જે અનંતજીવો રહ્યા છે, તે અનંતમાંના કેટલાક (અનંત) જીવો અમુક સમયે એક સાથે ઉત્પન્ન થયેલા હોય છે બીજા કેટલાક અનંતજીવો બીજે કોઈ સમયે ઉત્પન્ન થયેલા હોય છે, માટે તે શરીરમાં વિવક્ષિત એક સમયે જો તપાસીએ તો તેજ સમયે અનેક સમયોત્પન્ન અનંત અનંતજીવના સમૂહ વ્યાપ્ત થયેલા છે.

પ્રશ્નઃ—એ નિગોદજીવોવડે વ્યાપ્ત થયેલા શરીરનું નામ સાધારણ શરીર ગણાય કે નહિં? અર્થાત્ સાધારણપણું જીવને કે શરીરને ગણવું?

ઉત્તરઃ—મુખ્યવૃત્તિએ તો સાધારણપણું જીવો આશ્રયિ છે. કારણકે સાધારણ નામકર્મનો ઉદય જીવોને હોય માટે જીવો સાધારણ ગણાય છે. પરન્તુ આધારાધેયના અભેદપણાની અપેક્ષાએ જેમ રાયણ-સીતાફલી-જાઈ-જુઈ-ગુલાબ-ચંપો-મોગરો-ઇત્યાદિ ફળ અને તે ફળવાળા વૃક્ષનાં તેમજ પુષ્પ અને તે પુષ્પવાળા વૃક્ષનાં નામો જેમ તુલ્ય હોય છે, તેમ જે શરીરમાં સાધારણજીવોનો નિવાસ હોય તે શરીરનું નામ પણ સાધારણશરીર કહેવાય છે.

## સાધારણ નામની સાર્થકતા.

અનંતકાયજીવોને સાધારણજીવો કઈ રીતે કહેવાય? એમાં સાધારણપણું શું છે, અને સાધારણ એટલે શું તે જાણવાની અવશ્ય જરૂર છે. ત્યાં પ્રથમ સાધારણ શબ્દનો અર્થ પ્રસિદ્ધ છે કે ભોગ્યપદાર્થ એક હોય અને તેના ભોકતા ઘણા હોય તો તે ઘણા ભોક્તાજનોનું તે વસ્તુ પ્રત્યે સાધારણપણું ગણાય છે. અથવા જે એક પદાર્થમાં અનેકની માલિકી હોય, તો તે પદાર્થ અને માલિકો પણ સાધારણ કહેવાય છે. અહિં સાધારણ એટલે સામાન્ય એટલે સરખાપણું. વાતમાં ઘણાઓનું પરસ્પર સરખાપણું હોય તે વાત સાધારણ ગણાય, તેમ જે શરીર સર્વને સરખું એટલે સર્વનું એકજ હોય તે શરીર સાધારણશરીર ગણાય, અને તેવું સામાન્યશરીર એટલે એક શરીરને પ્રાપ્ત કરનારા અનંતજીવો પણ સાધારણ નામકર્મના ઉદયવાળા હોવાથી સાધારણ ગણાય. એ પ્રમાણે નિશ્ચયથી સાધારણપણું જીવોને હોય છે, અને વ્યવહારથી સાધારણપણું શરીર આશ્રિત છે. માટે સાધારણજીવો અથવા સાધારણશરીર કહેવાય છે. એ પ્રમાણે એ જીવોને કઈ કઈ વાતમાં સાધારણપણું હોય? તે કહેવાય છે.

**समयं वक्कंताणं, समयं तेसिं शरीरनिव्वत्ती ।**
**समयं आणुग्गहणं, समयं ऊसासनोसासो ॥ १ ॥**

અર્થ:—સમકાળે ઉત્પન્ન થયેલા તે અનંતજીવોની શરીર રચના પણ સમકાળે (સર્વજીવોની એકસાથે) થાય છે, ઉચ્છ્વાસ નિ:શ્વાસ યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ પણ સર્વજીવોનું સમકાળે-એકસાથે થાય છે, અને ઉચ્છ્વાસનિ:શ્વાસ લેવા મૂકવાનો વ્યાપાર પણ સર્વજીવોનો એકસાથે થાય છે.

**इक्कस्स उ जं गहणं, बहूण साहारणाण तं चेव ।**
**जं बहुयाणं गहणं, समासओ तं पि इक्कस्स ॥ २ ॥**

જે આહારાદિ પુદ્‌ગલો એક જીવ ગ્રહણ કરે, તેજ આહારાદિ પુદ્‌ગલો તે સર્વસાધારણ જીવો પણ ગ્રહણ કરે, અથવા ઘણા જીવો જે આહારાદિ પુદ્‌ગલો ગ્રહણ કરે, તે એક જીવ પણ તેજ આહારાદિ પુદ્‌ગલો ગ્રહણ કરે છે. માટે એ પ્રમાણે—

**साहारण माहारो, साहारण माणुपाण गहणं च ।**
**साहारण जीवाणं, साहारणलक्खणं एयं ॥ ३ ॥**

અર્થ:—સર્વજીવોને આહાર સાધારણ (સરખો), વળી શ્વાસોચ્છ્વાસ પણ સાધારણ છે, માટે એ સર્વસાધારણ જીવોનું સાધારણ (આહારાદિકમાં સરખાપણું) એજ લક્ષણ છે.

## નિગોદશરીરની દૃષ્ટિગોચરતા.

બાદરનિગોદનાં અથવા સૂક્ષ્મનિગોદનાં એકજ શરીર અથવા સંખ્યાતશરીર અથવા અસંખ્યશરીર દૃષ્ટિગોચર થાય કે નહિ? અને તે એક શરીરનું પ્રમાણ-માપ કેવડું હશે તે જાણવાની જીજ્ઞાસા હોવી સ્વાભાવિક છે, માટે તે સ્વરૂપ કહેવાય છે.

બા૦ નિગોદનું (એટલે બાદર સાધારણ વનસ્પતિનું અથવા બાદરઅનંતકાયનું) એક શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડું અતિ નાનું સૂક્ષ્મ હોય છે, એ એક શરીર આપણી ચક્ષુથી દેખી શકાય નહિં, તેમજ એવાં બે શરીર ત્રણ શરીર યાવત્ સેંકડો હજારો લાખો અને કરોડો યાવત્ સંખ્યાત

શરીર ભેગાં થાય તો પણ આપણે ચક્ષુથી દેખી શકીએ નહિં, એટલુંજ નહિ પણ અંતિમ શોધનું સૂક્ષ્મદર્શકયંત્ર લગાવી દેખીએ તો પણ તે શરીરો દેખી શકાય નહિં, એવાં એ શરીરો સૂક્ષ્મ છે. પરન્તુ જ્યારે ઘણાં અસંખ્યાત શરીર ભેગાં થાય ત્યારે તે સૂક્ષ્મદર્શકથી દેખી શકાય અને તેથી પણ વધુ શરીર ભેગાં થાય ત્યારે ચક્ષુથી દેખી શકાય છે.

જેમ એક મૂળો અથવા એક બટાકો અથવા એક આદુ ઇત્યાદિ જે જે બાદર અનંતકાય છે તેમાંથી સોયના અગ્રભાગ ઉપર રહે એવડો નાનો ભાગ લઇએ તો તે ભાગ અસંખ્ય શરીરનો પિંડ છે, અને તે અસંખ્ય શરીરમાંના દરેક શરીરને વિષે અનંત અનંત જીવો પરસ્પર સંક્રમીને રહ્યા છે.

એ પ્રમાણે બાદરનિગોદનાં અસંખ્ય શરીરનો એક પિંડ થયેલો હોય તો તે દ્રષ્ટિગોચર થાય પરન્તુ સૂક્ષ્મનિગોદનાં તો તેટલાં અસંખ્ય શરીર એકત્ર મળ્યે પણ દ્રષ્ટિગોચર થાય નહિં. અથવા બીજી રીતે કહીએ તો સૂક્ષ્મનિગોદનાં શરીર જો કે અનંત નથી પણ અસંખ્યજ છે, છતાં અસત્ કલ્પનાએ કદાચ અનંત શરીર ભેગાં થાય તો પણ તે સૂ૦ નિગોદના શરીરોનો એક પિંડ કોઈ કાળે પણ દ્રષ્ટિગોચર થાય નહિં. કારણકે જેનો પરિણામજ સૂક્ષ્મ છે તે કદી પણ દ્રષ્ટિગોચર ન થાય. જે બાદર શરીર હોય તેજ દ્રષ્ટિગોચર થવા યોગ્ય છે. પરન્તુ સૂક્ષ્મ શરીર અથવા કોઈ પણ સૂક્ષ્મ પરિણામી પદાર્થ તે દ્રષ્ટિગોચર થવાની યોગ્યતાવાળો પ્રથમથીજ હોઇ શકતો નથી.

શંકા—બાદરનિગોદનું એક શરીર પણ દ્રષ્ટિગોચર થતું નથી, તેમ સૂક્ષ્મનિગોદનું પણ એક શરીર દ્રષ્ટિગોચર થતું નથી તો બાદરનિગોદનું એક શરીર સૂક્ષ્મ કેમ ન કહેવાય ?

ઉત્તર—બાદરનિગોદનું એક શરીર નહિં દેખાવાનું કારણ તો તે અત્યંત બારીક છે માટે, પરન્તુ તે એક શરીર દ્રષ્ટિગોચર થવાની યોગ્યતા તો અવશ્ય ધારણ કરે છે. જેમ માટીનો બારીક રજઃકણ એકલો હોય તો દેખી શકાતો નથી, પરન્તુ તેવા ઘણા

રજ:કણ એકત્ર થતાં તે પિંડ અવશ્ય દેખી શકાય છે, તેથી માટીનો એક બારીક રજ:કણ જેમ દેખી શકાતો નથી તોપણ દેખાવાની યોગ્યતાવાળો હોવાથી ઘણા રજ:કણનો પિંડ જેમ દેખી શકાય છે, તેમ બાદરનિગોદનું એક શરીર દેખી શકાતું નથી તો પણ દેખાવાની યોગ્યતાવાળું તો છે જ, અને તે કારણથીજ ઘણાં શરીર ભેગાં થઇ તેનો પિંડ દેખી શકાય છે. માટે બાદરનિગોદનું એક શરીર દ્રષ્ટિગોચર નહિં થવાથી તે સૂક્ષ્મ છે એમ કહેવાય નહિં. પણ તે બાદરશરીરજ કહેવાય. શ્રી પ્રજ્ઞાપના મૂળ તથા ટીકામાં કહ્યું છે કે—

**एगस्स दोएह तिएह व, संखिज्जाण व न पासिउं-सक्का।**
**दीसंति सरीराइं, निगोयजीवाणणंताणं ॥ १ ॥**

અર્થ:—નિગોદના એક જીવનું, બે જીવનું, અથવા ત્રણ જીવનું અથવા સંખ્યાત જીવનું ( અને ઉપલક્ષણથી અસંખ્ય જીવનું પણ ) શરીર દેખી શકાતું નથી. ( કારણ કે એકાદિજીવ ગૃહીત એવા નિગોદશરીરનોજ અભાવ છે, અને અનંત જીવ-ગૃહીત એવાં નિગોદશરીર લોકમાં વિદ્યમાન છે માટે ) બાદર-નિગોદના અનંત જીવોનાં શરીર ( અસંખ્ય શરીર ) દેખી શકાય છે. પરન્તુ સૂક્ષ્મનિગોદરૂપ અનંત જીવોનાં શરીરો વિદ્યમાન હોવા છતાં પણ સૂક્ષ્મપણાના કારણથી દેખી શકાતાં નથી.

**एएहिं सरीरेहिं, पच्चक्खं ते परूविया जीवा ।**
**सूहुमा आणागिज्झा, चक्खुफासं न ते इंति ॥२॥**

અર્થ:—નિગોદના જીવો એ બાદરનિગોદના શરીરોવડે પ્રત્યક્ષ કહેલા છે. અર્થાત્ બાદરનિગોદ જીવો તો શરીરોવડે પ્રત્યક્ષ દેખી શકાય છે માટે પ્રત્યક્ષ છે, પરન્તુ સૂક્ષ્મનિગોદ જીવો તો શ્રી સર્વ-જ્ઞાએ કહેલા હોવાથી કેવળ આજ્ઞા ગ્રાહ્ય છે, એટલે શ્રી સર્વજ્ઞના વચનથી માનવા જોઇએ, કારણ કે એ સૂક્ષ્મનિગોદ જીવો ચક્ષુના સ્પર્શમાં ( એટલે દ્રષ્ટિગોચર ) આવતા નથી. કેટલાક પદાર્થો પ્રત્યક્ષ પ્રમાણથી મનાય છે, અને કેટલાક પદાર્થો આગમ પ્રમા-

ણથી એટલે આપ્તપુરૂષના વચન પ્રમાણથી પણ માનવા જોઇએ. કેવળ પ્રત્યક્ષ પ્રમાણ માનવાવાળા નાસ્તિકજ કહી શકાય.

## એક શરીરમાં અનંતજીવોનો સમાવેશ.

અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ એક બારીક-સૂક્ષ્મ શરીરમાં અનંતજીવો કઈ સ્થિતિએ રહ્યા હશે ? તે કહેવાય છે.

એક પદાર્થમાં બીજા પદાર્થને રહેવાની બે રીતિ સ્પષ્ટ દેખાય છે, તેમાં પ્હેલી અપ્રવેશ રીતિ છે. જેમ એક ડબ્બીમાં લખોટી રાખી હોય તે જેવી રીતે ડબ્બીને કેવળ સ્પર્શ કરીને ભિન્નપણે રહે છે તે અપ્રવેશ રીતિ છે, અને લોખંડના ગોળામાં અગ્નિ, એક દીપકના તેજમાં બીજા દીપકનું તેજ ઇત્યાદિનું અવગાહન તે પ્રવેશ અથવા સંક્રાન્ત રીતિ કહેવાય. ક્ષેત્રમાં ક્ષેત્રી એટલે આકાશમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો અવગાહ સંક્રાન્તાવગાહ છે, પુદ્ગલમાં પુદ્ગલનો સંક્રાન્ત અને અસંક્રાન્ત એમ બન્ને અવગાહ હોય છે, પુદ્ગલમાં આત્માનો એટલે શરીરમાં આત્માનો સંક્રાન્ત અવગાહ હોય છે, એક શરીરમાં એક આત્માનો પણ સંક્રાન્ત અવગાહ હોય છે, અને એક આત્મામાં બીજા આત્માનો એટલે એક જીવમાં બીજો જીવ સંક્રાન્તાવગાહે હોય છે. એક ભવધારણીય શરીરમાં બીજા ભવધારણીય શરીરીનો અસંક્રાત અવગાહ હોય છે. એ પ્રમાણે અહિં નિગોદના એક શરીરમાં એક જીવ સંક્રાન્ત અવગાહે એટલે પરસ્પર તાદાત્મ્યપણે રહેલો હોય છે, તેમ બીજો જીવ પણ તેમાં સંક્રમીને પ્રવેશ કરી રહેલો હોય છે. તેવી રીતે ત્રીજો જીવ તેવીજ રીતે ચોથો જીવ એમ યાવત્ સંખ્યાત જીવ અસંખ્ય જીવ અને અનંતજીવો પણ પરસ્પર એક બીજામાં પ્રવેશ કરી સંક્રમીને રહે છે, જેથી એક શરીરમાં જુદે જુદે સ્થાને અથવા જુદો જુદો અવગાહ રોકીને રહેલા હોય એમ નથી. પરન્તુ સર્વે જીવો એકજ શરીરમાં સરખી અવગાહનાએ પરસ્પર પ્રવેશ કરીને રહેલા છે.

શંકા—એક પદાર્થ બીજા પદાર્થમાં સર્વથી પ્રવેશ કરીને કેમ રહી શકે ?

ઉત્તર:—એક દીપકના તેજમાં બીજા દીપકનું તેજ પ્રવેશ થતું પ્રત્યક્ષ માલુમ પડે છે માટે જાણી શકાય છે કે એક પદાર્થમાં બીજો પદાર્થ પ્રવેશ કરીને પણ રહી શકે છે.

શંકા—કદાચ તેમ હોય તો એક શરીરમાં બે ચાર પાંચ કે દશ જીવ પરસ્પર પ્રવેશ કરી રહી શકે, પણ એકજ શરીર અ-નંતજીવો પ્રવેશ કરી રહી શકે એમ શી રીતે સમજાય ?

ઉત્તર:—જો એક શરીરમાં એક જીવ રહ્યો અને તેજ શરી-રમાં બીજો જીવ પણ રહી શકે તો તે રીતે બીજા અનેક જીવો કેમ ન રહી શકે ? અર્થાત્ એક જીવમાં બીજો જીવ જેમ રહે તેમ ત્રીજો ચોથો સંખ્ય અસંખ્ય અને અનંત જીવો પણ રહી શકે ? અને જો એટલા જીવો ન રહી શકે તો એક જીવમાં બીજો એક જીવ પણ ન રહી શકે એ સામાન્ય નિયમ છે. પુન: બીજી વાત એ છે કે જીવજ જીવમાં પ્રવેશ કરી શકે છે એમ નથી પરન્તુ રૂપી એવા પુદ્ગલો પણ પુદ્ગલોમાં પરસ્પર પ્રવેશ કરી શકે છે. એક પરમાણુમાં બીજો પરમાણુ તેમાંજ ત્રીજો પરમાણુ તેમાંજ ચોથો પાંચમો સંખ્યાત અસંખ્યાત યાવત્ અનંત પરમાણુ તે વિવક્ષિત એક પરમાણુમાં પ્રવેશ કરી રહી શકે છે, અને પુદ્-ગલ તો રૂપી પદાર્થ છે તો અરૂપી જીવમાં પરસ્પર અનંતજીવોનો પ્રવેશાવગાહ માનવો અયુક્ત નથી. જેમ ક્ષુધાવસ્થાને પમાડેલો ( બુભુક્ષિત ) પારો સેંકડો તોલા સોનું પ્રવેશ કરી જાય છે છતાં વજન કે આકાર વૃદ્ધિ પામતો નથી. શ્રી લોકપ્રકાશમાં કહ્યું છે કે—

**परमाण्वादिना द्रव्ये–णैकेनापि प्रपूर्यते**
**खप्रदेशस्तथा द्वाभ्या–मपि ताभ्यां तथा त्रिभिः ।१।**

અર્થ:—એક આકાશ પ્રદેશ એક પરમાણુવડે પણ પૂરાય છે, તથા બે પરમાણુવડે પણ પૂરાય છે, તેમજ ત્રણ પરમાણુવડે પણ પૂરાય છે—

**अपि द्रव्यशतं मायात्तत्रैवैकप्रदेशके ।**
**मायात् कोटिशतं मायादपि कोटिसहस्रकं ॥२॥**

અર્થ:—પુન: તે એક આકાશપ્રદેશમાં સેંકડો પરમાણુદ્રવ્ય સમાય છે, સેંકડોક્રોડ દ્રવ્ય–પરમાણુ સમાય છે, અને હજારોક્રોડ પરમાણુ પણ સમાઇ જાય છે, એ પ્રમાણે દ્રવ્યો પરસ્પર પ્રવેશી શકે છે, તેનું કારણ શું? તે દર્શાવે છે—

**अवगाह स्वभावत्वा–दंतरिक्षस्य तत्समं ।**
**चित्रत्वाच्च पुद्गलानां, परिणामस्य युक्तिमत् ॥३॥**

અર્થ:—એ સર્વ દ્રવ્યોના પ્રવેશનું કારણ એ છે કે–આકાશનો તથા પ્રકારનો અવગાહ સ્વભાવ છે, અને પુદ્ગલોના પરિણામ વિચિત્ર છે માટે એ સર્વ વાત યુક્તિવાળી છે. તેનું દૃષ્ટાન્ત દર્શાવાય છે.

**दीप्रदीपप्रकाशेन, यथाऽवरकोदरं ।**
**एकेनाऽपि पूर्यतेतच्छतमप्यत्र माति च ॥ ४ ॥**

અર્થ:—દીપતા દીપકના પ્રકાશવડે જેમ ઓરડાનો મધ્યભાગ એક દીવાના પ્રકાશવડે પૂરાય છે તેમજ તેમાં સેંકડો દીપકના પ્રકાશ પણ સમાઇ જાય છે. પુન: બીજું દૃષ્ટાંત એ છે કે—

**विशत्यौषधिसामर्थ्यात् पारदस्यैककर्षके ।**
**सुवर्णस्य कर्षशतं, तौल्ये कर्षाधिकं न तत् ॥ ५ ॥**

અર્થ—ઔષધિના સામર્થ્યથી એક કર્ષ પારામાં ૧૦૦ કર્ષ સોનું પ્રવેશ કરે છે, છતાં તે એક કર્ષ પારો તોલમાં એક કર્ષથી વધારે થતો નથી.

**पुनरौषधिसामर्थ्या–त्तद्वयं जायते पृथक् ।**
**सुवर्णस्य कर्षशतं, पारदस्यैककर्षकः ॥ ६ ॥**

અર્થ:—પુન: ઔષધિના સામર્થ્યથી ૧૦૦ કર્ષ સોનું, અને

૧ કર્ષ પારો એ બન્ને જૂદાં પણ પડી શકે છે. એ ભાવાર્થ શ્રી ભગવતીજીના ૧૩ મા શતકના ૪ થા ઉદ્દેશાની વૃત્તિમાં છે.

એ પ્રમાણે રૂપી પદાર્થો પણ એક-બીજામાં પરસ્પર પ્રવેશ કરી રહી શકે છે. તો નિગોદના એક શરીરમાં અનંતજીવો પોતપોતાની જૂદી અવગાહના ન રોકતાં એકજ અવગાહનામાં સર્વે પરસ્પર એક-બીજામાં પ્રવેશ કરી રહી શકે તેમાં કંઇ આશ્ચર્ય નથી. કારણ કે દ્રવ્યોના પરિણામ-સ્વભાવ વિચિત્ર છે.

## નિગોદની વેદના.

એક શરીરમાં અનંત રહેલા એ નિગોદજીવો અવ્યક્ત એટલે અસ્પષ્ટ વેદનાનો જે અનુભવ કરે છે. તે સાતમી પૃથ્વીના નારકથી અનંતગુણી વેદના અનુભવે છે. જો કે એ નિગોદજીવોને સ્પષ્ટચૈતન્ય નથી પરન્તુ તેથી વેદનાનો અભાવ તો માની શકાયજ નહિં, વેદના તો અવશ્ય છે, કેવળ સ્પષ્ટ અનુભવ નથી એટલુંજ. કહ્યું છે કે—

**जं नरए नेरइया, दुरकं पावंति गोयमा तिरकं ।**
**तं पुण निगोअजीवा, अणन्तगुणियं वियाणाहि ॥**

અર્થ:—હે ગૌતમ! નરકને વિષે નારકજીવો જે દુઃખ પામે છે, તેથી અનંતગુણ દુઃખ નિગોદનાં જીવો પામે છે એમ જાણવું.

## નિગોદજીવો કેટલા છે?

એક શરીરમાં અનંતજીવ છે તેવાં અસંખ્યશરીર બાદરનિગોદનાં છે માટે બાદરનિગોદજીવો અસંખ્યાનંત એટલે અનંત છે, પુન: સૂક્ષ્મનિગોદનાં શરીર બાદરનિગોદનાં શરીરથી અસંખ્ય ગુણ છે, અને તે એકેક શરીરમાં અનંત અનંત જીવ છે, માટે સૂક્ષ્મનિગોદ જીવો પણ અનન્ત છે, પરન્તુ બાદરનિગોદ જીવોથી અસંખ્યગુણ છે. ત્રણેકાળના સિદ્ધજીવોની અપેક્ષાએ વિચારતાં પણ સર્વસિદ્ધથી અનંતગુણા આજે છે, અને અનંતકાળ વ્યતિત થયાબાદ પણ સર્વસિદ્ધથી અનંતગુણાજ રહેવાના. કહ્યું છે કે—

**न तादृग् भविता कालः, सिद्धाः सोपचया अपि ।**
**यत्राधिका भवंत्येक-निगोदानंतभागतः ॥ १ ॥**

( દ્રવ્યલોકઃ. )

અર્થ:—એવો કોઈપણ કાળ ભવિષ્યકાળમાં આવવાનો નથી કે જે કાળે સર્વસિદ્ધને એકત્ર કર્યા છતાં પણ (તે ત્રણેકાળના સિદ્ધની સંખ્યા) એક નિગોદના અનંતમા ભાગ કરતાં વધી[૧] જાય. કહ્યું છે કે—

**जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ।**
**इक्कस्स निगोयस्स य, अणंतभागो उ सिद्धिगओ ॥१॥**

અર્થ:—શ્રી જીનેશ્વરભગવંતના માર્ગમાં (વર્તમાન સમયે અથવા ૧૦૦ વર્ષબાદ અથવા લાખવર્ષ બાદ અથવા સંખ્યાત વર્ષ બાદ અથવા અસંખ્યવર્ષ બાદ કે [૨]ભવિષ્યકાળમાં અનંતાનંત વર્ષ બાદ પણ) જ્યારે જ્યારે કોઈ સિદ્ધપરમાત્માની સંખ્યાનો સવાલ કરે ત્યારે ત્યારે "એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે." એટલે એકજ નિગોદમાં જેટલા જીવો છે તેના અનંતમા ભાગ જેટલાજ સિદ્ધપરમાત્મા છે, એજ જવાબ મલે બીજો જવાબ ન મલે.

એ પ્રમાણે હોવાથીજ **घटे न राशि निगोदकी, बढे न सिद्ध अनंत.** એ વચન અતિપ્રસિદ્ધ અને સર્વથા સત્ય છે કે નિગોદની રાશિ ઘટતી નથી અને અનંતસિદ્ધ વધતા નથી.

શંકા--અહિં નિગોદનીરાશિ ઘટતી નથી એમ કહ્યું તો

---

૧ જો કે સિદ્ધપરમાત્માની સંખ્યામાં દરેક વખતે વધારો થતો જાય છે. તો પણ અનંતમા ભાગ કરતાં ન વધે એમ કહ્યું, તેનો ખુલાસો તુરતમાંજ આગળ પ્રશ્નોત્તરના રૂપમાં કરેલો છે ત્યાંથી જાણવું.

૨ એ ઉપરથી એમ ન જાણવું કે ભવિષ્યમાંજ આ જવાબ હતો, પરન્તુ ભૂતકાળમાં અનંતવર્ષ પ્હેલાંના પ્રશ્ન વખતે પણ એજ જવાબ હતો, એ સમજવું સુગમ્ય છે.

આગળ કહેવાતી વ્યવહારરાશિનિગોદ અને અવ્યવહારરાશિ-નિગોદ એ બે પ્રકારમાંની કઈ રાશિ ઘટતી નથી?

ઉત્તર—મુખ્યત્વે અવ્યવહારરાશિ નિગોદ ઘટતી નથી એમ કહેવાનું તાત્પર્ય છે. કારણકે વ્યવહારરાશિ હંમેશાં સરખી સંખ્યાએ રહે છે, કારણકે વ્યવહારરાશિમાંથી જેટલા જીવો જે વખતે મોક્ષે જાય તેટલા જીવો તુર્ત અવ્યવહારરાશિમાંથી નિકળી વ્યવહારરાશિમાં આવે છે, જેથી વ્યવહારરાશિ હંમેશાં તુલ્ય-સંખ્યાવાળી હોય છે અને અવ્યવહારરાશિ દરવખતે ઘટતી ઘટતી રહે છે, અને તે પણ જેટલા જીવો મોક્ષે જાય તેટલીજ ઘટે છે, એ પ્રમાણે અવ્યવહારરાશિ દરવખતે ઘટતી જાય છે, વ્યવહારરાશિ સમ રહે છે, અને સિદ્ધરાશિ દરવખતે વધતી જાય છે. એ સામાન્યથી વ્યવહારરાશિની સમતા જણાવી. પરન્તુ વ્યવહારરાશિવાળા નિગોદ તો વિષમ સંખ્યાએ પણ હોય, પુનઃ સામાન્ય વ્યવવહારરાશિની અપેક્ષા ન ગણતાં કેવળ વ્યવહાર-નિગોદની અપેક્ષા લઇએ તોપણ નિગોદની રાશિ ઘટતી નથી અને સિદ્ધરાશિ વધતી નથી એમ ગણી શકાય. કારણકે વ્યવહારનિગોદ પણ આગળ કહેવાતા પ્રશ્નના જવાબ પ્રમાણે અનંત ફીટીને અસંખ્યાતી કોઈ કાળે થવાની નથી એજ તાત્પર્ય છે. છતાં "ઘટે ન રાશિ નિગોદકી" એ વાક્ય મુખ્યત્વે અવ્યવહારરાશિને વિશેષ સંબંધ કર્તા છે. કારણકે અવ્યવહારરાશિનિગોદમાં એકાન્તે હાનિજ થયા કરે છે, વૃદ્ધિનો તો સંભવજ નથી, અને વ્યવહારરાશિ નિગોદમાં તો હાનિવૃદ્ધિ બે ચાલુ હોવાથી અનિયતપણું હોય છે. માટે અનિયતપણાવાળી વ્યવહારરાશિનિગોદની અપેક્ષાએ નિગોદરાશિ ઘટતી નથી એમ કહેવું તે વિશેષ સાર્થક નથી.

શંકા—એ પ્રમાણે દર વખતે નિગોદરાશિ ઘટતી જાય છે, અને સિદ્ધરાશિ વધતી જાય છે, છતાં નિગોદરાશિ ઘટતી નથી અને સિદ્ધરાશિ વધતી નથી એમ કહેવું, એ પરસ્પરવિરૂદ્ધ વદતોવ્યાઘાત સરખું છે, વંધ્યાપુત્રના વર્ણન સરખું, અને દેખીતુંજ વિરોધ-વાળું છે.

ઉત્તરઃ—હે જીજ્ઞાસુ! જૈનશાસ્રનું વચન પરસ્પર વિરૂદ્ધ ન

હોય, છતાં પણ અપેક્ષા ન સમજાવાથી પરસ્પર વિરૂદ્ધ લાગે છે, તે અપેક્ષા આ પ્રમાણે છે કે—સિદ્ધરાશિ જે અનંત છે તે સદાકાળ ( થોડી થોડી વધવા છતાં પણ ) અનંતજ રહેવાની છે, પણ અનંતથી વધી જઈને કોઈ ચોથીરાશિના નામવાળી નહિં થાય, કારણકે જૈનશાસ્ત્રમાં પદાર્થસંખ્યા માટે સંખ્યાત-અસંખ્યાત-અને અનંત એ ત્રણરાશિ શ્રી સર્વજ્ઞે નિયત કરેલી છે, ચોથી સંખ્યારાશિનો અભાવ છે તો હવે સિદ્ધરાશિ દરવખતે વધવા છતાં પણ અનંતથી આગળ શું વધવાની હોય! એ પ્રમાણે નિગોદરાશિ એટલે મુખ્યત્વે અવ્યવહારનિગોદરાશિ જો કે દરવખતે ઘટે છે તોપણ ઘટી ઘટીને અનંતકાળે પણ એવી નથી ઘટવાની કે જે અવ્યવહારીનિગોદ અનંત છે તે મટીને અસંખ્ય થઇ જાય. એવો કોઈપણ કાળ આવવાનો નથી, માટે એ ત્રણ સંખ્યારાશિની અપેક્ષાએ નિગોદરાશિ ઘટવાની નથી તેમ સિદ્ધરાશિ વધવાની નથી એ અક્ષરશઃ સત્ય છે. અને વાસ્તવિક રીતે દરવખતે નિગોદરાશિ કિંચિત્ ઘટતી જાય છે, અને સિદ્ધરાશિ કિંચિત્ વધતી જાય છે, તે પણ સત્ય છે.

શંકા—કિંચિત્ કિંચિત્ ઘટતાં પણ અનંતકાળે નિગોદના અનંતજીવો મટીને અસંખ્ય જેટલા ( ઓછા ) કેમ ન થાય?

ઉત્તરઃ—ત્રણકાળના સમયો કરતાં સર્વ જીવો અનંતગુણ છે. અથવા ત્રણકાળના સમયો કરતાં નિગોદજીવો પણ અનંતગુણ છે. તો હવે એવો કાળ કયો આવે કે જે કાળે નિગોદ જીવો અનંત છે તે ઘટીને અસંખ્યાત થઇ જાય?

પુનઃ શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર વિગેરેમાં આગળ કહેવાતી અવ્યવહાર રાશિ એટલે અનાદિ નિગોદ જે સ્વીકારેલી છે તે રાશિ અનંતકાળ સુધી રહેવાની છે, એ વાત સ્પષ્ટ કહી છે. જેથી તે અનાદિ નિગોદ જો કોઇપણ કાળે અનંત મટીને અસંખ્ય થાય તો જરૂર અસંખ્ય મટીને સંખ્યાત થતાં વાર ન લાગે અને જ્યાં સંખ્યાત થઈ કે તુર્ત નિર્લેપ-ખાલી થતાં પણ વાર ન લાગે, અને જો અનાદિ નિગોદરૂપ અવ્યવહારરાશિ ખાલી થઈ તો પછી વ્યવહારરાશિ પણ ક્રમે ક્રમે ખાલી થઇ જાય અને તેમ થતાં

લોકમાં કેવળ અભવ્ય જીવો બાકી રહે અને સર્વ ભવ્ય જીવો સિદ્ધિપદ પામેલા હોવાથી સિદ્ધિગમન પણ અટકે, એમ સર્વ ભવ્ય અને સિદ્ધિ ગમનનો વિચ્છેદ તે કોઇપણ કાળે શ્રી સર્વજ્ઞે ઇચ્છેલો નથી, માટે અનાદિ નિગોદ અનંત મટીને અસંખ્ય નહિં થાય એમ સ્પષ્ટરીતે સમજવું સુગમ છે. પુન: એ અનાદિ નિગોદમાં ભવ્ય અને અભવ્ય બન્ને પ્રકારના અનંત અનંત જીવો સદાકાળ ( કિંચિત્ કિંચિત્ ઓછા થવા છતાં પણ ) અનંત અનંતજ રહેવાના છે. કહ્યું છે કે—

**सामग्गिअभावाओ, ववहारियरासि अप्पवेसाओ**
**भव्वा वि ते अणंता, जे सिद्धि सुहं न पाविंति ॥१॥**

અર્થ—સામગ્રીના અભાવથી વ્યવહાર રાશિમાં નહિં પ્રવેશ થવાથી જે ભવ્યો મોક્ષસુખ પામવાના નથી તેવા ભવ્યજીવો પણ ( અપિ શબ્દથી અભવ્ય જીવો પણ ) અનંત છે. તથા

**पच्चुप्पन्नवणस्सईण निल्लेवणं न भव्वाणं ।**
**जुत्तं न होइ तं जइ,–अच्चंतवणस्सई नत्थि ॥**

( પ્રજ્ઞા૦ પદ ૧૮ )

અર્થ:—વર્તમાનકાળે જે વનસ્પતિ જીવો છે, અને વર્તમાન કાળે જે ભવ્ય જીવો છે તેનો નિર્લેપ ( ખાલી ) થવાનો નથી. અર્થાત્ બિલકુલ વનસ્પતિ જીવ નહિં હોય ( એવો પણ કાળ આવશે ) એમ માનવું તે યોગ્ય નથી. માટે નિગોદરાશિ ઘટવાની નથી એ વચન યથાર્થ છે.

## નિગોદરાશિ.

નિગોદમાં વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિ એમ બે પ્રકારના નિગોદજીવો છે, તેમાં પણ બાદરનિગોદ તો કેવળ વ્યવહારરાશિમાંજ ગણાય, અને સૂક્ષ્મનિગોદજીવો વ્યવહારરાશિવાળા અને અવ્યવહારરાશિવાળા એમ બન્ને પ્રકારના ગણાય છે. ત્યાં પ્રથમ અવ્યવહારરાશિ એટલે જે જીવો સૂક્ષ્મનિગોદપણું ત્યાગ કરીને

કોઈપણ કાળે બાદરનિગોદ અથવા સૂક્ષ્મપૃથ્વીકાયાદિકવ્યવહારને ન પ્રાપ્ત થયા હોય તે અવ્યવહારરાશિવાળા ગણાય. અર્થાત્ અનાદિકાળથી જે જીવો સૂક્ષ્મવનસ્પતિમાંજ મરણ પામી ત્યાંને ત્યાંજ પુનઃ પુનઃ જન્મ મરણ કર્યા કરે છે તે સૂક્ષ્મનિગોદજીવો અવ્યવહારી ગણાય. અહિં વ્યવહાર એટલે અનાદિકાળથી ચાલુ રહેલું સૂક્ષ્મવનસ્પતિ નામ ત્યાગ કરી બીજા નામે વ્યવહાર થવો એટલે પૃથ્વ્યાદિ નામે અથવા બાદર નામરૂપે વ્યવહાર થવો તે વ્યવહાર ગણાય. એવા વ્યવહારને નહિં પ્રાપ્ત થએલા અનંત-જીવો હજી છે અને તેવાજ રહેવાના. કહ્યું છે કે—

**अत्थि अणंताजीवा, जेहिं न पत्तो तसाइपरिणामो**
**ते वि अणंताणंता, निगोअवासं अणुहवंति ॥ १ ॥**

અર્થ:—એવા અનંતાનંત જીવો છે કે જે જીવોએ અદ્યાપિ પર્યંત ત્રસાદિ કોઈપણ પરિણામ પ્રાપ્ત કર્યો નથી, અને નિગોદ-વાસનેજ અનુભવતા રહ્યા છે. એવા જીવો अव्यवहारराशिनिगोद ના નામથી ઓળખાય છે.

તથા જે જીવો અનાદિસૂક્ષ્મનિગોદપણાનો ત્યાગ કરી સૂક્ષ્મ-પૃથ્વીકાયાદિકમાં અથવા બાદરનિગોદાદિકમાં ઉત્પન્ન થવાથી એક-વાર પણ સૂક્ષ્મનિગોદપણાના નામનો લોપ કરી પૃથ્વીકાયાદિક વ્યપદેશરૂપ વ્યવહારને તથા બાદર વ્યપદેશરૂપ વ્યવહારને પ્રાપ્ત થયા હોય તેવા પુનઃ નિગોદમાં આવેલા નિગોદજીવો व्यवहार-राशिनिगोद ના નામથી ઓળખાય છે. એ પ્રમાણે બાદરનિગોદ અને સૂક્ષ્મપૃથ્વીકાયાદિ તથા બાદરપૃથ્વીકાયાદિ જીવો તો વ્યવ-હારરાશિવાળા જીવો ગણાય છે, એટલુંજ નહિં પરન્તુ એ જીવો પુનઃ સૂક્ષ્મનિગોદમાં ઉત્પન્ન થાય ત્યાં પણ તેઓ વ્યવહારરાશિ-વાળાજ ગણી શકાય છે. અને ત્યાં અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્યકાળચક્રસુધી જન્મ મરણ કરી પુનઃ સૂક્ષ્મનિ-ગોદમાંથી બહાર નિકળે છે. એથી વધુકાળ વ્યવહારરાશિ નિગોદો સૂક્ષ્મનિગોદમાં ટકી શકે નહિં. તેમજ કાયસ્થિતિદ્વારમાં કહ્યા પ્ર-માણે બાદરનિગોદ બાદરનિગોદપણામાં ૭૦ કોડા કોડી સાગરોપમ

સુધી જન્મ મરણ કરી અવશ્ય બાદરનિગોદપણાનો ત્યાગ કરી સૂક્ષ્મનિગોદમાં અથવા તો સૂક્ષ્મબાદર એકેન્દ્રિયાદિજીવોમાં ઉત્પન્ન થાય છે. એ ઉત્કૃષ્ટસ્થિતિ કહી, અને જઘન્યકાયસ્થિતિ તો બન્નેની અન્તર્મુહૂર્ત્ત જાણવી. તથા સૂક્ષ્મ અને બાદરનિગોદ બન્નેની એકત્ર કાયસ્થિતિ અથવા વ્યવહારરાશિનિગોદપણાની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી ૨ાા (અઢી) પુદ્‌ગલપરાવર્ત્ત છે, અને જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત કાયસ્થિતિ છે.

## निगोदमां भेदादिक द्वारनी प्राप्ति.

હવે નિગોદમાં ભેદ-સ્થાન-પર્યાપ્તિ-સંખ્યા-યોનિ-કુલ-સંવૃતત્વાદિ-ભવસ્થિતિ-કાયસ્થિતિ-શરીર-સંસ્થાન-દેહમાન-સમુદ્‌ઘાત ગતિ-આગતિ-અનંતરાપ્તિ-સમયેસિદ્ધિ-લેશ્યા-દિશિઆહાર-સંઘયણ-કષાય-સંજ્ઞા-ઇન્દ્રિય-સંજ્ઞિત્વ-વેદ-દ્રષ્ટિ-જ્ઞાન-દર્શન-ઉપયોગ-ત્રણઆહાર-ગુણસ્થાન-યોગ-માન-પરસ્પરાલ્પબહુત્વ-દિશિઅલ્પબહુત્વ-અંતર અને ભવસંવેધ એ ૩૭ દ્વારની પ્રાપ્તિ કહેવાય છે.

૧ भेद—જીવના ૫૬૩ ભેદમાં નિગોદના ભેદ ૧ સૂક્ષ્મઅપર્યાપ્તનિગોદ, ૨ સૂક્ષ્મપર્યાપ્તનિગોદ, ૩ બાદરઅપર્યાપ્તનિગોદ, અને ૪ બાદર પર્યાપ્તનિગોદ એ ચાર ભેદ છે. એકેન્દ્રિયના બાવીસભેદમાંના અથવા વનસ્પતિના ૬ ભેદમાંનાજ એ ચાર ભેદ નિગોદના છે. અથવા વ્યાવહારિકનિગોદ અને અવ્યાવહારિક નિગોદ એ બે ભેદ પ્રથમ કહેવાય છે.

૨ स्थान—સૂક્ષ્મનિગોદ સર્વ લોકાકાશમાં આગળ આ-નિગોદ છત્રીશીમાં કહ્યા પ્રમાણે અતિનિબિડપણે વ્યાપ્ત થયેલી છે. લોકમાં એવું કોઇ સ્થાન કે કોઇ આકાશ પ્રદેશ નથી કે જ્યાં સૂક્ષ્મનિગોદ ન હોય. અને બાદરનિગોદનું સ્થાન સર્વ દ્વીપસમુદ્રોમાં અને વાસ્તવિકરીતે સર્વ જળાશયમાં અને સર્વ વનસ્પતિસ્થાનોમાં હોય છે. जत्थ जत्थ जलं तत्थ तत्थ वणं એટલે જ્યાં જ્યાં જળ ત્યાં ત્યાં વનસ્પતિ હોય એ વચન વિશેષત: બાદરનિગોદવનસ્પતિની અપેક્ષાએ છે. જો કે કાચા સ્વચ્છ જળમાં પણ બાદરનિગોદ દેખાતી નથી તોપણ અદ્રશ્યપણે બાદરનિગોદ અવશ્ય છે, એ

ભાવાર્થ શ્રી યશોવિ૦ ઉપાધ્યાયજી મહારાજે ધર્મપરીક્ષામાં કહ્યો છે. જેથી બાદરનિગોદ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. અને સૂ૦ નિગોદ સર્વલોકમાં છે.

૩ पर्याप्ति—લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ તથા લબ્ધિઅપર્યાપ્ત બાદરનિગોદ જીવોને આહાર–શરીર–અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ હોય છે, ચોથી પર્યાપ્તિ આરંભેલી હોય છે પણ પૂર્ણ થઈ શકતી નથી. અને લબ્ધિપર્યાપ્ત સૂ૦ નિગોદને તથા લબ્ધિપર્યાપ્ત બાદરનિગોદને ઉચ્છ્વાસપર્યાપ્તિ સહિત ચાર પર્યાપ્તિ હોય છે.

प्राण—અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદને તથા અપર્યાપ્તબાદરનિગોદને આયુષ્ય કાયબળ–અને સ્પર્શેન્દ્રિય એ ત્રણ પ્રાણ હોય છે, અને પર્યાપ્તસૂક્ષ્મ તથા પર્યાપ્તબાદરનિગોદને આયુષ્ય–કાયબળ–સ્પર્શેન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ સહિત ત્રણ પ્રાણ હોય છે.

૪ योनि—૧૪ લાખ યોનિ તે સમવર્ણ સમગંધ સમરસ સમસ્પર્શ અને સમસંસ્થાનવાળા અનંતનિગોદ પણ એક યોનિમાં ગણાય. એ રીતે (૧૪ લાખ યોનિ) છે.

૫ कुल—એક યોનિમાં ઉત્પન્ન થતા ભિન્ન ભિન્નજાતિના જીવો તે કુલ ગણાય, અને એ પ્રમાણે બન્ને નિગોદનાં અભિન્નવિવક્ષાએ ૨૮ લાખ ક્રોડ કુલ છે.

૬ संवृतत्वादि—બન્ને પ્રકારની નિગોદ સંવૃતયોનિવાળી છે. કારણકે નિગોદની ઉત્પત્તિસ્થાનરૂપ યોનિ સ્પષ્ટ દેખી શકાતી નથી.

૭ भवस्थिति—બન્ને નિગોદનું જઘન્ય આયુષ્ય ૨૫૬ આવલિકાપ્રમાણ ક્ષુલ્લક ભવ જેટલું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય એથી અધિક અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

कायस्थिति—અવ્યવહારરાશિરૂપ નિગોદની અપેક્ષાએ જઘન્ય અથવા ઉત્કૃષ્ટ સ્થિતિ અનાદિ સાન્ત અને અનાદિ અનંત છે. અર્થાત્ જે જીવો નિગોદમાંથી હજીસુધી નિકળ્યા નથી પણ નિકળશે તેઓની કાયસ્થિતિ અનાદિ સાન્ત અને જે જીવો નિકળ્યા નથી અને નિકળવાના પણ નથી તે નિગોદજીવોની કાયસ્થિતિ અનાદિ અનંત છે. તથા જે નિગોદજીવો અનાદિનિગોદમાંથી

એટલે અવ્યવહારરાશિમાંથી નિકળી વ્યવહારરાશિમાં આવીને પુનઃ નિગોદપણું પામ્યા છે તેઓની નિગોદપણાની કાયસ્થિતિ સાદિ સાન્ત છે, એટલે કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી સુધી નિગોદપણાનો અનુભવ કરશે, અને ક્ષેત્રથી અસંખ્યલોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલાં કાળચક્રો સુધી નિગોદપણું અનુભવશે. (તે સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદ બન્નેમાં ભવપૂર્તિની અપેક્ષાએ કહ્યું. અન્યથા બાદરનિગોદ તો બાદરનિગોદમાં ૭૦ કો૦ કો૦ સાગર સુધી ઉત્પન્ન થઇ શકે છે. એમ કાયસ્થિતિ સ્તોત્રમાં તથા પ્રજ્ઞાપના૦ના ૧૮મા પદમાં કહ્યું છે.)

૯ શરીર—(એક) નિગોદમાં રહેલા અનંતજીવોનું ઔદારિક શરીર હોય છે, અને તે એક હોય છે. પુનઃ તૈજસ અને કાર્મણ શરીર તો તે દરેક જીવનાં પોતપોતાનાં જૂદાં જૂદાં હોય છે.

૧૦ સંસ્થાન—નિગોદનું હુંડક સંસ્થાન છે, પુનઃ વિશેષપણે વિચારતાં શ્રી જીવાભિગમજીમાં સૂક્ષ્મનિગોદનું અને બાદરનિગોદનું પણ અનિત્થંસ્થ (અનિયત આકારવાળું) સંસ્થાન કહ્યું છે, અને સંગ્રહણિવૃત્તિમાં સામાન્યપણે નિગોદનું સ્તિબુક (પરપોટા) આકારે સંસ્થાન કહ્યું છે.

૧૧ દેહમાન—બન્ને નિગોદનું શરીર જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી પણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, પરન્તુ જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ ભાગ કંઇક અધિક જાણવો, એમાં પરસ્પર હીનાધિક શરીર આ પ્રમાણે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | અપર્યાપ્ત | સૂક્ષ્મનિગોદની | જઘન્ય | અવગાહના | સર્વથીલઘુ | તેથી |
| ૨ | ” | બાદરનિગોદની | ” | ” | અસંખ્યગુણ | તેથી |
| ૩ | પર્યાપ્ત | સૂક્ષ્મનિગોદની | ” | ” | ” | તેથી |
| ૪ | પર્યાપ્ત | બાદરનિગોદની | ” | ” | ” | તેથી |
| ૫ | અપર્યાપ્ત | સૂક્ષ્મનિગોદની | ઉત્કૃષ્ટ | અવગાહના | ” | તેથી |
| ૬ | પર્યાપ્ત | સૂક્ષ્મનિગોદની | ” | ” | ” | તેથી |
| ૭ | અપર્યાપ્ત | બાદરનિગોદની | ” | ” | ” | તેથી |
| ૮ | પર્યાપ્ત | બાદરનિગોદની | ” | ” | ” | ... |

એ પ્રમાણે ૮ પ્રકારે નિગોદજીવોની અવગાહનાની તરતમતા છે.

૧૨ समुद्घात—અને નિગોદના જીવોને કષાયસમુદ્ઘાત–વેદના સમુદ્ઘાત–અને મરણસમુદ્ઘાત એ ત્રણ સમુદ્ઘાત હોય છે. વિશેષમાં એ છે કે નિષ્કૂટસ્થાને રહેલા નિગોદ તથા અગોચર સ્થાનમાં રહેલા નિગોદ કે જ્યાં વાયુ આદિનો વિશેષ આઘાત પહોચી શકતો નથી તેવા સ્થાનમાં રહેલાઓને વેદનાસમુદ્ઘાત નથી હોતો. એમ શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહ્યું છે.

૧૩ गति—નિગોદજીવો મરણ પામીને સર્વએકેન્દ્રિયોમાં, સર્વવિકલેન્દ્રિયોમાં, સંખ્યાતઆયુષ્યવાળા ગર્ભજતિર્યંચપંચેન્દ્રિયોમાં, સંખ્યાતઆયુષ્યવાળા ગર્ભજમનુષ્યમાં અને સમુચ્છિંમતિર્યંચમનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. પરન્તુ યુગલિકમાં દેવમાં અને નારકમાં ઉત્પન્ન થતા નથી.

૧૪ आगति—એ જીવોની જ્યાં જ્યાં ગતિ કહી છે, ત્યાં ત્યાંથી આગતિ પણ જાણવી, અર્થાત્ તે તે સ્થાનથી મરણ પામેલા જીવો નિગોદમાં ઉત્પન્ન થાય છે. પરન્તુ યુગલિક, દેવ, અને નારક એ ત્રણ જીવો નિગોદમાં આવતા નથી. તેથી આગતિ તે ગતિ તુલ્ય જાણવી.

૧૫ उत्पत्ति संख्या—એક સમયમાં જઘન્યથી અનંતનિગોદજીવો ઉત્પન્ન થાય છે, પરન્તુ અસંખ્ય અથવા સંખ્યનિગોદ જીવો ઉત્પન્ન થતા નથી. તેમ ઉત્કૃષ્ટથી પણ એકસમયમાં તેથી પણ વધુ અનંતનિગોદજીવો ઉત્પન્ન થાય છે, માટે દરસમયે અનંતનિગોદજીવોની ઉત્પત્તિ છે. જેમ ઉત્પત્તિ છે તેમ પ્રતિસમય અનંતનિગોદજીવોનું ચ્યવન–મરણ પણ થયા કરે છે. એકજ નિગોદમાં જેટલા અનંતજીવો વિવક્ષિત સમયે છે તેમાંનો અનંતજીવાત્મક એક અસંખ્યાતમો ભાગ એકસમયમાં મરણ પામે છે. અને તેજ સમયે પુન: અનંતજીવાત્મક એક અસંખ્યાતમોભાગ પરભવથી આવી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે પ્રતિસમય એકેક અસંખ્યાંશ ઘટતાં ઘટતાં વિવક્ષિત સમયના સર્વજીવો અન્તર્મુહૂર્ત્ત માત્રમાં સર્વવિનાશ પામે છે, જેથી અન્તર્મુહૂર્ત્ત વ્યતીત થતાં બીજેસમયે જોઇએ તો તે નિગોદ

માં સર્વ જીવો નવાજ આવેલા હોય છે, અને પૂર્વમાંનો એક પણ જીવ વિદ્યમાન હોય નહિં. એ રીતે જેમ એક નિગોદ અન્તર્મુહૂર્ત્તમાત્રમાં સર્વથા પરાવર્તન પામી તેમ સર્વ જગતની દરેક નિગોદ પણ અન્તર્મુહૂર્ત માત્રમાં પરાવર્તન પામે છે. એ પ્રમાણે સદાકાળ નિગોદો દર અન્તર્મુહૂર્તે સર્વથા નવી નવી ઉત્પન્ન થાય છે. પરન્તુ તે નિગોદ કદીપણ જીવરહિત થતી નથી.

૧૬ विरह—પ્રતિસમય અનંતનિગોદાત્મક એકેક અસંખ્યાતમો ભાગ દરેક નિગોદમાંથી મરણ પામે છે, અને નવો ઉત્પન્ન થાય છે માટે નિગોદમાં જન્મ મરણનો વિરહકાળ હોઈ શકતો નથી.

૧૭ अनंतराप्ति—અગ્રભવમાં જે સમ્યક્ત્વાદિગુણપ્રાપ્તિ થાય તે વિવક્ષિત ભવમાટે અનંતરાપ્તિ કહેવાય. નિગોદના જીવો મરણ પામી પરભવમાં જો પંચેન્દ્રિય તિર્યંચ થાય તો સમ્યક્ત્વ અને દેશવિરતિ પામે છે, અને જો ગર્ભજ મનુષ્ય થાય તો સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિ અને મોક્ષ પણ પ્રાપ્ત કરે છે.

૧૮ समये सिद्धि—નિગોદમાંથી નિકળી ગર્ભજમનુષ્ય થઈ એક સમયમાં ૬ જીવ મોક્ષે જઈ શકે છે.

૧૯ लेश्या—દરેક નિગોદજીવને અન્તર્મુહૂર્ત્તે પરાવર્તન પામતી કૃષ્ણ-નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ હોય છે.

૨૦ किमाहार—લોકની અંદર રહેલા નિગોદજીવોને ૬ દિશિનો આહાર હોય છે, અને લોકાન્તે નિષ્કૂટસ્થાનોમાં રહેલાઓને ૩-૪-૫ દિશિનો આહાર હોય છે.

૨૧ संघयण—હાડના અભાવથી નિગોદજીવોને સંઘયણ નથી પરન્તુ મતાન્તરે સેવાર્ત્ત સંઘયણ સ્વીકારેલું છે, તે બળની અપેક્ષાએ છે.

૨૨ संज्ञा—આહારસંજ્ઞા-ભયસંજ્ઞા-વિષયસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એ ચારે સંજ્ઞાઓ અવ્યક્તપણે નિગોદજીવોને હોય છે. જો એ જીવો સંજ્ઞારહિત હોય તો સર્વજ્ઞતુલ્ય ગણાય. અને કર્મબંધ પણ ન કરે.

૨૩ कषाय—જે રીતે અવ્યક્તપણે ચાર સંજ્ઞાઓ છે તે રીતે અવ્યક્તપણે ચારે કષાયો ( સર્વે કષાયો ) પણ છે. જો અવ્યક્ત પણ કષાય ન સ્વીકારીએ તો એ નિગોદ જીવો વીતરાગ ગણાય.

૨૪ इन्द्रिय—નિગોદજીવોને પાંચ ઇન્દ્રિયોમાંની એક સ્પર્શ-ઇન્દ્રિય છે.

૨૫ संज्ञित्व—વર્તમાનકાળનો તેમજ ત્રણે કાળનો વિચાર કરવા અશક્ત હોવાથી નિગોદજીવો અસંજ્ઞિ ગણાય છે.

૨૬ वेद—નિગોદજીવો કેવળ નપુંસકવેદવાળા હોય છે એ વેદ પણ સંજ્ઞા અને કષાયવત્ અવ્યક્ત જાણવો, અન્યથા અવેદી ગણાય તે ઇષ્ટ નથી.

૨૭ द्रष्टि—સર્વે નિગોદજીવો એક મિથ્યાત્વદ્રષ્ટિવાળા હોય છે.

૨૮ ज्ञान—સર્વે નિગોદજીવોને મતિઅજ્ઞાન–શ્રુતઅજ્ઞાન–એ–બે અજ્ઞાન હોય છે, અને તે પણ શેષ સર્વજીવોની અપેક્ષાએ અતિ અલ્પ હોય છે.

૨૯ दर्शन—સ્પર્શેન્દ્રિય માત્ર હોવાથી સર્વ નિગોદજીવો અચક્ષુદર્શનવાળા છે. શેષ ચક્ષુ આદિ દર્શન હોય નહિં.

૩૦ उपयोग—ઉપર કહ્યા પ્રમાણે બે અજ્ઞાન અને એક દર્શન મળી નિગોદજીવો ત્રણ ઉપયોગવાળા છે.

૩૧ आहार—વિગ્રહગતિવિના એ જીવો સદાકાળ આહારી હોય છે. વિગ્રહગતિમાં પણ ત્રણ વા ચાર સમય નિરાહારી હોય છે. પુનઃ એ જીવોને ઉત્પન્ન થતાં શરીરાપર્યાપ્તપણામાં ઓજ આહાર હોય, અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ લોમાહાર હોય. એ બન્ને પ્રકારનો આહાર પણ એ જીવોને અનાભોગિક ( સ્પષ્ટ ઉપયોગ રહિતપણે ) હોય છે. પુનઃ સચિત્તાદિ ત્રણે પ્રકારનો આહાર છે. અને એક સમયપણ આહારનું અન્તર નથી.

૩૨ गुणस्थान—નિગોદજીવોને અવ્યક્ત મિથ્યાત્વ નામનું પાંચમું મિથ્યાત્વ હોવાથી પ્રથમ ગુણસ્થાનવાળા છે.

૩૩ योग—નિગોદજીવોને વિગ્રહગતિમાં કાર્મણ–કાયયોગ

હોય છે, અને ઉત્પન્ન થતાં પ્રથમસમયે પણ કાર્મણયોગ છે. ત્યારબાદ બીજા સમયથી અપર્યાપ્ત અવસ્થા સુધી ઔદારિક મિશ્રયોગ છે, અને પર્યાપ્ત થયા બાદ ઔદારિકકાયયોગ છે.

૩૪ मान—અપર્યાપ્તસૂક્ષ્મનિગોદાદિ ચારે પ્રકારના નિગોદ જીવો અનંતલોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેથી પણ અનંતગુણા છે. તેમાં પણ

| | |
|---|---|
| ૧ બાદર પર્યાપ્ત નિગોદ | સર્વથી અલ્પ તેથી— |
| ૨ બાદર અપર્યાપ્ત નિગોદ | અસંખ્યગુણ તેથી— |
| ૩ સૂક્ષ્મ અપર્યાપ્ત નિગોદ | અસંખ્યગુણ તેથી— |
| ૪ સૂક્ષ્મ પર્યાપ્ત નિગોદ | અસંખ્યગુણ છે. |

અહિં સર્વ નિગોદની સંખ્યા તપાસીએ તો સૂક્ષ્મવાયુજીવોથી અસંખ્યગુણ નિગોદ છે. કારણકે દરેક ગોળામાં અસંખ્ય અસંખ્ય નિગોદ છે. તેથી અનંતગુણ સૂક્ષ્મ વનસ્પતિ જીવો છે. અને તેથી વિશેષાધિક સૂક્ષ્મ જીવો છે. પુનઃ આ સૂક્ષ્મનિગોદમાં એક અપર્યાપ્ત નિશ્રાએ અસંખ્ય પર્યાપ્ત જીવો હોય છે. અને બાદર નિગોદમાં એક પર્યાપ્તની નિશ્રાએ બીજા અસંખ્ય અપર્યાપ્ત જીવો હોય છે.

૩૫ दिशि अल्पबहुत्व—સર્વલોકમાં સૂક્ષ્મનિગોદજીવો અતિ ગાઢપણે વ્યાપ્ત હોવાથી દિશિ અપેક્ષાએ સૂક્ષ્મનિગોદજીવોનું અલ્પબહુત્વ નથી. અને બાદરનિગોદની અપેક્ષાએ તો પશ્ચિમદિશિમાં બાદરનિગોદ અલ્પ છે, તેથી પૂર્વદિશિમાં વિશેષ છે, તેથી દક્ષિણદિશિમાં વિશેષ છે, અને તેથી ઉત્તરદિશિમાં વિશેષ છે. આ અલ્પબહુત્વ બાદર અપ્કાયને આધારે કહેવું. કારણકે બાદર વનસ્પતિનું અલ્પબહુત્વ જળના અલ્પબહુત્વ સાથે સંબંધ રાખે છે. જયાં જળ ત્યાં વનસ્પતિ એવો સ્વાભાવિક નિયમ છે.

૩૬ अन्तर—સૂક્ષ્મનિગોદજીવ સૂક્ષ્મનિગોદપણાનો ત્યાગ કરી બાદરનિગોદમાં અથવા સૂક્ષ્મપૃથ્વીકાયાદિ અન્ય ભવમાં ઉત્પન્ન થાય તો ત્યાં જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત્ત રહી પુનઃ સૂક્ષ્મનિગોદમાં આવી ઉત્પન્ન થાય તે અપેક્ષાએ સૂક્ષ્મનિગોદજીવનું જઘન્ય

અન્તર અન્તર્મુહૂર્ત્ત છે. અને ઉત્કૃષ્ટ અન્તર અસંખ્યલોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલા કાળચક્ર છે. કારણકે સૂક્ષ્મપૃથ્વીકાયાદિ અનેક ભવભ્રમણ કરીને અસંખ્યકાળચક્ર પૂર્ણ કરે ત્યારબાદ અવશ્ય સૂક્ષ્મવનસ્પતિમાં આવી ઉપજે. સૂક્ષ્મવનસ્પતિ સિવાય અનંતકાળની સ્થિતિ બીજા કોઈ ભવોમાં નથી.

૩૭ भवसंवेध—નિગોદના જીવો નિગોદમાં ઉત્પન્ન થઇ અનંતભવ કરી શકે છે, પરન્તુ જો નિગોદ સિવાય બીજા ભવ કરે તો અસંખ્ય ભવ કરે છે, અને ત્યારબાદ તુર્ત પુન: નિગોદમાં આવી જાય છે.

૩૮ बंध—સામાન્યપણે નિગોદના જીવો મૂળ આઠકર્મનો બંધ કરે છે, અને ઉત્તર પ્રકૃતિ આશ્રયિ ૧૦૯ કર્મનો બંધ કરે છે. કારણકે સમ્યક્ત્વના અભાવે જીનનામકર્મ, ચારિત્રના અભાવે આહારકદ્વિક અને દેવનારકમાં જવાના અભાવે વૈક્રિયાષ્ટક એ ૧૧ પ્રકૃતિઓ બાંધતા નથી. એ વ્યવહારરાશિમાં ઉત્પન્ન થનારા નિગોદઆશ્રયી જાણવું. પરન્તુ જેઓ અવ્યવહારરાશિમાં હોઇને અનંતકાળ સુધી અવ્યવહારરાશિમાંજ રહેવાના છે, અને કદીપણ બહાર નિકળી વ્યવહારરાશિપણું પામવાના નથી તેવા જીવો તો—

૫ જ્ઞાનાવરણ
૯ દર્શનાવરણ
૨ વેદનીય
૧ નીચગોત્ર
૫ અન્તરાય
૧ તિર્યગાયુ
૨૩

૨૮ નામકર્મ તે આ પ્રમાણે—તિર્યગ્ગતિ–એકેન્દ્રિયજાતિ–તૈજસ–કાર્મણ–ઔદારિકશરીર–હુંડકસંસ્થાન–વર્ણાદિ ૪–તિર્યગાનુપૂર્વી–અગુરૂલઘુ–ઉપઘાત–પરાઘાત–ઉચ્છ્વાસ–સ્થાવર-સૂક્ષ્મ–સાધારણ-અપર્યાપ્ત–પર્યાપ્ત–સ્થિર–અસ્થિર–શુભ–અશુભ–દૌર્ભાગ્ય—અનાદેય–અયશ–નિર્માણ.

૨૪ મોહનીય ( ૨૮ માંથી મિશ્ર–સમ્ય૦–સ્ત્રી૦–પુરૂષ૦વિના— )
એ પ્રમાણે ૭૬ પ્રકૃતિનો બન્ધ અનાદિઅનંતા ભાંગાવાળી અવ્યવહારી નિગોદને જાણવો.

૩૯ उदय—અનાદિ અનંતભાંગાવાળા નિગોદજીવો જેટલી પ્રકૃતિઓ બાંધી શકે છે તેટલી પ્રકૃતિઓજ તેમને ઉદય યોગ્ય જાણવી. કારણકે નિગોદને જેટલી પ્રકૃતિએ ઉદયયોગ્ય હોય તેટલીજ પ્રકૃતિઓ નિગોદમાં ઉત્પન્ન થનારા બીજા જીવો તેમજ અનાદિ અનંત અવ્યવહારી નિગોદજીવો બાંધી શકે છે. અર્થાત્ ૭૬ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

૪૦ उदीरणा—ઉદયવત્ ૭૬ પ્રકૃતિઓની ઉદીરણા પણ હોય છે.

૪૧ सत्ता—જીનનામ–આહારકદ્વિક સમ્ય૦–મિશ્ર૦–દેવાયુ–નરકાયુ–દેવગતિ–નરકગતિ–દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વી એ ૧૧ પ્રકૃતિ વિના શેષ ૧૩૭ પ્રકૃતિઓની સત્તા હોય. એ સામાન્યનિગોદ-આશ્રયી જાણવું, અને અનાદિ અનંત અવ્યવહારી નિગોદને તો જેટલો બંધ તેટલોજ ઉદય અને તેટલીજ સત્તા હોવાથી ૭૬ પ્રકૃતિની સત્તા ૧૨૦ ની અપેક્ષાએ હોય.

૪૨ पदवी—નિગોદજીવને અગ્રભવમાં તીર્થંકર ચક્રવર્તિ વાસુદેવ અને બલદેવ એ ચાર પદવીઓ વિના ૧ માંડલીકપદવી–ચક્રવર્તિના ૧૪ રત્નનીપદવી, સમ્યક્ત્વ–દેશવિરતિ–સર્વવિરતિ–અને કેવલિ એ ૧૯ પદવીઓ પામે, એમ સામાન્ય વનસ્પતિની પદવી ઉપરથી પન્નવણાજીમાં ૨૦ મા પદને વિષે કહેલી વક્તવ્યતાનુસારે સંભવ રહે છે.

એ પ્રમાણે નિગોદને અંગે ૪૨ દ્વારો કહીને હવે કેવળ સૂક્ષ્મનિગોદજીવો સંબંધિ સ્વરૂપ કહેવાને નિગોદછત્રીશી નામનું પ્રકરણ કહેવાય છે.

# निगोद छत्रीशी सटीकनुं

## भाषान्तर.

શ્રી ભગવતી સૂત્રને વિષેજ ૧૧ મા શતકના ૧૦ મા ઉદ્દેશામાં [૧]નિગોદનો વિચાર ( મૂળ સૂત્રમાં ) આ પ્રમાણે કહ્યો છે—" હે ભગવંત ! લોકના એક આકાશ પ્રદેશને વિષે જઘન્યથી ( ઓછામાં ઓછા ) જીવપ્રદેશો, ઉત્કૃષ્ટ ( વધારેમાં વધારે ) જીવપ્રદેશો અને સર્વજીવો એ ત્રણમાં પરસ્પર કોણ અલ્પ છે? અથવા કોણ ઘણા છે? અથવા કોણ તુલ્ય છે અથવા કોણ વિશેષાધિક છે? ( એ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો ત્યારે સર્વજ્ઞ શ્રી મહાવીર ભગવંતે ઉત્તર આપ્યો કે ) હે ગૌતમ! લોકના એક આકાશપ્રદેશમાં ( અથવા લોકાકાશના એક પ્રદેશમાં ) જઘન્ય સંખ્યાએ રહેલા જીવપ્રદેશો સર્વથી ( એટલે ઉત્કૃષ્ટપદ જીવપ્રદેશોથી અને સર્વજીવોથી ) અલ્પ છે. તેથી ( એટલે જઘન્યપદ જીવપ્રદેશોથી ) સર્વજીવો ( લોકવર્તી સમગ્રજીવસંખ્યા ) અસંખ્યગુણ છે અને તેથી ( એટલે સમગ્રજીવસંખ્યાથી ) ઉત્કૃષ્ટપદવાળા ( એક આકાશપ્રદેશવર્તી ) જીવપ્રદેશો વિશેષાધિક એટલે સંપૂર્ણ દ્વિગુણ નહિ પણ દ્વિગુણથી-બમણાથી કંઈક ઓછા ) છે."

એ મૂળ સૂત્રમાં કહેલા નિગોદના સંક્ષિપ્ત વિચારને વિશેષ સુગમતાથી સવિસ્તરપણે સમજવાને માટે નિગોદનું વિસ્તૃત વર્ણન આ આગળ કહેવાતી પૂર્વાચાર્યોની રચેલી ૩૬ ગાથાઓવડે કહેવાય છે તે આ પ્રમાણે:—

---

૧ અંગુલના અસંખ્યાતમાભાગ પ્રમાણનાં એકજ ઔદારિકશરીરમાં સૂક્ષ્મવનસ્પતિકાયનાં અનંતજીવો રહે છે, તે સૂક્ષ્મનિગોદ કહેવાય. અને એવા એકજ બાદર ઔદારિકશરીરમાં જે અનંત બાદરવનસ્પતિજીવો રહે છે તે બાદરનિગોદ કહેવાય, પ્રસ્તુત પ્રકરણમાં ( નૈશ્ચયિક ) ઉત્કૃષ્ટ પદ બન્ને નિગોદ મળીને અને જઘન્યપદ વિશેષતઃ સૂક્ષ્મનિગોદથી જાણવું.

**लोगस्सेगपएसे, जहन्नयपयम्मि जियपएसाणं**
**उक्कोसपए अ तहा, सव्वजियाणं च के बहुया ?॥१॥**

ગાથાર્થ—લોકના એક આકાશપ્રદેશને વિષે જઘન્યપદે જે જીવપ્રદેશો છે, તથા ઉત્કૃષ્ટપ્રદેશે જે જીવપ્રદેશો છે, અને જે સર્વ જીવો એ ત્રણમાં પરસ્પર કોણ અલ્પબહુ છે. ? (એ પ્રશ્ન છે.)

ટીકાર્થઃ—લોકાકાશના એક આકાશપ્રદેશમાં એટલે એક નિર્વિભાજ્ય (કલ્પનાથી પણ જેનો ભાગ ન થઇ શકે એવા પરમ સૂક્ષ્મભાગ જેટલા) ક્ષેત્રમાં સૂક્ષ્મનિગોદાદિજીવોના ઓછામાં ઓછા કેટલા આત્મપ્રદેશો અવગાહેલા (અંદર સંક્રમીને રહેલા) હોય ? તથા લોકાકાશના તેવાજ એક આકાશપ્રદેશમાં એટલે એક નિર્વિભાજ્ય ક્ષેત્રમાં સૂક્ષ્મનિગોદાદિજીવોના ઉત્કૃષ્ટથી કેટલા આત્મપ્રદેશો અવગાહેલા હોય ? તથા સર્વજીવો એટલે સંપૂર્ણ લોકાકાશમાં રહેલા સર્વભેદે અભિન્ન (એટલે કોઈપણ જીવભેદની વિવક્ષારહિત અર્થાત્ અમુક ભેદવાળા નહિં પરન્તુ સર્વે) જીવો તથા ઉત્કૃષ્ટપદે એક આકાશપ્રદેશમાં રહેલા સૂક્ષ્મબાદર આદિ ભેદવાળા જીવોના આત્મપ્રદેશો અને જઘન્યપદે એક આકાશપ્રદેશમાં રહેલા સૂક્ષ્મ બાદર આદિ ભેદવાળા જીવોના આત્મપ્રદેશો એ ત્રણમાં પરસ્પર કોણ અલ્પબહુ છે ? એ મૂળ ગાથા માત્રની વૃત્તિ-ટીકા કહી. હવે તાત્પર્ય કહેવાય છે.—

અહિં ચૌદરજ્જુપ્રમાણ લોકના આકાશપ્રદેશોની ગણત્રી કરીએ તો અસંખ્ય આકાશપ્રદેશવાળો લોક છે, તેમાં એકેક-દરેક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમાભાગ પ્રમાણની છે (અર્થાત્ અંગુલના અસંખ્યાતમાભાગ જેટલા અલ્પ આકાશમાં એક નિગોદ એવી રીતે દરેક નિગોદ રહેલી છે) તેમાં પણ જેટલા અલ્પ આકાશમાં એક (વિવક્ષિત-અમુક) નિગોદ રહેલી હોય છે, ત્યાં તેટલાજ આકાશમાં બીજી પણ અસંખ્ય નિગોદો (પરસ્પર સંક્રમીને) રહેલી હોય છે. પુનઃ અનંતજીવોનું એક એટલે સાધારણ (અર્થાત્ અનંતજીવો વચ્ચે એકજ શરીર અથવા જે એકજ ઔદારિક સૂક્ષ્મ અથવા બાદર પણ અંગુલના અસંખ્યાતમાભાગ માત્ર શરીરમાં અનંતજીવો રહેલા હોય તે) શરીર નિગોદ કહેવાય,

( પુનઃ એ એક નિગોદમાં રહેલા અનંતજીવોમાંનો ) દરેક જીવ પોતપોતાની અવગાહનામાં અસંખ્ય આત્મપ્રદેશોવાળો હોય છે, ( તે અસંખ્ય આત્મપ્રદેશો એટલા બધા છે કે ) તે જીવ સૂક્ષ્મ-નિગોદ ( રૂપ અવસ્થા ) માં અતિસંકુચિત થઈને રહ્યો હોય તો અંગુલના અસંખ્યાતમાભાગ માત્રમાં રહેલા અસંખ્ય આકાશ-પ્રદેશવાળા અલ્પઆકાશમાં વ્યાપ્ત થાય છે ( રહે છે ) પરન્તુ જો એમાંનો કોઈપણ જીવ પોતાના આત્મપ્રદેશોને જો ( સંસ્થાના-દિ[1]પ્રત્યયથી ) વિસ્તૃત કરે તો ( એક આકાશપ્રદેશ અધિક બે આ-કાશપ્રદેશ અધિક ત્રણ આકાશપ્રદેશ અધિક યાવત્ સંખ્ય અને અસંખ્ય આકાશપ્રદેશ અધિક ક્ષેત્રમાં અવગાહ કરી શકતો હો-વાથી ) ઘણા અતિઘણા યાવત્ કેવલિસમુદ્ઘાત અવસ્થામાં સર્વ લોકાકાશનાપ્રદેશોમાં ( ચૌદ રાજમાં ) વ્યાપ્ત થઈ શકે છે. ( કે જે વખતે એકેક આકાશપ્રદેશમાં તે કેવલિસમુદ્ઘાતગતજીવનો એકેક આત્મપ્રદેશ અવગાહેલો હોય છે. ) અને તે [2]કારણથીજ સર્વ[3]જીવ-રાશિની અપેક્ષાએ એક આકાશપ્રદેશમાં જઘન્યથી સર્વનિગોદનો [4]અસંખ્યાતમો અંશ અવગાહેલો હોય છે. ( એ પ્રમાણે અસંખ્ય

૧ પૂર્વભવમાં બંધાયલા સંસ્થાનનામકર્મને અનુસારે જીવોની જે નાની મોટી અવગાહના નિર્મિત થયેલી હોય છે તે સંસ્થાન પ્રત્યયથી, અને સાતે સમુદ્ઘાત અવસરે જે મૂળ અવગાહનાથી વ્યતિરિક્ત અવગાહના થાય તે સમુદ્ઘાત પ્રત્યયથી, અને યોગનિરોધ સમયે જે અવગાહના મૂળશરીરથી $\frac{2}{3}$ મા ભાગની થવી તે યોગનિરોધ પ્રત્યયથી ગણવી. ઇત્યાદિ અવગાહના ન્યૂનાધિક થવાના હેતુઓ શાસ્ત્રઅનુસારે સ્વયં વિચારવા.

૨ તે કારણથી એટલે દરેક જીવ સંસ્થાનાદિ પ્રત્યયથી ન્યૂનાધિક ક્ષેત્રમાં અવગાહેલો હોવાથી.

૩ સર્વ લોકાકાશમાં રહેલા સર્વ નિગોદાદિ સર્વજીવોની અપેક્ષાએ,

૪ તાત્પર્ય એ છે કે એક આકાશપ્રદેશમાં જઘન્યથી જેટલા જીવો અવગાહ્યા છે તે જીવો સમગ્રલોકવર્તી સર્વનિગોદોની અથવા સર્વજીવોની અપેક્ષાએ અસંખ્યાતમાભાગ જેટલા છે. અથવા એક આકાશપ્રદેશમાં જઘ-ન્યથી અવગાહી રહેલા એ જીવોના આત્મપ્રદેશો તે પણ સમગ્રલોકવર્તી સર્વજીવોની અપેક્ષાએ અસંખ્યાતમાભાગ જેટલા છે, અથવા એક આકા-

આકાશપ્રદેશવાળા લોકમાં રહેલા ) સર્વજીવો કેટલા છે, ( વળી એ અસંખ્ય આકાશપ્રદેશવાળા લોકના એક આકાશપ્રદેશમાં) જીવોના જઘન્યથી કેટલા આત્મપ્રદેશો અવગાહેલા છે ? અને ઉત્કૃષ્ટથી પણ કેટલા આત્મપ્રદેશો અવગાહેલા છે ? એ પ્રમાણે વાસ્તવિક રીતે એ ત્રણ રાશિના પરસ્પર અલ્પબહુત્વનો અહિં પ્રશ્ન છે. તેનો ઉત્તર ( એકજ ગાથાવડે ) કહેવાય છે. ॥ ૨ ॥

**थोवा जहन्नय पए, जियप्पएसा जिया असंखगुणा**
**उक्कोसपयपएसा, तओ विसेसाहिआ भणिया ॥२॥**

**ગાથાર્થઃ**—જઘન્યપદમાં જીવપ્રદેશો સર્વથી અલ્પ છે, તેથી સર્વજીવો અસંખ્યગુણા છે, અને તેથી ઉત્કૃષ્ટપદમાં જીવપ્રદેશો વિશેષાધિક છે.

**ટીકાર્થઃ**—એક આકાશપ્રદેશમાં જીવપ્રદેશો જઘન્યથી સર્વજીવરાશિની અપેક્ષાએ અલ્પ હોય છે, કારણકે એક આકાશપ્રદેશમાં રહેલા જઘન્ય સંખ્યાવાળા આત્મપ્રદેશો ( ઉપલક્ષણથી [1]જીવો પણ ) સર્વજીવોની ( અથવા સર્વનિગોદોની ) અપેક્ષાએ અસંખ્યાતમાભાગ જેટલા હોય છે, ( અથવા બીજી રીતે કહીએ તો ) જઘન્યપદવાળા જીવપ્રદેશોની અપેક્ષાએ સર્વજીવો ( અથવા સર્વનિગોદો ) અસંખ્યાતગુણ છે. અને એક આકાશપ્રદેશમાં ઉત્કૃષ્ટપદવાળા જીવપ્રદેશો તેથી એટલે સર્વજીવો ( અથવા સર્વનિગોદો ) થી વિશેષાધિક છે. હવે જઘન્યપદ એટલે શું ? અને ઉત્કૃષ્ટપદ એટલે શું અને તે કયાં હોય છે તે કહેવાય છે—

**અવતરણ**—જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ કયાં હોય તે કહે છે.

---

શપ્રદેશમાં એટલે એક સરખા અવગાહક્ષેત્રમાં રહેલા સમાવગાહી અને વિષમાવગાહી નિગોદજીવોની અપેક્ષાએ પણ એક આકાશપ્રદેશમાં એટલે નિર્વિભાજ્યક્ષેત્રમાં રહેલા તે જીવોના આત્મપ્રદેશો અસંખ્યાતમાભાગ જેટલા છે, એ પ્રમાણે એ વાકયનો અર્થ સંબંધ ત્રણે રીતે થાય છે, એમાં બીજો અર્થ બીજી ગાથાની ટીકામાં પણ સ્પષ્ટ કહ્યો છે.

૧ ઉપલી ફુટનોટ પ્રમાણે જીવો પણ અસંખ્યાતમાભાગ જેટલા છે.

**तत्थपुग जहन्नपयं, लोयंते जत्थफासणा तिदिसिं।**
**छद्दिसिमुक्कोसपयं, समत्थ गोलंमि नन्नत्थ ॥ ३ ॥**

ગાથાર્થઃ—તેમાં વળી જઘન્યપદ તે લોકને અન્તે કે જ્યાં ત્રણદિશિની સ્પર્શના હોય ત્યાં હોય છે, અને ઉત્કૃષ્ટપદ તો જ્યાં છ દિશિની સ્પર્શના છે ત્યાં હોય છે કે જ્યાં અખંડ ( સંપૂર્ણ ) ગોળો હોય તેમાં એટલે અખંડગોળામાં હોય પણ બીજે નહિં.

ટીકાર્થઃ—ત્યાં એટલે તે જઘન્ય અને ઉત્કૃષ્ટપદમાં જઘન્યપદ લોકને અન્તે [૧]નિષ્કૂટકોણને સ્થાને થાય છે, કે જે સ્થાને અથવા જે [૨]ગોળાને વિષે બીજા બીજા ગોળાઓ બનાવનારી નિગોદોના અંશ અંશ ભાગવડે કેવળ ત્રણ દિશાઓમાંજ સ્પર્શના હોય છે, ( અર્થાત્ જ્યાં પ્રદેશની હાનિવૃદ્ધિએ રહેલી વિષમાવગાહી નિગોદો કે જેની બીજા ગોળાઓ બનાવનાર તરીકે વિવક્ષા કરી શકાય તેવી નિગોદો જે ગોળાને ત્રણ દિશિએજ સ્પર્શેલી હોય તે ગોળામાં જઘન્યપદ હોઇ શકે છે. બીજી ત્રણ દિશાઓમાં નિગોદોની સ્પર્શના ન હોવાનું ) કારણકે શેષ ત્રણ[૩]દિશાઓ

૧ લોક ચારે બાજુએ ગોળાકાર છે, અને ઊર્ધ્વ અધોદિશાએ વૈશાખ આકૃતિએ ઉભેલો હોવાથી દીર્ઘ છે, તેથી તેના ગોળાકારના ત્રણખંડ પડે છે, જેમાં પ્રથમ સાતપૃથ્વીનોખંડ અનુક્રમે ઘટતા ગોળાકારવાળો છે, તેની ઉપરનો ઊર્ધ્વલોકનો અધઃખંડ વધતા ગોળાકારવાળો છે, અને તેની ઉપરનો બ્રહ્મકલ્પના મધ્યથી લોકાન્તસુધીનો ખંડ પુનઃ ઘટતા ગોળાકારવાળો છે, એ ત્રણ ખંડમાં કોઇપણ એક ખંડની આદીથી તે ખંડના અન્તસુધી કર્ણગતિએ દોરી માપતાં વચ્ચે વચ્ચે સરખી સપાટી હોતી નથી, પરન્તુ ઠામ ઠામ હીનાધિકભાગ આવે છે, અર્થાત્ તે દરેક ખંડમાં ઠામ ઠામ એવા ભાગ આવે છે કે જે ભાગ કેટલોક અલોકમાં નિકળેલો–ગયેલો હોય છે કે જે ભાગ અલોકમાં લોકના ગવાક્ષો હોય તેવા ભાસે છે, તે અલોકમાં ગયેલા લોકના ગવાક્ષ સરખા ભાગને નિષ્કૂટ અથવા નિષ્કૂટકોણ કહેવામાં આવે છે, અથવા એ નિષ્કૂટો લોકરૂપી પુરૂષના રોમ સરખા ગણાય છે.

૨ ગોળાનું સ્વરૂપ આગળ મૂળગાથા ૬–૭–૮મી માં કહેવાશે.

૩ આ પ્રકરણમાં વારંવાર ખંડગોળાના અધિકારમાં ત્રણ દિશિની

**અલોકવડે અવરાયલી હોય છે ( અર્થાત્ શેષ ત્રણ દિશાએ અલોક હોવાથી ત્યાં નિગોદનો અભાવ છે. ) વળી તે ત્રણ દિશિની ( એટલે ત્રણજ દિશાએ નિગોદોની ) સ્પર્શના ખંડ[૧]ગોળામાંજ હોય છે. એ તાત્પર્ય છે. તથા જે ગોળાને વિષે બીજા બીજા ગોળાઓને બનાવનારી નિગોદોના દેશભાગોવડે સ્પર્શના હોય ( અર્થાત્ જે ગોળો અન્ય અન્ય ગોળા બનાવનારી નિગોદોના અંશ અંશ ભાગવડે છ એ દિશિએ સ્પર્શાયેલો હોય અથવા બીજી રીતે કહીએ તો જે ગોળો વિષમાવગાહી નિગોદોવડે છ એ દિશિથી સ્પર્શાયેલો હોય ) તે ગોળાને વિષે ઉત્કૃષ્ટપદ થાય છે. અને તે ( ૬ દિશિની સ્પર્શના ) સમસ્તગોળામાં એટલે સંપૂર્ણ [૨]ગોળામાં**

સ્પર્શનાનો અધિકાર આવે છે, તે ત્રણ દિશિની સ્પર્શના જીવને ત્રણ દિશિના આહારની માફક જાણવી.

શંકા—જીવને આહાર ત્રણ દિશિનો ચાર દિશિનો પાંચ દિશિનો અને ૬ દિશિનો એમ ચાર પ્રકારે હોય છે, તેમ સ્પર્શના પણ ૩-૪-૫-૬ દિશિનીજ હોય, તેમાં ત્રણ દિશિના આહારવાળા અને સ્પર્શનાવાળા નિગોદને ખંડગોળા તરીકે કહેવાનો છે, અને ૬ દિશિની સ્પર્શના અથવા આહારવાળાને અખંડગોળા તરીકે કહ્યો તો ૪ દિશિ અને પાંચ દિશિની સ્પર્શનાવાળા પણ નિગોદો છે તો તે નિગોદોની આ પ્રકરણમાં કંઇપણ વાત નથી તેનું શું કારણ ?

ઉત્તર—પ્રસ્તુત પ્રકરણમાં જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ એ બેનો સ્વીકાર હોવાથી ત્રણ દિશિની અને છ દિશિની સ્પર્શનાવાળા ગોળાઓની વક્તવ્યતા કહી છે, અને ચાર દિશિની સ્પર્શનાવાળા ગોળામાં તેમજ પાંચ દિશિની સ્પર્શનાવાળા ગોળામાં અધિકૃત જે જઘન્યપદ તે પ્રાપ્ત થતું નથી ( પરન્તુ મધ્યમપદ પ્રાપ્ત થાય ) માટે ચાર કે પાંચ દિશિની સ્પર્શનાવાળા ગોળાઓનો ચાલુ પ્રકરણમાં જઘન્ય અને ઉત્કૃષ્ટપદને અંગે ઉપયોગ નથી. અને તેથી તેની વિવક્ષા પણ નથી પુનઃ ત્રણ દિશાઓ અલોકવડે અવરાયલી કહી તે કઇ કઇ ત્રણ દિશાઓ અલોકવડે અવરાયલી છે એ શંકાના સમાધાનમાં સમજવાનું કે લોકને અન્તે સર્વથી નીચેના પ્રતરમાં અગ્નિખૂણાની પાસે રહેલા જીવને પૂર્વ દક્ષિણ અને અધઃ એ ત્રણ દિશા અલોકાવૃત હોય છે, એ પ્રમાણે જૂદે જૂદે સ્થાને રહેલા જીવને જૂદી જૂદી ત્રણ દિશાઓની અસ્પર્શના હોય છે તેનું વિશેષ સ્વરૂપ પ્રજ્ઞાપનાદિ ગ્રંથોથી સમજવું.

૧-૨ વાસ્તવિક અર્થ તો એ છે કે જે ગોળાને ૩ દિશિની સ્પર્શના

(અર્થાત્ અખંડગોળામાં) હોય છે. પરન્તુ અન્યત્ર એટલે ખંડગોળામાં છ દિશિની સ્પર્શના હોતી નથી, એ તાત્પર્ય છે. અને તે સંપૂર્ણ ગોળો લોકના [૧]મધ્યમાંજ હોય છે, પરન્તુ અલોકની પાસે (એટલે લોકને અન્તે) નહિ. હવે ગ્રંથકાર પર એટલે પ્રતિવાદીને જે શંકા ઉપસ્થિતિ થઈ શકે એવી શંકા સ્વત: ઉપજાવે છે.

અવતરણ—ગ્રંથકાર પ્રતિવાદી તરફથી શંકા કરતા છતા કહે છે કે—

**उक्कोसमसंखगुणं, जहन्नयाओ पयं हवइ किं नु?**
**नणु तिद्दिसिफुसणाओ, छद्दिसिफुसणा भवे दुगूणा ४**

गाथार्थः— જઘન્યપદથી ઉત્કૃષ્ટપદ અસંખ્યગુણ કેવી રીતે હોય? કારણકે ત્રણ દિશિની સ્પર્શના કરતાં છ દિશિની સ્પર્શના દ્વિગુણ (બમણી) હોય છે. ॥ ૪ ॥

टीकार्थः—જઘન્યપદે એક આકાશપ્રદેશમાં અવગાહેલા જીવપ્રદેશોના સમૂહની અપેક્ષાએ ઉત્કૃષ્ટપદ અસંખ્યગુણ કહ્યું તે કેવી રીતે હોય? અર્થાત્ તેમ ન હોય, શા માટે ન હોય? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે ત્રણ દિશિની સ્પર્શનાથી છ દિશિની સ્પર્શના નિશ્ચય દ્વિગુણ હોય છે, કારણકે ત્રણને બેએ ગુણવાથી છ જ આવે છે. અહિં ગાથામાં નનુ શબ્દ નિશ્ચયવાચક છે, અથવા અક્ષમાના અર્થમાં છે. (અર્થાત્ વિરૂદ્ધ વાકયને ક્ષમા કરી તેવા વિરૂદ્ધસ્વરૂપમાંજ નહિં રહેવા દેવા માટે છે.) અહિં (ગાથામાં) [૨]કાકુપાઠથી હેતુ સમજાય છે તેથી સ્પષ્ટ હેતુ એ છે કે

તે ખંડગોળો અને જે ગોળાને ૬ દિશિની સ્પર્શના તે અખંડ–સંપૂર્ણગોળો કહેવાય. તે કારણથી ગ્રંથકર્તાએ ત્રણ દિશિની સ્પર્શના ખંડગોળામાં અને ૬ દિશિની સ્પર્શના સંપૂર્ણગોળામાં હોય એમ કહ્યું છે, પરન્તુ એમ કહેવાથી ખંડગોળાનો કે સંપૂર્ણગોળાનો અર્થ ભિન્ન નથી. અર્થાત્ એ વાકયો લક્ષ્યલક્ષણ ભાવે વિચારવાં પણ આધારાધેય ભાવે ન વિચારવાં.

૧ મધ્યમાં એટલે તદ્દન મધ્યમાં નહિં પણ લોકના અન્તભાગ વિના અંદરના સર્વ ભાગમાં, અર્થાત્ લોકની છેડે નહિં પણ લોકની અંદર.

૨ ગર્ભિત અર્થવાળા વાકયને કાકુપાઠ કહેવામાં આવે છે કે જે

ઉત્કૃષ્ટપદ બમણુંજ થાય છે, છતાં અસંખ્યગુણ કહો છો, કારણકે તમોએ પૂર્વ ગાથામાં એક આકાશપ્રદેશમાં રહેલા જઘન્યપદવાળા જીવપ્રદેશોથી અસંખ્યગુણ સર્વજીવો કહ્યા છે, અને તે સર્વજીવોથી ઉત્કૃષ્ટપદને વિશેષાધિક જીવપ્રદેશોવાળું કહ્યું છે ( તો જઘન્યપદથી ઉત્કૃષ્ટપદ અસંખ્યગુણ સહજે સમજાય છે, અને તેમ હોવું સંભવિત નથી. ) તેનો ઉત્તર કહેવાય છે. ॥ ૪ ॥

અવતરણ—ત્રીજી ગાથામાં ત્રણ દિશિની સ્પર્શનાવાળા ખંડગોલકમાં જઘન્યપદની પ્રાપ્તિ કહી અને છ દિશિની સ્પર્શનાવાળા ગોળામાં ઉત્કૃષ્ટપદની પ્રાપ્તિ કહી તો એ રીતે જઘન્યપદથી ઉત્કૃષ્ટપદ બમણું થવું જોઇએ તેને બદલે બીજી ગાથામાં અસંખ્યગુણ કહ્યું એ વિરોધ ચોથી ગાથામાં દર્શાવીને હવે આ પાંચમી ગાથામાં તે વિરોધનો પરિહાર સમજાવાય છે.

**थोवा जहन्नयपए, निगोयमित्तावगाहणा फुसणा**
**फुसणाऽसंखगुणत्ता, उक्कोसपए असंखगुणा ॥५॥**

**ગાથાર્થ:**—જઘન્યપદે જીવપ્રદેશો થોડા છે, ( કારણકે જઘન્યપદમાં ) સ્પર્શના નિગોદ માત્ર અવગાહના જેટલી ( એક નિગોદની જેવડી અવગાહના તેવડી ) છે. અને ઉત્કૃષ્ટપદમાં તેથી ( જઘન્યપદની સ્પર્શનાથી ) અસંખ્યગુણ સ્પર્શના હોવાથી તેમાં ( ઉત્કૃષ્ટપદમાં ) અસંખ્યગુણ જીવપ્રદેશો છે.

**ટીકાર્થ:**—એક આકાશપ્રદેશમાં જઘન્યથી જીવપ્રદેશો ( જઘન્યપદવાળા જીવપ્રદેશો ) થોડા છે, શામાટે થોડા છે? તે કહે છે કે નિગોદ માત્ર અવગાહના જેટલી સ્પર્શના છે અર્થાત્ નિગોદ માત્રમાં એટલે જે જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા

ગર્ભિત અર્થ અર્થાતથી ગ્રહણ કરી શકાય, અહિં વાચ્યાર્થ એ છે કે " ત્રણ દિશિની સ્પર્શનાથી છ દિશિની સ્પર્શના બમણી ગણાય છે તેથી જઘન્યપદ કરતાં ઉત્કૃષ્ટપદ બમણું હોય " એમ સ્પષ્ટ ન કહેતાં " જઘન્યપદથી ઉત્કૃષ્ટ બમણું કેમ હોય ? કારણકે ત્રણ દિશિની સ્પર્શનાથી છ દિશિની સ્પર્શના બમણી છે " એમ ગર્ભિત અર્થવાળું વાક્ય કહ્યું તેથી એ વાક્ય કાકુપાઠ કહેવાય.

ભાગ જેટલા ક્ષેત્રમાં છે તે જીવો નિગોદ માત્ર ક્ષેત્રાવગાહનાવાળા ગણાય અર્થાત્ જેટલા જે આકાપ્રદેશોમાં એક નિગોદ અવગાહ્યો છે, તેટલી સંખ્યાવાળા તેજ આકાશપ્રદેશોમાં બીજા આકાશપ્રદેશોને સ્પર્શ્યા વિના જે નિગોદો અવગાહ્યા છે તે (નિગોદ માત્રાવગાહનાવાળા એટલે) એકાવગાહનાવાલા નિગોદજીવો કહેવાય, તે ૧એકાવગાહી નિગોદોવડેજ જઘન્યપદની જે સ્પર્શના એટલે અવગાહના અર્થાત્ એકાવગાહી નિગોદોવડે જે સ્પર્શાયેલું જઘન્યપદ) તે નિગોદમાત્રાવગાહનાપ્રમાણસ્પર્શના (વાળું) કહેવાય, તે કારણથી એટલે ખંડગોળો બનાવનારી નિગોદોએ તે જઘન્યપદની સ્પર્શના નહિં કરેલી હોવાથી (અર્થાત્ ખંડગોળાને ઉત્પન્ન કરનારી નિગોદોવડે તે જઘન્યપદ નહિં સ્પર્શાયેલું હોવાથી જઘન્યપદમાં જીવપ્રદેશો થોડા છે. ઇતિ અધ્યાહાર:).

આ પ્રકરણમાં જે जघन्यपद કહેવાય છે તે એક આકાશપ્રદેશનું (આકાશના એક પ્રદેશનું નામ છે) કે જે આકાશપ્રદેશમાં સર્વથી થોડા જીવપ્રદેશો હોય તે જઘન્યપદ નામનો આકાશપ્રદેશ ભૂમિતલ પાસે રહેલો ઓરડાની અંદરના ખૂણાના છેલ્લા ભાગ સરખો છે અને તે આકાશપ્રદેશને અથવા જઘન્યપદને એકાવગાહી નિગોદોજ સ્પર્શે છે, પણ ખંડગોળાને બનાવનારી નિગોદો સ્પર્શતી નથી કારણકે તુલ્યાવગાહી નિગોદો શિવાયની પ્રદેશહાનિવૃદ્ધિવાળી (વિષમાવગાહી) નિગોદોની પ્રાપ્તિ તે સ્થાને છે નહિં (કારણકે ત્રણ દિશિએ અલોક આવેલો હોય છે.) સ્થાપના સાથેના ચિત્રમાં જુઓ.

અહિં કલ્પના તરીકે ધારો કે જઘન્યપદને ૧૦૦ જીવ સ્પર્શે છે, વાસ્તવિક રીતે તો એક પણ નિગોદ અનંત જીવાધિષ્ઠિત (અનંત જીવાત્મક) છે. અને જ્યાં વિવક્ષિત એક નિગોદ છે ત્યાં એક અવગાહનાવાળી (એટલે તુલ્યાવગાહી-સમાવગાહી) અસંખ્ય નિગોદો (અવશ્ય) હોય છે. (એ પ્રાસંગિક વાત કહી.) તે હવે કલ્પનાવડે કલ્પેલા ૧૦૦ જીવમાં દરેક જીવના કલ્પના તરીકે ધારો કે લાખ લાખ આત્મપ્રદેશો ત્યાં જઘન્યપદમાં અવગાહ્યા છે. વાસ્તવિક રીતે તો તે નિગોદમાંનો દરેક જીવ સંપૂર્ણલોકાકાશના પ્રદેશરાશિ જેટલા (લોકના જેટલા આકાશપ્રદેશ છે તેટલાજ તુલ્ય)

આત્મપ્રદેશવાળો છે તેથી અસંખ્ય આકાશપ્રદેશોને અવગાહે છે (તોપણ અહિં કલ્પના તરીકે દરેક જીવના લાખ લાખ પ્રદેશો ગણવા.) અને એ પ્રમાણે (૧૦૦ જીવના દરેકના લાખ લાખ આત્મપ્રદેશો ગણતાં) જઘન્યપદમાં (એટલે :જઘન્યપદ વિશિષ્ટ એક આકાશપ્રદેશમાં ૧૦૦×૧૦૦૦૦૦=) ૧ ક્રોડ જીવપ્રદેશો અવગાહ્યા છે માટે જઘન્યપદમાં જીવપ્રદેશો અલ્પ છે એમ કહ્યું છે.

હવે उत्कृष्टपद માં રહેલા જીવપ્રદેશોનું પ્રમાણ કહેવાય છે. **फुसणा असंखगुणत्ता** એ વાકયમાં **फुसणा** એટલે સ્પર્શનાનું એટલે ઉત્કૃષ્ટપદમાં સંપૂર્ણગોળાને[1] બનાવનાર નિગોદોવડે સ્પર્શનાનું જઘન્યપદની અપેક્ષાએ જે અસંખ્યાતગુણપણું છે તે સ્પર્શનાનું અસંખ્યગુણપણું છે. (અર્થાત્ જઘન્યપદને જેટલી નિગોદો સ્પર્શેલી છે, તેથી ઉત્કૃષ્ટપદને અસંખ્યગુણ નિગોદો સ્પર્શેલી છે) તે કારણથી (એટલે અસંખ્યગુણ નિગોદો સ્પર્શવાથી) જઘન્યપદની અપેક્ષાએ ઉત્કૃષ્ટપદમાં અસંખ્યગુણા જીવપ્રદેશો છે.

ઉત્કૃષ્ટપદ તે નિશ્ચય સંપૂર્ણગોળો બનાવનાર એકાવગાહી (સમાવગાહી) અસંખ્યનિગોદોવડે સ્પર્શાયેલું છે તેમજ ઉત્કૃષ્ટપદને છોડયા વિના એટલે (ઉત્કૃષ્ટ પદને પોતાની અંદર રાખીને) વિવક્ષિત પ્રથમ નિગોદની અવગાહનાની અપેક્ષાએ એકેક (એક બે ત્રણ ઈત્યાદિ) આકાશ પ્રદેશોની શ્રેણી છોડી છોડીને રહેલી [2]પ્રત્યેકે અસંખ્ય અસંખ્ય નિગોદો વડે પણ સ્પર્શાયેલું છે, અને તે ઉત્કૃષ્ટ પદ ધારો કે નિશ્ચય ૧૦૦૦ ક્રોડ જીવોએ સ્પર્શ્યું છે, અને તેમાં પ્રત્યેક જીવના (પૂર્વોક્ત ગણત્રી પ્રમાણે) લાખ લાખ આત્મપ્રદેશો અવગાહેલા હોવાથી ઉત્કૃષ્ટપદમાં ૧૦ ક્રોડા

૧ સંપૂર્ણ ગોળાને બનાવનાર એટલે જે નિગોદોની સ્પર્શનાવડે સંપૂર્ણ ગોળો કહેવાય, તે નિગોદો " સંપૂર્ણ ગોળાને બનાવનાર " એમ કહેવાય.

૨ વિવક્ષિત નિગોદની અવગાહનામાં બીજી નિગોદો જે તે અવગાહના ક્ષેત્રના એક પ્રદેશને છોડીને રહી છે તે અસંખ્યાત છે, તેમજ બે પ્રદેશ છોડીને અવગાહેલી બીજી નિગોદો પણ અસંખ્ય છે, એમ એકેક પ્રદેશની હાનિવૃદ્ધિએ પ્રત્યેક હાનિમાં અને પ્રત્યેક વૃદ્ધિમાં અસંખ્ય અસંખ્યનિગોદો અવગાહેલી છે.

કોડિ જીવપ્રદેશો અવગાહેલા હોય છે. એ પ્રમાણે (જઘન્યપદમાં ૧ ક્રોડ જીવપ્રદેશો અવગાહ્યા છે અને ઉત્કૃષ્ટપદમાં ૧૦ કોડાકોડી જીવપ્રદેશો અવગાહ્યા માટે) ઉત્કૃષ્ટ પદને વિષે (જ૦ પદથી) અસંખ્યગુણા જીવ પ્રદેશો જાણવા. હવે ગોળાની પ્રરૂપણા કરાય છે.

અવતરણ—આ પ્રકરણમાં નિગોદનો ગોળો એટલે શું ? તેનું સ્વરૂપ દર્શાવાય છે.

**उक्कोसपयममुत्तुं, निगोयओगाहणाइ सव्वत्तो ।**
**निप्फाइज्जइ गोलो, पएसपरिवुड्ढिहाणीहिं ॥ ६ ॥**

ગાથાર્થઃ—ઉત્કૃષ્ટ પદને વર્જ્યાવિના નિગોદની એક અવગાહનાની સર્વ બાજુએ એકેક પ્રદેશની વૃદ્ધિ હાનિ વડે (બીજી નિગોદો સ્થાપતાં) ગોળો નિષ્પન્ન થાય છે.

**ટીકાર્થઃ**—લોકની અંદરના ગોળામાં રહેલા ઘણા જીવ પ્રદેશોએ સ્પર્શેલું જે એક આકાશપ્રદેશ રૂપ વિવક્ષિત સ્થાન તે उत्कृष्टपद કહેવાય, તે ઉત્કૃષ્ટ પદ (રૂપ આકાશ પ્રદેશ) ને નહિ વર્જીને (એટલે પોતાની અવગાહનની અંદર આવે એવી રીતે) એક નિગોદની અવગાહનાની ચારે (સર્વ) બાજુએ સર્વ દિશાએ બીજી બીજી નિગોદો સ્થાપવાથી (નિગોદનો) ગોળો બને છે. (અહિં શંકા થાય કે એક નિગોદાવગાહનાની સર્વબાજુએ જે બીજી બીજી નિગોદો સ્થાપવાની કહી) તે કઈ પદ્ધતિએ સ્થાપવાથી ગોળો બને ? તે કહેવાય છે કે પ્રદેશની વૃદ્ધિ હાનિવડે (સ્થાપતાં ગોળો બને છે,) એટલે વિવક્ષિત (એક) અવગાહનાના કેટલાક પ્રદેશોને આક્રમીને અને કેટલાક પ્રદેશો છોડીને (બીજી બીજી નિગોદો સ્થાપતાં ગોળો બને છે.) તાત્પર્ય એ છે કે—અંગુળીના અસંખ્યાતમા ભાગમાં રહેલા જે વિવક્ષિત અસંખ્યાત આકાશપ્રદેશોમાં એક નિગોદ અવગાહેલો હોય છે, તેજ આકાશ પ્રદેશોમાં બીજી અસંખ્યાત નિગોદો (તુલ્યપણે) અવગાહે છે, તથા એજ વિવક્ષિત નિગોદાવગાહનામાંના કેટલાક (આકાશ) પ્રદેશો છોડીને અને કેટલાક આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થઇને બીજી નિગોદો રહે છે, અને એ નિગોદો પુનઃ

બીજા[1] આકાશપ્રદેશોમાં પણ વ્યાપ્ત થઇને રહે છે. એ પ્રમાણે એક ગોળો બને છે. તેની સ્થાપના આ પ્રમાણે—

અવતરણ—વિવક્ષિત એક ગોળા સિવાય બીજા અસંખ્ય ગોળા છે તો તે બીજા બીજા ગોળાઓ કેવી રીતે કલ્પવા તેનો ઉપાય દર્શાવે છે.

**तत्तोच्चियगोलाओ, उक्कोसपयं मुइत्तु जो अन्नो।**
**होइ निगोओ तंमिवि, अन्नो निप्फज्जई गोलो ॥७॥**

गाथार्थः – એજ ગોળામાં ઉત્કૃષ્ટપદ વર્જીને-મૂકીને-છોડીને જે બીજી નિગોદ રહી છે, તે નિગોદમાં પણ બીજો ગોળો ઉત્પન્ન થાય છે.

**टीकार्थः—પૂર્વોક્ત લક્ષણવાળા ( ૬ ઠ્ઠી ગાથામાં કહેલા) ગોળાને આશ્રયિ બીજો ગોળો નિપજે છે, તે કેવી રીતે નિપજે છે? તે કહેવાય છે-પૂર્વે કહેલા ગોળાનું જે ઉત્કૃષ્ટપદ તેને ( તે ઉત્કૃષ્ટ**

૧ બીજા આકાશ પ્રદેશમાં વ્યાપ્ત થવાનું કારણ પોતાની અંગુલી સંખ્યતમભાગની અવગાહના પૂર્ણ કરવા માટે છે. કારણ કે કલ્પના તરીકે વિવક્ષિત ૧૦૦૦૦ ( દશહજાર ) આકાશ પ્રદેશ પ્રમાણ અવગાહનાવાળી નિગોદમાં જે નિગોદો એક આકાશ પ્રદેશની હાનિ વડે રહેલી છે તે નિગોદોએ ૯૯૯૯ આકાશ પ્રદેશો તે વિવક્ષિત અવગાહનામાં સ્પર્શ્યા છે, અને એક આકાશ પ્રદેશ તે વિવક્ષિત અવગાહનાથી વ્યતિરિક્ત ( બીજા ) આકાશનો સ્પર્શેલો છે. એ પ્રમાણે વિવક્ષિત નિગોદાવગાહનામાં જેટલા આકાશ પ્રદેશની હાનિએ બીજી નિગોદો રહી હોય એટલે બીજી નિગોદોએ જેટલા આકાશપ્રદેશ વિવક્ષિત અવગાહનામાંના ઓછા સ્પર્શ્યા હોય તે નિગોદો તેટલા બીજા આકાશપ્રદેશ સ્પર્શીને રહે છે, કારણ કે અવગાહના તો જઘન્યમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગથી ન્યૂન હોતી નથી, એ પ્રમાણે પ્રદેશ હાનિ વૃદ્ધિએ રહેલી વિષમાવગાહી નિગોદોની કેટલીક અવગાહના વિવક્ષિત નિગોદાવગાહનામાં આવી પડેલી હોય છે, અને કેટલીક અવગાહના વિવક્ષિત નિગોદાવગાહનાથી બહારના આકાશમાં વ્યાપ્ત થયેલી હોય છે. એમ વિષમાવગાહી નિગોદોની અવગાહના બે વિભાગમાં વિભક્ત થયેલી હોય છે.

પદને ) છોડીને ( એજ ગોળામાં ) જે બીજી નિગોદ રહેલી છે, તેને વિષે ઉત્કૃષ્ટ પદની કલ્પના કરવાથી ( બીજો ગોળો નિપજે છે. ) અહિં અભિપ્રાય એવો છે કે—પૂર્વે ઉત્કૃષ્ટ પદને આશ્રયિને વિવક્ષિત નિગોદાવગાહનામાં એકેકપ્રદેશની વૃદ્ધિ હાનિએ જે જે બીજી નિગોદો સ્થાપેલી છે, તે વિષમાવગાહીનિગોદોમાંની કોઈ પણ એક નિગોદને આશ્રયિને ( કોઈ પણ એક નિગોદને વિવક્ષિત-અધિકૃત-મુખ્ય ગણીને પૂર્વોક્ત રીતે સમાવગાહી અને વિષમાવગાહી ) બીજી નિગોદો સ્થાપવાથી બીજો ગોળો બને છે. તેમ કરવાથી શું થાય તે કહે છે—

અવતરણ—સાતમી ગાથામાં બીજા બીજા ગોળા નિપજાવવાની રીતિ દર્શાવી, તે પ્રમાણે ગોળા કેટલા બને તે કહે છે.

**एवं निगोयमित्ते, खित्ते गोलस्स होइ निप्फत्ती ।**
**एवं निप्फज्जंते, लोगे गोला असंखिज्जा ॥ ८ ॥**

ગાથાર્થ:—એ પ્રમાણે ( કોઈપણ એક નિગોદને આશ્રયિ સમાવગાહી અને વિષમાવગાહીનિગોદોની સ્થાપના વડે ગોળો બનાવતાં ) દરેક ગોળો વિવક્ષિત નિગોદની અવગાહના પ્રમાણ ક્ષેત્રમાં બને છે, અને તે પ્રમાણે આ લોકમાં અસંખ્ય ગોળા બનાવી શકાય છે, ( કલ્પી શકાય છે ).

ટીકાર્થ:—પૂર્વે કહેલી રીતિ પ્રમાણે ( એટલે કોઇ પણ એક નિગોદને મુખ્ય ગણીને તે નિગોદની અવગાહનામાં બીજી બીજી નિગોદોને [1]સ્થાપવા વડે નિગોદમાત્ર ક્ષેત્રમાં એટલે વિવક્ષિત જૂદી જૂદી દરેક નિગોદની અવગાહના રૂપ ( અથવા અવગાહના જેટલા ) આકાશ ક્ષેત્રમાં ગોળાની [2] નિષ્પત્તિ થાય છે.

૧ અહિં " સ્થાપના વડે " એમ કહેવાથી નિગોદો કંઇ નવી સ્થાપવાની હોતી નથી. નિગોદો તો પ્રદેશ હાનિ વૃદ્ધિએ સ્વતઃ સ્વભાવથી સદાકાળ રહેલીજ હોય છે, પરન્તુ સ્થૂલબુદ્ધિવાળાને ગોળાનું સ્વરૂપ એવા વ્યપદેશથી સહજે સમજવા માટે કહ્યું છે.

૨ " ગોળાની નિષ્પત્તિ એટલે ઉત્પત્તિ " એ વ્યપદેશ પણ સ્થૂલબુદ્ધિએ સમજવા માટે છે, પરન્તુ વાસ્તવિક રીતે તો પ્રદેશ હાનિ વૃદ્ધિએ

કારણ તે વિવક્ષિત નિગોદની અવગાહનાથી વ્યતિરિકત ( ભિન્ન) નિગોદોના દેશવિભાગો તે વિવક્ષિત ગોળામાં ( નિગોદાવગાહનામાં ) સંક્રમેલા હોય છે, અને એ પ્રમાણે લોકને વિષે અસંખ્ય ગોળા ઉત્પન્ન થાય છે. ( કલ્પી શકાય છે, ) કારણ કે સંપુર્ણ લોકાકાશ નિગોદોના સમૂહ વડે રૂંધાયલો–રોકાયલો છે, અને નિગોદની અવગાહના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે, અને દરેક નિગોદની અવગાહનામાં ગોળાની નિષ્પત્તિ થાય છે ( માટે લોકમાં અસંખ્ય ગોળા નિપજે છે, ) સ્થાપના હવે ( એ પ્રમાણે ગોળાઓ અસંખ્ય છે તો ) જે ઉત્કૃષ્ઠ પદ કહ્યું તે દરેક ગોળામાં હોય તે જાણવું કે ઉત્કૃષ્ટપદ બીજી કોઈ રીતે જાણવું ? એ આશંકાના સમાધાનમાં ગ્રંથકાર કહે છે—

અવતરણ:—પૂર્વ ગાથામાં કહેલી ગોળા નિપજાવવાની રીતિ પ્રમાણે એક ગોળાની અવગાહના ( એક ગોળાનું ક્ષેત્ર ) એક નિગોદની અવગાહના પ્રમાણ એટલે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, અને ચૌદ રજ્જુ આદિ પ્રમાણવાળા અસંખ્ય યોજનાત્મક લોકમાં સર્વત્ર નિગોદો ભરેલી હોવાથી અંગુળના અસંખ્યાતમા ભાગ પ્રમાણના અખંડ ગોળા પણ અસંખ્યાત બની શકે, અને ઉત્કૃષ્ટ પદ અખંડ ગોળામાં કહ્યું છે તો દરેક ગોળામાં ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિ થવાથી અસંખ્ય ઉત્કૃષ્ટ પદ થાય છે, તો હવે એ પ્રમાણે ઉત્કૃષ્ટ પદ દરેક ગોળામાં એકેક ગણતાં અસંખ્ય ઉત્કૃષ્ટ પદ ગણવાં કે એ સંબંધમાં બીજી કોઈ ઉત્કૃષ્ટ પદ ગણવાની રીત છે ? તે સંબંધમાં હવે કહેવાય છે.

**ववहारनएण इमं, उक्कोसपयावि इत्तिया चेव ।**
**जं पुण उक्कोसपयं, निच्छइयं होइ तं वुच्छं ॥ १ ॥**

---

સર્વ નિગોદો સરખી રીતે સર્વ લોકમાં સદાકાળ રહેલી છે, અસંખ્ય નિગોદો તો છે, પણ લોકાકાશમાં નિગોદનો ગોળો બને એવી ભિન્નતા લોકાકાશ માં કંઇ પણ નથી. તે કારણથીજ અમુક નિગોદને મુખ્ય ગણીને પછી તે ઉપરથી બીજી નિગોદોની સ્પર્શના સહિત એક ગોળાની કલ્પના કરવી પડે છે, અને તે રીતે કલ્પેલા અસંખ્ય ગોળા થઇ શકે છે. વળી એ ગોળાની કલ્પના પણ ઉત્કૃષ્ટપદની પ્રાપ્તિ આણવા માટે કરવી પડે છે.

ગાથાર્થ:—એ ઉત્કૃષ્ટ પદ વ્યવહાર નય આશ્રયિ કહ્યું છે. તેથી એ વ્યયહાર નય આશ્રયિ ઉત્કૃષ્ટપદો પણ નિશ્ચય એટલાંજ (અસંખ્યાત અખંડ ગોળા જેટલાં ] છે, અને હવે નિશ્ચય નયથી જે ઉત્કૃષ્ટ પદ થાય છે તે હું કહીશ.

ટીકાર્થઃ—" પૂર્વે વર્ણવેલા સ્વરૂપવાળું જે ઉત્કૃષ્ટ પદ તે વ્યવહાર નયથી એટલે સામાન્યથી કહ્યું, " :આ વાકય કાકુપાઠવત્ જાણવું, કારણકે એમાં किं શબ્દ કહયો નથી તો પણ किं શબ્દ અધ્યાહારથી જાણવાનો છે જેથી " શું આ ઉત્કૃષ્ટપદ જાણવું ? અર્થાત્ એ ઉત્કૃષ્ટ પદ ન જ જાણવું " એ તાત્પયાર્થ છે. હવે શા માટે એ ઉત્કૃષ્ટ પદ ન જાણવું ? તો કહે છે કે ઉત્કૃષ્ટ પદો પણ નિશ્ચય તેટલાંજ છે, અર્થાત્ કેવળ અખંડ ગોળાજ અસંખ્ય છે એમ નહિં, પરન્તુ દરેક અખંડ ગોળાની સ્પર્શના વડે પ્રરૂપેલાં ઉત્કૃષ્ટપદો પણ જે કારણથી એટલાંજ એટલે અસંખ્યજ થાય છે, તે કારણથી ઉત્કૃષ્ટપદ નિયત ન થયું (એટલે ઉત્કૃષ્ટપદ અમુક છે એવો નિર્ણય ન થયો ) વળી તે ઉત્કૃષ્ટપદ શા માટે નિયત ન થયું ? તેનું કારણ દર્શાવે છે કે નિષ્કૂટની પાસે રહેલા ત્રણ દિશિની સ્પર્શનાવાળાં ખંડ ગોળાઓ સિવાયના શેષ ૬ દિશિની સ્પર્શનાવાળા સર્વે ગોળા ( અખંડ ગોળા ) બીજા સમાન ગોળાઓ વડે તુલ્ય સ્પર્શનાવાળા છે, માટે ઉત્કૃષ્ટપદ નિયત ન થયું માટે હવે નિશ્ચયનયને અનુસારે સર્વોત્કૃષ્ટ ( જીવ પ્રદેશોના ) સંબંધથી ( સ્પર્શનાથી ) જે નૈશ્ચયિક એટલે વાસ્તવિક ઉત્કૃષ્ટપદ કે જે આ પ્રકરણમાં અધિકૃત મુખ્ય વિવક્ષિત છે, તે આગળની ગાથાવડે કહીશ, હવે તે નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ કહે છે.

અવતરણ—અહિં સુધીમાં જે ઉત્કૃષ્ટપદની વિવક્ષા કરી તેવાં ઉત્કૃષ્ટપદ તો દરેક અખંડગોળામાં પ્રાપ્ત થાય છે, માટે અસંખ્ય ઉત્કૃષ્ટપદ થાય છે, પણ વાસ્તવિક રીતે કોઈ અમુક એક ઉત્કૃષ્ટપદ થતું નથી, માટે તે સામાન્યથી ઉત્કૃષ્ટપદ કહીને હવે નિશ્ચયથી જે ઉત્કૃષ્ટપદ થાય છે તે દર્શાવે છે.

**बायरनिगोयविग्गह, गइयाई जत्थसमहिआ अन्ने**
**गोला हुज्ज सुबहुया, निच्छइयपयं तदुक्कोसं ॥ १० ॥**

**ગાથાર્થઃ**—જે અખંડ ગોળામાં ( અથવા જે આકાશ પ્રદેશમાં ) બાદરનિગોદના જીવો, સૂક્ષ્મ બાદરનિગોદમાંથી નિકળી પરભવમાં જતાં વિગ્રહગતિવાળા જીવો અને ઋજુગતિવાળાજીવો અધિક એવા બીજા ઘણા ગોળા હોય તે ( તે ગોળાઓમાં ) તે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ કહેવાય.

**ટીકાર્થઃ**—બાદર અને વળી તે નિગોદ તે બાદરનિગોદ ( અર્થાત્ બાદર એવી જે નિગોદ તે બાદરનિગોદ ) કંદમૂળ વિગેરે, અને તે સૂક્ષ્મ તથા બાદરનિગોદના વિગ્રહગતિવાળા જીવો આદિ શબ્દથી અવિગ્રહ ( ઋજુ ) ગતિવાળા જીવો પણ જે ઉત્કૃષ્ટપદમાં પૂર્વોક્ત સ્વરૂપે કહેલા ઉત્કૃષ્ટપદવાળા સૂક્ષ્મ નિગોદના ગોળાઓ કરતાં અધિક હોય એવા અન્ય એટલે સૂક્ષ્મનિગોદગોળાથી ( ગોળાઓમાંના ) બીજા ઘણા ગોળા હોય તે નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ કહેવાય ( એ ગાથાર્થ કહ્યો, ) અહિં તાત્પર્ય એ છે કે–જે કોઇ સ્થાને ( જે જે સ્થાને ) સૂક્ષ્મ નિગોદના સમૂહવડે બનેલા સંપૂર્ણ ગોળા હોય, અને તે તે સ્થાને જો બાદર નિગોદો પણ રહેતી હોય, વળી તે સ્થાને સૂક્ષ્મનિગોદજીવો અને બાદર નિગોદજીવો સ્વજાતિમાં અથવા પરજાતિમાં સૂક્ષ્મ અથવા બાદર નિગોદની અંદર [૧]ઉત્પન્ન થતા હોય વલી બીજા પણ પૃથ્વી કાયાદિ જીવો મરણ પામી પરભવમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહગતિએ કે ઋજુગતિએ [૨]ચાલ્યા જતા, અને ત્યાં રહેલા સૂક્ષ્મપૃથ્વીકાયાદિ જીવો પણ ત્યાં અવગાહેલા હોય ત્યારે તે સ્થાને ( રહેલા અખંડ ગોળાઓમાં ) નિશ્ચયનયને સંમત એવું ( એટલે નૈશ્ચયિક–વાસ્તવિક ) ઉત્કૃષ્ટપદ હોય છે. બાદરનિગોદો નિરાધાર રહી શકતા નથી તેથી તે બાદરનિગોદો પૃથ્વી આદિ સ્વસ્થાનો-

૧–૨ એ સર્વ વક્તવ્યતા સામાન્ય ઉત્કૃષ્ટપદમાં ( વ્યવહારિક ઉત્કૃષ્ટપદમાં ) જે રીતે જીવપ્રદેશોનો વધારો થાય તે રીતે કહેલી છે. જેમકે સામાન્ય ઉત્કૃષ્ટપદમાં બીજા ઉત્કૃષ્ટપદ જેટલા જીવપ્રદેશો તો છેજ, તેમાં બાદર નિગોદની અવગાહના ગણવાથી બીજા અનંત જીવપ્રદેશોનો વધારો થાય છે. તેમાં પુનઃ સૂક્ષ્મબાદરનિગોદોની મરણસમુદ્‌ઘાત સંબંધી આવી પડેલા અનંત જીવપ્રદેશો ગણ્યા, અને એ પ્રમાણે જે જે રીતે જીવોનો અથવા જીવપ્રદેશોનો વધારો થઇ શકે તેવી તે રીત દર્શાવી.

માંજ ( પોતાના ઉત્પત્તિ સ્થાનોમાંજ સ્વરૂપે ( બાદરનિગોદપણે ) ઉપજી શકે છે, અથવા હોઇ શકે છે, પરન્તુ સૂક્ષ્મનિગોદની પેઠે સર્વ સ્થાને ઉપજતા કે હોતા નથી, તે કારણથી જે જે સ્થાને તે બાદર નિગોદાદિ જીવો હોય તેવા જ સ્થાનમાં એ તાત્વિક ( નૈશ્ચયિક ) ઉત્કૃષ્ટપદ હોય છે. એ તાત્પર્ય છે. તેજ વાત દર્શાવે છે.

અવતરણ—પૂર્વગાથામાં બાદરનિગોદાદિજીવોની પણ અવગાહના અને જીવપ્રદેશો આવી પડયા હોય તો ઉત્કૃષ્ટપદ થાય એમ કહ્યું, તો ઉત્કૃષ્ટપદ કરવા માટે બાદરનિગોદાદિજીવોને ગ્રહણ કરવાનું કારણ શું ?

**इहरा पडुच्च सुहुमे, बहुतुल्ला पायसो सगल गोला।**
**तो बायराइ गहणं, कीरइ उक्कोसयपयंमि ॥ ११ ॥**

ગાથાર્થઃ—અન્યથા જો કેવળ સૂક્ષ્મનિગોદોને આશ્રયિજે ( ગોળામાં જીવપ્રદેશોની ગણત્રી કરીયે તો ) પ્રાય: સર્વે ગોળા અતિતુલ્ય ( બરાબર સરખી સંખ્યાયુક્ત જીવપ્રદેશોવાળા ) હોય છે, તે કારણથી ઉત્કૃષ્ટપદમાં બાદરનિગોદ આદિજીવોનું ગ્રહણ કર્યું છે.

ટીકાર્થ—इहरा એટલે અન્યથા-બીજીરીતે એટલે બાદરનિગોદાદિ ગ્રહણ કર્યા વિના કેવળ સૂક્ષ્મનિગોદોના આશ્રયથી (ગોળાઓમાં જીવપ્રદેશો ગણીએ તો ) લોકાન્તવર્તી ખંડગોળા નહિં પણ લોકની અંદર રહેલા સંપૂર્ણગોળા ( અખંડગોળા ) बहुतुल्ला એટલે નિગોદજીવોની પ્રાય:-ઘણું કરીને સરખા હોય છે. અહિં પ્રાય: શબ્દ ( મૂળગાથામાં કહ્યો તેનું કારણ એ છે કે સર્વે ગોળાઓમાં સૂક્ષ્મનિગોદો પણ તદ્દન સરખી સંખ્યાએ નથી હોતી કોઈ કોઈ ગોળા ) એકાદિનિગોદવડે અધિક હોય અથવા ન્યૂન પણ હોઈ શકે. તેથી તે ( એકાદિનિગોદ ન્યૂનાધિકનો ) દોષ ( સરખાપણાનો વિરોધ ) ટાળવા માટે (-પ્રાય: શબ્દ ગ્રહણ કર્યો ) છે. એ કારણથી ( એટલે સર્વ અખંડગોળાઓમાં સૂક્ષ્મનિગોદો પ્રાય: સરખી સંખ્યાએ હોવાથી ) કોઈપણ નિયત ઉત્કૃષ્ટપદ પ્રાપ્ત થતું નથી, અને તે કારણથીજ બાદરનિગોદાદિજીવોનું ગ્રહણ કર્યું છે.

અહિં અભિપ્રાય એ છે કે—અંગુલના અસંખ્યાતમાભાગ

જેટલા અસંખ્યઆકાશપ્રદેશ પ્રમાણ ક્ષેત્ર અવગાહીને એક સૂક્ષ્મનિગોદ રહે છે, તેજ અને તેટલાજ ક્ષેત્રમાં બીજા પણ અસંખ્ય નિગોદો (વિવક્ષિત નિગોદમાં સમાવગાહનાએ પરસ્પર સંક્રમીને) રહે છે, ત્યાં વિવક્ષિત તે એક સૂક્ષ્મનિગોદાવગાહનાની અપેક્ષાએ એકેક આકાશપ્રદેશની વૃદ્ધિહાનિપૂર્વક જે બીજા અસંખ્ય નિગોદરૂપ અસંખ્યગોળા છએ દિશાએ ( સર્વ દિશાએ ) વિવક્ષિત સૂક્ષ્મનિગોદની જેટલી ( ન્યૂનાધિક ) અવગાહનામાં રહે છે, તેટલીજ [૧]અવગાહનામાં જો બાદરનિગોદમાંથી મરણ પામી સૂક્ષ્મનિગોદમાં અથવા બાદરનિગોદમાં ઉત્પન્ન થતા હોય, તેમજ બીજા બાદરનિગોદો થનારા, તેમજ સૂક્ષ્મનિગોદમાંથી મરણ પામી બાદર અથવા સૂક્ષ્મનિગોદમાં ઉત્પન્ન થવાવાળા ( તે બાદર અને સૂક્ષ્મનિગોદના અનંતજીવો ) વિગ્રહગતિએ અથવા ઋજુગતિએ ( પરભવમાં–બા૦સૂ૦નિગોદોમાં ઉત્પન્ન થવા માટે તે રસ્તે થઇને ) જતા હોય ( તે વખતે અધિકૃત ઉત્કૃષ્ટપદવાળા વિવક્ષિત ગોળામાં ઉત્કૃષ્ટપદ રૂપ આકાશપ્રદેશમાં તે પરભવમાં ઉત્પન્ન થવા જતી અનંતનિગોદોના જીવપ્રદેશો ) આવી પડયા હોય એટલે [૨]અવગાહ્યા હોય, વળી ત્યાં રહેલા સૂક્ષ્મપૃથ્વીકાયાદિ ( નિકાયના પણ અસંખ્યજીવોના આત્મપ્રદેશો પણ તેમાં અવગાહ્યા હોય, પુન: બીજા સૂક્ષ્મપૃથ્વીકાયાદિ અસંખ્યજીવો મરણ પામી વિગ્રહગતિએ અથવા ઋજુગતિએ પરભવમાં જતાં તે વિવક્ષિત નિગોદાવગાહક્ષેત્રમાં ( અધિકૃત ઉત્કૃષ્ટપદવાળા ગોળામાં ઉત્કૃષ્ટપદને આક્રમીને ) અવગાહ્યા હોય તો તેવા ઉત્કૃષ્ટપદને તાત્વિક ઉત્કૃષ્ટપદ જાણવું.

ભાવાર્થ:—અસંખ્ય અખંડગોળાઓમાં દરેકમાં ઉત્કૃષ્ટપદની પ્રાપ્તિ હોવાથી અસંખ્ય ઉ૦પદો થાય છે, તે સામાન્ય નથી અથવા વ્યવહારથી ઉ૦પદ કહેવાય છે, પરંતુ એ અસંખ્ય ઉત્કૃષ્ટપદોમાંથી પણ કોઈ એક તાત્વિક ઉત્કૃષ્ટપદ જાણવું હોય તો તે તાત્વિક નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ કયા ગોળામાં કેવી રીતે થાય ? તેનો

૧–૨ તેટલીજ અવગાહનામાં ( વક્ષ્યમાણ રીતિએ બા૦ અથવા સૂક્ષ્મનિગોદાદિજીવો ) અવગાહ્યા હોય, એ સંબંધ છે.

ઉપાય કહે છે કે—જે ઠેકાણે જે ગોળાઓમાં [1]બાદરનિગોદો, અને સૂક્ષ્મપૃથ્વીકાય વિગેરે જીવો અવગાહેલા-રહેલા છે, વળી બાદરનિગોદના અનંતજીવો તથા સૂક્ષ્મનિગોદના અનંતજીવો અને [2]સૂક્ષ્મપૃથ્વીકાયાદિ અસંખ્યજીવો મરણ પામીને પરભવમાં ઉત્પન્ન થવા જતાં તે ગોળાઓ તેના માર્ગમાં આવેલા હોય અને તેથી તે ગોળાઓમાં તે અનંતજીવોના આત્મપ્રદેશો આવી પડ્યા હોય તો તેવા સ્થાનમાં રહેલા તે ગોળાઓમાં જે ઉત્કૃષ્ટપદ થાય તે નૈશ્ચયિકઉત્કૃષ્ટપદ થાય એમ જાણવું.) હવે ગોળા વિગેરેનું પ્રમાણ કહે છે.

અવતરણ—પૂર્વગાથામાં અખંડગોળામાં નૈશ્ચયિકઉત્કૃષ્ટપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તે દર્શાવીને હવે આ ગાથામાં સર્વ ગોળાઓ કેટલા છે? દરેક ગોળામાં નિગોદો કેટલી છે? અને તે દરેક નિગોદમાં જીવો કેટલા છે? તેનું સંખ્યાપ્રમાણ દર્શાવે છે;—

**गोला य असंखिज्जा, हुंति निगोया असंखया गोले ।**
**इक्किक्को य निगोओ, अणंतजीवो मुणेयव्वो ॥१२॥**

ગાથાર્થઃ—ગોળા અસંખ્યાતા છે, એકેક ગોળામાં અસંખ્ય અસંખ્ય નિગોદ છે, અને એકેક નિગોદમાં અનંત અનંત જીવ જાણવા.

ટીકાર્થઃ—સર્વલોકાકાશમાં ગોળાઓ ભરેલા હોવાથી નિગોદના સર્વ ગોળા અસંખ્યાત છે, એકેક નિગોદ ગોળામાં નિગોદો જીવના શરીરો એટલે સાધારણ અસંખ્ય અસંખ્ય છે, કારણકે સમા-

૧ અહિં બાદરનિગોદોનો અવગાહ કહ્યો પણ સૂક્ષ્મનિગોદોનો અવગાહ ન કહ્યો તેનું કારણ કે સૂક્ષ્મનિગોદો તો પ્રથમથી અવગાહેલી હોવાથીજ ગોળો કહેવાયો છે, તો પુનઃ સૂક્ષ્મનિગોદોનો અવગાહ કહેવાથી શું ફળ હોય?

૨ સૂક્ષ્મપૃથ્વીકાયાદિજીવોનું મરણ તથા તે સ્થાને રહેલો અવગાહ કહ્યો તો બાદરપૃથ્વીકાયાદિનું મરણ તથા તે સ્થાને રહેલો અવગાહ કેમ ન કહ્યો? એ શંકાના સમાધાનમાં સમજવાનું કે આદિ શબ્દથી બાદરપૃથ્વીકાયાદિકનો અવગાહ તથા મરણ પણ ગ્રહણ કરી શકાય છે.

વગાહી અસંખ્યનિગોદોનું નામજ ગોળો છે, વળી એકેક નિગોદમાં અનંત અનંતજીવ જાણવા. એ અનંતજીવો તે સિદ્ધના જીવો જે અનંત સંખ્યાવાળા છે તેથી પણ અનંતગુણા ( સાધારણશરીરીજીવો એકેક નિગોદમાં ) જાણવા, કારણકે સિદ્ધાન્તાદિગ્રંથોમાં કહ્યું છે કે "એક નિગોદનો ( એટલા એક નિગોદમાં જેટલા જીવો છે તેનો ) અનંતમોભાગ સિદ્ધિગતિ પામેલો છે." હવે એક જીવના પ્રદેશોની સંખ્યા કહેવાપૂર્વક નિગોદ વિગેરેની અવગાહનાનું પ્રમાણ કહેવાય છે.

અવતરણ—પૂર્વગાથામાં લોકાકાશમાં ગોળાઓનું, ગોળામાં નિગોદોનું, અને નિગોદોમાં જીવોનું સંખ્યાપ્રમાણ કહ્યું, હવે આ ગાથામાં એક જીવના પ્રદેશોનું પ્રમાણ કહે છે, અને તે કહેવા સાથે નિગોદની નિગોદમાં રહેલા જીવની અને ગોળાની અવગાહનાનું પણ પ્રમાણ કહે છે;—

**लोगस्स य जीवस्स य, हुंति पएसा असंखया तुल्ला**
**अंगुलअसंखभागो, निगोयजियगोलगोगाहो॥१३॥**

गाथार्थः—લોકના અને એકજીવના પ્રદેશો તુલ્ય અસંખ્યાતા છે, તથા નિગોદ-જીવ-અને ગોળાની અવગાહના અંગુલના અસંખ્યાતમાભાગની છે.

टीकार्थः—લોકાકાશના અને એકજીવના એ બેના પ્રત્યેકના અસંખ્ય અસંખ્ય પ્રદેશ છે, અને તે પરસ્પર તુલ્ય ( સરખી સંખ્યાએ ) છે. અર્થાત્ ચૌદ રજ્જુ પ્રમાણ સમસ્ત લોકાકાશના જેટલા આકાશપ્રદેશ છે તેટલાજ એકજીવના પોતાના પ્રદેશ છે, ( એક પણ પ્રદેશ ) ન્યૂનાધિક નથી. કારણકે કેવલિભગવાન કેવલિસમુદ્ઘાત અવસ્થામાં પોતાના આત્મપ્રદેશોવડે સર્વલોકાકાશને સંપૂર્ણ પૂરે છે, તે કારણથી પરસ્પર તુલ્ય છે. એ અસંખ્ય આત્મપ્રદેશોનો તથાવિધ સંકોચ સ્વભાવ હોવાથી ( જ્યારે નિગોદ અવસ્થામાં રહ્યો હોય છે ત્યારે ) નિગોદની, ( તે નિગોદમાં રહેલા અનંતજીવોમાંના દરેક ) જીવની અને ગોળાની અવગા-

હના અંગુલના અસંખ્યાતમાભાગની હોય છે. હવે નિગોદ વિગેરેની સમ અવગાહનાનું સમર્થન કરે છે.

અવતરણ—પૂર્વગાથામાં એકજીવના પ્રદેશોનીસંખ્યા અને નિગોદાદિ ત્રણની સરખી અવગાહના કહી, હવે આ ગાથામાં તે નિગોદની તેમાં રહેલાજીવની અને ગોળાની એ ત્રણેની અવગાહના સરખી કેમ હોય? તેનું કારણ દર્શાવે છે.

**जम्मि जिओ तंमेव निगोओ, तो तम्मि चेव गोलोऽवि**

**निप्फज्जइ जं खित्ते, तो ते तुल्लावगाहणया ॥१४॥**

ગાથાર્થઃ—જે ક્ષેત્રમાં (જેટલા ક્ષેત્રમાં) નિગોદનો એકજીવ અવગાહે છે, તેટલાજ તે ક્ષેત્રમાં એક નિગોદ (અનંત સાધારણશરીરીજીવો) અવગાહે છે, અને તેટલાજ તે ક્ષેત્રમાં નિશ્ચય એક ગોળો પણ જે કારણથી નિપજે છે, તે કારણથી તે ત્રણેની સરખી અવગાહના હોય છે.

ટીકાર્થઃ—અંગુલના અસંખ્યાતમાભાગપ્રમાણ અસંખ્ય આકાશપ્રદેશરૂપ જેટલા જે ક્ષેત્રમાં એકજીવ અવગાહે છે તેજ ક્ષેત્રમાં એક નિગોદ પણ અવગાહે છે. કારણકે નિગોદના જીવો નિગોદમાંજ સર્વત્ર વ્યાપ્ત થઈને રહે છે, તો એટલે ત્યારબાદ તેજ ક્ષેત્રમાં અથવા તેજ એક નિગોદમાં ગોળો પણ નિપજે છે. કારણકે વિવક્ષિત એક નિગોદની અવગાહના સિવાય બીજી શેષ (વિષમાવગાહી) નિગોદોની અવગાહના બીજા ગોળામાં સંક્રમીને રહેલી હોવાથી ગોળાની અવગાહના નિગોદની અવગાહના [1]જેટલીજ હોય છે.

---

૧ અહિં ભાવાર્થ એ છે કે વિષમાવગાહી નિગોદોના જેટલી અવગાહના વિવક્ષિત નિગોદાવગાહમાં છે તેટલી વિવક્ષિત ગોળામાં ગણાય, અને જેટલી અવગાહના વિવક્ષિત ગોળાથી બહાર બીજી નિગોદની અવગાહનામાં સંક્રમી છે તેટલી અવગાહના બીજા ગોળા તરીકે ગણાય, પણ ગોળો તો એક નિગોદાવગાહ જેટલો સંપૂર્ણજ ગણવો. પરન્તુ વિષમાવગાહી નિગોદોના જૂદા જુદા ગોળા ગણવા નહિં, જો કે સમાવગાહી નિગોદોના સમુ-

અહિં તાત્પર્ય એ છે કે—જેટલા અને જે આકાશપ્રદેશોમાં વિવક્ષિત એક નિગોદ અવગાહેલી છે, તેટલા અને તેજ આકાશપ્રદેશોમાં સૂક્ષ્મપરિણામવડે બીજી પણ અસંખ્યનિગોદો અવગાહેલી છે, અને દરેક નિગોદમાં અનંત અનંતજીવ છે, અને દરેક જીવ વિવક્ષિત નિગોદમાં વ્યાપ્ત થઇને રહેલો હોય છે. તેવા એક અવગાહના ( એટલે તુલ્ય અવગાહના ) વાળા અસંખ્ય નિગોદોના સમૂહનું નામ **ગોળો** કહેવાય છે. વળી તે ગોળાનો ( અથવા ગોળામાં ) એકેક આકાશપ્રદેશ ( અથવા અવગાહના પ્રદેશ ) છોડીને અને ( જેટલા આકાશપ્રદેશ છોડીને રહે તેટલાજ ) બીજા બીજા આકાશપ્રદેશોની શ્રેણિમાં વ્યાપ્ત થઇને ( એટલે બીજા ગોળામાં વ્યાપ્ત થઇને ) છએ દિશાઓમાં જે બીજી અસંખ્ય નિગોદો દરેક[2] અવગાહનામાં (વ્યાપ્ત થઇને) રહે-

---

હોય તે ગોળો એમ કહેલા નિયમ પ્રમાણે વિષમાવગાહી નિગોદોમાંની દરેક નિગોદ પ્રત્યે જુદો જુદો ગોળો ગણવો હોય તો ગણી શકાય પરન્તુ તેમ ગણવાથી આગળ કહેલી ગણિત વ્યવસ્થા જરાપણ સાચવી શકાશે નહિં એટલુંજ નહિં પણ કહેવાને ઇચ્છેલું જે ઉત્કૃષ્ટપદ અને જઘન્યપદ તેની વ્યવસ્થા પણ જાળવી શકાશે નહિં. તેમજ નિગોદોને જેમ પરસ્પર સંક્રાન્ત ગણી છે તેમ ગોળાઓ પણ એક બીજામાં વિષમાવગાહવડે પરસ્પર સંક્રાન્ત ગણવા પડશે. માટે વિવક્ષિત નિગોદાવગાહમાં સમાવગાહી અને તેનાથી અસંખ્યગુણ વિષમાવગાહી એ બન્ને પ્રકારની નિગોદો મેળવીને ( લક્ષ્યમાં રાખીને ) એકેક ગોળો કલ્પવો. ચાલુ ગાથાની ટીકામાંજ આ અભિપ્રાય સ્પષ્ટપણે કહ્યો છે. ગોળો એ નામ જો કે સમાવગાહી નિગોદોને અંગેજ છે, પરન્તું એમાં જ્યારે જીવો અથવા જીવપ્રદેશો ગણવા હોય ત્યારે વિષમાવગાહી નિગોદોના જીવો તથા જીવપ્રદેશો ગણત્રી બહાર રાખવાના નથી તેમાં પણ એટલું વિશેષ છે કે ઉત્કૃષ્ટપદ ( વિવક્ષિત ગોળાના મધ્યપ્રદેશ ) ને આક્રમણ કરી રહેલી સર્વવિષમાવગાહી નિગોદોના જીવો તથા જીવપ્રદેશો અવશ્ય ગણવાના છે. અને એજ વિવક્ષિત ગોળામાં ઉત્કૃષ્ટપદ છોડીને રહેલી જે વિષમાવગાહી નિગોદો છે તેના જીવો તથા જીવ પ્રદેશો તે ગોળા સંબંધિ ગણવાના નથી, પણ અન્યગોળા સંબંધિ ગણવાના છે.

૨ વિવક્ષિત નિગોદાવગાહ ક્ષેત્રમાં ૧ પ્રદેશન્યૂન, ૨ પ્રદેશન્યૂન, ૩ પ્રદેશન્યૂન ઇત્યાદિ અસંખ્ય અવગાહભેદ પ્રદેશહાનિના છે, અને ૧ પ્રદેશાધિક

લી છે, તે ( વિષમાવગાહી ) નિગોદોનો જેટલો અવગાહના-ભાગ ( અર્થાત્ વિષમાવગાહી નિગોદોમાંનો દરેકનો જેટલો દેશભાગ) વિવક્ષિત ગોળામાં અવગાહીને રહ્યો છે, તેટલો ભાગ પણ તેજ ગોળાનો ગણાય. અને બાકીનો વધેલો અવગાહના ભાગ બીજા ગોળામાં પ્રવેશેલો ( હોવાથી બીજા ગોળામાં ગણાય ) છે. તે કારણથી એક જીવની નિગોદની અને ગોળાની એ ત્રણેની અવગાહના સરખી હોય છે. હવે જીવ નિગોદ અને ગોળાની અવગાહનાનું સરખાપણું સિદ્ધ કરીને તે ગોળામાં જે એક આકાશપ્રદેશને વિષે જીવપ્રદેશોનું પ્રમાણ કેટલું હોય તે કહેવાની ઇચ્છાથી તેના પ્રસ્તાવ માટે પ્રશ્ન કરતા છતા ગ્રંથકાર પોતેજ કહે છે. ( પ્રશ્ન કરે છે. )

અવતરણ—પૂર્વગાથામાં એક જીવ નિગોદ અને ગોળો એ ત્રણની સરખી અવગાહના સિદ્ધ કરીને હવે તે ગોળામાંના ઉત્કૃષ્ટપદરૂપ એક આકાશપ્રદેશમાં એક જીવના કેટલા કેટલા પ્રદેશો અવગાહેલા હોય? તેમજ એક નિગોદના કેટલા પ્રદેશો અવગાહેલા હોય? અને એક ગોળાના કેટલા પ્રદેશો અવગાહેલા હોય? એ ત્રણ અભિધેય-પ્રરૂપણા કહેવાની છે, તે આ ગાથામાં પ્રશ્ન રૂપે એ ત્રણ અભિધેય કહે છે;—

**उक्कोसपयपएसे, किमेगजीवप्पएसरासिस्स ।**
**हुज्जेगनिगोयस्स व, गोलस्स व किं समोगाढं १५**

गाथार्थः—અવતરણમાં કહેલા ત્રણ અભિધેય પ્રમાણે.

टीकार्थः—ઉત્કૃષ્ટથી એક આકાશપ્રદેશને વિષે ( ઉત્કૃષ્ટપદને વિષે ) એક જીવના પ્રદેશનો, એક નિગોદનો, અને એક ગોળાનો કેટલો કેટલો સમૂહ અવગાહેલો છે? અહિં ( પ્રશ્નાર્થ એટલે ) પ્રશ્ન એ છે કે—લોકના આકાશપ્રદેશ જેટલી તુલ્ય સંખ્યા યુક્ત

૨ પ્રદેશાધિક ૩ પ્રદેશાધિક ઇત્યાદિ અસંખ્ય અવગાહભેદ પ્રદેશવૃદ્ધિના છે, તેથી પ્રદેશહાનિવૃદ્ધિરૂપ અવગાહનાના અસંખ્ય અવગાહ ભેદ છે, તેમાંની દરેક અવગાહનામાં—ઇતિ ભાવ.

આત્મપ્રદેશવાળો એક આત્મા જ્યારે પોતાના પ્રદેશો સંકોચી નિગોદ માત્ર ક્ષેત્રમાં ( અંગુલના અસંખ્યાતમા ભાગમાં ) અવગાહે છે, ત્યારે ( અવગાહક્ષેત્રના ) દરેક આકાશપ્રદેશમાં ( એકેક આકાશપ્રદેશમાં ) કેટલા જીવ પ્રદેશો હોય છે ? એ પ્રમાણે એક નિગોદનો અને એક ગોળાનો પણ પ્રશ્ન જાણવો. તેમાં પ્રથમ એક જીવ આશ્રયિ ઉત્તર કહે છે;—

અવતરણ—પૂર્વ ગાથામાં ત્રણ પ્રરૂપણા સંબંધિ ત્રણ પ્રશ્નો કર્યા તેમાં હવે આ ગાથાથી પ્હેલા પ્રશ્નનો ( એટલે એક ગોળાના દરેક આકાશપ્રદેશમાં એક જીવના કેટલા પ્રદેશો અવગાહ્યા છે તેનો ) ઉત્તર કહે છે;—

**जीवस्स लोगमित्तस्स–सुहुमओगाहणावगाढस्स ।**
**इक्किक्कंमि पएसे, हुंति पएसा असंखिज्जा ॥ १६ ॥**

गाथार्थः—સૂક્ષ્મઅવગાહનાએ અવગાહેલા લોકપ્રમાણ એક જીવના અસંખ્ય આત્મપ્રદેશો ( ગોળાના ) એકેક આકાશપ્રદેશમાં અવગાહ્યા છે.

टीकार्थः—સમગ્ર લોકાકાશના આકાશપ્રદેશો પ્રમાણ આત્મપ્રદેશવાળા અને સૂક્ષ્મઅવગાહનાએ અવગાહેલા એવા એક જીવના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો ( ગોળાના ) એકેક આકાશપ્રદેશમાં છે. તાત્પર્ય એ છે કે—જીવ સૂક્ષ્મનામકર્મના ઉદયવડે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ નિગોદાવગાહ જેટલા ક્ષેત્રમાં અવગાહે છે. ( રહે છે ), અને તે અવગાહક્ષેત્ર અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે, તેમજ સમગ્ર લોકાકાશના પણ અસંખ્ય પ્રદેશ છે, પરન્તુ અસંખ્યના અસંખ્ય ભેદ છે ( જે કારણથી સમગ્ર લોકના પ્રદેશનું અસંખ્યાત મોટી સંખ્યાવાળુ અને અવગાહક્ષેત્રના પ્રદેશોનું અસંખ્યાત નાની સંખ્યાવાળું છે ) તે કારણથી નિગોદાવગાહનાના એક આકાશપ્રદેશમાં પણ એક જીવના પોતાના અસંખ્ય પ્રદેશોજ હોય છે. તે એક જીવના આત્મપ્રદેશો ધારો કે ૧૦૦ ક્રોડ સંખ્યા પ્રમાણ છે, અને અવગાહપ્રદેશો ૧૦ હજાર છે તો તે એક જીવના ૧૦૦ ક્રોડ જીવપ્રદેશોને

અવગાહક્ષેત્રના ૧૦ હજાર પ્રદેશોવડે ભાગ આપતાં અવગાહ-ક્ષેત્રના એકેક આકાશપ્રદેશમાં એક જીવના લાખ લાખ આત્મ-પ્રદેશો અવગાહે છે. હવે નિગોદ સંબંધિ પ્રરૂપણા કરાય છે.

અવતરણ—પૂર્વગાથામાં ત્રણ પ્રશ્નમાંના એક પ્રશ્નનો ઉત્તર કહીને એટલે ગોળાના દરેક આકાશપ્રદેશમાં એક જીવના અસંખ્ય અસંખ્ય પ્રદેશો અથવા કલ્પનારૂપ ગણત્રીપ્રમાણે લાખ લાખ પ્રદેશો અવગાહે એમ સિદ્ધ કરીને હવે બીજા પ્રશ્નમાં ગોળાના દરેક આકાશપ્રદેશમાં એક નિગોદના કેટલા પ્રદેશો ( જીવ પ્રદેશો ) અવગાહે? તેનો ઉત્તર આ ગાથામાં કહેવાય છે;—

**लोगस्स हिए भागे, निगोय ओगाहणाइ जं लद्धं**
**उक्कोसपएऽतिगयं, इत्तियमिक्किक्क जीवाओ ॥१७॥**

गाथार्थः—નિગોદની અવગાહનાવડે લોકને ભાગ આપતાં જે પ્રાપ્ત થાય તેટલા પ્રદેશો એકેક જીવના તે ઉત્કૃષ્ટપદમાં ( એકેક આકાશપ્રદેશમાં ) અવગાહેલા હોય છે.

टीकार्थः—લોકને (એટલે લોકાકાશના પ્રદેશોની સંખ્યાને ) નિગોદાવગાહના ( અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ નિગોદાવગાહ ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા આકાશપ્રદેશોની સંખ્યાવડે ) ભાગ આપતાં જે ( જે અંક ) પ્રાપ્ત થાય એટલા જીવપ્રદેશો ઉત્કૃષ્ટપદમાં ( અથવા ગોળામાંના દરેક પ્રદેશમાં ) અવગાહેલા છે, કારણ કે ( વિવક્ષિત નિગોદના અનંતજીવોમાંનો ) દરેક જીવ તે નિગોદાવગાહના સંબંધવાળો છે. અહિં તાત્પર્ય એ છે કે—જો કે લોક અસંખ્ય આકાશપ્રદેશવાળો છે તો પણ અસત્કલ્પનાએ નિશ્ચય ૧૦૦ ક્રોડ પ્રદેશવાળો કલ્પીએ, અને એક નિગોદની અવગાહનાનું આકાશ ૧૦ હજાર આકાશ પ્રદેશવાળું કલ્પીએ તો લોકાકાશના પ્રદેશોની કલ્પેલી ૧૦૦ ક્રોડ સંખ્યાને નિગોદાવગાહની કલ્પેલી ૧૦ હજારની સંખ્યાએ ભાગ આપતાં એક લાખ આવે તો અનંતજીવાત્મક નિગોદમાંના દરેક જીવના ઉત્કૃષ્ટથી લાખ લાખ જીવ પ્રદેશો ( ગોળામાંના અથવા

તે નિગોદાવગાહક્ષેત્રમાંના ) દરેક આકાશપ્રદેશમાં અવગાહી રહ્યા છે એમ જાણવું. એ પ્રમાણે આ ગાથામાં નિગોદ સંબંધિ જેટલા પ્રદેશો એક આકાશપ્રદેશમાં અવગાહ્યા છે તે દર્શાવ્યા. અને હવે ગોળાના કેટલા પ્રદેશો અવગાહ્યા છે તે દર્શાવાય છે.

અવતરણ—પૂર્વગાથામાં નિગોદાવગાહક્ષેત્રના એક આકાશ પ્રદેશમાં પ્રત્યેકજીવના અસત્કલ્પનાએ લાખ લાખ પ્રદેશો અવગાહ્યા છે એમ સિદ્ધ કરીને હવે એજ ક્ષેત્રના દરેક આકાશપ્રદેશમાં ગોળામાંના કેટલા જીવપ્રદેશો અવગાહ્યા છે? તે દર્શાવે છે;—

**एवं दव्वट्ठाए, सव्वेसिं इक्कगोलजीवाणं**

**उक्कोसपयमइगया, होंति पएसा असंखगुणा॥१८॥**

**गाथार्थः**—એ પ્રમાણે દ્રવ્યાર્થપણે એક ગોળામાંના સર્વજીવોના પ્રદેશો ઉત્કૃષ્ટપદને વિષે ( નિગોદના જીવપ્રદેશો કરતાં ) અસંખ્યગુણા રહેલા છે.

**टीकार्थः**—એ પ્રમાણે પ્રદેશાર્થપણે નહિં પણ [1]દ્રવ્યાર્થપણે જેમ ઉત્કૃષ્ટપદમાં નિગોદના જે જીવો રહ્યા છે તે કરતાં તે જીવોના પ્રદેશો અસંખ્યગુણા રહેલા છે, તે પ્રમાણે એક ગોળામાં રહેલા સર્વજીવદ્રવ્યોથી તે જીવોના પ્રદેશો ઉત્કૃષ્ટપદને વિષે અસંખ્યગુણા રહેલા છે. તાત્પર્ય એ છે કે—નિગોદ જો કે નિશ્ચયથી અનંતજીવવાળો છે તો પણ કલ્પના તરીકે એક લાખ જીવવાળો માનીએ, અને ગોળો પણ જો કે અસંખ્યાત નિગોદવાળો છે તો પણ ધારો કે અસત્કલ્પનાએ એક લાખ નિગોદવાળો માનીએ તો તે એક લાખને એક લાખે ( અનંતજીવોને અસંખ્યનિગોદોવડે ) ગુણીએ તો એક ગોળામાં અસત્કલ્પનાએ ૧૦૦૦ ક્રોડ જીવો આવે.

૧ એક ગોળામાં જે અથવા તે ગોળાના એક પ્રદેશમાં જીવોની જે સંખ્યા ( જીવદ્રવ્યની જે સંખ્યા ) તે દ્રવ્યાર્થપણે ગણાય, અને તેમાં જે જીવપ્રદેશોની સંખ્યા તે પ્રદેશાર્થપણે ગણાય. તેથી ભાવાર્થ એ છે કે ઉત્કૃષ્ટપદમાં નિગોદનાં જેટલાં જીવદ્રવ્ય રહ્યાં છે તે કરતાં પ્રદેશો અસંખ્યગુણ રહ્યા છે.

પુન: એ ( ૧૦૦૦ ક્રોડમાંના ) દરેક જીવના લાખ લાખ જીવપ્રદેશો ઉત્કૃષ્ટપદમાં રહેલા કહ્યા છે, ( તો ૧૦૦૦ ક્રોડને એક લાખે ગુણતાં એક આકાશપ્રદેશમાં ( ઉત્કૃષ્ટપદમાં ) કલ્પનાએ કલ્પેલા ૧૦ ક્રોડાક્રોડિ જીવપ્રદેશો અવગાહે છે. તે કારણથી ગોળામાં જેટલા જીવો છે, તેથી અસંખ્યગુણ તેના પ્રદેશો ( જીવપ્રદેશો ) ગોળામાંના દરેક આકાશપ્રદેશમાં હોય છે એમ કહ્યું. હવે તેમાં ગુણાકાર સંબંધિ રાશિના પ્રમાણના નિર્ણય માટે કહે છે.

ભાવાર્થ:—નિગોદાવગાહ જેટલા એટલે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રના એકેક આકાશપ્રદેશમાં ગોળાસંબંધિ જીવદ્રવ્યોનો અને જીવપ્રદેશોનો સમૂહ કેટલો છે ? તે આ ગાથામાં સ્પષ્ટ કર્યું છે, તેથી પ્રથમ કહેલી ત્રણ પ્રરૂપણાઓમાંની આ ત્રીજી પ્રરૂપણા પૂર્ણ થઇ. એમાં સ્પષ્ટતા એજ છે કે નિગોદાવગાહ જેટલા પૂર્ણ ક્ષેત્રમાં એક નિગોદગત અનંતજીવોથી અસંખ્યગુણા અનંતજીવો ( એટલે સંપૂર્ણ અનંત જીવદ્રવ્યો ) અવગાહ્યાં છે, અને તે નિગોદાવગાહક્ષેત્રના એકેક પ્રદેશમાં તો તે અનંતજીવોનો પ્રત્યેકનો એકેક દેશાંશ રહેલો હોવાથી (દરેક આકાશપ્રદેશમાં ) અનન્તજીવદેશો રહ્યા છે, એ અનંતજીવદેશો પણ ( એકેક જીવદ્રવ્યની અપેક્ષાએ ) અનંતજીવદ્રવ્યો ગણાય. અને પ્રદેશાર્થપણે તો તે દરેક જીવદ્રવ્યના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો અવગાહેલા હોવાથી તે એક આકાશપ્રદેશમાં જીવદ્રવ્યોથી જીવપ્રદેશો અસંખ્યગુણા અવગાહેલા ગણાય. કારણ કે અનંતજીવની એક નિગોદ અને અસંખ્યનિગોદનો એક ગોળો હોય છે.

અવતરણ—ઉત્કૃષ્ટપદમાં અથવા ગોળાના એકેક પ્રદેશમાં દ્રવ્યાર્થપણે જેટલાં જીવદ્રવ્યો રહ્યાં છે, તે જીવદ્રવ્યોથી અસંખ્ય ગુણ જીવપ્રદેશો તે ઉત્કૃષ્ટપદમાં અથવા ગોળાના એકેક પ્રદેશમાં રહ્યા છે એમ કહ્યું તેમાં અસંખ્યગુણ શબ્દથી અસંખ્યનું પ્રમાણ કેટલું ? તે આ ગાથામાં કહે છે:—

**तं पुण केवइगुणं, गुणियमसंखिज्जयं भविज्जाहि ?**
**भण्णइ दव्वट्ठाए, जावइया सव्वगोलत्ति ॥ १९ ॥**

ગાથાર્થ:—તેને કેટલાવડે ( કઈ સંખ્યા અથવા કઈ રાશિ વડે ) ગુણતાં અસંખ્યગુણ થાય ? ( પ્રશ્નના ઉત્તરમાં ) કહે છે દ્રવ્યાર્થથી જેટલા સર્વગોળા છે. ( તેટલી સંખ્યાએ ગુણતાં ઈષ્ટ અસંખ્યગુણ રાશિ થાય. )

ટીકાર્થ:—વળી તે પૂર્વે કહેલા ઉત્કૃષ્ટપદ ગત ( અથવા ગોળાના કોઇપણ એક આકાશપ્રદેશમાં રહેલા ) જીવપ્રદેશોનો જે સમૂહ અસંખ્યગુણ એટલે અસંખ્યાતવડે ગુણવાથી પ્રાપ્ત થયો, તે કઈ અસંખ્યરાશિવડે ( કયા અંકવડે ) ગુણવાથી પ્રાપ્ત થયો ? તેનો ઉત્તર કહે છે કે—પ્રદેશાર્થપણે નહિં પણ [1]દ્રવ્યાર્થપણે જેટલા સર્વગોળા એટલે સમગ્ર લોકાકાશમાં જેટલા નિગોદગોળા [2]કલ્પી શકાય તેટલી સંખ્યાવડે ગુણાકાર કરવો. અને ઉત્કૃષ્ટપદમાં એક જીવના પણ તેટલાજ ( એટલે સર્વ ગોળાની સંખ્યા

---

૧ નિગોદના સર્વ ગોળાઓવડે ગુણાકાર કરવાનું કહ્યું તેમાં સર્વ ગોળાઓવડે એટલે ગોળામાં રહેલા સર્વઆત્મપ્રદેશોવડે ? કે ગોળામાં રહેલી સર્વ નિગોદોવડે ? કે ગોળાઓનીજ સંખ્યાવડે ગુણાકાર કરવો ? એ ત્રણ શંકાને અવકાશ હોવાથી પ્રથમની બે શંકાનો પરિહાર કરવા “ દ્રવ્યાર્થપણે ” એમ કહ્યું જેથી ગોલકદ્રવ્યોવડે ગુણાકાર કરવાનું સિદ્ધ થયું. ગોળામાં રહેલી દરેક નિગોદ ગોળાનો દેશ કહેવાય, તેમજ ગોળામાં રહેલો દરેક જીવ પણ નિગોદનો દેશ છે, અને ગોળામાં રહેલા જીવ પ્રદેશો તે ગોળાના પ્રદેશરૂપે ગણાય માટે ગુણાકાર ગોળાઓના પ્રદેશથી નહિ પણ ગોળાના દ્રવ્યથી એટલે જેટલાં ગોલકદ્રવ્યો છે તેટલી સંખ્યાથી કરવો. એમ કહ્યું.

૨ અહિં કલ્પી શકાય એમ કહેવાનું કારણ છે કે “ સમાવગાહી નિગોદોનો સમૂહ તે ગોળો ” એ અર્થ પ્રમાણે તો ઉત્કૃષ્ટપદવર્જીને રહેલી અને ઉત્કૃષ્ટપદ અંદર રાખીને રહેલી એમ સર્વ વિષમાવગાહી નિગોદાત્મક અવગાહનાઓ ગોળારૂપે ગણાય, અને તેવા ગોળા તો લગભગ લોકાકાશના પ્રદેશ જેટલા ઘણા—અસંખ્ય હોઈ શકે છે, અને આ સ્થાને તો દરેક ગોળાનાં ઉત્કૃષ્ટપદ છોડી છોડીને જે ગોળાઓ રહ્યા છે, અને જે લોકાકાશના પ્રદેશોને નિગોદાવગાહવડે ભાગતાં જે સંખ્યા આવે તેટલા ગોળાઓનેજ અહિં સર્વગોળા ગણવાના છે. અથવા લોકાકાશમાં ગોળાઓને છુટા છુટા—જૂદા જૂદા કરી સ્થાપતાં જેટલા ગોળા સમાઇ શકે તેટલાજ ગોળા અહિં સર્વગોળા કહેવાય.

જેટલા ) આત્મપ્રદેશો જાણવા. કારણ કે સર્વ ગોળા અને એક ગોળાના એક આકાશપ્રદેશમાં રહેલા એક જીવના પ્રદેશો એ બે પરસ્પર તુલ્યસંખ્યાવાળા છે.

અવતરણ—પૂર્વગાથામાં સર્વગોળા અને ગોળાના એક આકાશપ્રદેશમાં રહેલા એક જીવના આત્મપ્રદેશ એ બે પરસ્પર તુલ્ય કહ્યા, ત્યાં પ્રશ્ન થાય છે કે એ બે પરસ્પર તુલ્ય કેવી રીતે હોય ? તેનું સમાધાન આ ગાથામાં કહેવાય છે;—

**किं कारणमोगाहणतुल्लत्ता जियनिगोयगोलाणं**
**गोला उक्कोसपएक्कजियपएसेहि तो तुल्ला ॥ २० ॥**

गाथार्थः—( સર્વગોળા અને ગોળામાં એક પ્રદેશને વિષે એક જીવના પ્રદેશ એ બે તુલ્ય છે તેનું ) શું કારણ ? ( ઉત્તર કહે છે કે ) એક જીવ-નિગોદ-અને ગોળો એ ત્રણેની અવગાહના તુલ્ય છે તે કારણથી સર્વગોળા ઉત્કૃષ્ટપદમાં ( ગોળાના એક પ્રદેશમાં ) રહેલા એક જીવના પ્રદેશ જેટલા છે.

टीकार्थः—જેટલા સર્વગોળા તેટલાજ ઉત્કૃષ્ટપદમાં એક જીવના પ્રદેશો કહ્યા તે શા કારણથી ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર આ પ્રમાણે—અવગાહના તુલ્ય છે માટે, કોની અવગાહના તુલ્ય છે ? તે કહે છે કે એક જીવની-નિગોદની-અને ગોળાની એ ત્રણેની. અવગાહના તુલ્ય છે તે કેવી રીતે ? તો કહે છે કે એ ત્રણેની અવગાહના અંગુલના અસંખ્યાતમાભાગની છે માટે. એ પ્રમાણે હોવાથી સર્વલોકાકાશવર્તી જે ગોળા અને ઉત્કૃષ્ટપદમાં એક જીવના જે પ્રદેશો તે તુલ્ય છે. અર્થાત્ સર્વગોળાઓ ઉત્કૃષ્ટપદ ગત એક જીવના પ્રદેશો જેટલા છે, એજ વાતને વિશેષ સમજાવવા માટે પુન: કહે છે કે—

અવતરણ—પૂર્વોક્ત બે ગાથાઓમાં જે સર્વગોળા અને ઉત્કૃષ્ટ પદગત એક જીવના પ્રદેશો તુલ્ય કહ્યા તેજ વાતની વિશેષ સમજ આ ગાથામાં કહે છે;—

[1]गोलेहिं हिए लोगे, आगच्छइ जं तमेगजीवस्स
उक्कोसपयगयपएसरासितुल्लं हवइ जम्हा ॥ २१ ॥

गाथार्थः—જે કારણથી ગોળાવડે લોકને ભાગ આપતાં જે પ્રાપ્ત થાય તે ઉત્કૃષ્ટપદમાં રહેલા એક જીવના પ્રદેશરાશિ પ્રમાણ હોય છે ( તે કારણથી સર્વગોળા અને ઉત્કૃષ્ટપદગત એક જીવના પ્રદેશ તુલ્ય છે એ સંબંધ. )

टीकार्थः—[2]ગોળાવડે એટલે ગોળો જેટલા આકાશપ્રદેશમાં અવગાહે તેટલા ( અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આકાશ ) પ્રદેશોવડે એટલે અસત્કલ્પનાએ ૧૦ હજાર આકાશપ્રદેશોવડે લોકાકાશના પ્રદેશરાશિને એટલે અસત્કલ્પનાએ ૧૦૦ ક્રોડ આકાશપ્રમાણ લોકને ભાગ આપતાં જે ૧ લાખ પ્રમાણ સર્વગોળાઓરૂપે જવાબ આવે એટલે કલ્પનાએ ૧ લાખ ગોળા આવે છે. એક લાખ ગોળા તે પૂર્વોક્ત રીતે કલ્પનાએ કલ્પેલી ઉત્કૃષ્ટગત એક જીવપ્રદેશરાશિ જેટલા તુલ્યજ છે તે કારણથી સર્વગોળા ઉત્કૃષ્ટપદગત એકજીવના આત્મપ્રદેશ જેટલા થાય છે તે યુક્તજ છે. એ પ્રમાણે સર્વગોળા અને ઉત્કૃષ્ટપદગત એકજીવના પ્રદેશો તુલ્ય છે એમ સિદ્ધ કર્યું, અને હવે પુનઃ એજ વાત બીજી રીતે સમજાવે છે.

અવતરણ—સર્વગોળા અને ઉત્કૃષ્ટપદગત એકજીવના પ્રદેશોની તુલ્યતા પૂર્વે ત્રણ ગાથામાં જે રીતે સિદ્ધ કરી તેનાથી જૂદી રીતે ( તે બેની તુલ્યતા ) આ ગાથામાં તેજ વાત સમજાવે છે;—

अहवा लोगपएसे इक्किक्के ठवय गोलमिक्किक्कं ।
एवं उक्कोसपएक्कजियपएसेसु मायंति ॥ २२ ॥


गाथार्थः—અથવા લોકાકાશના એકેકપ્રદેશમાં એકેક ગોળો સ્થાપીએ તો એ પ્રમાણે ઉત્કૃષ્ટપદગત એકજીવના પ્રદેશરાશિ જેટલા આકાશપ્રદેશોમાં તે ગોળાઓ સમાઇ રહે છે.

---

૧–૨ અહિં " गोलेहिं એટલે ગોળાવડે " એ વ્યપદેશ દ્રવ્યાર્થપણે નથી પણ પ્રદેશાર્થપણે છે.

## ॥ प्रदेशहानिवृद्धिए निगोदस्पर्शना चित्र ॥

આ ચિત્રમાં જેટલી કાળી નિગોદો છે તે સર્વ મધ્યવર્તી લાલ-ગોળાના ઉત્કૃષ્ટપદને દબાવીને રહી છે, અને લાલરેખાવાળી બે નિગોદ ઉત્કૃષ્ટપદ છોડીને રહી છે. તે સ્પષ્ટ દર્શાવવા માટે આ ચિત્ર છે. ( અ-ન્યથા કેવળ બે દિશિથી નિગોદસ્પર્શના હોય નહિ ). [ગાથા-૨૨]



**ટીકાર્થ**—અથવા વિવક્ષિત તુલ્યત્વની [૧]ક્ષુધાવાળા લોકાકાશના એકેક પ્રદેશમાં ( એકેક આકાશપ્રદેશમાં ) એકેક ગોળો સ્થાપો તો એ પ્રમાણે કહેલા અનુક્રમવડે સ્થાપતાં ઉત્કૃષ્ટપદને વિષે જેટલા એકજીવના આત્મપ્રદેશો છે તેમાં એટલે તેટલા પ્રમાણ (=સંખ્યા) વાળા આકાશપ્રદેશોમાં સર્વ ગોળા સમાઇ રહે છે એમ જાણવું. અર્થાત્ ઉત્કૃષ્ટપદમાં એકજીવના જેટલા આત્મપ્રદેશો છે તેટલાજ સર્વગોળા પણ છે અને તે બન્ને અસત્કલ્પનાએ એકેક લાખ [૨]જેટલા છે. હવે સર્વજીવોથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો વિશેષાધિક છે એ સિદ્ધ કરવું છે, પણ એ સિદ્ધ કરવા માટે પ્રથમ ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશોનું અને સર્વજીવોનું તુલ્યપણું સમજાવે છે.

અવતરણ—સર્વગોળા અને ઉત્કૃષ્ટપદગત એકજીવના પ્રદેશો એ બે તુલ્ય છે એમ સિદ્ધ કરીને હવે ઉત્કૃષ્ટપદમાં રહેલા જીવપ્રદેશો સર્વજીવોથી વિશેષાધિક સમજાવવા માટે પ્રથમ તો એ બેની તુલ્યતા આ ગાથામાં સમજાવે છે;—

**गोलो जीवो य समा, पएसओजं च सव्वजीवावि ।**
**हुंति समोगाहणया, मज्झिमओगाहणा पप्प ॥२३॥**

**ગાથાર્થ**—ગોળો અને જીવ એ બે પ્રદેશાપણે સરખા છે, જે કારણથી સર્વજીવો પણ મધ્યમઅવગાહનાની અપેક્ષાએ તુલ્ય અવગાહનાવાળા છે.

**ટીકાર્થ**—ગોળો અને જીવ અવગાહનાપ્રદેશોની અપેક્ષા-

---

૧ કલ્પના પ્રમાણે ધારો કે કોઈ વખત આ લોકરૂપ પુરૂષને એ બેની તુલ્યતા જાણવાની તીવ્ર જીજ્ઞાસારૂપ ક્ષુધા લાગી હોય તે વખતે એ લોકાકાશના મુખમાં વા પેટમાં એ રીતે એકેક ગોળો સ્થાપતા જઇએ તો એ ભાવાર્થ.

૨ પુનઃ બીજી રીતે ક્ષેત્રાપહારની પદ્ધતિએ વિચારીએ તો એકેક ગોળે એકેક આકાશપ્રદેશ અપહરતાં ઉત્કૃષ્ટપદમાં એક જીવના જેટલા આત્મ પ્રદેશો છે તેટલા આકાશપ્રદેશ અપહરાય એટલા સર્વગોળા છે.

એ તુલ્ય છે. કારણ કે ગોળો જેમ અસત્કલ્પનાએ ૧૦ હજાર પ્રદેશોમાં અવગાહ્યો છે તેમ જીવ પણ ૧૦ હજાર આકાશપ્રદેશોમાંજ અવગાહ્યો છે. વળી તેથી સર્વે સૂક્ષ્મજીવો પણ ( શેષ ગોળાઓમાં રહેલા સર્વે અનંત સૂક્ષ્મજીવો પણ ) મધ્યમઅવગાહનાની અપેક્ષાએ તુલ્ય અવગાહનાવાળા છે. મધ્યમઅવગાહના કહેવાનું કારણ એ છે કે કેટલીક સૂક્ષ્મનિગોદોની અવગાહના જઘન્યથી ૫૦૦૦ આકાશપ્રદેશ જેટલી કલ્પીએ, અને કેટલીક સૂક્ષ્મનિગોદોની અવગાહના ઉત્કૃષ્ટથી ૧૫૦૦૦ આકાશપ્રદેશો જેટલી કલ્પીએ તે બન્ને અવગાહનાઓ મળી તે (ના અન્તરને) અર્ધ કરતાં ૧૦ હજાર આકાશપ્રદેશપ્રમાણ મધ્યમઅવગાહના ( સર્વે સૂક્ષ્મનિગોદોની ) ગણાય.

અવતરણ—ગોળો અને જીવ સરખી અવગાહનાવાળા કહ્યા, અને સર્વે સૂક્ષ્મજીવો પણ મધ્યમઅવગાહનાની અપેક્ષાએ સરખી અવગાહનાવાળા કહ્યા તેથી શું સિદ્ધ થયું ? તે આ ગાથામાં દર્શાવે છે;—

**तेण फुडं चिय सिद्धं, एग पएसम्मि जे जियपएसा**
**ते सव्वजीवतुल्ला, सुणसु पुणो जह विसेसहिया ।२४।**

**गाथार्थः**—તેથી નિશ્ચય સ્પષ્ટ રીતે સિદ્ધ થયું કે (ગોળાના) એક આકાશપ્રદેશમાં જેટલા જીવપ્રદેશ છે તે સર્વજીવોની સંખ્યા જેટલા તુલ્ય છે, પરન્તુ જે રીતે વિશેષાધિક જીવપ્રદેશો ( સર્વ જીવાપેક્ષાએ ) કહ્યા તે રીતિ હવે સાંભળો.

**टीकार्थः**—અહીં નિશ્ચય અસદ્ભાવ સ્થાપનાવડે ( અસત્કલ્પનાવડે ) ૧૦ હજાર આકાશપ્રદેશોમાં અવગાહી રહેલા ૧૦૦ ક્રોડ આત્મપ્રદેશવાળા એક જીવના પ્રદેશો પ્રત્યેક આકાશપ્રદેશમાં લાખ લાખ ( આત્મપ્રદેશો ) અવગાહે છે. અને તે પૂર્વોક્ત રીતે ( ૧૮ મી ગાથાની ટીકામાં કહ્યા પ્રમાણે ) એક ગોળામાં રહેલી એક નિગોદના ( વાસ્તવિક રીતે અનંત પરન્તુ અસત્ કલ્પનાએ ) ૧ લાખ જીવોવડે ગુણતાં ( ગોળાના એક આકાશપ્રદેશમાં ) ૧૦૦૦ ક્રોડ આત્મપ્રદેશો હોય. પુનઃ પણ તે એક ગોળામાં રહેલી

( વાસ્તવીક રીતે અસંખ્ય તોપણ અસત્કલ્પનાએ ) ૧ લાખ નિગોદવડે ગુણતાં ૧૦ કોડાકોડી આત્મપ્રદેશો ( ગોળાના એક આકાશપ્રદેશમાં ) અવગાહે છે. અને ગોળામાં જીવદ્રવ્યો એટલે એક ગોળાકવર્તી સર્વજીવો પણ તેટલાજ ( વાસ્તવીક રીતે અનંત તોપણ અસત્કલ્પનાએ દશ કોડાકોડી છે. ) તે આ પ્રમાણે—

અસત્કલ્પનાએ ૧૦૦ ક્રોડ આકાશપ્રદેશવાળા લોકને વિષે ૧૦ હજાર આકાશપ્રદેશના અવગાહવાળા ૧ લાખ ગોળા હોય છે, અને પ્રત્યેક ગોળામાં લાખ લાખ નિગોદ કલ્પેલી હોવાથી ૧૦૦૦ ક્રોડ નિગોદ ( સમગ્રલોકમાં ) હોય છે, અને દરેક નિગોદમાં લાખ લાખ જીવ કલ્પવાથી ( સમગ્રલોકમાં ) ૧૦ કોડાકોડી જીવો હોઈ શકે છે. હવે સર્વજીવોથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો વિશેષાધિક જે રીતે હોય છે તે રીતિ દર્શાવે છે.

અવતરણ—પૂર્વગાથામાં સર્વજીવો અને ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો એ બેની તુલ્ય સંખ્યા સિદ્ધ કરીને હવે આ ગાથામાં સર્વજીવોથી પણ ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો જે રીતે વિશેષાધિક છે તે રીતિ દર્શાવે છે;—

**जं संति केइ खंडा, गोला लोगंतवत्तिणो अन्ने**
**बायरविग्गहिएहिय, उक्कोसपयं जमब्भहियं ॥२५॥**

ગાથાર્થઃ—જે કારણથી બીજા કેટલાએક ખંડગોળા લોકને અન્તે રહેલા છે ( તેથી તે સંબંધિ કેટલાક જીવો ન્યૂન થવાથી ) અને જે કારણથી બાદરનિગોદાદિ જીવોના અવગાહવડે તેમજ વિગ્રહ અથવા ઋજુગતિમાં વર્તતા તે જીવોના અવગાહવડે યુક્ત હોય છે તેથી તે ઉત્કૃષ્ટપદ ( સર્વજીવોથી ) વિશેષાધિક છે.

ટીકાર્થઃ—જે કારણે અખંડગોળાઓથી બીજા કેટલાએક ખંડગોળા લોકને અન્તે રહેલા હોય છે. તેથી પ્રથમ અસત્કલ્પનાએ કલ્પેલો ૧૦ કોડાકોડી પ્રમાણવાળો સર્વજીવ સમૂહ ન્યૂન હોય છે, કારણ કે સર્વજીવો ૧૦ કોડાકોડિ પ્રમાણ કહ્યા તે તો લોકમાં સર્વત્ર અખંડ ગોળાઓની ગણત્રીથી કહ્યા છે. તે કારણથી જેટલા જીવોવડે તે ખડગોળાઓ પૂર્ણગોળા થઈ શકે તેટલા

જીવો લોકમાં ઓછા હોવાથી અથવા વિદ્યમાન નહિ હોવાથી સર્વજીવ સંખ્યામાંથી બાદ કરીએ તો ધારો કે તે અવિદ્યમાન-જીવો નિશ્ચય ૧૦૦ ક્રોડ હોય તો તે સર્વજીવો એક[1] ક્રોડ જેટલા [2]ન્યૂન થાય અને ઉત્કૃષ્ટપદમાં તો જીવપ્રદેશોનું જે પ્રમાણ કહ્યું છે [3]તેજ કાયમ હોય છે માટે સર્વજીવોથી ઉત્કૃષ્ટપદ વિશેષાધિક થાય છે, અને જો તે ખંડગોળાઓને સ્થાને (ખંડગોળાઓને બદલે) લોકને અન્તે પણ અખંડગોળાજ માનીએ તો સર્વજીવો ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો જેટલા તુલ્યજ થાય. પુન: (એથી પણ વધુ વિશેષાધિક ઉત્કૃષ્ટપદ છે તે આ પ્રમાણે) બાદર[4] વિગ્રહિકજીવોના પ્રદેશોવડે ઉત્કૃષ્ટપદ (જે કારણે) સર્વ જીવરાશિથી અધિક છે, તે કારણસર પણ ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો સર્વ જીવરાશીથી વિશેષાધિક છે.

અહિં તાત્પર્ય એ છે કે—વિગ્રહગતિમાં વર્તતા અને ઋજુ-ગતિમાં વર્તતા બાદરનિગોદાદિજીવો સર્વ સૂક્ષ્મજીવોથી (સૂક્ષ્મ-

---

૧ નિગોદ છત્રીશીની છપાયલી ટીકામાં આ સ્થાને "**कोटीशतमान:**" એટલે ૧૦૦ ક્રોડ એવો પાઠ છે, પરન્તુ એજ છાપેલી પ્રતની ટીપ્પનિકામાં "**कोटीमान इति भगवतीवृत्तौ=**" એટલે ભગવતીજીની ટીકામાં ૧ ક્રોડ કહેલ છે, તે કારણથી તેમજ એજ છાપેલી પ્રતની આગળની ટીકામાં ગણીત મેળવવામાં ઠામ ઠામ ૧ ક્રોડના હિસાબેજ ગણિત મેળવેલું છે, જેથી અહિં અર્થમાં ૧૦૦ ક્રોડ અર્થ કરવાને બદલે આ સ્થાને ૧ ક્રોડનો સંગત અર્થજ કાયમ રાખ્યો છે,


૨ ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ એ દશ કોડાકોડી સંખ્યામાંથી ૧૦૦૦૦૦૦૦ (એક ક્રોડ) સંખ્યા બાદ કરતાં ૯૯૯૯૯૯૯૦૦૦૦૦૦૦૦૦ (નવ ક્રોડ નવાણુ લાખ નવાણુ હજાર નવસો ક્રોડ એટલા) સર્વ જીવો થાય.

૩ દશ કોડાકોડી આત્મપ્રદેશો.

૪ અધિકૃત તાત્વિક ઉત્કૃષ્ટપદ જે ગોળામાં જાણવું છે તે ગોળા સિવાયના બીજા સ્થાનથી બાદરનિગોદાદિ (બા૦નિગોદો–સૂક્ષ્મનિગોદો–અને સૂક્ષ્મ પૃથ્વીકાય વિગેરે તથા બાદર પૃથ્વીકાય વિગેરે) જીવો મરણ પામીને વિગ્રહગતિએ અથવા ઋજુગતિએ પરભવમાં એટલે સૂક્ષ્મનિગોદાદિ ભવમાં ઉત્પન્ન થવાને જતા હોય.

## ॥ अखंड गोलकनी अने उत्कृष्टपदनी स्थापना ॥

આ સ્થાપનાચિત્રમાં સર્વમધ્યનો ડબલ લાલરેખાવાળો ગોળો તે વિવક્ષિત નિગોદ છે, તેમાં છએ દિશાએ પ્રદેશહાનિવૃદ્ધિએ અન્ય અન્ય નિગોદો મધ્યવર્તી બિંદુરૂપ ઉત્કૃષ્ટપદને દબાવીને રહેલી છે, અને કેવળ છએ દિશાએ લાલ રેખાવાળી ૬ નિગોદોજ ઉત્કૃષ્ટપદ છોડીને રહી છે.



આ ચિત્રમાં સંપૂર્ણ ગોળો તે મધ્યનો લાલ રેખાવાળોજ જાણવો, અને પ્રદેશહાનિવૃદ્ધિએ રહેલી વિષમાવગાહી નિગોદોનો જેટલો ભાગ તે લાલવર્તુલમાં આવ્યો છે તેટલો તે ગોળાનોજ ગણવો, અને જેટલો ભાગ મધ્યલાલવર્તુલથી બહાર પડ્યો છે તેટલો તે ગોળાનો નહિં પણ ગોળા બહારનો ગણવો, છતાં પણ બહાર પડેલા દેશ ભાગવાળી એ નિગોદો તો તે ગોળાનીજ ગણવી. મધ્યવર્તી લાલરેખાવાળાગોળાનું અતિમધ્યબિંદુ તે જ **उत्कृष्टपद**. [ ગાથા–૨૫ ]

નિગોદના જીવોથી) અસંખ્યાતમા ભાગ જેટલા હોય છે. તે ધારો કે પ્રાય: ૧ ક્રોડ સંખ્યા જેટલા છે, તેને પૂર્વે કહેલા (દેશોન) સર્વ [1]જીવરાશિમાં પ્રક્ષેપીએ (શ્રી ભગવતીજીની ટીકા પ્રમાણે ૧ ક્રોડ ન્યૂન [2]સર્વજીવોમાં ઉમેરીએ) તો સર્વ સૂક્ષ્મનિગોદ જીવો ઉત્કૃષ્ટપદગત [3]જીવપ્રદેશો જેટલા તુલ્ય થાય છે, છતાં પણ એક ક્રોડ પ્રાય: સંખ્યાવાળા તે બાદરનિગોદાદિ જીવોથી અસંખ્યાતમા ભાગ જેટલા એટલે અસત્કલ્પનાએ ૧૦૦ જીવો તે વિવક્ષિત સૂક્ષ્મનિગોદવાળા ગોળાની અવગાહનામાં રહેલા છે, અને તે ગોળાના દરેક પ્રદેશમાં તે ૧૦૦ જીવના દરેકના લાખ લાખ જીવપ્રદેશો અવગાહ્યા છે તેથી લાખને ૧૦૦ વડે ગુણતાં ૧ ક્રોડ જીવપ્રદેશો થતા હોવાથી તે ગોળાના ઉત્કૃષ્ટપદમાં પ્રત્યેક પ્રદેશમાં પ્રક્ષેપતાં પૂર્વે કહેલું ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશોનું પ્રમાણ (સર્વ સૂક્ષ્મનિગોદ જીવોથી) ૧ ક્રોડ જેટલું [4]વિશેષાધિક થાય છે.

ભાવાર્થ—સમગ્ર લોકાકાશમાં જો સર્વે અખંડ નિગોદગોળા હોય અને એક પણ ખંડગોળો ન હોય તો લોકાકાશમાં કલ્પના તરીકે કલ્પેલા ૧ લાખ અખંડગોળા (લોકાકાશને નિગોદાવગાહવડે ભાગતાં) રહી શકે છે, અને તે દરેકમાં લાખ લાખ નિગોદ કલ્પતાં અને દરેક નિગોદમાં લાખલાખ સૂક્ષ્મ સાધારણ શરીરી જીવો ગણતાં સમગ્ર લોકાકાશમાં સર્વ સૂક્ષ્મનિગોદના જીવો ૧૦ કોડાકોડી હોઈ શકે છે, અને ઉત્કૃષ્ટપદમાં પણ ગ્રંથકર્તાની ગણત્રી પ્રમાણે ૧૦ કોડાકોડી (સૂક્ષ્મનિગોદજીવો નહિં પણ સૂ૰ નિગોદ જીવોના) જીવપ્રદેશો કહ્યા છે, એ પ્રમાણે જો હોઈ શકે તો સર્વ સૂ૦ નિગોદજીવો અને ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો બન્ને તુલ્યજ હોય એમાં સંશય નથી, પરન્તુ સમગ્ર લોકાકાશમાં કેવળ અખંડગોળા જ છે એમ નથી, કારણકે લોકની અંદરના ભાગમાં અખંડગોળા છે, અને લોકના અન્તભાગે એટલે અલોકની પાસેના લોકભાગમાં તો ખંડગોળા પણ છે, તેથી પ્રથમ ગણેલા ૧ લાખ ગોળામાં

૧–૨ ૯૯૯૯૯૯૯૯૦૦૦૦૦૦૦ જીવોમાં.

૩ ૧૦ કોડાકોડી.

૪ ૧૦ ૦૦૦૦૦૦૦ ૦૦૦૦૦૦૦ સર્વ જીવો છે, અને ૧૦૦૦૦૦૦૦ ૧૦૦૦૦૦૦૦ ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો છે.

કેટલાએક ખંડગોળા અને ઘણા અખંડગોળા છે, તેથી જેટલા જીવોવડે ખંડગોળાને સંપૂર્ણગોળા બનાવી શકાય તેટલા જીવો એટલે કલ્પનાએ ૧ ક્રોડ જીવો ૧૦ કોડાકોડી જીવોમાંથી બાદ કરીએ તેટલાજ સર્વસૂક્ષ્મનિગોદજીવો હોઈ શકે છે, અને એમ થવાથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો તો ૧૦ કોડાકોડી કાયમ રહ્યા પણ સમગ્રલોકવર્તી સૂક્ષ્મનિગોદજીવોની સંખ્યા ૧૦ કોડાકોડીથી (૧ ક્રોડ જેટલી) ઓછી થઈ માટે એ રીતે સિદ્ધ થયું કે સર્વ-સૂક્ષ્મજીવોથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો વિશેષાધિક છે.

વળી બીજી રીતે પણ વિશોધિકતા છે તે આ પ્રમાણે—ખંડ-ગોળાઓમાં ૧ ક્રોડ જીવ કમી છે, તે તો ખંડગોળાઓમાં વિગ્રહગતિએ વા ઋજુગતિએ જતા બાદરનિગોદ [1] વિગેરે જે અનંત-જીવો તે સૂક્ષ્મનિગોદજીવોના અસંખ્યાતમા ભાગ જેટલા છે, તે બાદરનિગોદાદિ જીવો અસતકલ્પનાએ ૧ ક્રોડ જેટલા ધારીએ અને તે પૂર્વોક્ત ૧ ક્રોડ જીવ જેટલા ન્યૂન ખંડગોળાઓમાં એ ૧ ક્રોડ જીવ ઉમેરી ખંડગોળાઓ પૂર્ણ કરીએ, તો સર્વ નિગોદજીવો અને ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશોએ બન્ને તુલ્ય સંખ્યાવાળા (૧૦ કોડાકોડી પ્રમાણ) થાય. એ પ્રમાણે જો તુલ્યતા થઈ તો હવે ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશોને વિશેષાધિક કઇ રીતે ગણવા? તેનો ઉપાય એ છે કે એ વિગ્રહગત્યાદિવાળા બાદરનિગોદાદિ અનંતજીવોથી અસંખ્યાતમા ભાગ જેટલા (તોપણ અનંત) જીવો તે અધિકૃત ઉત્કૃષ્ટપદવાળા ગોળાઓમાં જે અવગાહી રહ્યા છે તે ધારો કે ૧૦૦ બાદરનિગોદ જીવો અવગાહ્યા છે તેના (દરેકના લાખ લાખ પ્રદેશો પ્રમાણે) ૧ ક્રોડ આત્મપ્રદેશો અવગાહ્યા છે તે જયારે ગણત્રીમાં ગણીયે ત્યારે ઉત્કૃષ્ટપદમાં ૧૦ કોડાકોડી અને ૧ ક્રોડ જીવપ્રદેશો થાય અને સર્વજીવો તો (ખંડગોળાઓને પૂર્ણ કરવા છતાં પણ) ૧૦ કોડાકોડી જ થાય છે. એ રીતે પણ સર્વજીવોથી (એટલે સૂ૦ બાદર નિગોદના સર્વજીવોથી) ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો વિશે-ષાધિક જ છે.

ઉપરોક્ત સર્વ વર્ણનનો સાર એ છે કે પ્રથમ રીતિમાં સ-મગ્ર લોકાકાશમાં વર્તતા સર્વસૂક્ષ્મનિગોદજીવો, અને કેવળ ઉત્કૃ-

૧ અહિં વિગેરે શબ્દથી સર્વ પ્રકારના બાદરનિગોદજીવો ગણવા.

ષ્ટપદમાં વર્તતા સૂક્ષ્મનિગોદના સર્વે જીવપ્રદેશોની પરસ્પર અલ્પબહુતા ( એટલે બન્ને સ્થાનમાં કેવળ સૂક્ષ્મજીવ અને સૂક્ષ્મજીવપ્રદેશો આશ્રયિ અલ્પબહુતા ) દર્શાવી, અને બીજી રીતિમાં બન્ને સ્થાને પરસ્પર સૂક્ષ્મ અને બાદર એ બન્ને પ્રકારના જીવો અને બન્ને પ્રકારના જીવપ્રદેશો આશ્રયિ અલ્પબહુતા દર્શાવી. એ તાત્પર્ય છે. અર્થાત્ કેવળ સૂક્ષ્મનિગોદજીવો અને જીવપ્રદેશોની અપેક્ષાએ ઉત્કૃષ્ટપદ વિશેષાધિક છે, અને સર્વપ્રકારનાજીવો અને સર્વપ્રકારના જીવપ્રદેશો આશ્રયિ વિચારતાં પણ ઉત્કૃષ્ટપદ વિશેષાધિક છે. એમાં પ્રથમ અપેક્ષાવાળું ઉત્કૃષ્ટપદ જો કે વિશેષાધિક છે તોપણ તે તાત્વિક ઉત્કૃષ્ટપદ ગણાય નહિં, કારણ કે એવાં ઉત્કૃષ્ટપદ તો સર્વ અખંડગોળાઓમાં છે, પરન્તુ બીજી અપેક્ષાવાળું ઉત્કૃષ્ટપદ એજ નૈશ્ચયિક-તાત્ત્વિક ઉત્કૃષ્ટપદ છે, કારણ કે એવાં ઉત્કૃષ્ટપદ અમુક અલ્પગોળાઓમાંજ હોય છે.

એ પ્રમાણે થવાથી શું સિદ્ધ થયું તે કહે છે.

અવતરણ—પૂર્વગાથામાં સર્વજીવોથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશોના બાહુલ્વની બે રીતિ દર્શાવી તેથી શું સિદ્ધ થયું? તે કહે છે; –

**तम्हा सव्वेहिंतो, जीवेहिंतो फुडं गहेयव्वं**
**उक्कोसपयपएसा, हुंति विसेसाहिया नियमा ॥२६॥**

ગાથાર્થ—તે કારણે સર્વજીવોથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો નિશ્ચય વિશેષાધિકજ છે.

ટીકાર્થ–( એ ગાથાની ટીકા નથી. )

અવતરણ—પુનઃ એજ વાત (એટલે સર્વસૂક્ષ્મનિગોદના જીવો અને ઉત્કૃષ્ટપદગત સૂક્ષ્મનિગોદના જીવપ્રદેશોની તુલ્યતા અને ઉત્કૃષ્ટપદની વિશેષાધિકતા પૂર્વે જે રીતે કહી તે જૂદી રીતે ) બીજે પ્રકારે બે ગાથાવડે કહે છે;—

**अहवा जेण बहुसमा, सुहुमा लोगऽवगाहणाए य**
**तेणिक्किक्कं जीवं, बुद्धिए विरलए लोए ॥ २७ ॥**

**एवंपि समा जीवा, एगपएसगयजियप्पएसेहिं**
**बायर बाहुला पुण, हुंति पएसा विसेसहिया ॥२८॥**

गाथार्थ—અથવા જે કારણે सुहुमा એટલે સૂક્ષ્મનિગોદના-ગોળા આ લોકમાં અવગાહનાવડે અને य એટલે જીવસંખ્યાવડે વિશેષે કરીને સરખા છે, તે કારણથી એકેક જીવને લોકમાં બુદ્ધિ-વડે વિસ્તારવો, ॥ ૨૭ ॥


એ પ્રમાણે પણ સર્વસૂક્ષ્મનિગોદજીવો અને ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો સાથે ( સરખાવતાં બન્ને ) સરખી સંખ્યાવાળા છે, પરન્તુ બાદરજીવોની અધિકતાના કારણથી ( ઉત્કૃષ્ટપદગત ) જીવ-પ્રદેશો ( સર્વસૂક્ષ્મજીવોથી ) વિશેષાધિક થાય છે.

टीकार्थ—જે કારણે એકેક નિગોદાવગાહમાં હજારક્રોડ હજા-રક્રોડ જીવો રહેલા હોવાથી ચૌદરજ્જુપ્રમાણલોકમાં સૂક્ષ્મનિગો-દના ગોળા જીવસંખ્યાની અપેક્ષાએ પ્રાયઃ સરખા છે.—ગાથામાં बहुसमा શબ્દમાં बहु ( એટલે વિશેષે કરીને અથવા પ્રાય: ) શબ્દ કહ્યો તે ખંડગોળાઓ સંબંધિ દોષના પરિહાર માટે કહ્યું છે. ( અર્થાત્ સર્વે સૂક્ષ્મનિગોદગોળા સરખા નથી, પરન્તુ ઘણી સં-ખ્યાવાળા અખંડગોળા પરસ્પર જીવસંખ્યાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે, અને અતિ અલ્પ સંખ્યાવાળા ખંડગોળા જીવસંખ્યાપે-ક્ષાએ સરખા એટલે અખંડગોળા જેવા નથી એ અર્થ સૂચવવા માટે ગાથામાં बहुसमा એટલે પ્રાયઃસરખા કહ્યા પણ એકાન્તે સરખાજ છે એમ ન કહ્યું. ) વળી તે સૂક્ષ્મનિગોદના ગોળા ( ચૌદરજ્જુપ્રમાણલોકમાં ) અસત્કલ્પનાએ ૧ લાખ કલ્પેલા છે. પુનઃ એ સૂક્ષ્મનિગોદના ગોળા અવગાહનાવડે પણ [૧]સરખા છે.

૧ જીવસંખ્યાની અપેક્ષાએ સર્વગોળા જેમ પ્રાયઃસરખા કહ્યા, તેમ અવગાહનાની અપેક્ષાએ પ્રાયઃસરખા જાણવા કે કેવળ સરખાજ જાણવા ? એ શંકાના સમાધાનમાં સમજવાનું કે અવગાહનાની અપેક્ષાએ પ્રાયઃસરખા નહિં પણ સરખાજ જાણવા. કારણકે અખંડગોળાની અવગાહના પૂર્ણ અને ખંડગોળાની અવગાહના અપૂર્ણ તથા અર્ધી છે એમ નહિં, ખંડગોળા પણ અખંડગોળાની પેઠે ૧૦ હજાર આકાશપ્રદેશોમાં અવગાહેલા જાણવા,

## ॥ खंडगोलक अने जघन्यपदनी स्थापना ॥

આ ચિત્રમાં લાલગોળાના મધ્યબિંદુમાં વ્યવહારિક ઉત્કૃષ્ટપદ બને છે અને ખૂણાભાગમાં **ज०** સ્થાને **जघन्यपद** બને છે. એ ગોળાને ત્રણ દિશાએથી અન્યઅન્ય નિગોદો પ્રદેશહાનિવૃદ્ધિએ ઉત્કૃષ્ટપદ દબાવીને સ્પર્શેલી છે, શેષ ત્રણ દિશાએ અલોકના વ્યાઘાતથી નિગોદસ્પર્શના નથી. ચાર પાંચ દિશિએ સ્પર્શનારી નિગોદો હોય છે પરન્તુ તેવા ખંડગોળામાં જઘન્યપદ બનતું નથી. ( મધ્યમપદ બને. ). [ ગાથા-૨૮ ]



કારણકે દરેક સૂક્ષ્મગોળો ૧૦ હજાર ૧૦ હજાર આકાશપ્રદેશોમાં રહ્યો છે. તે કારણથી (ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો અને સર્વસૂક્ષ્મનિગોદજીવો સરખા છે માટે) (અખંડગોળાના) એક પ્રદેશમાં રહેલા સર્વ આત્મપ્રદેશો અને સર્વજીવો (સૂક્ષ્મનિગોદના સર્વજીવો) એ બેની તુલ્યતા (તુલ્ય સંખ્યા) જણાવવા માટે લોકને વિષે એકેકજીવને બુદ્ધિવડે કેવલિસમુદ્ઘાતની રીતિએ વિસ્તારીયે (એટલે વિસ્તારીને એકેક આકાશપ્રદેશમાં સ્થાપીએ) તો જેટલા આકાશમાં ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો સમાય તેટલા આકાશમાં સર્વ જીવો (સૂક્ષ્મનિગોદના સર્વજીવો) સમાય. અહિં ભાવાર્થ આ પ્રમાણે છે કે—ગોળાના એક પ્રદેશમાં (ઉત્કૃષ્ટપદમાં) જેટલા જીવપ્રદેશો છે. એટલે કલ્પનાતરીકે ધારો કે ૧૦ કોડાકોડી જીવપ્રદેશો છે તો સર્વજીવોને વિસ્તારતાં પણ લોકાકાશના એક પ્રદેશમાં (એક વિભાગમાં) તે સર્વજીવો સમાય છે, કારણકે સર્વ જીવો પણ તે ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો જેટલાજ છે. ॥ ૨૭ ॥

એ પ્રમાણે પણ (સર્વજીવો અને ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો તુલ્ય છે) પરન્તુ કેવળ गोलो जीवो य समा (એ પાઠવાળી ૨૩ મી ગાથા) ઈત્યાદિકને (ઇત્યાદિ પાઠને) અનુસારે પૂર્વોક્ત રીતિએ (૨૩ મી અને ૨૪ ગાથામાં દર્શાવેલી રીતે) જ ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો અને સર્વજીવો તુલ્ય છે એમ નથી (પરન્તુ આ ૨૭ મી ગાથામાં કહેલી રીતે પણ એ બે તુલ્ય છે ઇતિ ભાવાર્થ) ગાથાના ઉત્તરાર્ધની (છેલ્લાં બે ચરણની) સમજ (અર્થ) પૂર્વવત્ (એટલે "પરન્તુ બાદરજીવોના આત્મપ્રદેશો તેમાં અધિક હોવાથી ઉત્કૃષ્ટપદગત જીવપ્રદેશો સર્વજીવોથી વિશેષાધિક છે" એ પ્રમાણે) જાણવી. ॥ ૨૮ ॥

---

અને શંકા થાય કે જો ખંડગોળાની અવગાહના અખંડગોળા જેવડી છે તો સંપૂર્ણ અવગાહનાવાળા ગોળાને ખંડગોળો કેમ કહેવાય? એ શંકાના સમાધાનમાં સમજવાનું કે ગોળાઓનું ખંડપણું કે અખંડપણું તે અવગાહનાની અપેક્ષાએ નથી પણ સ્પર્શનાની અપેક્ષાએ છે, કારણ કે ૭ દિશિએ વિષમાવગાહી નિગોદોની સ્પર્શનાવાળો તે અખંડગોળો અને તેથી ન્યૂન દિશિએ વિષમાવગાહી નિગોદોની સ્પર્શનાવાળો તે ખંડગોળો કહેવાય.

૨ આગળ કહેલી ગણિત સ્થાપનાની ગણત્રી પ્રમાણે.

અવતરણ—પૂર્વોક્ત નિગોદગોળા સંબંધિ અધિકાર અંક સ્થાપનાપૂર્વક ગણિત કરી સમજાવતાં સહજે સમજી શકાય છે, માટે હવે અંક[1]સ્થાપનાપૂર્વક ગણિતની રીતિ અસત્કલ્પનાએ દર્શાવે છે;—

**तेसिं पुण रासीणं, निदरिसणमिणं भणामि पच्चक्खं**
**सुहगहणगाहणत्थं, ठवणा रासिप्पमाणेहिं ॥२९॥**

ગાથાર્થ—વળી તે ( નિગોદ-ઉત્કૃષ્ટપદ આદિ ) રાશિઓને સુખપૂર્વક સમજવા અને સમજાવવા માટે અંકસ્થાપનારૂપ રાશિ પ્રમાણે આ પ્રત્યક્ષ ઉદાહરણ કહું છું.

ટીકાર્થ—( ૨૯થી ૩૪ મી ગાથા સુધીની ૬ ગાથાઓની ટીકા નથી )

**गोलाणलक्खमिक्कं, गोले गोले निगोयलक्खं तु**
**इक्किक्के य निगोए, जीवाणं लक्खमिक्किक्कं ॥३०॥**

ગાથાર્થ—સર્વગોળા ( સમગ્રલોકમાં ) ૧ લાખ છે, પ્રત્યેક ગોળામાં લાખ લાખ નિગોદ છે, અને એકેક નિગોદમાં એકેક લાખ જીવો છે.

**कोडिसयमेगजीवप्पएसगाणं तमेव लोगस्स।**
**गोलनिगोयजिवाणं,दसउ सहस्सा समोगाहो ।३१।**

ગાથાર્થ—પુનઃ તેજ લોકના ૧૦૦ ક્રોડ આકાશપ્રદેશો છે, અને ગોળો નિગોદ તથા જીવ એ ત્રણેની અવગાહના ૧૦ હજાર આકાશપ્રદેશોમાં તુલ્ય છે.

---

૧ પૂર્વઅર્થનું વર્ણન અંકસ્થાપનાપૂર્વક કર્યું છે તો પુનઃ અંક-સ્થાપના દર્શાવવાનું શું કારણ? ઉત્તર—પ્રથમ અંકસ્થાપનાની સમજ દર્શાવી તે વૃત્તિકર્તાએ ( વૃત્તિમાં ) દર્શાવી છે, અને તેની મૂળ ગાથાઓ તો હવેજ દર્શાવાય છે.

**जीवस्सिक्किक्कस्स य, दससाहस्सावगाहिणो लोए**
**इक्किक्कम्मि पएसे, पएसलक्खं समोगाढो ॥ ३२ ॥**

ગાથાર્થ—પુનઃ લોકાકાશમાં ૧૦ હજાર આકાશપ્રદેશની અવગાહનાવાળા પ્રત્યેક જીવના લાખ લાખ જીવપ્રદેશો એકેક આકાશપ્રદેશમાં રહેલા છે.

**जीवसयस्स जहन्ने, पयम्मि कोडी जियप्पएसाणं**
**ओगाढा उक्कोसे, पयम्मि वुच्छं पएसग्गं ॥ ३३ ॥**

ગાથાર્થ—જઘન્યપદમાં જીવ ૧૦૦ હોય છે, અને તે ૧૦૦ જીવના ૧ ક્રોડ આત્મપ્રદેશો ( જઘન્યપદરૂપ એક આકાશપ્રદેશમાં ખંડગોળાને વિષે ) અવગાહ્યા છે. તથા ઉત્કૃષ્ટપદ ( રૂપ એક આકાશપ્રદેશ ) માં ( અખંડગોળાને વિષે ) કેટલા આત્મપ્રદેશોનો સમૂહ છે તે કહું છું.

**कोडिसहस्सजियाणं, कोडाकोडी दसप्पएसाणं**
**उक्कोसे ओगाढा, सव्वजियाविक्तिया चेव ॥३४॥**

ગાથાર્થ—( ઉત્કૃષ્ટપદમાં ) ૧૦૦૦ ક્રોડ જીવો છે, અને તે સર્વજીવોના ( લાખ લાખ આત્મપ્રદેશો મળીને ) ૧૦ કોડાકોડી આત્મપ્રદેશો અવગાહ્યા છે, અને સર્વ સૂક્ષ્મનિગોદજીવો પણ નિશ્ચય તેટલાજ ( ૧૦ કોડાકોડી ) છે.

**कोडी उक्कोसपयम्मि–बायरजियप्पएस पक्खेवो**
**सोहणयमित्तियं च्चिय, कायव्वं खंडगोलाणं ॥३५॥**

ગાથાર્થ—પુનઃ ઉત્કૃષ્ટપદને વિષે બાદરનિગોદાદિ ( પરભવમાં જતા ) જીવોના ૧ ક્રોડ આત્મપ્રદેશો પ્રક્ષેપવા. અને ( એટલાજ આત્મપ્રદેશો ૧ ક્રોડ આત્મપ્રદેશો ) ખંડગોળાઓમાં ( ઓછા છે તેથી સર્વજીવરાશિમાંથી ) બાદ કરવા યોગ્ય સંખ્યા પણ નિશ્ચય એટલીજ છે.

ટીકાર્થ—ઉત્કૃષ્ટપદમાં સૂક્ષ્મજીવપ્રદેશોની રાશિમાં બાદરજીવોના ૧ ક્રોડ આત્મપ્રદેશો પ્રક્ષેપવા ( ઉમેરવા. ) કારણકે વિવક્ષિત સૂક્ષ્મગોળામાં બાદરજીવો ૧૦૦ જેટલાજ અવગાહ્યા છે અને તે પ્રત્યેકના લાખ લાખ પ્રદેશો ઉત્કૃષ્ટપદમાં રહેલા છે, અને તે સર્વ મલીને ( ૧ લાખ×૧૦૦= ) ૧ ક્રોડ આત્મપ્રદેશો થાય છે. ( માટે ઉત્કૃષ્ટપદમાં ૧ ક્રોડ આત્મપ્રદેશો ઉમેરવા. ) પુનઃ સર્વજીવરાશિમાંથી ( ખંડગોળાઓ સંબંધિ ) બાદ કરવા લાયક સંખ્યા પણ નિશ્ચય એટલીજ છે, અર્થાત્ ખંડગોળાઓને પૂર્ણગોળા બનાવવા માટે નિયુક્ત કરાતા ( ઉમેરવા પડતા ) જીવોના એટલા પ્રદેશોજ એટલે એક ક્રોડ આત્મપ્રદેશોજ બાદ કરવા યોગ્ય છે, કારણકે તેટલા જીવો ( ૧૦૦ જીવો ) તે ખંડગોળાઓમાં વિદ્યમાન નથી.

**एएसि जहासंभव–मत्थोवणयं करिज्ज रासीणं**
**सब्भावओ अ जाणिज्ज ते अणंता असंखा वा ॥३६॥**

ગાથાર્થ—એ કલ્પનાએ કલ્પેલી રાશિઓનો ( લાખ–ક્રોડ ઇત્યાદિનો ) અર્થોપનય ( દ્રષ્ટાન્ત દાર્ષ્ટાન્તિકનો યથાર્થ સંબંધ ) યોગ્ય રીતે વિચારવો, અને તે અસદ્‌ભૂત ( કલ્પેલી ) રાશિઓ તે સદ્‌ભાવથી ( વસ્તુપણે ) તો [1]અનંત અથવા [2]અસંખ્ય જાણવી.

ટીકાર્થ—અહિં અર્થોપનય ( કલ્પેલી રાશિઓ સંબંધિ તાત્વિક રાશિઓ ) તો યથા યોગ્ય સ્થાને પુર્વે દર્શાવ્યોજ છે, ત્યાં અણંતા એટલે એક નિગોદમાં જીવો જો કે (કલ્પનાથી) એક લાખ કહ્યા છે તોપણ ( વાસ્તવિક રીતે ) અનંત છે, એ પ્રમાણે સર્વ-[3]જીવો પણ ( જો કે કલ્પનાથી ૧૦ ક્રોડાક્રોડી કહ્યા છે તોપણ

૧–૨ ઉ૦પદગત જીવપ્રદેશો, જઘન્યપદગત જીવપ્રદેશો અને સર્વજીવો, તથા એક નિગોદમાંના જીવો એ સર્વ અનંત છે. તથા લોકાકાશપ્રદેશો, સર્વગોળા, એક ગોળામાં નિગોદો, અને એક નિગોદના અવગાહપ્રદેશો એ સર્વ અસંખ્ય છે.

૩ સર્વજીવો અને ઉપલક્ષણથી જઘન્યપદગત અને ઉત્કૃષ્ટપદ એ બેના જીવપ્રદેશો પણ અનંત છે.

વાસ્તવિક રીતે અનંત ) જાણવા. તથા એક ગોળામાં નિગોદો વિગેરે ૧ લાખ કહી છે તે પણ અસંખ્યાત જાણવી. એ પ્રમાણે સૂક્ષ્મ અને [1]બાદરનિગોદના ગોળાની [2]અવગાહનાનો વિચાર કહ્યો.

**श्रीभगवतीसूत्रना ११ मा शतकना १० मा उद्देशामां निगोदछत्रीशीनी वृत्ति समाप्त थइ.**

**इति सवृत्तिका निगोदषट्त्रिंशिका समाप्ता ।**

**इत्याराध्यपादाचार्यश्रीमद्विजयमोहनसूरीश्वरसदुपदेशतः श्रावकोत्तमश्रीनानचन्द्रतनुजनुषा पंडितचंदुलालेन विरचितं परमाणुखण्ड–पुद्गल–बन्ध–निगोदषट्त्रिंशिकाचतुष्कगुर्जर भाषान्तरं विविधपरिशिष्टादिभिस्समेतं च समाप्तम् ॥**

卐

---

૧ ચાલુ પ્રકરણમાં જે સર્વ ગોળા કહ્યા તે સૂક્ષ્મનિગોદજીવોસંબંધિ જાણવા, પરન્તુ જે જે તાત્વિક ઉત્કૃષ્ટપદવાળા ગોળા હોય છે તેમાં તો બાદરનિગોદ અધિક મેળવેલી હોય છે માટે અહિં સૂક્ષ્મ અને બાદર એ બન્ને નિગોદના ગોળા કહ્યા હોય એમ સમજાય છે.

૨ અહિં ટીકામાં અવગાહના શબ્દ કહ્યો તેથી કેવળ અવગાહ ક્ષેત્રરૂપ અર્થ ન જાણવો, પરન્તુ સૂ૦બા૦નિગોદ ગોળામાં અવગાહેલ આકાશ, નિગોદો, જીવો, અને જીવપ્રદેશો એ સર્વ જાણવું, આધારાધેયની અભેદ વિવક્ષાની અપેક્ષાએ એ ગોળામાં એ ચારે અર્થના વિચારને " અવગાહનાનો વિચાર " કહેવામાં કંઈપણ વિરોધ નથી.

# निगोदछत्रीशी संबंधि परिभाषा विषयक प्रश्नोत्तरपूर्वक संक्षिप्त सार.

---

પ્રશ્ન:—નિગોદ એટલે શું ?

ઉત્તર:—જે એકજ શરીરમાં અનંતજીવો રહ્યા હોય, ( તે સર્વનો ઉચ્છ્વાસ નિશ્વાસ એક હોય, સુખ દુઃખ પ્રાય: સરખી રીતે હોય, અને એકને ઉપઘાત લાગતાં સર્વને ઉપઘાત પહોચે એવી રીતે રહ્યા હોય ) તે નિગોદ કહેવાય.

પ્રશ્ન:—નિગોદના એકાર્થ વાચક પર્યાય શબ્દો કયા ?

ઉત્તર:—નિગોદ, સાધારણવનસ્પતિ, અનંતકાય, એ નિગોદના પર્યાય શબ્દો છે.

પ્રશ્ન:—પૃથ્વીકાયાદિ ૬ કાયમાંથી નિગોદ કઈ કાયમાં ( અથવા નિગોદમાં કઈ કાયના જીવ ) હોય ?

ઉત્તર:—નિગોદ તે વનસ્પતિકાય ( સાધારણ વનસ્પતિ ) છે.

પ્રશ્ન:—નિગોદનું શરીર આયુષ્ય અને ( નિગોદાવસ્થાનો ) સતત કાળ ( કાયસ્થિતિ ) કેટલો ?

ઉત્તર:—નિગોદનું શરીર અંગુલના અસંખ્યાતમાભાગ જેટલું, તો પણ અસંખ્ય આકાશપ્રદેશોમાં વ્યાપ્ત છે, આયુષ્ય અન્તર્મુહૂર્ત જેટલું છે. જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તજ છે. અને સતતકાળ ઉત્કૃષ્ટથી અનાદિ અનંત તે અવ્યવહારરાશિની અપેક્ષાએ, અને સાદિસાન્ત તથા અનાદિસાન્ત તે વ્યવહારાશિગત નિગોદની અપેક્ષાએ છે.

પ્રશ્ન:—અવ્યવહારરાશિ નિગોદ અને વ્યવહારરાશિ નિગોદ એટલે શું ?

ઉત્તર:—જે સૂક્ષ્મવનસ્પતિજીવો અનાદિકાળથી સૂક્ષ્મવનસ્પતિરૂપે

જન્મ મરણ કર્યા કરે છે, અને બાદરપણું કોઇવાર પ્રાપ્ત થયું નથી તેવા સૂક્ષ્મવનસ્પતિજીવો અવ્યવહાર નિગોદ અથવા અનાદિ નિગોદ કહેવાય. અને જે જીવો એકવાર પણ બાદરપણું પામી પુન: સૂક્ષ્મનિગોદમાં ઉપજ્યા હોય તો ત્યાં અથવા બાદરપણામાં રહ્યા હોય તો ત્યાં પણ તે (પૃથ્વીકાયાદિ સર્વે) જીવો વ્યવહારરાશિ ગત જીવો ગણાય છે, અને એવી રીતે એકવાર પણ બાદરપણું પામેલા સૂ૦નિગોદજીવો (અને બાદરનિગોદજીવો) વ્યવહારરાશિની નિગોદ કહેવાય છે.

પ્રશ્ન:—સૂક્ષ્મપૃથ્વીકાયાદિજીવો અવ્યવહારરાશિમાં ગણવા કે નહિં?

ઉત્તર:—સૂક્ષ્મપૃથ્વીકાયાદિજીવોએ વનસ્પતિપણાનો ત્યાગ કરેલો હોવાથી અવ્યવહારરાશિમાં ન ગણાય.

પ્રશ્ન:—અવ્યવહારિપણું કેવળ સૂ૦વનસ્પતિકાયને અંગેજ છે? કે કેવળ સૂક્ષ્મપણાને અંગેજ છે? અર્થાત્ અનાદિકાળથી જે જીવોએ સૂક્ષ્મપણાનો ત્યાગ કર્યો નથી, અને વારંવાર વનસ્પતિમાં કે પૃથ્વીકાયાદિકમાં સૂક્ષ્મપણેજ ઉપજતા રહ્યા છે, એકવાર પણ બાદરપણું પામ્યા નથી તેવા જીવો અવ્યવહારરાશિવાળા કહેવાય કે નહિં?

ઉત્તર:—સિદ્ધાન્તમાં સર્વસ્થાને સૂ૦વનસ્પતિને જ અવ્યવહારરાશિ તરીકે કહી છે, પણ સૂ૦પૃથ્વીકાયાદિકને કહેલી જણાતી નથી, પરન્તુ ધર્મપરીક્ષામાં "અવ્યવહારરાશિમાં સૂક્ષ્મ-પૃથ્વીકાયાદિક પણ ગણી શકાય" એમ કહ્યું છે, પરન્તુ વનસ્પતિની અપેક્ષાએ પૃથ્વીકાયાદિ બહુ અલ્પ હોવાથી સિદ્ધાન્તોમાં વિશેષત: સૂક્ષ્મવનસ્પતિને અંગેજ અવ્યવહાર-રાશિપણું કહેલું છે, એવો અભિપ્રાય શ્રી ઉપાધ્યાયજી (શ્રી યશોવિ૦) મહારાજનો જણાય છે.

પ્રશ્ન:—નિગોદમાં એક શરીરને વિષે જે અનંતજીવો રહ્યા છે, તે દરેક જીવો તે શરીરમાં પોતપોતાની જૂદી જૂદી જગ્યા

રોકી લઇને અતિસંકડામણથી રહ્યા છે કે બીજી કોઈ રીતે રહ્યા છે?

ઉત્તરઃ—એ અનંતજીવો પોતપોતાની જૂદી જૂદી જગ્યા રોકીને નથી રહ્યા, પરન્તુ વિવક્ષિત (અમુક) એક જીવમાં બીજો જીવ, તેમાંજ ત્રીજો તેમાંજ ચોથો જીવ એ રીતે અનંત જીવો પરસ્પર પ્રવેશ કરીને રહ્યા છે. જેમ લોખંડના ગોળામાં અગ્નિ, દુધમાં સાકર, એક દીપકના પ્રકાશમાં બીજા દીપકનો પ્રકાશ ઇત્યાદિ પદાર્થો જેમ પરસ્પર પ્રવેશ કરીને રહે છે તેમ રહ્યા છે.

પ્રશ્નઃ—નિગોદ એ શબ્દનો વ્યપદેશ (એ અનંતજીવોના) શરીરને હોય, ? કે એ શરીરમાંના દરેક જીવને હોય? કે અનંતજીવાત્મક સમુદાયને હોઈ શકે?

ઉત્તરઃ—નિગોદ એ શબ્દનો વ્યપદેશ પ્રશ્નમાં કહ્યા પ્રમાણે ત્રણે પ્રકારે હોઈ શકે છે. પરન્તુ વાસ્તવિક રીતે તો દરેક જીવને હોઇ શકે, કારણ કે નિગોદપણું તે સાધારણ નામકર્મના ઉદયથી હોય છે, અને એ સાધારણ નામકર્મનો ઉદય દરેક જીવ પ્રત્યે જુદા જુદા છે તો પણ ચાલુ પ્રકરણમાં જ્યાં જ્યાં નિગોદ શબ્દ આવે ત્યાં ત્યાં અનંતજીવાત્મક સમુદાય અથવા તે સમુદાયનું શરીર એ બે અર્થજ લક્ષ્યમાં રાખવા, અને ગણત્રીમાં વિશેષથી શરીર અર્થ ઉપર લક્ષ્ય રાખવું, કારણ કે ગણત્રીમાં લાખ નિગોદ એટલે લાખ જીવો નહિં પણ લાખ શરીર અથવા લાખ સમુદાય ગણવાના છે.

પ્રશ્નઃ—ખંડગોળો અને અખંડગોળો એ બેની અવગાહના તુલ્ય છે કે ન્યૂનાધિક છે? જો વિષમ હોય તો શંકા નથી પણ તુલ્ય હોય તો ખંડ ગોળો કેમ?

ઉત્તરઃ—અવગાહનામાં એ બન્ને ગોળા તુલ્ય છે, એક પણ પ્રદેશ ન્યૂનાધિક ન ગણવો. અને ખંડગોળો એવો વ્યપદેશ તો ત્રણ દિશિનીજ સ્પર્શના છે માટે, છ દિશિની સ્પર્શના-

વાળો પૂર્ણગોળો અને ન્યૂન સ્પર્શનાવાળો ખંડગોળો કહેવાય એ વ્યવસ્થા છે.

પ્રશ્ન:—ખંડગોળામાં અથવા અખંડગોળામાં વિષમાવગાહી નિગોદોને બદલે વિષમાવગાહી ગોળા સંક્રમેલા છે એમ કહેવામાં શું હરકત ?

ઉત્તર:—ત્રીજી પરિભાષાના અર્થને લક્ષ્યમાં રાખી વિષમાવગાહી ગોળા સંક્રમેલા છે એમ કહેવામાં હરકત નથી, પરન્તુ અખંડ ગોળારૂપ આઠમી પરિભાષાનો અર્થ લક્ષ્યમાં રાખીને જો ગોળાઓ સંક્રમેલા કહીએ તો હરકત છે. પુન: ગોળો એ શબ્દથી ચાલુ પ્રકરણમાં વિશેષતઃ અખંડ ગોળો ગ્રહણ થાય છે, માટે વિષમાવગાહી નિગોદો સંક્રમી છે એમ કહેવું વિશેષ યોગ્ય છે.

પ્રશ્ન:—ઉત્કૃષ્ટપદ અથવા જઘન્યપદ તે વિવક્ષિત આકાશપ્રદેશને કહેવું કે તે આકાશપ્રદેશમાં રહેલી જીવપ્રદેશસંખ્યાને કહેવું.

ઉત્તર:—આધારભાવે આકાશપ્રદેશને અને આધેયભાવે જીવપ્રદેશ સંખ્યાને પણ ઉ૦ પદ જ૦ પદ કહી શકાય.

પ્રશ્ન:—નિગોદની–એક જીવની–અથવા એક ગોળાની એ ત્રણેની પરસ્પર અવગાહના તો તુલ્ય હોય પરન્તુ સર્વ નિગોદોની કે સર્વ ગોળાઓની અવગાહના સરખી કેવી રીતે હોય ? જઘન્યાદિ અનેક પ્રકારની અવગાહના કેમ ન હોય ?

ઉત્તર:—જઘન્ય અવગાહના આદિ અનેક પ્રકારની નિગોદાવગાહનાઓ છે, પરન્તુ ચાલુ પ્રકરણને અંગે સર્વમધ્ય અવગાહના ગણેલી છે માટે તે અપેક્ષાએ સર્વ નિગોદો તુલ્ય અવગાહનાવાળા જાણવા.

પ્રશ્ન:—ઉત્કૃષ્ટપદ ગોળાના અતિમધ્યમાં કે દરેક પ્રદેશમાં હોય ?

ઉત્તર:—અખંડ ગોળાના મધ્યમાં ગણવું. કારણ કે જે ગોળો ક-

વ્યાપેલો તે વિવક્ષિત નિગોદાવગાહ જેટલો છે, અને તેમાં મધ્ય આકાશપ્રદેશને મુખ્ય ગણીને તેની સર્વ દિશાએ કેટલીક વિષમાવગાહી નિગોદો તે આકાશપ્રદેશને આક્રાન્ત કરીને સ્થાપી છે, અને કેટલીક વિષમાવગાહી નિગોદો ઉત્કૃષ્ટપદ છોડીને સ્થપાય છે. અને તે આકાશપ્રદેશને ઉત્કૃષ્ટપદરૂપે મનાય છે, અને તે મધ્યમાંજ આવે છે. પરન્તુ ગોળામાં જીવો અથવા જીવપ્રદેશોની સંખ્યા ગણતાં ગોળાના દરેક પ્રદેશમાં જીવો અને જીવપ્રદેશોની સંખ્યા તુલ્ય આવવાથી, પ્રકરણ કર્તાએ અથવા વૃત્તિ કર્તાએ ઠામઠામ "ગોળાના દરેક પ્રદેશોમાં" અને "ઉત્કૃષ્ટપદમાં" એમ બન્ને શબ્દોનો ઉપયોગ કર્યો છે, પરન્તુ ગણત્રી પ્રમાણે બન્ને વ્યપદેશ અનુકૂળ છે.

પ્રશ્ન:—જો મધ્યમ રીતે દરેક નિગોદની અવગાહના સરખી માનીએ તો વિષમાવગાહી નિગોદનો જે ભાગ વિવક્ષિત ગોળામાં સંક્રમ્યો છે તે સિવાયનો બાકીનો ભાગ કયાં હોય?

ઉત્તર:—વિષમાવગાહી નિગોદોમાંની દરેક નિગોદના શેષ ભાગ બીજા ગોળામાં સંક્રમેલા હોય છે.

પ્રશ્ન:—સમાવગાહી નિગોદનો સમુદાય તે ગોળો એમ ત્રીજી પરિભાષાનો અર્થ લક્ષ્યમાં રાખીને ગોળાઓની ગણત્રી કરીએ તો આ લોકમાં કેટલા ગોળા હોય ?

ઉત્તર:—અખંડ ગોળાઓથી અસંખ્યાતગુણા ગોળા હોય, એટલે ચાલુ પ્રકરણની અસતકલ્પના પ્રમાણે સર્વ અખંડગોળા ૧ લાખ છે તો સર્વ સામાન્યગોળા ૧૦૦૦ ક્રોડ હોય, એમ જાણવું.

इति पंडितचंदुलालेन विरचितानि निगोदविषयक-
प्रश्नोत्तराणि समाप्तानि ॥

# निगोदषट्त्रिंशिकासारांश ॥

॥ नमो नमः श्री ज्ञातनन्दनाय ॥

[ આ સારાંશ વિદ્વદ્વર્ય પ્રવ૦ **મુનિશ્રી ધર્મવિજયજીએ** આ નિગોદછત્રીશીનું અધ્યયન કરતી વખતે પોતે લખેલ છે. જે ઉપયોગી હોઈ અહીં અપાય છે.]

આ નિગોદછત્રીશીમાં મુખ્યપણાએ ચાર પ્રશ્ન અને ચાર ઉત્તર છે તે અનુક્રમે આ પ્રમાણે—

૧ લો પ્રશ્ન;—ચૌદરાજલોકવર્તિ સર્વ આકાશપ્રદેશમાંથી એક આકાશપ્રદેશ ક્ષેત્રમાં જઘન્યથી સૂક્ષ્મનિગોદ વગેરે જીવોના કેટલા આત્મપ્રદેશો રહ્યા હોય છે ?

૨ જો પ્રશ્ન;—ચૌદરાજલોકવર્તિ સર્વ આકાશપ્રદેશમાંથી એક આકાશપ્રદેશ ઉપર ઉત્કૃષ્ટથી સૂક્ષ્મનિગોદ વિગેરે જીવોના કેટલા આત્મપ્રદેશ હોય છે ?

૩ જો પ્રશ્ન;—પૂર્વોક્ત બન્ને પ્રશ્નોમાં પુછેલ ( જઘન્યથી એક આકાશપ્રદેશ ઉપર, અને ઉત્કૃષ્ટથી એક આકાશપ્રદેશ ઉપર કેટલા આત્મપ્રદેશો હોય ? તે સંબંધી પુછેલ ) આત્મપ્રદેશોની સંખ્યા પરસ્પર બન્નેમાં કોની અધિક હોય ? એટલે જઘન્યપદમાં આત્મપ્રદેશો વધારે હોય કે ઉત્કૃષ્ટપદમાં ?

૪ થો પ્રશ્ન;—તથા સમસ્ત લોકાકાશવર્તિ સર્વ જીવો, અને એક આકાશપ્રદેશ ઉપર ઉત્કૃષ્ટથી વર્તતા સર્વ આત્મપ્રદેશો, એ બન્નેમાં પરસ્પર કોણ વધારે છે ?

ઉપર પ્રમાણે ચાર પ્રશ્નો થયા, એ ચારે પ્રશ્નોનો ઉત્તર આપતાં પહેલાં-ચૌદરાજલોક, તેમાં કેટલા આકાશ પ્રદેશ હોય, નિગોદની અવગાહના, નિગોદ કોને કહેવાય એ સ્વરૂપ કહેવાય છે.

જગત્‌ની અંદર આકાશાસ્તિકાયદ્રવ્ય એકજ છે. પરન્તુ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એ પાંચ દ્રવ્યની અપેક્ષાએ એ આકાશ દ્રવ્ય-

ના લોકાકાશ અને અલોકાકાશ એવા બે વિભાગ પડેલા છે. એટલે કે જેને વિષે એ ૫ દ્રવ્યોનો સદ્‌ભાવ છે તે લોકાકાશ કહેવાય અને જે કોઈ ક્ષેત્રવિશેષમાં આકાશ સિવાય બીજા ચારે દ્રવ્યો નો અભાવ છે તે અલોકાકાશ કહેવાય. પ્રસ્તુત પ્રકરણમાં લોકાકાશનો અધિકાર છે. એ લોકાકાશના અસંખ્ય [૧]પ્રદેશો છે.

અનંત જીવોનું એક શરીર તે નિગોદ કહેવાય છે. તે નિગોદ બે પ્રકારની છે. સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદ. સૂક્ષ્મનિગોદ ચૌદરાજલોકને વિષે સર્વ ઠેકાણે વ્યાપ્ત હોય છે જ્યારે બાદર નિગોદ પાંચ પ્રકારની લીલફુલ સેવાલ, બટાકા, સકરીઆ ઇત્યાદિ સર્વ પ્રકારનું કંદમૂલ એ બાદરનિગોદાન્તર્વર્તી છે. એ બન્ને પ્રકારની નિગોદોની અવગાહના [૨]અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે. પરંતુ બાદરનિગોદની અવગાહના કરતાં સૂક્ષ્મનિગોદની અવગાહના અતિ અલ્પ હોય છે. વલી જે અવગાહનામાં એક નિગોદ રહેલ હોય છે તેની તેજ અવગાહનામાં બીજી અસંખ્ય નિગોદો સમાન અવગાહીને રહેલી હોય છે. એવી નિગોદો ચૌદરાજલોકને વિષે અસંખ્યાતી છે. તે પ્રત્યેકનિગોદમાં અનંત અનંતજીવો રહેલા છે. દરેક જીવના અસંખ્ય પ્રદેશો ( લોકાકાશના પ્રદેશ તુલ્ય ) હોય છે.

પ્રશ્ન;—જ્યારે જીવના લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશો કહો છો તો અંગુલમાત્ર ક્ષેત્રમાં એ જીવો પોતાના લોકાકાશના પ્રદેશ તુલ્ય અસંખ્ય આત્મપ્રદેશોને શી રીતે સમાવી શકે ?

ઉત્તર;—યદ્યપિ જીવના આત્મપ્રદેશો અસંખ્ય છે ( લોકાકાશના પ્રદેશ તુલ્ય (જેટલા) છે ) છતાં પણ નિગોદ જેવી સૂક્ષ્મ અવગાહનામાં પણ આત્મપ્રદેશો સંકોચીને રહેલા હોય છે. અને તેમાં કોઈ પણ કારણ હોય તો આત્માનો જે સંકોચ વિકાસ સ્વભાવ છે

---

૧. પ્રદેશ એટલે નિર્વિભાજ્યભાગ. જેના હવે બે વિભાગ થઇ શકે તેમ નથી.

૨. સૂક્ષ્મનિગોદની અંગુલાસંખ્યેયભાગ માત્ર અવગાહના કરતાં બાદરનિગોદની અવગાહના અસંખ્ય ગુણ મોટી હોય છે. બાદરનિગોદો અસંખ્યાતી ભેગી થાય ત્યારે ચર્મચક્ષુથી જોઈ શકાય છે.

તેમાંનો સંકોચ સ્વભાવ કારણ છે. કારણ કે એહિજ આત્મા જે વખતે કેવલિસમુદ્દઘાત કરે છે તે વખતે સમગ્રલોકને વિષે પણ આત્મપ્રદેશો વ્યાપ્ત કરે છે.

જો કે લોકાકાશના અસંખ્યપ્રદેશો છે, જીવના પણ તેટલાજ છે. એક નિગોદમાં અનંતા જીવ છે. અને એક નિગોદની અવગાહના પણ અસંખ્યપ્રદેશાત્મક અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. પરંતુ તે દરેકને બરાબર સમજવા માટે અસત્ કલ્પના કરીને તે પ્રત્યેકની નિયત સંખ્યા બાંધે છે તે આ પ્રમાણે.

| | |
|---|---|
| ચૌદરાજલોકને વિષે અસંખ્યગોળા છે. પણ અસત્કલ્પનાવડે | ૧૦૦૦૦૦ (૧ લાખ) |
| એક ગોળાને વિષે અસંખ્ય નિગોદો છે. પણ અસત્કલ્પના વડે | ૧૦૦૦૦૦ (૧ લાખ) |
| એક નિગોદને વિષે અનંત જીવો છે. પણ અસત્કલ્પનાવડે | ૧૦૦૦૦૦ (૧ લાખ) |
| એક નિગોદની અવગાહનામાં અસંખ્ય આકાશપ્રદેશ છે પરન્તુ અસત્ કલ્પના વડે | ૧૦૦૦૦ (દશ હજાર) |
| ચૌદરાજલોકમાં અસંખ્ય આકાશપ્રદેશો છે પણ અસત્ કલ્પનાવડે | ૧૦૦૦૦૦૦૦૦૦ (સો ક્રોડ) |
| એક જીવના અસંખ્ય આત્મપ્રદેશો છે પણ અસત્કલ્પનાવડે | ૧૦૦૦૦૦૦૦૦૦ (સો ક્રોડ) |

હવે પ્રથમ પ્રશ્નનો જવાબ આપે છે—ચૌદરાજલોકને વિષે સર્વ ઠેકાણે સૂક્ષ્મ નિગોદો વ્યાપીને રહેલી છે. એક નિગોદની અવગાહનામાં સમાવગાહી બીજી અસંખ્યનિગોદો રહેલી છે અને એ નિગોદની અવગાહનામાં જે આકાશપ્રદેશો રહેલા છે, તેમાંથી એકેક આકાશપ્રદેશને મુકીને બીજી નિગોદો રહેલી છે. તે નિગોદની અવગાહનામાં પણ પૂર્વની માફક સમાવગાહી અસંખ્ય નિગોદો સમજવી. પુનઃ એક આકાશપ્રદેશ મુકીને બીજી નિગોદ રહેલી છે. તે નિગોદની અવગાહનામાં પણ પૂર્વની માફક અસંખ્યનિગોદો જાણવી. એ પ્રમાણે એક નિગોદાવગાહ-

નામાં જેટલા આકાશ પ્રદેશો છે. તેટલી અન્યનિગોદોની સ્પર્શના વિવક્ષિત નિગોદને એક દિશિમાં હોય છે અને એ પ્રમાણે સ્વબુદ્ધિવડે છએ દિશિની સ્પર્શના વિચારી લેવી. તેની વિશેષ સમજ સ્થાપના દ્વારા જાણવી.

હવે જે નિગોદો નિષ્કૂટમાં ( લોકના પ્રાન્ત ભાગમાં ) રહેલી છે. તે નિગોદને ત્રણ દિશિની નિગોદની સ્પર્શના છે, તેમાં પણ લોકના પ્રાન્ત ભાગમાં રહેલી જે વિવક્ષિત નિગોદ છે. તેની જે અવગાહના છે તેનો છેલ્લો જે આકાશ પ્રદેશ, ( જેને જઘન્યપદ તરીકે ગણવું છે ) તે આકાશપ્રદેશને વિવક્ષિત નિગોદ સિવાય બીજી કોઈ પણ દિશિની નિગોદની સ્પર્શના નથી, કારણ કે વિવક્ષિત નિગોદને પણ જે અન્ય ૩ દિશિની નિગોદની સ્પર્શના હોય છે તે પૂર્વ કહેલા ( લોકના અંતમાં રહેલા ) આકાશપ્રદેશને મુકીને રહેલી હોય છે માટે એ આકાશપ્રદેશ ઉપર તો એ આકાશપ્રદેશ જે વિવક્ષિત નિગોદની અવગાહનામાં આવેલ છે. તેજ અવગાહના ઉપર જે બીજી સમાવગાહી અસંખ્ય નિગોદો રહેલી છે તે અસંખ્ય નિગોદમાં રહેલા અનંત જીવોના આત્મપ્રદેશોનો અમુક વિભાગ એ લોકના પ્રાન્તમાં રહેલા આકાશપ્રદેશ ઉપર છે. જેમકે,—એક નિગોદને વિષે ૧૦૦ ( ૧ સો ) જીવ કલ્પેલા છે. એક નિગોદાવગાહનામાં ૧૦૦૦૦ ( દશ હજાર ) આકાશપ્રદેશો કલ્પેલ છે. અને એક જીવના ૧૦૦૦૦૦૦૦૦૦( સો ક્રોડ) આત્મપ્રદેશો છે.

| જીવના | સો ક્રોડ આત્મ પ્રદેશો. | સો જીવના કેટલા? |
|---|---|---|
| ૧ | ૧૦૦૦૦૦૦૦૦૦ | ૧૦૦=૧૦૦૦૦૦૦૦૦૦૦૦ |
| | | દશ હજાર કોડી |

| દશહજાર આ૦પ્ર૦ | દશહજારકોડી આત્મપ્ર૦ તો | આ૦પ્ર૦ કેટલા? |
|---|---|---|
| ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૧ |

$$\frac{૧૦૦૦૦૦૦૦૦૦૦૦}{\div ૧૦૦૦૦} = ૧૦૦૦૦૦૦૦$$

જઘન્યપદ આટલા આત્મપ્રદેશો જઘન્યપદને વિષે

( ૧ નિગોદમાં ૧૦૦ જીવ, ૧ જીવના આત્મ પ્રદેશો ૧૦૦૦૦૦૦૦૦૦ ( સો ક્રોડ )=

૧ જઘન્યપદમાં ૧ જીવના ( ૧૦૦૦૦૦ ) ૧ લાખ આત્મપ્રદેશ ૧૦૦ જીવના જઘન્યપદને વિષે ૧૦૦૦૦૦૦૦–

( ૧ ક્રોડ ) આત્મપ્રદેશો, નિગોદની સંપૂર્ણ અવગાહનામાં ( જઘન્યપદવાળા ગોળામાં ) આત્મપ્રદેશ ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ ( દશ હજાર ક્રોડ ).

પ્રશ્ન;—હવે જિ નિગોદોને છએ દિશામાં રહેલી નિગોદોની સ્પર્શના છે તેને વિશે ઉત્કૃષ્ટપદમાં કેટલા આત્મપ્રદેશો હોઇ શકે?

ઉત્તર;—ઉત્કૃષ્ટપદ અખંડ ગોળામાં કલ્પી શકાય છે. એક અખંડ ગોળામાં અસત્કલ્પનાવડે ૧૦૦૦૦૦ ( એક લાખ નિગોદો છે ) અને એક નિગોદમાં ( અસત્કલ્પનાવડે ) ૧૦૦૦૦૦ ( એક લાખ જીવો છે ) અને એક જીવના ૧૦૦૦૦૦૦૦૦૦ ( સો ક્રોડ ) આત્મપ્રદેશો છે.

નિગોદમાં ૧ લાખ જીવો તો ૧ લાખ નિગોદમાં કેટલા?
૧ ૧૦૦૦૦૦ ૧૦૦૦૦૦ =૧૦૦૦૦૦૦૦૦૦૦ જીવો.

જીવના સો ક્રોડ આત્મપ્રદેશો તો હજાર ક્રોડના કેટલા?
૧ ૧૦૦૦૦૦૦૦૦૦ ૧૦૦૦૦૦૦૦૦૦૦=(હજાર ક્રોડ)
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦=

દશહજાર આકાશપ્રદેશમાં આત્મપ્રદેશો તો આકાશપ્રદેશમાં?
૧૦૦૦૦ — ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ૧
દશ ક્રોડા કોડી.

$$\frac{૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦}{૧૦૦૦૦} = ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦$$

ઉત્કૃષ્ટપદને વિષે આત્મપ્રદેશો હોય.

આ પ્રમાણે ચૌદરાજલોકવર્તી જે સર્વ અખંડગોળાઓ છે. તે દરેકમાં ઉત્કૃષ્ટપદ કલ્પીને ઉપર પ્રમાણે આત્મપ્રદેશોની સંખ્યા કાઢી શકાય છે. ચૌદરાજલોકમાં જેટલા અખંડ ગોળાઓ છે તેટલાજ ઉત્કૃષ્ટપદ છે. કારણ કે એક અખંડ ગોળાને વિષે ૧ થી વધારે ઉત્કૃષ્ટપદ કલ્પી શકાય નહિં. ( એટલે કે વર્તમાન સમયે એક અખંડ ગોળામાં [ અસંખ્યાતી નિગોદોના બનેલામાં ] ૧ થી વધારે ઉત્કૃષ્ટપદ કલ્પી શકાય નહિં. બાકી તો લોકની અંદર નિષ્કૂટ

ભાગમાં તેમજ પર્યન્તભાગમાં આવેલી નિગોદો સિવાય દરેક નિગોદમાં ઉત્કૃષ્ટપદ લઇ શકાય છે.

પ્રશ્ન;—તમોએ શરૂઆતમાં કરેલા ૪ પ્રશ્નોમાંના એક પ્રશ્નમાં એમ જણાવ્યું છે કે એવો કયો આકાશપ્રદેશ છે કે જેમાં સર્વ કરતાં આત્મપ્રદેશો વિશેષ હોઇ શકે? ઉપર બતાવ્યા પ્રમાણે તો જેટલા ઉત્કૃષ્ટપદો છે તે સર્વમાં આત્મપ્રદેશોની સંખ્યા સરખી આવી?

ઉત્તર;—ઉત્કૃષ્ટપદ બે પ્રકારનું છે. ૧ વ્યવહાર ઉત્કૃષ્ટપદ અને બીજું નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદ, ઉપર જે ઉત્કૃષ્ટપદની વ્યાખ્યા કરી તે વ્યવહાર–ઉત્કૃષ્ટપદને આશ્રયીને કહ્યું. પરંતુ નૈશ્ચયિક ઉત્કૃષ્ટપદમાં તો બીજી રીતે આવે છે તે આ પ્રમાણે—

પૂર્વે ચૌદરાજલોકમાં જે એક લાખ ગોળાઓ ગણ્યા છે. અને સર્વ જીવરાશિ જે દશકોડાકોડી પ્રમાણ કલ્પેલ છે તેમાં ખંડ ગોળા અને અખંડ ગોળાએ બન્નેનો સમાવેશ થાય છે. અહિં આપણે જે ઉત્કૃષ્ટપદ કલ્પવું છે તે કેવલ અખંડ ગોળામાંજ કલ્પી શકાય છે. માટે એ ખંડગોળાગત જે જીવરાશિ છે તેને દશ કોડાકોડી–આત્મક જે સર્વ જીવની રાશિ છે તેમાંથી બાદ કરવા. તો ખંડગોળામાં રહેલા જીવો અસત્કલ્પનાવડે ૧ ક્રોડ ગણવા તે ક્રોડની સંખ્યા દશ કોડાકોડીની સંખ્યામાંથી બાદ કરતાં જે આવે તે સર્વજીવરાશિની સંખ્યા ન્યૂન થઇ. અને ઉત્કૃષ્ટ પદ તો તેનું તેજ છે, માટે વિશેષાધિક થયા, વલી જે કોઇ વિવક્ષિત ઉત્કૃષ્ટપદ છે તે ઉત્કૃષ્ટપદ રૂપ આકાશપ્રદેશમાં બીજા બાદર નિગોદના જીવોના તથા વિગ્રહ ગતિવડે ઉત્પન્ન થતા બીજા સૂક્ષ્મ-નિગોદ–પૃથિવીકાયિકાદિ જીવોના આત્મપ્રદેશની સંખ્યાથી ઉત્કૃષ્ટપદમાં વિશેષાધિકતા થાય છે. અને એમ થવાથી જે પ્રશ્નમાં ઇષ્ટ પુછાએલ છે તેનો જવાબ પણ યથાર્થ મલી આવે છે. અને એજ પૂર્વોક્ત રીતિથી સર્વજીવરાશિ કરતાં એક આકાશપ્રદેશ–ઉપર રહેલા આત્મપ્રદેશો અસંખ્યગુણા થાય છે, આ સંબંધી વિશેષ સમજુતિ સ્થાપનાથી જાણવા યોગ્ય છે.

સમાપ્ત